

પ્રબોધ ચિંતામણિ
સા. જયદર્શિતાશ્રીજી



કવિચક્ર ચક્રવર્તી, વાણીદત્તવર-અચલગચ્છરત્ન,

પ.પૂ.આ.ભ. શ્રી જયશેખરસૂરીશ્વરજી મ.સા.

અંતરના અનુગ્રહ દાતા



જિનશાસન શિરોમણી, તપચક્રચક્રવર્તી, અચલગચ્છાધિપતિ

**પ. પૂ. આ. ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મહારાજા**



## દિવ્ય કૃપા વર્ષા

આગમ અભ્યાસી...
સિદ્ધાચલ સ્નેહી...
નવકારમંત્રારાધિકા...
બાલ બ્રહ્મચારી..

**પ.પૂ. મુક્તિશ્રીજી મ.સા.**



પલ-પલ સ્મરણીય...
શાસન પ્રભાવિકા
જ્ઞાનારાધના પ્રેરીકા...

**પ.પૂ. જયલક્ષ્મીશ્રીજી મ.સા.**



શાંત સ્વભાવી...
સૌમ્ય મૂર્તિ...

**પ.પૂ. ગુણલક્ષ્મીશ્રીજી મ.સા.**

# તમારી શ્રુતભક્તિને નમન



સ્વ. ગુલાબભાઈ



સ્વ. રમેશભાઈ



સ્વ. પુષ્પાબાઈ

મા. મીઠીબાઈ દેવશી કચરાભાઈ ડાઘા (ગોએરસમા) અમલનેર

---



મા. સરલાબેન રતીલાલ ધુલ્લા
(સુથરી) વડોદરા
હ. શિલ્પાબેન કલ્પેશભાઈ છેડા
(જસાપર) જલગાંવ

---





મા. ચંદનબાઈ
નારાણજી નાગડા
(જખૌ) જલગાંવ

---

મા. કસ્તુરીબાઈ કલ્યાણજી કેશવજી માંડણ તથા
શ્રી લક્ષ્મીચંદભાઈ કેશવજી માંડણ
(વારાપધ્ધર) ચાલીસગામની સ્મૃતિમાં
હ. મા. જયાબાઈ ઠાકરશી રણશી ગોસર
(ગોએરસમા) ધુલિયા

# તમારી શ્રુતભક્તિને નમન






## શ્રી કચ્છી દશા જૈન મહાજન – પારોલા તીર્થ



# આત્માને ઓળખવો છે ?

અનાદિથી આત્માને પાશમાં
ફસાવનાર મોહને જાણવો છે ?
મોહના પરિવાર... વિવેકના પરિવારનો
પરિચય પામવો છે ?
મોહ સાથે કેવી રીતે યુદ્ધ કરાય ?
મોહ ઉપર જીત મેળવી
આત્માને... પરમાત્મા
સિદ્ધ-બુદ્ધ-નિરંજન-નિરાકાર
પદ પમાડવાનો રાજમાર્ગ
બતાડનાર

## પ્રબોધ ચિંતામણિ

આપણે વાંચવો જ રહ્યો...

ASHOK PRINTERY - 9228285488

શ્રી શાંતિનાથ સ્વામિને નમઃ

કવિચક્ર ચક્રવર્તી, વાણીદત્તવર-અચલગચ્છરત્ન,
શ્રી જયશેખરસૂરિ વિરચિત

# પ્રબોધ ચિંતામણિ

દિવ્યકૃપા-આજ્ઞા-આશિષ

શ્રી આર્ય-જય-કલ્યાણ-ગૌતમ-ગુણ-ગુણોદય-કલા-કવી-વીર-મહોદયસાગરસૂરિભ્યો નમઃ

સંકલન

તપચક્ર ચક્રવર્તી અચલગચ્છાધિપતિ
પ.પૂ.આ.ભ. **શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.**ના આજ્ઞાનુવર્તી,
શાસન પ્રભાવિકા **પ.પૂ. જયલક્ષ્મીશ્રીજી મ.સા.**ના
સુશિષ્યા

**સા. જયદર્શિતાશ્રીજી**

સંપાદિકા

શાસન પ્રભાવિકા પ.પૂ. જયલક્ષ્મીશ્રીજી મ.સા.ના પ્રશિષ્યા

**સા. હિમાંશુશ્રીજી**

પ્રકાશક

**શ્રી શત્રુંજય એકેડમી - ચાલીસગામ**

## પ્રકાશન

નવકાર મંત્રારાધિકા

**પ.પૂ. મુક્તિશ્રીજી મ.સા.ના સંયમ શતાબ્દિ વર્ષ**

## સંકલન

શાસન પ્રભાવિકા પ.પૂ. જયલક્ષ્મીશ્રીજી મ.સા.ના સુશિષ્યા

**સા. જયદર્શિતાશ્રીજી**

## સંપાદન

શાસન પ્રભાવિકા પ.પૂ. જયલક્ષ્મીશ્રીજી મ.સા.ના પ્રશિષ્યા

**સા. હિમાંશુશ્રીજી**

**પ્રત** – ૧૦૦૦

**પ્રકાશન** – સં. ૨૦૮૦ ★ ઈ.સ. ૨૦૨૪

## પ્રાપ્તિ સ્થાન

**શ્રી શત્રુંજય એકેડમી**

શ્રી પદ્મપ્રભસ્વામિ જિનાલય

સ્ટેશન રોડ, ચાલીસ ગામ, જી. જલગામ, મહારાષ્ટ્ર.

## મુદ્રક

અશોક પ્રિન્ટરી, પાલીતાણા. મો. ૯૨૨૮૨૮૫૪૮૮

# બે બોલ...

માનવ ભવ...

જિનશાસનને પામીને...

સાધક આત્મા ધન્ય બને છે...

અશુભમાંથી બહાર આવી... શુભ તરફ પ્રયાણ કરે છે...

પાપ પ્રવૃત્તિનો ત્યાગ કરી... પુણ્ય પ્રવૃત્તિ તરફ આગળ વધે છે...

પરંતુ આ તો પ્રારંભિક સાધના છે... એનાથી એને સંતોષ ન થાય. એની ઝંખના તો શુભને છોડીને, શુદ્ધમાં સ્થિર થવાની હોય છે.

સામાન્ય જીવો માટે અશુભમાંથી શુભમાં જવાની સાધના પણ કઠિન જણાતી હોય છે. અશુભમાંથી સંપૂર્ણ મુક્તિપણ સવિશેષ પુરૂષાર્થ માગી લે છે. જ્યારે શુભમાંથી શુદ્ધમાં પ્રવેશ કરવાની સાધના પ્રચંડ પુરુષાર્થ સાથે આધ્યાત્મિક જ્ઞાનની પણ અપેક્ષા રાખે છે.

અશુભમાંથી શુભમાં પ્રવેશ અને વિકાસનું સાહિત્ય સહજ સુલભ્ય હોય છે. એમાં માર્ગદર્શન આપનાર ઘણા ગ્રંથો ઉપલબ્ધ છે. જ્યારે શુભમાંથી નિવૃત્ત થઇ શુદ્ધમાં પ્રવૃત્ત થવા માટેના ગ્રંથો દુષ્પ્રાપ્ય છે. સંસ્કૃત-પ્રાકૃતમાં ઉપલબ્ધ થાય છે, તો એને સહુ સમજી શકતા નથી. આવા સમયે આધ્યાત્મિક ગ્રંથોનું ગુજરાતી ભાષાંતર સાધકો માટે અતિ ઉપયોગી થઇ જાય છે. આજ એક માત્ર હેતુથી 'પ્રબોધ ચિંતામણિ'ગ્રંથનો ભાવાનુવાદ કરવામાં આવ્યો છે. આ ગ્રંથ પંદરમી સદિના અધ્યાત્મ યોગી શ્રીમદ્ જયશેખરસૂરીશ્વરજી મ.સા. એ પ્રાકૃતમાં રચ્યો છે. સાધકની મોહ દ્વારા થતી સતામણી... એની સામે સાધકના વિવેકની જાગૃતિ... મોહનો પરિવાર... વિવેકનો પરિવાર... બન્ને વચ્ચેનો આખરી જંગ અને અંતે સાધકની વિવેક દ્વારા જીત... સાધ્યની પ્રાપ્તિ...સિદ્ધિ એનો સુંદર પરિચય આ ગ્રંથમાં કરાવવામાં આવ્યો છે. સાધનાનો માર્ગ કેવી રીતે આગળ વધે છે એનું સાત્વિક-તાત્વિક વર્ણન

સહજ સમજી શકાય એવી ભાષામાં કરવામાં આવ્યું છે.

આ ગ્રંથની ઉપયોગીતા સમજીને અચલગચ્છીય પ.પૂ.આ.ભ. શ્રી નેમસાગરસૂરીશ્વરજી મહારાજાએ પ્રથમ આ **'પ્રબોધ-ચિંતામણિ'** ગ્રંથનો અનુવાદ મૂળ ગ્રંથ સહિત પ્રસિદ્ધ કર્યો હતો. અનુવાદ જામનગરના પંડિતવર્ય શ્રીમાન હિરાલાલ હંસરાજે કરેલ. પછી આ ગ્રંથનો ભાવાનુવાદ તપાગચ્છિય **પ.પૂ.આ.ભ. શ્રી કેશરસૂરીશ્વરજી મ.સા.** દ્વારા કરવામાં આવેલ છે. આ બન્ને ગ્રંથોની સહાયતાથી આ ગ્રંથનો ભાવાનુવાદ અનેક દ્દષ્ટાંતો સાથે અહિં રજુ કરવામાં આવ્યો છે. દ્દષ્ટાંતો દ્વારા મોહ સાધકને કેવી રીતે હેરાન કરે છે અને સાધક એમાંથી કેવી રીતે સફળતા મેળવે છે એ સમજાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

આપણા જીવનમાં પળે-પળે જ્યારે મોહ અને વિવેક વચ્ચે સંગ્રામ ચાલુ છે ત્યારે આપણા સહુને માટે આ ગ્રંથ અત્યંત ઉપયોગી થઇ શકે છે. સાધક સાથી આવો ગ્રંથ સહુ કોઇના આત્મ કલ્યાણમાં સહાયક બને એ જ મંગલ ભાવના...

ગ્રંથના ભાવાનુવાદમાં ક્યાંય કોઇ ક્ષતિ રહી ગઇ હોય તો ત્રિવિધે-ત્રિવિધે મિચ્છામિ દુક્કડં. પ્રકાશનના લાભાર્થીઓની શ્રુત ભક્તિની હાર્દિક અનુમોદના.

આ. જયદર્શિતાશ્રીજી.

## 'પ્રબોધ ચિંતામણિ'ના રચયિતા,
## ''કવિ ચક્રવર્તિ'' ''વાણીદત્તવર''

# પ.પૂ. જયશેખરસૂરીશ્વરજી મ.સા.

નરસિંહ મહેતાના જન્મ પહેલા ''કવિ ચક્રવર્તી'' જેવું ઉચ્ચ બિરુદ પામેલા એવા પ્રતિભા સંપન્ન કવિનો પરિચય કરાવવો અહિં પ્રસ્તુત છે. માત્ર એક જ ગુજરાતી પદ્યકૃતિ દ્વારા એમણે મહાકવિનું દૈવત દાખવ્યું છે. એમનું નામ છે : જયશેખરસૂરિ. તેઓ ક્યાં જન્મ્યા ? ક્યારે જન્મ્યા ? તેમણે કોની પાસે અભ્યાસ કર્યો ? ઈત્યાદિ વિશે કશું જ જાણી શકાતું નથી. કવિએ પોતાના ગ્રન્થોની પ્રશસ્તિઓમાં એ વિશે કશું જ જણાવ્યું નથી. ''ત્રિભુવનદીપક પ્રબંધ''માં ''ગુજરાત તિહાં આંબા પીઈ'' વગેરે વર્ણન વિલોકતાં એમની જન્મભૂમિ ગુજરાત હોવાનો બહુધા સંભવ છે. એ ગ્રન્થ દ્વારા ગુજરાતી ભાષા પરનું એમનું પ્રભુત્વ છતું થયા વિના રહેતું નથી. કવિ ગુજરાતમાં સવિશેષ વિચર્યા અને ત્યાં અનેક ગ્રન્થોની રચના કરી હતી એમ એમના ગ્રન્થોની પ્રશસ્તિઓ દ્વારા સ્પષ્ટ થાય છે એ હકીકત પણ આ સંદર્ભમાં સૂચક ગણાવી શકાય.

**કવિ પોતાનાં ગુરુનું નામ મહેન્દ્રપ્રભસૂરિ જણાવે છે.** ''ઉપદેશ ચિન્તામણિ''(રચના વિ.સં.૧૪૩૬ માં નૃસમુદ્ર એટલે કે પાટણમાં)ની પ્રશસ્તિમાં તેઓ અંચલગચ્છાધિપતિ આર્યરક્ષિતસૂરિથી પોતાના ગુરુ સુધીની પાટપરંપરા વર્ણવ્યા પછી જણાવે છે કે મહેન્દ્રપ્રભસૂરિના ત્રણ મુખ્ય શિષ્યો આ પ્રમાણે થયા : મુનિશેખરસૂરિ, જયશેખરસૂરિ અને મેરુતુંગસૂરિ એ પૈકી તેઓ ''વચટ શિષ્ય'' હતા. આ રીતે કવિએ પોતાનો દીક્ષા-સમય મુનિશેખરસૂરિ પછી અને મેરુતુંગસૂરિ પહેલાં સૂચવ્યો છે. મેરુતુંગસૂરિનો દીક્ષા-સમય વિ.સં.૧૪૧૦ અંચલગચ્છની પ્રાચીન

પટ્ટાવલીઓમાં જણાવ્યો છે એટલે કવિ તે પૂર્વે દીક્ષિત થયા હોવા જોઈએ. દીક્ષા-સમયથી જન્મ-સમયનું અંતર વિચારતાં કવિનો જન્મ વિક્રમની ૧૪મી શતાબ્દીના અંતમાં અથવા તો ૧૫ મી શતાબ્દીના પ્રારંભમાં માનવો અયુક્ત ન ગણી શકાય.

અંચલગચ્છાધિપતિ મહેન્દ્રપ્રભસૂરિએ અનુગામી પટ્ટધર તરીકે મેરુતુંગસૂરિને નિયુક્ત કરતાં પટ્ટાવલીમાં કવિનું વિશેષ ચરિત્ર ન હોય એ સમજી શકાય છે. **જયશેખરસૂરિ શાખાચાર્ય હતા એમ પટ્ટાવલીમાં કહ્યું છે તથા એમના ગ્રન્થોની તેમાં સૂચિ અપાઈ છે.** એમ છતાં પ્રાચીન પ્રમાણ-ગ્રન્થોમાં કવિના જીવન વિશે ઠીક ઠીક માહિતી સંગૃહીત છે. ''જયશેખરસૂરિનો ફાગ'' પણ ઉપલબ્ધ થાય છે.

કવિએ ''જૈન કુમારસંભવ'' નામક સંસ્કૃત મહાકાવ્યમાં લગ્ન-વિધિ સંબંધમાં ઘણું રસમય અને તાદશ્ય વર્ણન કર્યું હોઈને કેટલાક સાંપ્રત વિદ્વાનો એમને પરિણિત માનવા પ્રેરાય છે પ્રથમ દૃષ્ટિએ એવું લાગે પણ ખરું, કિન્તુ કવિએ નાની વયમાં દીક્ષા લીધી હતી એવો મત સ્વીકાર્ય ઠરેતો આ અનુમાનમાં વજુદ ન રહે. કવિની વિદ્યમાનતા વિ.સં.૧૪૯૩ સુધી નક્કી કરવામાં મૂર્તિ-લેખ ઉપયોગી થાય છે. કવિ લાંબું જીવન જીવ્યા હશે એમ સ્વીકારીએ તો પણ એમનો જન્મ-સમય વિક્રમની ૧૪મી શતાબ્દીના અંતિમ ચરણમાં અથવા તો ૧૫મી શતાબ્દીના પ્રારંભથી વહેલો સ્વીકારી શકાય નહિ. આપણે આગળ જણાવી ગયા તેમ તેઓ મેરુતુંગસૂરિ પહેલાં - એટલે કે વિ.સં.૧૪૧૦ પહેલાં દીક્ષિત થયા હતા. એટલે જન્મ તથા દીક્ષાનાં વર્ષ વચ્ચે ઝાઝો ગાળો રહેતો નથી. બીજા શબ્દોમાં કહીએ તો યૌવનવય પામ્યા પહેલાં જ કવિ દીક્ષિત થયા હતા.

મહેન્દ્રપ્રભસૂરિનો ધર્મોપદેશ સાંભળીને કવિએ દીક્ષા ગ્રહણ કરી એ પછી તેઓ જૈન શ્રુતના અધ્યયનમાં ખંત પૂર્વક લાગી ગયા. જૈનાગમોનું

એમનું અગાધ જ્ઞાન એમના વિચારો, એમનું દર્શન એમની અનેકવિધ સાહિત્ય-રચનાઓમાંથી પ્રતિબિંબિત થાય છે. એમના ઉપદેશ અને તત્ત્વચિંતન વિષયક મુખ્ય ગ્રન્થો આ પ્રમાણે છે : 'પ્રબોધ-ચિન્તામણિ', 'ઉપદેશ-ચિન્તામણિ', 'સંબોધ-સપ્તતિકા', 'નવતત્ત્વ','સંબોધ-પ્રકરણ', 'સમ્યક્ત્વ-કૌમુદી', 'ઉપદેશમાલા-અવચૂરિ', 'આરાધન સાર', 'આત્માવબોધ કુલક'વગેરે.

ઉક્ત ગ્રન્થો પૈકી 'ઉપદેશ-ચિન્તામણિ' કવિની પ્રારંભિક મુખ્ય રચના છે. મહેન્દ્રપ્રભસૂરિના ઉપદેશથી તેની રચના થઇ એમ કવિ ગ્રન્થ-પ્રશસ્તિમાં જણાવે છે. વિ.સં.૧૪૩૬માં પાટણમાં એ ગ્રન્થની રચના થઇ એ પૂર્વનો કાળ કવિનો અધ્યયનકાળ ગણાવી શકાય. એ દરમિયાન કવિ જે કાંઇ શીખ્યા, જે જે ગ્રન્થોનું અધ્યયન કર્યું, જે કાંઇ વિચાર્યું તે બધું તેમણે ઠાંસી ઠાંસીને આ ગ્રંથમાં ભરી દીધું. મૂળ ગ્રન્થની અવચૂરિ પણ કવિએ રચી જે ૧૨૦૦૦ શ્લોક - પરિમાણની છે. પ્રસ્તુત આકર ગ્રન્થમાં કવિના અધ્યયન-કાળનો નિચોળ આવી જાય છે.

કવિનું અધ્યયન માત્ર જૈનશ્રુત પુરતું જ મર્યાદિત નહોતું. એમણે પુરાણો, સ્મૃતિઓ ઉપનિષદો વગેરે જૈનેતર ગ્રન્થોનો અભ્યાસ પણ કર્યો હતો એમ એમણે રચેલા 'સર્વસ્વાધિકાર' નામક ગ્રન્થ દ્વારા જાણી શકાય છે. આ ગ્રન્થમાં એમણે અનેક જૈનેત્તર ગ્રન્થોનાં અવતરણો ટાંકીને સિદ્ધ કર્યું કે જૈન શાસ્ત્રોની જેમ જૈનત્તર શાસ્ત્રોમાં પણ હિંસા, માંસ તથા કંદમૂળ ભક્ષણ, રાત્રિભોજન, અણગાળેલ પાણીનું સેવન વગેરેનો ઉગ્ર નિષેધ છે.

કવિના અન્ય ગ્રન્થોની નામાવલી આ પ્રમાણે છે : ત્રિભુવન-દીપક પ્રબંધ, પ્રબંધકોશ, ધમ્મિલ ચરિત્ર, જૈન કુમારસંભવ, અજિતશાંતિ સ્તવ, અજિતશાંતિ સ્તવ ટીકા, નેમિનાથ ફાગુ, જંબૂસ્વામી ફાગુ, ક્ષેત્રસમાસ, જંબૂસ્વામી ચરિત્ર, સંબોધ પ્રકરણ, ક્રિયાગુપ્ત સ્તોત્ર, નલદમયંતી ચંપૂ,

કલ્પસૂત્ર સુખાવબોધ, ન્યાયમંજરી, બૃહદ અતિચાર, છંદ શેખર, વિવિધ વિનતીઓ, સ્તવનો, પ્રવાડીઓ, કુલકો વગરે.

**સારસ્વત પૂરૂં હિયએ, જીહ કરઇ કલ્લોલો;**
**પ્રતક્ષી દેવી ભારતીએ, તીંહ માંડઇ રોલો.**
**આગમ-લક્ષણ-છંદ, સવે જાણઇ અલંકાર ;**
**મૂલ ગ્રન્થ છ છેદ ગ્રન્થ, કર્મ ગ્રન્થ વિચાર.**
**નિદ્રઈં પઉઢિયા ઈમ ભઈએ; પ્રભુ કાંઈ ન ચિંતો ;**
**ઉત્તર દિસિઇ કોસિલાએ, ઈતિ કરું કવિત્તો.**

ફાગના કર્તા કહે છે તેમ કવિને સરસ્વતી દેવી પ્રત્યક્ષ થયાં હતાં. પરિણામે સમગ્ર જ્ઞાને એમના હૈયામાં વાસ કર્યો હતો. એમની જીહ્વા સદૈવ જ્ઞાન-કલૌલ કરતી હતી. આગમ, લક્ષણ, છંદ, અલંકાર, મૂળ ગ્રન્થો, છેદ ગ્રન્થો, કર્મ ગ્રન્થો વગેરેના તેઓ જ્ઞાતા હતા. તેઓ કુશળતાપૂર્વક બધા પ્રશ્નોના ઉત્તરો વાળતા- મોઢા ઉપર તંગ રેખાઓ લાવ્યા વિના - જાણે ઊંઘમાં પોઢ્યા ન હોય એવી સરળતાથી !! ફાગકારે રજૂ કરેલું આ ભાવ ચિત્ર ખરેખર પ્રતીતિકર છે.

મહેન્દ્રપ્રભસૂરિએ કવિને યોગ્ય જાણીને આચાર્યપદે વિભૂષિત કરવાનું નક્કી કર્યું. કવિવર કાહને 'ગચ્છનાયક ગુરુરાસ'માં એ વિશે નોંધ લીધી છે. તેમણે જણાવ્યું છે કે જયશેખરસૂરિ ઉપરાંત ધર્મતિલકસૂરિ, સોમતિલકસૂરિ, મુનિશેખરસૂરિ, મુનિચંદસૂરિ અને અભયતિલકસૂરિ એ છ શિષ્યોને એકી સાથે આચાર્ય પદ પ્રદાન થયું.

વિ.સં. ૧૪૨૦ ના આષાઢ સુદિ ૫ ના દિને શુભ મુહૂર્તમાં ઉક્ત છ શિષ્યોને ગુરુએ એકી સાથે આચાર્યપદે અલંકૃત કર્યા. જેમાં જયશેખરસૂરિ સૌથી નાના હતા. સંભવતઃ એ વખતે એમની ઉંમર વીસેક વર્ષની હશે.

કવિની જીભમાં સરસ્વતીનો વાસ હતો. એમની સુકોમળ જીભમાંથી પ્રત્યેક ક્ષણે કાવ્ય નવા નવા છંદો ધારણ કરીને વહેતું રહેતું. ફાગકારનું આ વર્ણન પણ કવિની કાવ્ય-પ્રતિભાને જ્વલંત અંજલિરૂપ છે.

કવિને સરસ્વતી દેવીએ વર પ્રદાન કર્યું હતું એમ એમના ''જૈન કુમાર સંભવ'' (રચના વિ.સં.૧૪૬૪ પહેલાં) નામક મહાકાવ્યના અંતિમ શ્લોકમાં આપેલા ''વાણીદત્તવરઃ'' વિશેષણથી સૂચિત થાય છે. આ રીતે કવિની સ્વોક્તિ ''વાણીદત્તવરઃ'' ફાગકર્તાએ જણાવેલ ''પ્રતક્ષી દેવી ભારતી'' એ ઉક્તિને બરોબર મળતી આવે છે એ બાબત ખાસ નોંધનીય ગણાય. ફાગમાં જણાવેલ ''સરસઇ કીય વાસો'' એ વિશેષણ પણ આ સંદર્ભમાં સૂચક છે.

''કવિચક્રવર્તિ અથવા તો ''કવિચક્રધર''ને મળતું બિરુદ ''કવિશક્ર'' ''જૈન કુમારસંભવ'' મહાકાવ્યની ટીકા રચનાર ધર્મશેખરસૂરિ એ ગ્રન્થની પ્રશસ્તિમાં જણાવ્યું છે. એટલે કવિને એ બિરુદ પ્રાપ્ત થયું હશે એમાં શંકા રહેતી નથી. તત્કાલીન સમાજે અથવા તો વિદ્વત્સમાજે કવિને જે બિરુદથી સવિશેષ ઓળખાવ્યા હોય એ એનું બિરૂદ બની રહે છે. કવિનું આ બિરુદ અત્યંત ચલણી બન્યું હશે અને એટલે જ કવિએ સ્વયં પોતાના જ ગ્રન્થમાં પણ તેનો ઉપયોગ કર્યો એમ કહેવામાં જરાય હરકત નથી.

જયશેખરસૂરિનું સાહિત્યિક વર્તુલ ઘણું વ્યાપક હતું. અનેક પ્રતિભાશાળી, નામી-અનામી સાહિત્ય-સર્જકો એમની અસર હેઠળ ઉછર્યા હતા. ગચ્છ કે સંપ્રદાયની વાડાબંધીને આ વર્તુલે ભેદી નાખી હતી. કવિ-ચક્રવર્તિ માત્ર અંચલગચ્છના કે જૈન સંઘના જ હતા એમ કોણ કહી કે માની શકે ?

જયશેખરસૂરિની વિદ્વત્તા તથા સાહિત્ય-પ્રતિભા માટે મેરુતુંગસૂરિને ઘણું માન હતું. જયશેખરસૂરિ કૃત ''ઉપદેશ ચિન્તામણિ''

ગ્રન્થ પર તેમણે ૧૧૬૪ શ્લોક-પરિમાણની વૃત્તિ સંસ્કૃતમાં રચી. પોતે ગચ્છાધિપતિના ઉચ્ચ સ્થાને બિરાજતા હોવા છતાં તેમના આજ્ઞાવર્તિ આચાર્યની રચના પર તેમણે વૃત્તિ રચી અને એ રીતે મૂળ ગ્રન્થકર્તાનું બહુમાન કર્યું એ બાબત અહીં ખાસ ઉલ્લેખનીય છે.

મેરુતુંગસૂરિના શિષ્ય માણિક્યસુંદરસૂરિ જયશેખરસૂરિને વિદ્યાગુરુ કહે છે. જયશેખરસૂરિના સાહિત્ય-વર્તુલમાં માણિક્યસુંદરસૂરિ પણ આગવું સ્થાન ધરાવતા હતા. તેમની ગણના ઉચ્ચ કોટીના સાહિત્યકાર તરીકે થઇ છે. ''શ્રીધરચરિત્ર'' (રચના વિ.સં.૧૪૬૩) ના મંગલાચરણમાં તેમણે પોતાના વિદ્યા-ગુરુ જયશેખરસૂરિને કૃતજ્ઞતાપૂર્વક નમસ્કાર કરીને જણાવ્યું છે કે તેમના પ્રસાદથી એ ગ્રન્થ રચાયો. માણિક્યસુંદરસૂરિએ જયશેખરસૂરિ પાસે વિદ્યાભ્યાસ કર્યો હોઇને તેમજ જયશેખરસૂરિના લઘુગુરુ-બન્ધુ મેરુતુંગસૂરિના તેઓ શિષ્ય હોઇને ઉંમરમાં ઘણા નાના હશે એમાં શંકા નથી. માણિક્યસુંદરસૂરિએ વિવિધ વિષયક અનેક ગ્રન્થોની રચના કરી.

વિ.સં. ૧૪૯૩ના અષાઢ સુદિ ૧૦ ને ગુરુવારે પ્રતિષ્ઠિત થયેલી ધાતુમૂર્તિના લેખમાં શાંતિસૂરિએ 'ભાવગુરુ' તરીકે જયશેખરસૂરિનો ઉલ્લેખ કર્યો છે. જુઓ : 'અંચલગચ્છીય પ્રતિષ્ઠા-લેખો' લેખાંક ૫૪૩ લેખોક્ત આચાર્યોનો નિર્ણય થઇ શકતો નથી. કિન્તુ જયશેખરસૂરિ પાસે શાંતિસૂરિએ વિદ્યાભ્યાસ કર્યો હોઇને તેમનું ઋણ સ્વીકારવા 'ભાવગુરુ' કહેવાયા હોય એ ચોક્કસ વાત છે. લેખમાં ગચ્છનું નામ પણ નથી, કિન્તુ સમયક્રમની, તેમજ અન્ય દૃષ્ટિએ વિચારતાં ચરિત્રનાયકનો જ તેમાં ઉલ્લેખ છે એમ અનુમાન થઇ શકે છે.

જયશેખરસૂરિએ રચેલ રૂપક કાવ્ય : 'પ્રબોધ ચિન્તામણિ'નું વસ્તુ લઇને વૃદ્ધતપાગચ્છીય કવિવર નયસુંદરે 'શંખેશ્વર પાર્શ્વનાથ છંદ' (રચના

વિ.સં.૧૬૫૬)માં 'વિવેક' અને 'મોહ'ના મહાયુદ્ધનું વર્ણન કર્યું ; તપાગચ્છીય વિજયસેનસૂરિના શિષ્ય હીરાએ વિ.સં.૧૬૬૪ માં 'ધર્મબુદ્ધિરાસ' રચ્યો. ખરતરગચ્છીય વિદ્યાકીર્તિએ વિ.સં.૧૬૭૨માં, અને મતિકીર્તિએ વિ.સં.૧૬૯૭માં ધર્મબુદ્ધિ મંત્રી ચોપાઇઓ રચી.

વિક્રમના ૧૬મા સૈકામાં વિદ્યમાન આગમગચ્છીય પં. ઉદયધર્મે 'ત્રિભુવનદીપક પ્રબન્ધ'ના નિમ્નોક્ત દૂહાને પોતાના 'કલ્પદ્રુમ' ગ્રન્થમાં ઉદ્ધૃત કર્યો છે.

**નરનર સિઉં બહુ બુલ્લણી, ઘરિ ઘરિ ગોઠિ ભમંતિ;**

**સહિયાં મિસિ બાહરિ વસઈ, તે સુસીલ કિમ હુંતિ ? (૧૯૫)**

**ઠેઠ વિક્રમની ૧૮ મી સદી સુધીના કવિઓ આ રીતે જયશેખરસૂરિની કલ્પનાઓનું અનુસરણ કરતાં રહ્યા. ઉદાહરણાર્થે ખરતરગચ્છીય સુમતિરંગે વિ.સં.૧૭૨૨માં 'પ્રબોધ ચિન્તામણિ રાસ' રચ્યો. તેના અપર નામ 'જ્ઞાનકલા ચોપાઈ' તથા 'મોહવિવેકની ચોપાઈ' છે. કવિ ધર્મમંદિરે વિ.સં.૧૭૪૧માં ''પ્રબોધ ચિન્તામણિ રાસ'' અપર નામ ''મોહ વિવેકનો રાસ'' રચ્યો. કવિ લાભવર્દ્ધને વિ.સં.૧૭૪૨માં, કુશલલાભે વિ.સં.૧૭૪૮માં અને ઉદયરત્ને તેમજ નેમવિજયે રચેલ ધર્મબુદ્ધિ-પાપબુદ્ધિ રાસ આદિ કૃતિઓ એક યા બીજી રીતે જયશેખરસૂરિની ઉક્ત રૂપક કૃતિનું અનુસરણ જ છે.**

આ રીતે જયશેખરસૂરિની કલ્પનાઓનું અનુસરણ પછીની ત્રણ-ચાર શતાબ્દીઓ સુધી થતું રહ્યું હોઈને તે વિશે જણાવવું પણઅહીં પ્રસ્તુત ગણાશે. એ વખતે કૃષ્ણમિશ્ર નામના એક સન્યાસીએ સંસ્કૃતમાં રચેલ 'પ્રબોધચન્દ્રોદય' નાટકના ત્રીજા અંકમાં દિગંબર ક્ષપણકનું નિન્દ્ય દશ્ય દર્શાવીને જૈન ધર્મનો ઉપહાસ કરેલો. એ જોઈને જયશેખરસૂરિએ 'પર પ્રવાદીઓના મિથ્યા વાક્પ્રહારોના પ્રતિકારરૂપ, લોકપ્રચલિત પાખંડ અને

લોકોત્તર ધર્મના સત્ય સ્વરૂપને પ્રકાશિત કરનાર સંસ્કૃત 'પ્રબોધચિન્તામણિ'ની અને ગુજરાતી આ 'ત્રિભુવનદીપકપ્રબંધ'ની રચના કરી હોય એમ એ ગ્રન્થોનું તુલનાત્મક દૃષ્ટિએ નિરીક્ષણ કરતાં જણાઇ આવે છે.' પંડિત લાલચંદ્ર ભ. ગાંધીએ પોતાના ઉક્ત કથનની પુષ્ટિ માટે 'પ્રબોધચન્દ્રોદય' અને જયશેખરસૂરિના ઉક્ત ગ્રન્થોનાં અવતરણો ટાંક્યાં છે.

શ્રી જયશેખરસૂરિએ સંસ્કૃતમાં 'પ્રબોધચિન્તામણિ' કાવ્ય રચ્યું છે.

સંસ્કૃત કવિ તરીકે જયશેખરસૂરિનું જે સ્થાન હોય તે હો, ગુજરાતી કવિ તરીકે તો તેનો દરજ્જો ઊંચો છે. આ એક જ ગુર્જર કાવ્યથી જૈન કવિ પ્રથમ પંક્તિનો સાહિત્યકાર બને છે.

શ્રી જયશેખરસૂરિ વિશે છેલ્લામાં છેલ્લો ઉલ્લેખ વિ.સં.૧૪૯૩ની ઉક્ત ધાતુમૂર્તિના લેખમાં છે. એ પછી પણ કવિ જીવ્યા હશે. વિક્રમના ૧૫મા સૈકાના પ્રારંભમાં જન્મેલા કવિનો દેહવિલય એ સૈકાના અંતમાં થયો હશે એમ અનુમાન કરી શકાય છે. કવિ સિંધ, માળવા, ગુજરાત, સોરઠ, મરુમંડલ વગેરે પ્રદેશોમાં વિચર્યા હતા એમ ફાગકર્તા વર્ણવે છે :

સિંધુ સવાલાખ માલવઇએ, ગુજરાત વિચારો ;<br>
સોરઠ મંડલિ મરુ પમુહ દેસઇ, પ્રભુ કરઇ વિહારો.

કવિ પોતાની પાછળ સાહિત્યનો મોટો વારસો આપણા માટે મૂકતા ગયા છે, જેને માટે અંચલગચ્છકે જૈન સંઘ જ નહિ, કિન્તુ સમગ્ર ગુજરાત ગૌરવ લઇ શકે એમ છે. જૂની ગુજરાતી ભાષાના તેઓ અગ્રયાયી કવિ મનાયા છે. આપણી જૂની ભાષાના મૂર્ધન્ય કવિ તરીકે પણ જયશેખરસૂરિને ઓળખાવી શકાય. ગરવી ગૂર્જરગિરાનું આવું અણમોલ રત્ન આપણને ફરી ફરી મળો એ જ અભ્યર્થના.

# અનુક્રમણિકા


| વિગત | પૃષ્ઠ નં. |
|---|---|
| **૧. પ્રથમ અધિકાર** – પરમાત્મ સ્વરૂપ વર્ણન | ૧૬ |
| **૨. બીજો અધિકાર** – શ્રી પદ્મનાભ તીર્થંકર ચરિત્ર, ધર્મરૂચિ મુનિનું વર્ણન | ૨૮ |
| **૩. ત્રીજો અધિકાર** – મોહ અને વિવેકની ઉત્પત્તિ, મોહને રાજ્ય પ્રાપ્તિ | ૩૯ |
| **૪. ચોથો અધિકાર** – વિવેકનું તત્વરૂચિ સાથે પાણિગ્રહણ, વિવેકને રાજ્ય પ્રાપ્તિ | ૭૪ |
| **૫. પાંચમો અધિકાર** - વિવેકની તપાસ, કંદર્પનો દિગ્વિજય | ૧૨૫ |
| **૬. છઠ્ઠો અધિકાર** – કંદર્પનો નગર પ્રવેશ, કલિકાળનું મોહરાજા પાસે આગમન, કલિકાળનું મરણ, વિવેકનું સંયમશ્રીને પરણવું, વિવેકનું મોહરાજા સાથે યુદ્ધ માટે પ્રયાણ. | ૧૬૩ |
| **૭. સાતમો અધિકાર** - વિવેક અને મોહરાજાનું યુદ્ધ, વિવેકનો વિજય, મોહનો પરાજય - આત્મસ્વરૂપ વર્ણન | ૧૯૨ |

# પ્રસ્તાવના

સર્વ રસોમાં મુખ્ય શ્રી શાંતરસથી ભરપૂર સંસ્કૃત પદ્યથી વિભૂષિત એવા આ "**પ્રબોધ ચિંતામણી**" ગ્રંથના કર્તા અંચલગચ્છ દિનમણિ કવિચક્રચક્રધર પૂજ્ય આચાર્ય મહારાજ **શ્રી જયશેખરસૂરીશ્વરજી** છે. પ્રસ્તુત કવિશ્વર અંચલગચ્છની ૫૬મા પાટે થયેલા પૂ. ભટ્ટારક શ્રીમહેંદ્રસૂરિજીના શિષ્ય હતા. તેઓશ્રીના જન્મ-સ્થળ વિગેરે અનુપલબ્ધ છે. પણ તેઓશ્રીએ બનાવેલા ઉપદેશ-ચિંતામણિ નામના મહાન ગ્રંથની પ્રશસ્તિમાં પોતાને પૂ. શ્રી મહેંદ્રસૂરિજીના ત્રણ શિષ્યો (મુનિશેખરસૂરિ, જયશેખરસૂરિ, મેરુતુંગસૂરિ,)માં મધ્યમ શિષ્ય તરીકે ઓળખાવતાં પોતાનો દીક્ષા સમય મુનિશેખરસૂરિ પછી અને મેરુતુંગસૂરિ, પહેલાં સૂચવ્યો છે. શ્રી મેરુતુંગસૂરિજીનો જન્મ સમય વિ.સં. ૧૪૦૩ તથા દીક્ષા સમય વિ.સં. ૧૪૧૮નો છે. આ ઉપરથી અનુમાન થઇ શકે છે કે તેઓશ્રીનો જન્મ વિ.સં. ૧૩૦૦ના અંતમાં અને ૧૪૦૦ના પ્રારંભમાં પ્રાયેઃ ગુજરાતદેશમાં થયેલો હોવો જોઇએ. દીક્ષા લીધા પછી વિહાર પણ ગુજરાત દેશમાં વિશેષ થયો હોય એમ તેઓશ્રીના ગુજરાતી ભાષામાં બનાવેલા ત્રિભુવનદીપક ગ્રંથથી માની શકાય. પ્રસ્તુત કવિશ્વરે આ પ્રબોધચિંતામણિ ગ્રંથ વિ. સં. ૧૪૬૨માં ખંભાત નગરમાં રચેલ છે એમ ગ્રંથની પ્રશસ્તિના અંત શ્લોકમાં જણાવેલ છે.

વળી તેઓશ્રીએ બીજા પણ ઉપદેશચિંતામણિ, ધમ્મિલચરિત્ર, જૈનકુમારસંભવ મહાકાવ્ય, શત્રુંજયતીર્થદ્વાત્રિંશિકા, ગિરનારગિરિ-દ્વાત્રિંશિકા, મહાવીરજિન દ્વાત્રિંશિકા, આત્માવબોધકુલક, ધર્મસર્વ સ્વાધિકાર (ઉદ્ધૃત), ઉપદેશ ચિંતામણિ અવચૂરિ, ઉપદેશમાલાઅવચૂરિ, પુષ્પમાલા અવચૂરિ, છન્દશેખર, નવતત્ત્વકુલક, ત્રિભુવનદીપક પ્રબંધ, અજિતશાંતિ વિગેરે ઘણા ગ્રંથોની રચના કરી છે.

આ ગ્રંથમાં મોહરાજા અને વિવેકનું વર્ણન છે, તેના સાત અધિકાર છે. એ સાતે અધિકારમાં શી શી હકીકત છે તે ગ્રંથકારે પોતે જ બીજા અધિકારના પ્રારંભમાં જ સંક્ષેપમાં જણાવેલું છે અને આ પુસ્તકની અનુક્રમણિકામાં પણ જણાવેલ છે. એટલે અહીં લખવાની જરુર નથી. પૂ. ગ્રંથકાર મહારાજાની કવિત્વશક્તિ અતિ અદ્‌ભૂત છે. પૂ. કવિશ્વરે આ ગ્રંથમાં હંસરાજા, ચેતનારાણી, માયા, મોહ, પ્રવૃત્તિ, કામકુમાર, અવિદ્યાનગરી, પ્રવચનપુર, પુણ્યરંગનગર, પ્રવચનપુરના અધિપતિ રાજા અરિહંતદેવ, વિવેક વિગેરેનું એવી છટાદાર અને રસભરી શૈલીમાં વર્ણન કર્યું છે કે વાંચનાર સહૃદયી વિદ્વાનોને આશ્ચર્ય જ ઉપજાવે. કવિશ્વર દર્શનશાસ્ત્રના પણ અસાધારણ જ્ઞાતા હતા, એમ તેઓશ્રીના બનાવેલા ગ્રંથો ઉપરથી જણાઈ આવે છે. તેઓશ્રી સરસ્વતિ દેવીના કૃપાપાત્ર હતા, સરસ્વતિ દેવીએ તેઓશ્રીને વરપ્રદાન કર્યું હતુ. પૂ. શ્રી ગ્રંથકાર મહારાજે ઉત્તમ કોટીના ગ્રંથો રચીને ભવ્ય જીવો ઉપર અત્યંત ઉપકાર કર્યો છે. તેઓશ્રી સાચા ત્યાગી, મધ્યસ્થ, ગંભીર, સત્યવક્તા તથા ગુરુભક્ત હતા એમ તેમના ગ્રંથો સાક્ષી પુરે છે. અંતમાં વાંચકજનો આ પ્રબોધચિંતામણિ ગ્રંથનું વાંચન મનન કરી આત્મ-પ્રગતિમાં ઉજમાળ બને એ જ અભ્યર્થના.

લિ. મુનિ નેમસાગર
(પ.પૂ.આ.ભ. શ્રી નેમસાગરસૂરિ મ.)

સં. ૧૯૯૬ (હાલારી)
આષાઢ વદિ ૧૩.

# પ્રથમ અધિકાર

## આત્મ-પરમાત્મ સ્વરૂપ

તેજ...

જે સંશયરહિત છે... ચિદાનંદમય છે...

જે અંધકારના સમુહને તો શું પણ સર્વ જાતિના તેજને પણ જીતે છે...

**તેને હું નમસ્કાર કરું છું.**

સ્વાનુભવથી જાણી શકાતા... ચિદાનંદરૂપી જે તેજને સર્વજ્ઞની વાણી પણ વિષય કરી શકતી નથી...

**તે તેજની હું સ્તુતિ-સ્તવના કરૂં છું.**

જેમ વાદળાઓનો સમૂહ સૂર્યના તેજનો નાશ કરવા સમર્થ નથી... તેમ અનાદિ કાળથી એકઠાં થયેલા કર્મો પણ જે જ્ઞાન જ્યોતિનો નાશ કરવા અસમર્થ છે...

**તે જ્ઞાનજ્યોતિની હું સ્તવના કરું છું.**

જેમ માતાની શિખામણ સર્વ પુત્રોને સરખી હોય છે...

તેમ અનંત સિદ્ધોને વિષે જે તેજ સરખું ધારણ કરાય છે...

**તે તેજ દેદિપ્યમાન થાઓ.**

ઉદાસીનતાથી ઉત્પન્ન થયેલ જે જ્ઞાનરૂપી તેજ,

જેને પાપ સ્પર્શ કરી શકતું નથી... એટલું જ નહીં પણ જેને ધર્મ પણ ક્યારેય સ્પર્શી શકતો નથી...

**તે જ્ઞાનરૂપી તેજની ઈચ્છા કોણ ન કરે ? અર્થાત્ સહુ કરે.**

આત્માની જે જ્યોતિ,

જડપણાને કે દાહપણાના હેતુને પ્રાપ્ત થતી નથી.

તે જ્યોતિને પૂજવાને **સૂર્ય અને ચંદ્ર પણ ઉદ્યમ કરે છે.**

દીપક અંધકારમાં પ્રકાશ કરે છે...

સૂર્ય દિવસે પ્રકાશ કરે છે...

પણ આ આત્મજ્યોતિ નિરંતર પ્રકાશિત છે.

**તે આત્મજ્યોતિ જયવાન થાઓ.**

જે અચિંત્ય શક્તિવાળું જ્ઞાનરૂપી તેજ આ દેહરૂપ નાના પ્રમાણમાં રહેવા છતાં લોકાલોકને પ્રકાશિત કરે છે.

**તે આશ્ચર્ય પમાડતું નથી.**

ખાતાં ખાતાં પણ કેટલાક (**કુરગડુક પ્રમુખ**) જે તેજને પામ્યા...

બીજા તપસ્યા કરવા છતાં પણ (**શુદ્ધ અધ્યવસાય વિના**) પામી ન શક્યા...

કેટલાક મહાત્માઓ ક્ષણવારમાં તે તેજને પામી શક્યા ત્યારે કેટલાક જીવો કરોડો વર્ષ સુધી મહેનત કર્યા છતાં **તાદૃશ્યાધ્યવસાય વિના** તે તેજને ન મેળવી શક્યા.

બાહ્ય સંગમાં રહેવા છતાં **અંતરથી નિર્લેપ રહેતા** કેટલાક તે તેજને પામ્યા. જ્યારે કેટલાક બાહ્યસંગનો ત્યાગ કર્યા છતાં પણ જે તેજને પામી ન શક્યા એવું બાળજીવોની બુદ્ધિમાં ન આવી શકે તેવું પરમ તેજ સ્વરૂપ કેવળજ્ઞાન **અમારૂં રક્ષણ કરો.**

જે કેવળજ્યોતિનો ઉદય થવાથી... કામ ક્રોધાદિ પોતાની મેળે નાશ પામે છે, તેનું અવલંબન કરવાને કોણ ન ઇચ્છે?

જે જ્યોતિનો લાભ,

દશ પ્રકારના નાદે કરી...

છ પ્રકારના ચક્રોએ કરી...

પ્રાણાયામે કરી... આસનોએ કરીને થતો નથી.

**પરંતુ સ્વાભાવિક-સહજ સમાધિ વડે જ થાય છે.**

કર્મરૂપ મળને દૂર કરનારી જે સરસ્વતી... વાણીને કોઈથી પણ પરાભવ નહીં પામેલા જિનેશ્વરે ઉત્પન્ન કરેલી છે.

**તેને હું નમસ્કાર કરું છું.**

બીજા દેશોનો ત્યાગ કરીને એટલે જ બીજા વિષયોનું ચિંતવન બંધ કરીને...

નિર્મળ અને ઊંડા માનસરોવરમાં એટલે જ મનમાં...

જો હંસ એટલે જ આત્મા ક્રિડા કરે...

તો પછી

**સરસ્વતી ક્યાં જશે ?**

અર્થાત્ **એકમેક થઈને રહેશે.**

આ સરસ્વતી, પોતાના તીરપર રહેલાને પણ જે વિશુદ્ધિ પ્રાપ્ત કરાવે છે... તે વિશુદ્ધિને સો વખત સ્નાન કરવા વડે કરીને પણ નદી કરાવી શકતી નથી.

'આ સરસ્વતી છે' એવી બુદ્ધિથી તમે પાષાણને કે નદીને ન પૂજો, કારણ કે સર્વ ઇન્દ્રિયોના પ્રવાહને રોકવાથી તે સરસ્વતી યોગ બુદ્ધિ વડે જાણી શકાય તેવી છે.

પોતાના ઘરના અજાણ...

પરની કથા કરવામાં તત્પર...

સર્વે વ્યાસો કથારૂપ નદીઓમાં મત્સ્યવત્ આચરણ કરે છે.

**જે આચાર્યો,**

પોતાના આત્માને બોધ કર્યા વિના...

બીજાઓને બોધ કરે છે,

તેઓ જો કે બીજાઓને રસ્તે ચડાવે છે... પણ...

પોતે ભ્રાંતિવાળા હોવાથી **સંસારમાં ભમે છે.**

**ઘણા સિદ્ધાંતો,**

જોયા... વાંચ્યા... ભણ્યા છતાં

**જો સમભાવ પ્રાપ્ત ન થાય તો**

હાથી જેવી રીતે પોતાના ગંડસ્થળમાં મોતીનો ભાર ઉપાડે છે,

તેમ તેઓ સિદ્ધાંતના જ્ઞાનનો માત્ર બોજો ઉપાડનારા છે...

**પણ તેનો ઉપભોગ કરનારા નથી.**

જેમ ઉનાળા અને શિયાળામાં બહુ વિઘ્નો દેખાતાં નથી...

પણ ઉત્તમ વૃષ્ટિ થવી તેમાં બહુ વિઘ્નો દેખાય છે... તેવી જ રીતે બીજા આઠ રસ પામવામાં વિઘ્ન આવતું નથી... પણ

**શાંતરસ પામવામાં ઘણા વિઘ્નો આવે છે.**

જેમાંથી અગ્નિ નીકળી શકે તેવા પત્થરો પ્રાયઃ ઘણા મળી શકે છે. પણ જેમાથી ચંદ્રની માફક શીતળતા નિકળે તેવા પત્થરો મળવા **પ્રાયઃ દુર્લભ છે.**

તેવી જ રીતે કષાયથી ભરપુર એવા આ લોકમાં **શાંતવૃત્તિવાળા મહાત્મા થોડા જ મળે છે.**

પરિશ્રમ કર્યા વિના નીવાર... તૃણ પોતાની મેળે ઉગે છે.

ત્યારે **કમોદની** પાછળ ઘણો પરિશ્રમ કર્યા છતાં, તેનો પાક ઉતારવામાં સંશય રહ્યા કરે છે.

આજ દૃષ્ટાંત

અન્યરસો અને શાંતરસમાં લાગુ પડે છે. કારણ કે કાંઈપણ મહેનત કર્યા સિવાય બીજા રસો સ્વાભાવિક મળી આવે છે.

જ્યારે **શાંતરસની પાછળ મહેનત કર્યા છતાં પણ** તે સિદ્ધ થવામાં સંશય રહે છે.

આ લોકમાં બાહ્યદષ્ટિવાળા સામાન્ય મનુષ્યો પણ શૃંગારાદિ રસોનું સેવન કરે છે.

પણ **શાંતરસરૂપ અમૃતનો ઝરો તો** કુળવાન પુરૂષોને પણ દુર્લભ છે.

અનાદિ ભવના અભ્યાસથી પશુરૂપ બાળજીવો જે શૃંગારાદિ આઠ રસોનું સેવન કરે છે તે રસો,

વિદ્વાન પુરૂષોથી પણ દુઃખે પામી શકાય એવા **શાંતરસની સાથે**

શું સ્પર્ધા કરી શકશે ? અર્થાત્ નહીં જ કરી શકે. બીજા સર્વ રસોને વારંવાર સેવવાથી તેનું પરિણામ વિરસ આવે છે.

ત્યારે શાંતરસનું સેવન

**મોક્ષ પર્યંત સુખને જ આપે છે.**

**આ શાંતરસ રસેંદ્ર છે એ સત્ય જ છે.**

પારાને તે તે જાતના રસોની ભાવના આપવાથી તે અગ્નિથી ઉડી ન જતાં તેની ભસ્મથી સુવર્ણ સિદ્ધિ થાય છે તેમ, ઉત્તમ વિચારોથી ભાવિત કરવાથી કષાયરૂપ અગ્નિથી ન ઉડતાં મોક્ષસિદ્ધિનું કારણ થાય છે.

બાહ્ય દૃષ્ટિનો ત્યાગ કરીને...

પોતાના આત્મા વડે પોતાને ભાવિત કરતાં...

ઉદ્યમવાન પંડિતો અનુક્રમે શાંતાવસ્થાને પ્રાપ્ત થાય છે.

વન, વાવ, મંદિરાદિ જે બાહ્ય વસ્તુઓ દેખાય છે,

**તે વસ્તુઓના સ્વરૂપનું અંતરંગમાં ધ્યાન કરે છે.**

તે તત્વજ્ઞાની કહેવાય છે.

જે જે વસ્તુઓ બાહ્ય દેખાવમાં આવે છે તે તે વસ્તુઓનાં દ્રવ્ય-ગુણ-પર્યાય તથા ઉત્પાદ-સ્થિતિ અને વ્યય વિગેરેનો જે મનુષ્ય એકાગ્રતા પૂર્વક વિચાર કરે છે તે હેય-જ્ઞેય-ઉપાદેય એવી વસ્તુઓનો ક્રમે કરી ત્યાગ કરે છે... જાણે છે અને આદરે છે તે **તત્વજ્ઞાની** કહેવાય.

કષાયથી મલીન આત્મા જ્યાં સુધી અનેક પ્રકારની ઇચ્છાને આધીન રહ્યા કરે છે ત્યાં સુધી અધ્યાત્મ પ્રાપ્તિની વાર્તા કરવી તે નપુંસક પુરૂષથી પુત્રોત્પ્રાપ્તિ ઇચ્છવાની જેમ સદ્દહવા લાયક નથી. **વિવેક સુભટના આશ્રયથી દંભાદિ સુભટોનો નાશ કરીને જે મોહરાજાને જીતવાની ઈચ્છા રાખે છે તે વિદ્વાનોમાં અગ્રેસર છે.**

પાછલી બે ઘડી રહે ત્યારે અથવા રાત્રિનો એક પ્રહર ગયા પછી નિદ્રા, તંદ્રાનો ત્યાગ કરી જે પોતાનો અને પરનો વિચાર કરે છે. હું કોણ છું ? આ દશ્ય વસ્તુ શી છે ? એમ વિચારે તેને **સાધક** જાણવો.

સાધકના લક્ષણો જણાવતાં કહે છે -

૧. જે વાદ કરવામાં આદરવાળો ન હોય.

૨. અહંકારી ન હોય.

૩. કીર્તિનો અભિલાષી ન હોય.

૪. કોઈપણ બાબતમાં ઉત્સુકતાવાળો (ઉતાવળો) ન હોય.

આ ચાર બાબતો જેનામાં ન હોય તે પોતાનું ધારેલું સિદ્ધ કરી શકે છે.

૫. જે કોઇની સાથે મિત્રતાની ઇચ્છા ન રાખતો હોય.

૬. બીજા દેશના વેષ અને ભાષાદિકની પુછપરછ ન કરતો હોય.

૭. જેને ગીતાદિ પ્રિય ન હોય.

૮. જેને નેત્રોની ચપળતા ન હોય.

તેને ખરેખરો સાધક જાણવો.

આક્રોશ કર્યાથી જે દ્વેષ ન કરે...

સ્તુતિ કરવાથી જે ઉન્મત ન થાય...

આવો નિર્વિકલ્પ સમાધિમાં રહેલો સાધક સ્વસ્થતાને પામે છે.

લવલેશ માત્ર અથવા મુહૂર્તાદિના ક્રમથી જે સંગમાં વર્તે છતાં સંગરહિતપણાને માટે પ્રયત્ન કરે છે તેને હે વિદ્વાન ! તમે સાધક જાણો.

હું કોણ છું ? ક્યાંથી આવ્યો છું ? મારા બાંધવો કોણ છે ? મારા શત્રુઓ કોણ છે ? હું ક્યાં જઇશ ? મારી પાસે શું ભાતું છે ? એમ સાધક નિરંતર વિચાર કરે ?

આ દુનિયાના લોકોનાં ચરિત્રો / આચરણો વિસંસ્થુલ / વિપરીત છે એમ તત્વવેત્તા હોવાથી પોતે સમજે છે તો પણ બીજાની નિંદા કરીને પોતાનો ઉત્કર્ષ, સાધક ક્યારે પણ કરતો નથી.

આધ્યાત્મિક ધર્મ અને બાહ્યધર્મને વિષે પર્વત અને પરમાણુ જેટલુ અંતર જાણવા છતાં યોગી વચનથી પણ વ્યવહારને છેદતા / ખંડન કરતા નથી.

યોગાભ્યાસમાં વૃદ્ધિ કરવાના ઉપાયો જણાવે છે -
યોગીએ સાંભળવા છતાં બહેરાં જેવા...
દેખતા છતાં પણ ખરેખર આંધળા જેવા...
બોલતા છતાં પણ મુંગાની જેવા...
વિદ્વાન છતાં પણ બાળકના જેવા થવું જોઈએ.

યોગીએ પ્રથમ મનને કોઈ એક લક્ષ્ય ઉપર દઢ કરવું... રાખવું. આવી રીતે નિરંતર અભ્યાસવાળો તે બુદ્ધિમાન સુખે કરી ઉન્મની ભાવને પ્રાપ્ત થાય છે. ઉન્મની ભાવ એ એક લય જેવી અવસ્થા છે, જેને નિર્વિકલ્પ સમાધિ કહી શકાય છે. (વિશેષ જાણકારી માટે જુઓ યોગશાસ્ત્ર ૧૨મો પ્રકાશ)

વિચારોથી વિરામ પામવા વડે મન શાંત થવાથી અને પોતાના ગ્રાહ્ય વિષયથી ઇંદ્રિયોનો સમુહ નિવૃત્ત થવાથી પોતાને સ્થાને સ્થિર થયેલ બુદ્ધિમાન પોતાના આત્માને વિષે આત્માને જુએ છે. આત્મા પિંડસ્થ, પદસ્થ અને રૂપસ્થ એ ત્રણ ધ્યાન ઓળંગીને જ્યારે ચોથા રૂપાતીત ધ્યાનને પામે છે ત્યારે તે વિકલ્પ રહિત પણે સ્વરૂપમાં સ્થિત થતાં પરમાત્મપણાને પ્રાપ્ત થાય છે.

ભવ્ય અને અભવ્ય સ્વરૂપથી આ આત્માને બે પ્રકારે જાણવો. જેને સિદ્ધિ (સિદ્ધ) પર્યાય પ્રાપ્ત થશે તે ભવ્ય આત્મા કહેવાય છે અને તેથી વિપરીત સ્વભાવનો તે અભવ્ય આત્મા કહેવાય છે. મોક્ષમાં જનારા ભવ્ય જીવોના પણ ત્રણ પ્રકાર છે-

(૧) આસન્નસિદ્ધિક (૨) મધ્યસિદ્ધિક અને (૩) દૂરસિદ્ધિક .

જે જીવ અર્ધ પુદ્ગલ પરાવર્તને અંતે સિદ્ધ થવાનો તે **દૂરસિદ્ધિક** કહેવાય છે.

જે જીવ અંતર મુહૂર્તમાં સિદ્ધ થાય તે **આસન્નસિદ્ધિક** કહેવાય છે.

આસન્નસિદ્ધિક અને દૂરસિદ્ધિકના વચલા કાળમાં જે જીવ મોક્ષે જાય તે **મધ્યમસિદ્ધિક** કહેવાય છે.

# મધ્યમસિદ્ધિક જીવનું કથાનક

અહીં મધ્યમસિદ્ધિને લાયક કોઇ એક ભવ્ય જીવનું વર્ણન કરવામાં આવશે. આ પ્રબોધ ચિંતામણિ ગ્રંથમાં મોહ-વિવેકાદિનું જાતિની અપેક્ષાએ એકપણું ગણ્યું છે અર્થાત્ તે માટે એકવચન વાપર્યું છે.

આ ગ્રંથમાં આત્મા અને ચેતના આદિને ભર્ત્તાર અને સ્ત્રીના શબ્દથી બોલાવવામાં આવશે. તે સર્વ કલ્પિત સમજવું. આવી કલ્પના પણ ઉપદેશાદિકમાં કેટલાક ઠેકાણે કલ્યાણકારી નીવડે છે. કેમકે માછલાની અને માછીમારની... પાકા પાંદડાની અને નવાકુંપળીયાની (ઉત્તરાધ્યયન સૂત્ર) આપસમાં જે ઉત્તમ આલાપસંલાપવાળી કથા સૂત્રમાં રચવામાં આવી છે, તે શું બીજાને બોધ કરવાને ઉપયોગી થતી નથી ? અર્થાત્ ઉપયોગી થાય છે. તેવી રીતે આ કથા પણ રચવામાં આવી છે.

**કષાય** સેનાના નાયક છે... **આઠકર્મો** શત્રુનું સૈન્ય છે. એમ જણાવતું આગમ પણ આ પ્રબંધની રચનાના બીજપણાને... મૂળકારણપણાને પામે છે. આ ગ્રંથનું સમર્થન કરવામાં... રચવામાં કોઇ ઠેકાણે **સારોપા લક્ષણા**ની મુખ્યતા છે તો કોઈ ઠેકાણે **સાધ્યવસાનિકા**ની મુખ્યતા છે. જે વસ્તુ ઉપર આરોપ મૂકીને કહીએ તેને સારોપા લક્ષણા કહીએ. જેમ મોહને વિષે રાજાનો આરોપ મૂકાયો છે તેથી મોહરાજા કહ્યું છે. આરોપ મૂક્યા વિના જે વસ્તુનું નામ હોય તે જ કહેવું તે સાધ્યવસાનિકા દા.ત. જેમ ઘટ ને ઘટ કહેવું તે.

આત્મજ્ઞાન્ સરોવર સેવનાર જીવોને જ્વરાદિ રોગનો નાશ થાય છે... જરારૂપ રાક્ષસી દૂર રહે છે... લબ્ધિ અને સિદ્ધિના સમૂહ પ્રસન્નપણે પ્રાપ્ત થાય છે... વચનાતીત આનંદનો અનુભવ થયે છતે પુણ્યપાપનો ક્ષય થાય છે... અને **મોક્ષ તો તેઓની મુઠ્ઠીમાં જ આવીને રહે છે.**

માટે હે ભવ્યજીવો ! ફક્ત તે આત્મજ્ઞાન પામવાને માટે જ તમે પ્રયત્ન કરો.

મોહ મુંઝાવે...

મમતા મારે...

આવા સંસારમાં કોણ તારે ?

મમતાના વારણ માટે...

મમતાના મારણ માટે...

જોઈએ સમતાની સાધના...

ક્ષમાની આરાધના !

વિશ્વના જે જીવો આ સત્યને સમજવામાં બેદરકાર બન્યા એ ચૂકી ગયા...

આત્મા જેમ જેમ જાગૃત બને છે તેમ તેમ આ સત્ય સમજાય છે. આત્માને વારંવાર ઉત્તમ પુરુષોના આલંબન મળે તો આત્મા સમતારસથી ભાવિત બને છે. જેમ જેમ આત્મામાં સમતારસ - ક્ષમારસ છલકાતો જાય તેમ - તેમ અહંકાર એવં ક્રોધાદિ કષાય દૂર-દૂર થતા જાય છે. આ માટે જ આપણા ઉપર અસીમ કૃપા કરી મહાપુરુષોએ આપણી સમક્ષ મોહના કડવા અને ક્ષમાના મીઠા ફળોની મધુર સુવાસ મુકી.

**વાઘણે સર્વ શરીર વલુર્યું,**
**તત્ક્ષણ છોડ્યા પ્રાણજી ;**
**સાધુ સુકોશલ શિવસુખ પામ્યા,**
**એહ ક્ષમા ગુણ જાણજી...**

સુકોશલ મુનિ !

શુદ્ધ સંયમ પાળતા... જિનેશ્વરની આજ્ઞા આરાધતા... સદા ગ્રામાનુગ્રામ વિહાર કરી ધરતિને પાવન કરતા હતા. તપ-જપ અને સાધનાનો ત્રિવેણી સંગમ એમનાં જીવનમાં જોવા મળતો હતો.

એકદા જંગલમાંથી વિહાર કરતાં સામેથી વાઘણ દોડતી આવી.

મુનિને જોઈને શાંત થવાને બદલે એ વધારે ભડકી. જાણે મુનિને જોઈને પૂર્વ ભવના કોઈ વેરની વસુલાત કરવાના ભાવ ન જાગ્યા હોય ? મુનિરાજ સમયને ઓળખી ગયા.

આપણે હોઈએ તો શું કરીએ ?

શરીરને બચાવવાના પ્રયત્ન કરીએ ? કે આત્માને બચાવવાના પ્રયત્ન કરીએ ? અનાદિનો દેહનો રાગ આ જીવ પાસેથી દેહને બચાવવા માટે જ પુરુષાર્થ કરાવે છે. આત્માની એને ઝાઝી ચિંતા નથી હોતી. પરંતુ આ તો જિન શાસનને પામેલા અને જિનવાણીને સમજેલા મુનિ હતા. એટલું જ નહિં એમણે જિન સિદ્ધાંતોને જીવનમાં ઉતાર્યા હતા. જીવનમાં પચાવ્યા હતા. એમણે વાઘણને જોઈ... એના હાવભાવ જોયા અને **'અપ્પાણં વોસિરામિ'** કરીને કાયોત્સર્ગમાં સ્થિર થઈ ગયા.

શાસ્ત્રકાર મહર્ષિઓએ આત્માને સમજાવવાના ત્રણ માર્ગ જણાવ્યા છે. **(૧) આત્માનુશાસન (૨) પરાનુશાસન અને (૩) ઉભયાનુશાસન.**

પહેલો માર્ગ છે આત્મા પોતે પોતાને સમજાવે, એ જ ઈચ્છનીય છે. તે **આત્માનુશાસન** છે.

ગુરૂ ભગવંત, શાસ્ત્ર અથવા અન્યના જીવનને જોઈ આપણો આત્મા ધર્મ પામે છે તે **પરાનુશાસન** છે.

ગુરૂ ભગવંત, શાસ્ત્ર અને આરાધકના આલંબને પોતાના પુરુષાર્થે જીવનમાં ધર્મ પરિણમે તે **ઉભયાનુશાસન** છે.

ત્રણ માર્ગો સારા છે... સાચા છે... ઉપયોગી છે પરંતુ જ્યારે આપણે એકલા જ છીએ અને એવો કોઈ મરણાંત ઉપસર્ગ આવે ત્યારે આપણે કોણ સમજાવે ? આપણે જ પોતાની જાતને સમજાવવાના છે.

સુકુમાલમુનિ સજ્જ બન્યા. કર્મ નિર્જરાના અવસરે જીવ ક્યાંક થાપ ખાઈ ન બેસે એ માટે તેઓ જાગૃત છે. પોતાના આત્માને પોતે જ સમજાવી રહ્યા છે. હે આત્મન્ ! પૂર્વ ભવમાં ભેગા કરેલા કર્મના ઋણમાંથી મુક્ત થવાનો સુવર્ણ અવસર પ્રાપ્ત થયો છે. ઘબરાઈશ નહીં... મુંઝાઈશ નહીં... જે તારું છે

એને લુંટવાની કોઈની તાકાત નથી. આ દેહ તારો હતો નહિં... છે નહિં... રહેશે પણ નહિં આ તો અશાશ્વત છે... ક્ષણભંગુર છે... માટીમાં માટી થવાના સ્વભાવવાળો છે. આ દેહના રાગમાં ભુલો પડીશ નહીં. દેહમાં મમતા કે આસક્તિ રાખીશ નહીં. આત્માને સમજાવતા કહે છે -

**એ શરીર અશાશ્વતો, ખીણ મેં સીજંત;**

**પ્રીતિ કીસી તે ઉપરે, જે સ્વારથવંત...**

શરીર અશાશ્વત છે... ક્ષણમાં નાશ પામનાર છે... એના ઉપર પ્રીતિ રાખનારને દુઃખ દેનાર છે... તું તો અજરામર આત્મા છે... આ દેહ સાથે તારો સંબંધ શું ? વધારે શું કહું ?

**અંતે પણ એને તજ્યાં, થાય શિવ સુખ;**

**તે જો છુટે આપથી, તો તુજને શ્યો દુઃખ ?..**

કેટલી સુંદર વાત આત્માને સમજાવે છે ?

'દેહ છૂટે તો જ મોક્ષ મળે' દેહને પણ ટકાવું અને મોક્ષને પણ મેળવું એ ક્યારેય બનતું નથી. જો દેહને છોડ્યા વિના શિવસુખ મળવાનું જ ન હોય અને એ દેહ જો સ્વયં છુટી જતો હોય તો રાજી થવા જેવું છે.. હર્ષ પામવા જેવું છે.

વાઘણ ઉપર ક્યાંય દ્વેષ ભાવ ન જાગે.. એ તો નિમિત્ત માત્ર છે... એ તો પરમ ઉપકારી છે એ તારા શરીરને ખાઈને એનો જ નાશ નથી કરતી પરંતુ તને અનાદિથી હેરાન કરનાર, ચાર ગતિમાં ભટકાવનાર... મોક્ષથી દૂર રાખનાર કર્મોનો પણ નાશ કરવાનો અપૂર્વ અવસર પ્રાપ્ત કરાવી આપે છે...

હે આત્મન્ ! હવે બાજી તારા હાથમાં છે... તરવું કે ડૂબવું તારે વિચારવાનું છે. અનંત ભવનો બદલો એક ક્ષણમાં વાળી શકાય એવો અપૂર્વ અવસર આંગણે આવ્યો છે. તું તો અનંતજ્ઞાન - અનંત દર્શન - અનંત સુખનો સ્વામી છે તું એ ભાવમાં જ ડૂબી જા. હે જીવ ! અનંતીવાર તું...

ઘાસ બનીને ગાય-ભેંસના મોઢામાં ચવાયો...

ચણા બનીને ઘોડાના મોઢામાં દબાયો...

મગફળી-જામફળ કે ચીકુ બનીને માનવીના મોઢામાં ખવાયો...

એ સમયે તારો દેહ નાશ પામ્યો પરંતુ કર્મ ન ખપ્યા...

આજે દેહ ભલે નાશ પામે તારા કર્મ પણ ક્ષય પામી જશે.

આવી અદ્‌ભૂત ભાવના ભાવતા સુકોશલ મુનિનો આત્મા ક્ષપક શ્રેણી ઉપર આરુઢ થયો.

વાઘણ હાથ-પગમાંથી માંસના લોચા કાઢી કાઢીને ખાઇ રહી છે... લોહી પી રહી છે... કાયા લોહીથી ખરડાઇ ગઇ... ધીરે ધીરે શરીર શક્તિ ક્ષીણ થઇ... પગનું જોર ઓછું થઇ ગયું... કાયા નીચે પડી ગઇ... વાઘણે આખું શરીર ચુંથી નાખ્યું. કેવી વેદના થઇ હશે જીવને ?

પરંતુ આવા સમયે આત્મા સમતા રસમાં ઝૂમી રહ્યો છે... ક્ષમા અમૃતના ઘુંટડા ભરી રહ્યો છે... પરમ સમાધિમાં સ્થિર છે.. એમ કરતાં કરતાં ઘાતિ કર્મનો ભુક્કો બોલાયો. આત્મા કૈવલ્યની સાથે સાથે જ આયુષ્ય પૂર્ણ થતાં અંતગડ કેવલિ બની સિદ્ધશીલા ઉપર બિરાજમાન થયો.

**શ્રી અચલગચ્છ શ્રૃંગાર, આત્મજ્ઞાની,**
**શ્રીમદ્ જયશેખરસૂરીશ્વર વિરચિત**
**શ્રી પ્રબોધ ચિંતામણિ ગ્રંથને**
**વિષે પરમાત્મવર્ણનરૂપ**
**પ્રથમ પીઠ બંધાધિકાર**
**સમાપ્ત થયો.**

# બીજો અધિકાર

## આ ગ્રંથમાં શું છે ?

આત્માને નિશ્ચયથી જે સ્વરૂપે કહેલો છે તે આત્મા સચેતન છતાં આત્માનું માયાને વશ થવું... તેથી દુઃખી થયેલી સન્મતિનું ઉદાસીન થવું... માયાથી મોહ નામના પુત્રની ઉત્પત્તિ... માયા અને મનને વશ થવાથી અનેક દુઃખોનું સહન કરવું... નિવૃત્તિથી વિવેક પુત્રની ઉત્પત્તિ... મન દ્વારા વિવેકને દેશનિકાલ... સર્વજ્ઞની સેવાથી વિવેકને રાજ્યપ્રાપ્તિ...

મોહના આદેશથી કામનું ત્રણ લોકને જીતવું...

કામથી ત્રાસ પામીને વિવેકની અર્હતની શરણાગતિ... અર્હત સમક્ષ વિવેકના વીરપણાનું પ્રદર્શન... દઢ પ્રેમવાળી કુમારી સંયમશ્રી સાથે વિવેકનું પાણીગ્રહણ... તેનાથી બળવૃદ્ધિ... યુદ્ધ માટે મોહ સન્મુખ જવું... સૂર્યની જેમ વિવેકથી મોહાંધકારનો નાશ... મોહના નાશથી નિર્બળ બનેલા મનને વિવકનો પ્રતિબોધ... મનનું શુક્લધ્યાન રૂપી અગ્નિમાં હોમાવું... ચેતનાનું પોતાના સ્વામિનાથ આત્માને ઉત્સાહિત કરી ત્રણ જગતના નાથ પદે સ્થાપવું...

આ બધું વૃદ્ધ વાક્યો અનુસાર આ ગ્રંથમાં હું કહીશ.

બાળક પણ મોટા પુરૂષના હસ્તાવલંબનથી અટવીનો પાર પામે છે તેવી જ રીતે અટવી જેવા ગહન ગ્રંથ રચનાના પારને મહાન પુરૂષોના આશ્રયથી હું પામીશ.

આવતી ચોવીસીના પ્રથમ તીર્થંકર શ્રી પદ્મનાભ પ્રભુના ધર્મરૂચિ નામના શિષ્ય થશે. તેમના કથાનકથી ઉપર જણાવેલ સર્વ આત્માનું સ્વરૂપ સમજી શકાશે.

# પ્રભુ પદ્મનાભ

જંબૂ નામનો ગોળ દ્વીપ છે...

આ જંબૂદ્વીપના પરિધિના ઠેકાણે જગતી એટલે ગઢ છે...

તંબુના સ્થાને મેરુ પર્વત છે.

આરાઓના સ્થાને આઠ દિશાઓ છે.

મેરુ પર્વતની જમણી દિશામાં રત્નના સમૂહની પ્રાપ્તિના લોભે કરીને જ જાણે સમુદ્રની પાસે રહ્યું હોય તેવું ભરતક્ષેત્ર જયવંતુ વર્તે છે.

આ ભરતક્ષેત્રમાં આ અવસર્પિણીના ત્રણ આરા વ્યતીત થયા પછી ચોથા આરાના અંતે શ્રી વર્ધમાન જિનેશ્વર જન્મ્યા હતા.

તે પ્રભુ સાત હાથ ઉંચા હતા...

સુવર્ણ જેવી કાંતિ હતી...

સિંહનું લંછન હતું...

તે પ્રભુ ચોથા અને પાંચમાં આરાની મર્યાદાના સ્તંભવત્ શોભતા હતા.

પ્રભુના ચરણકમળની નિષ્કપટ સેવા કરવામાં ભ્રમરરૂપ અને નગરના લોકોને આનંદ આપનાર મગધ દેશનો શ્રેણિક નામે રાજા હતો.

શ્રેણિક રાજા સૌમ્ય દૃષ્ટિવાળા હતા. એમની દૃષ્ટિરૂપી અમૃતની વૃષ્ટિથી સિંચાયેલી પ્રજા ઉત્તમ વરસાદથી અનાજની વૃદ્ધિની જેમ વિસ્તાર પામી હતી. આ રાજા યુદ્ધરૂપ શાળામાં નહિં અભ્યાસ કરેલી એવી પણ નાસી જવાની કળા ખડ્ગરૂપ સોટિ વડે શત્રુઓને શીખવતો હતો. આ રાજવીએ બળના સમૂહથી નગરના લોકથી અરિ (શત્રુ) એવું નામ દૂર કરીને નિરાધાર એવા તે અરિ નામને કૃપાવડે રથના ચક્રમાં દાખલ કર્યું હતું. નીતિમાર્ગના ક્રમને પણ મૂકીને માછલા પકડવાની જાળ લઇ પાણીમાંથી માછલાં પકડતા મુનિને જોઇને પણ (દેવે પરીક્ષા કરવા ઉભા કરેલા દૃશ્યને જોઇને) આ શ્રેણિક મહારાજા સદ્ભાવ રહિત નહોતા થયા. આવા અડગ શ્રદ્ધાના... સમ્યગ્દર્શનના સ્વામિ હતા.

નવા નવા છંદોના સમૂહે કરી જૈનપણાના ગુણોની સ્તવના કરતા આ શ્રેણિક રાજા ગાંધર્વોના ગર્વને પણ હરતા હતા. (તેમની કુમારાવસ્થા... સ્ત્રીઓનું પાણીગ્રહણ... રાજ્યપ્રાપ્તિ... પુત્રોત્પત્તિ આદિ અન્યથી જાણી લેવું.) કેટલાક અક્ષરો થી કવિ જેમ સ્પષ્ટ કાવ્ય બાંધે છે તેમ અરિહંતની ભક્તિ આદિ થી શ્રેણિકરાજાએ તીર્થંકરનામકર્મ બાંધ્યું હતું.

સમકિતિ જીવો વૈમાનિક દેવ સિવાય બીજી ગતિમાં ન જાય. કેમ કે કલ્પવૃક્ષ સ્વાધીન હોવા છતાં ખરાબ અનાજ કોણ ખાય ? આ નિયમ હોવા છતાં શ્રેણિક મહારાજા મરણ પામીને પહેલી નરકમાં ગયા. કારણ? એમને સમ્યક્ત્વનો લાભ થાય એ પહેલા એમણે નરકનું આયુષ્ય બાંધી લીધું હતું.

સમુદ્રના કલ્લોલને રોકી શકાય છે...
અર્જુનના બાણો પણ રોકી શકાય છે...
આકાશમાંથી પડતી વિજળીને પણ રોકી શકાય છે...
પરંતુ કર્મની રેખાને રોકી શકાતી નથી...

નરકમાં રહ્યા છતાં, હે આત્મન્ ! તારાં પોતાના કરેલા કર્મ ઉદયમાં આવ્યા છે, તેને હવે તુંજ સહન કર. આવી ભાવનાવાળા શ્રેણિકરાજાનો જીવ દુઃખોનો અનુભવ કરે છે છતાં સમ્યગ્દર્શન હોવાથી તે અત્યંત વેદના ભોગવતો નથી. ચોર્યાશી હજાર વરસ ગયા પછી ખાડરૂપ આવર્તમાંથી હાથી જેમ નીકળે તેમ પહેલી નરકમાંથી શ્રેણિકરાજાનો જીવ નીકળશે. વિષ્ટામાંથી પણ સુવર્ણને અંગીકાર કરવાની જેમ પૂર્વભવનું સ્મરણ કરતો શ્રેણિક રાજા નરકમાંથી નીકળવા છતાં તે પૂર્વ ભવ સંબંધી મતિ-શ્રુત અને અવધિ એ ત્રણે જ્ઞાનનો ત્યાગ નહીં કરે... ત્રણ જ્ઞાન સહિત ગર્ભમાં ઉત્પન્ન થશે. એ સમયે આ ભરતક્ષેત્રમાં આ અવસર્પિણી પૂર્ણ થઈને ઉત્સર્પિણી કાળનો પહેલો આરો સમાપ્ત થયે છતે... બીજો આરો શરૂ થશે. આ સમયે દગ્ધ થયેલી જમીન ઉપર

કાળના સ્વભાવથી પોતાની મેળે જ આ પ્રમાણે વરસાદો વરસશે. પ્રબળ અગ્નિની જ્વાળાઓ કરી કેસુડાની જેમ લાલ થયેલી આખી પૃથ્વી પ્રથમ **પુષ્કરાવર્ત મેઘની** વૃષ્ટિથી શાંતતાને પામશે. ત્યાર પછી **ક્ષીરમેઘના** વરસાદથી ઝરતા દૂધના સમૂહે કરી સિંચાએલી આ પૃથ્વીને તપસ્વીઓ જેમ પોતાના શરીરને તેજની સાથે જોડે છે તેમ આ વરસાદ પોતાના વર્ણની સાથે જોડી દેશે અર્થાત્ પૃથ્વીને શ્વેતવર્ણી કરશે. ત્યાર પછી પતિ જેમ નવી પરણેલી સ્ત્રીમાં કોમળ વચનો વડે સ્નેહ દાખલ કરે છે તેમ યોગ્ય અવસરે **ઘૃતઘન** નામનો વરસાદ (ઘી જેવા) પાણીથી પૃથ્વીમાં ચિકાસ (સ્નિગ્ધતા) દાખલ કરશે. ત્યાર પછી **અમૃતના** વરસાદની ઉત્તમ ધારારૂપ હાથથી પૂજાએલી આ પૃથ્વી વિવિધ પ્રકારના અંકુરોના કારણે રોમાંચિત કરી હર્ષવાળી દેખાશે. પછી કવિ પોતાની વાણીથી કાવ્યોને વિષે અનેક રસો (શૃંગારાદિ)ને સંયોજિત કરે છે તેમ **રસ** નામનો વરસાદ પાણી વડે અનેક રસોને પૃથ્વીમાં સંયોજિત કરશે. પછી જેમ રાત્રિને વિષે તારાઓ પોતાની મેળે પ્રગટ થાય છે તેમ કાળના સ્વભાવથી પર્વતો, વેલો અને વનાદિ પદાર્થો પોતાની મેળે (અનેક પરમાણુઓ એકઠા થઈ) પ્રગટ થશે. તે અવસરે આ ભરત ક્ષેત્રમાં બીજાને ઉપકાર કરવામાં તત્પર... ન્યાયમાં નિપુણ અને વિલસિત ગુણવાળા સાત કુલકરો થશે. તેઓના નામ અનુક્રમે મિત્રપ્રભ, સુભૂમ, સુપ્રભ, સ્વયંપ્રભ, દત્ત, સૂક્ષ્મ અને સુબંધુ હશે. ત્યાર પછી બીજો આરો પૂર્ણ થઈ ત્રીજો આરો શુરુ થશે.

આ અવસરે વૈતાઢ્ય પર્વતની નજીકના ભાગમાં આવેલા **શતદ્વાર** નામના શહેરમાં તે કુલકરોના વંશમાં સ્વભાવથી જ સુભગ આકૃતિવાળો અને બુદ્ધિમાં બૃહસ્પતિને પણ હરાવે એવો **સુમતિ** નામે કુલકર ઉત્પન્ન થશે. તેને **ભદ્રા** નામે રાણી થશે, જેના સત્વરૂપ કસોટીના પત્થર ઉપર થયેલા શિયલરૂપ સુવર્ણના સ્થિર લીસોટાઓને સત્પુરૂષો વર્ણન કરશે. હવે શ્રેણિકરાજાનો જીવ સીમંત નામના નરકાવાસથી નિકળીને તે મૃગનયની ભદ્રાદેવીના કુક્ષીમાં અવતરશે. તે અવસરે ભદ્રામાતા હસ્તિ,

વૃષભ, સિંહ, લક્ષ્મી, પુષ્પમાળા, ચંદ્ર, સૂર્ય, ધ્વજ, કુંભ, સરોવર, સમુદ્ર, ભુવન, રત્નરાશિ, અને અગ્નિ આ ચૌદ સ્વપ્નને અનુક્રમે ધીરબુદ્ધિમાન જેમ સદ્‌વિદ્યાને જુએ તેમ દેવોને પૂજનિક ભદ્રારાણી જોશે.

સુમતિ નામે કુલકર આ સ્વપ્નનું ફળ જેટલામાં પોતાની બુદ્ધિને અનુસારે કહેશે તેટલામાં પ્રથમ દેવલોકનો ઇન્દ્ર ત્યાં આવીને ભદ્રારાણીને નમસ્કાર કરી આ પ્રમાણે કહેશે.

હે દેવી ! ત્રણ ભુવનમાં જેનાથી શ્રેષ્ઠ બીજું દૈવત નથી એવા દૈવતને... આ તારૂં ઉદર રત્નાકરનો (સમુદ્રનો) પણ પરાભવ કરે છે. હે સ્વામિની ! આ કલ્પવૃક્ષના અંકુરાને ઉદરરૂપી ગુફામાં ધારણ કરતી તું મેરૂપર્વતનું આચરણ કરે છે. અન્ય સ્ત્રીઓનો સમૂહ તારી આગળ તૃણની ઉપમા બરાબર છે. આ સ્વપ્નોના માહાત્મ્યથી સુર અને અસુરોને પુજનીય-સેવનીય એવો તારો પુત્ર પ્રથમ અરિહંત થશે.''

આ પ્રમાણે કહીને ઇન્દ્ર વિરામ પામશે. ત્યારે વિકસિત મનવાળી... રોમાંચિત દેહવાળી તે સંકોચ-લજ્જાને પામશે. પછી ધીમે-ધીમે ચાલતી... જેના દોહદ પૂર્ણ થયા છે એવી... અલ્પ પરિવારથી રહેનારી... પથ્ય આહાર લેનારી... અલ્પ આભુષણ ધારણ કરનારી ભદ્રારાણી ગર્ભને વૃદ્ધિ પમાડશે. ગર્ભ વૃદ્ધિ પામવા છતાં પણ રાણીના ઉદરની વૃદ્ધિ થશે નહિં. કારણ જેની જે સ્થિતિ હોય તે સ્થિતિનો નાશ કરનાર આ સમર્થ પુરૂષ થશે નહિં. કૃષ્ણ ચિત્રાવેલીની જેમ પ્રભુ વશ થયે છતે માતાને લક્ષ્મી તો વૃદ્ધિ પામશે, પણ રૂપ-સૌભાગ્ય-બુદ્ધિ અને ધૈર્યાદિ ગુણો પણ અતિશય વૃદ્ધિ પામશે.

નવમહિના વ્યતીત થયા બાદ તે ભદ્રારાણી અદ્‌ભૂત કાંતિ વડે દિશાઓને પ્રકાશિત કરતા સૂર્ય જેવા પુત્રને જન્મ આપશે. તે સમયે હું પ્રથમ અહીં રહ્યો હતો એવો સ્નેહ વહન કરતા હોય નહીં તેમ તે ભગવાન પોતાના જન્મથી નરકને વિષે રહેલા જીવોને પણ અલ્પ સમય સુખી કરશે. લક્ષ્મીદેવીના વાસને માટે પૃથ્વીને કમલમય કરતા હોય તેમ દેવો

પ્રભુના જન્મ સમયે કુંભો (એક માપ) પ્રમાણે કમળને વરસાવશે. આસનકંપથી પ્રભુ જન્મ થયો જાણી ૫૬ દિક્કુમારીઓ આવી પોતાનું કર્તવ્ય (શુચિ કર્મ) કરશે. ચોસઠ ઇન્દ્રો મેરુ પર્વત ઉપર જન્મોત્સવ ઉજવવા ભેગા મળશે સૌધર્મેન્દ્રે મેરુપર્વતના શિખર ઉપર લાવેલા જિનેશ્વર ભગવાનને ત્યાં એકઠા થયેલા ઇન્દ્રો પુષ્કરાવર્ત મેઘની જેમ ઘણા જલથી સ્નાન કરાવશે. ત્યાર પછી પૂજન-સ્તવના કરી જિનેશ્વર દેવને એમના નગરીમાં મૂકી સાડા બાર કરોડ સોનૈયાની વૃષ્ટિ કરી જેમ આવ્યા હતા તેમ ઇન્દ્રો સ્વસ્થાને જશે. પ્રભુના જન્મ સમયે પૃથ્વી પર પદ્મની વૃષ્ટિ થશે તેથી **પદ્મનાભ** અને **મહાપદ્મ** એવા બે નામ તે ધારણ કરશે. ત્યાર પછી પાંચ અપ્સરા (ધાવમાતા) ઓથી પાલન કરાતા અને અંગુઠાને વિષે સ્થાપન કરેલા અમૃતનું પાન કરવાથી પુષ્ટ થયું છે શરીર જેનું એવા તે પદ્મનાભ વૃદ્ધિ પામશે. એક ખોળામાંથી બીજા ખોળામાં જતા અને એક હાથથી બીજા હાથમાં જતા આ બાળપ્રભુ વિષયિક મનુષ્ય અને દેવો વચ્ચે ચાલતો વાદ કોઇ વખત શાંત થશે નહીં. ઘણા દેવો વારંવાર બાળકના રૂપ કરીને પોતાને ધન્ય માનતા છતાં તે પ્રભુને બાલ્યાવસ્થામાં ક્રીડા કરાવશે.

જન્મથી જ્ઞાનવાળા અને અત્યંત બળથી શોભતા એવા પદ્મનાભ આઠ વર્ષના થશે ત્યારે આનંદિત એવા માતા-પિતા તેને રાજ્ય ઉપર સ્થાપન કરશે. યુક્તિ વડે બળને વધારનાર રાજ્યને તે ઘીની જેમ ભોગવશે, પરંતુ પથ્ય ભોજન કરનારની જેમ યુવાવસ્થા, લક્ષ્મી અને સ્ત્રીના મોહરૂપ ત્રિદોષને તે ભોગવશે નહીં. દિગ્વિજય યાત્રાને વિષે ઉદ્યમવાન પદ્મનાભને **પૂર્ણભદ્ર** અને **મણિભદ્ર** નામના બે દેવો દંડનાયક થશે. બોલાવ્યા વિના... પ્રાર્થના કર્યા વિના... તેમજ ધન આપીને રાખ્યા વિના આ બે દેવો પદ્મનાભ રાજાના ભાગ્યથી યુદ્ધમાં શત્રુની સાથે યુદ્ધ કરવા પોતાની મેળે ઉઠશે. તે યુદ્ધ કરતાં દેવોની સામે કોઇ પણ શત્રુ ઉભો રહી શકશે નહીં. કારણ કે અસુરોના શત્રુરૂપ દેવોને શું મનુષ્યો પરાજીત કરી શકે ? અર્થાત્ ન જ કરી શકે. આ કારણથી પદ્મનાભ **દેવસેના** એવું

નામ સેવકો પાસેથી પામશે.

એક દિવસ અગ્રેસર મહાવત પદ્મનાભને આ પ્રમાણે વિનંતિ કરશે કે ''હે મહારાજા ! ચાર દાંતવાળો અને ચંદ્ર જેવો ઉજ્વળ એક નવીન હાથી આજે તમારા આંગણમાં ક્યાંકથી આવેલો છે. શું ઈન્દ્રે ઐરાવણ હાથીને આપને ભેટણા તરીકે મોકલ્યો છે અથવા તમારા પુણ્યથી ખેંચાઈને દિગ્હસ્તીઓના સમૂહમાંથી કોઈ હાથી આવેલો છે. તે અમે જાણતા નથી. બેસવા લાયક અને યુદ્ધને લાયક આપના પહેલાના જે હાથીઓ છે તે સર્વ હાથીઓમાં આ હમણાં આવેલો હાથી પોતાના ગુણો એ કરી સ્વામીની જેમ આચરણ કરે છે. પુણ્યથી પામી શકાય એવા આ હસ્તીને એકવાર આપે સાક્ષાત્ જોવા યોગ્ય છે. કેમ કે અપૂર્વ વસ્તુ જોવાથી આ નેત્રો પણ સફળ થાય છે. પદ્મનાભ રાજા મહાવતના કહેવાથી હાથીની શાળામાં આવી તે હાથીને જોઈને ઉપયોગ દઈ વિચારશે કે આ હસ્તીરત્ન ક્યાંથી પ્રગટ થયું ? એટલે એ જાણશે કે વૈતાઢ્ય પર્વતની નજીકની અટવીમાં રહેનારો અને દાવાનળથી ત્રાસ પામેલો આ ઉત્તમ હસ્તી મારા પુણ્યથી પ્રેરાઈને અહીં આવ્યો છે. એ પ્રમાણે જ્ઞાનથી નિર્ણય કરીને જેમ સૂર્ય કિરણના સમૂહને અંગીકાર કરી આકાશમાં આરૂઢ થાય તેમ તે પદ્મનાભ રાજા હાથી ઉપર આરૂઢ થશે અને લોકોમાં ઈન્દ્રના વાહનનો ભય ઉત્પન્ન કરતા તે હાથી ઉપર બેસીને ગ્રામ-આરામાદિકને વિષે વિચરશે. તે વખતથી સ્વામિ **વિમલવાહન** એવા નામથી વિશ્વમાં પ્રખ્યાતિ પામશે. આ પ્રમાણે ફક્ત ભોગ્ય કર્મ ક્ષય કરવા માટે જ પ્રભુ રાજ્યમાં કેટલોક સમય રહેશે.

# દીક્ષા મહોત્સવ

અન્યદા પાંચમા બ્રહ્મદેવલોકથી લોકાંતિક દેવો આવીને સંયમજ્ઞ સેવકોની જેમ સ્વામીને વિનંતી કરશે કે ''હે પ્રજાપાલ ! પૃથ્વી ઉપર ધર્મતીર્થ પ્રવર્તાવો. મનુષ્યોને બંને લોકની લક્ષ્મી આપવામાં તમે જ સમર્થ છો.'' પછી તે પદ્મનાભ રાજા એક વરસ સુધી સોનાની ધારાએ વરસાદ વરસાવીને (વરસીદાન આપીને) વર્ષાઋતુમાં વરસતા વરસાદને પણ જીતશે... અર્થાત્ ઘણું દાન આપશે. તે અવસરે વર્ષાઋતુ પૂર્ણ થયે છતે જેમાં માલતીની શ્રેણીઓ વિકસ્વર થઇ રહી છે અને ગંધથી ખેંચાયેલા ભ્રમરો આવી રહ્યા છે એવી શરદઋતુ વિસ્તાર પામશે. જે શરદઋતુમાં સરોવર જળથી પૂર્ણ થયેલાં છે. જળ વિકસ્વર કમળોથી શોભિત થઇ રહ્યું છે... કમળો પ્રસરતા તંતુઓથી શોભે છે... તંતુઓને પણ હંસોએ મુખમાં ધારણ કર્યા છે. હંસો હંસીઓનું પડખું મૂકતા નથી.. હંસીઓ લીલા સહિત પ્રાપ્ત થયેલા વિષયોને ભજે છે. અને લીલા વિલાસાદિને સ્ત્રીઓએ અંગીકાર કર્યા છે. એવી શરદઋતુ શરદકાળમાં શું પ્રધાન નથી ? અર્થાત્ પ્રધાન છે.

શેરડીમાં મીઠાસને... પાણીમાં નિર્મળતાને...

આકાશમાં પવિત્રતાને... રસ્તામાં કાદવની શુદ્ધતાને... કરતી એવી શરદઋતુ, સાધુઓના સમુદાયમાં ઉત્તમ ગુરુ જે ગુણ કરે છે તે ગુણ આ લોકમાં કરે છે.

એવા અવસરે ત્રીસ વરસની ઉમર થતાં... માતા-પિતા પરલોક સિધાવતા પદ્મનાભ રાજવી સંયમ લેવાની ઇચ્છાથી પુત્રનો રાજ્યાભિષેક કરશે. પછી ઇન્દ્ર અને દેવો દ્વારા દીક્ષાનો અભિષેક થયેલા પદ્મનાભ રાજવી... ત્રણ પ્રકારના વાજીંત્ર વાગવા પૂર્વક... દેવતાઓ દ્વારા આકાશને અને મનુષ્યો દ્વારા પૃથ્વીને અવકાશ વિનાની બનાવતા... નગરજનોથી ગીત ગવાતા પદ્મનાભ (પ્રભુ) દિવ્ય શિબિકામાં આરૂઢ થઇ નગરની બહારના ઉદ્યાનમાં આવશે. પછી શિબિકાથી નીચે ઉતરીને પ્રભુ

પાંચ પ્રકારના અલંકારનો સ્વયંમેવ ત્યાગ કરશે. પાંચ પ્રકારના અલંકાર જણાવતા કહે છે - (૧) કેશાલંકાર (૨) વસ્ત્રાલંકાર (૩) પુષ્પાલંકાર (૪) આભરણાલંકાર અને (૫) માલાલંકાર. પછી ઈન્દ્ર હાથ ઉંચો કરી કોલાહલ નિવારશે. એટલે પ્રભુ 'નમો સિદ્ધાણં'... 'સિદ્ધ ભગવાનને નમસ્કાર થાઓ.' એમ કહીને યાવત્ જીવ સર્વ સાવદ્ય યોગોનો ત્યાગ કરવારૂપ ચારિત્ર અંગીકાર કરશે.

ત્યારબાદ નિશ્ચળ, સંયમના સ્થાનથી પતિત નહીં થનારા... પોતાના અને બીજાના ઉપર સમભાવવાળા... સર્વ જીવોના આધારભૂત ધૈર્યવાન... છ કાયના જીવોનું રક્ષણ કરવાથી મનોહર... શીત-વાત અને તાપના સમૂહને પર્વતની જેમ સહન કરનાર એવા પ્રભુ તપરૂપી અગ્નિના જોરથી કર્મરૂપ વનને બાળી નાંખશે. વ્રત અંગીકાર કર્યા પછી જ્યારે બાર વરસ અને સાડા છ માસ જશે ત્યારે ભગવાન કેવળજ્ઞાન પામશે. ઈન્દ્રો પ્રભુના કેવળજ્ઞાનનો મહોત્સવ કરશે.

તે સમયે દેવોએ ત્રણ ભુવનને આભૂષણ તુલ્ય ત્રણ ગઢવાળા સમવસરણને કરતાં પ્રભુ સૂવર્ણમય સિંહાસન ઉપર બેસીને યોજન પર્યંત વિસ્તાર પામતી અને સર્વ જીવો સમજી શકે તેવી વાણી વડે મદ રહિત જીવો પ્રત્યે ધર્મદેશના દેવાનો પ્રારંભ કરશે. તે સમયે સદાચારરૂપ વૃક્ષને વૃદ્ધિ પમાડવાને પાણીની નીક તુલ્ય તીર્થંકરની વાણી વડે પ્રતિબોધ પામેલા ઘણા જીવો ચારિત્રરૂપ લક્ષ્મીને આદર સહિત અંગિકાર કરશે... બીજાઓ દેશવિરતિને સ્વીકારશે... કેટલાક વળી સમ્યક્ત્વને સ્વીકારશે. કારણ કે કલ્પદ્રુમ મળ્યા છતાં યાચકો કાંઈ એક રૂચિવાળા હોતા નથી. પછી કુલીન શિષ્યોનો સમુદાય થયાથી તેમાંથી અગિયાર મુનિઓ ભગવાન પાસેથી ત્રિપદી (ઉત્પત્તિ-સ્થિતિ-વ્યયરૂપ ત્રણપદ) પામી દ્વાદશાંગીની રચના કરી ગણધર થશે. પછી દેવોથી પણ ઉલ્લંઘન ન થાય એવા ચતુર્વિધ શ્રી સંઘની સ્થાપના કરીને પ્રભુ ભવ્ય જીવોરૂપ પૃથ્વીમાં સમ્યક્ત્વરૂપ બીજને વાવીને અન્યત્ર વિહાર કરશે.

એકદા ક્ષમાવાન **ધર્મરૂચિ** મુનિ વિનયથી પ્રભુજીને પૂછશે - ''હે કરુણાસાગર ! મને કેવળજ્ઞાન ક્યાં થશે ?'

ત્યારે ભગવાન કહેશે - ''તમને સુગ્રામ નામના ગામમાં કેવળજ્ઞાન થશે.''

અપ્રમાદિ મુનિ પ્રભુનો જવાબ સાંભળી એ ગામ તરફ વિહાર કરશે. કારણ કે **આળસને આધીન જીવોને ક્યારે પણ સંપદા પ્રાપ્ત થતી નથી.**

સુગ્રામમાં પહોંચીને મુનિ ગામની બહાર વનમાં એક રાત્રિ ની પ્રતિમાને અંગીકાર કરશે. ધ્યાનની ધારામાં આરૂઢ થઇ ક્ષપકશ્રેણી માંડતાં મુનિને કેવળજ્ઞાન પ્રાપ્ત થશે. અનંત ગુણવાન કેવળજ્ઞાની મુનિને વંદન કરવા માટે આવેલા દેવતાઓ ઉંચા અવાજથી જય જયકાર કરશે. દેવ દુંદુભિનો નાદ અને દિવ્ય ઉદ્યોતને કરીને સુખી એવા દેવતાઓ મુનિની સન્મુખ બેસીને ધર્મદેશના સાંભળશે. દેવદુંદુભિ આદિના અવાજને સાંભળીને તે ગામનો ડાહ્યો ઠાકોર ત્યાં આવશે. દેવોના સમૂહ આવીને બહુમાન કરે છે છતાં મુનિ અલ્પ પણ ગર્વ કરતા નથી એવા મુનિને જોઇને ઠાકોર ઘણીવાર સુધી ચિત્તમાં વિસ્મય પામીને વિચાર કરશે. - ''અહો ! **મહિમાના મંદિરરૂપ જૈન ધર્મને ધન્ય છે !** અમને સ્વપ્નમાં પણ એકાદ દેવનું પ્રગટીકરણ (દર્શન) થતું નથી અહીં લાખો દેવો પ્રત્યક્ષ વગર બોલાવ્યા જૈન મુનિની સેવા કરે છે. ઠકુરાઇના થોડા લાભથી પણ અમે મિથ્યા અભિમાન કરીએ છીએ... જ્યારે અહીં દેવો પણ કિંકર છે છતાં આ મુનિ પ્રશાંત ચિત્તવાળા છે. નિરુપમ રૂપ... વર્ણન કરવા યોગ્ય લાવણ્યતા... નિવીડ યુવાવસ્થા છતાં પોતાના આત્માને આવા ઉદયના અર્થી મુનિએ વ્રતના કષ્ટમાં ક્ષેપન કર્યો છે.'' આવી રીતે વિચાર કરીને અત્યંત ઉલ્લસિત પરિણામવાળો અને સ્થિર મનવાળો તે ઠાકોર અત્યંત સત્વવાળા તે મુનિને નમસ્કાર કરીને યથાયોગ્ય સ્થાને બેસશે. પછી તે મુનીંદ્રની નિર્દોષ દેશનાનું વારંવાર શ્રવણ કરવાથી તેને એટલો બધો

સંતોષ થશે કે દેવોમાં અને પોતાનામાં કાંઈજ ફરક નથી એમ માનશે. દેવો અમૃતપાન કરે છે તે કરતાં આ દેશનામૃત અત્યંત વિશિષ્ટ છે કે જેનું મેં પાન કર્યું છે. તેથી દેવો કરતાં મારામાં કાંઈ પણ ન્યૂનતા નથી એમ માનશે. દેશનાના અંતે તે ઠાકોર મુનિરાજને પૂછશે કે ''હે મુનિશ્રેષ્ઠ ! તમને જોવાથી એક ક્ષણમાત્રમાં વચનથી કહી ન શકાય તેવું આશ્ચર્ય હું પામ્યો છું. પરંતુ હે મહારાજ ! તમે કોણ છો ?... ક્યાંથી આવ્યા છો?... અને આ લક્ષ્મી કેવી રીતે પામ્યા છો ? આટલું તમારું વૃત્તાંત કહીને મારા જેવા જીવ ઉપર અનુગ્રહ કરો. કદાચ તમારી વાણી વડે હું પણ ઉત્સાહ પામું કારણ કે આ લક્ષ્મી મેળવવા માટે ઉત્તમ પુરુષોનું ચરિત્ર સાંભળવું એ ખરેખર લાભદાયક છે.''

આ પ્રમાણેનો પ્રશ્ન સાંભળીને તે શ્રેષ્ઠ મુનિ મોગરાની કળીઓ સદૃશ દાંતની દ્યુતિની સાથે વાસ કરનારી વાણી વડે કહેશે. ''હે સૌમ્ય ! તમે હમણાં મને જે પ્રશ્ન પૂછ્યો તેનો ઉત્તર હું આપું છું. પરંતુ એ વાત ઘણી લાંબી છે, માટે શાંત ચિત્તવાળા થઈને સર્વ સાંભળો.

**શ્રી અચલગચ્છ શ્રૃંગાર, આત્મજ્ઞાની શ્રીમદ્**
**જયશેખરસૂરીશ્વર વિરચિત શ્રી પ્રબોધ ચિંતામણિ**
**ગ્રંથને વિષે શ્રી પદ્મનાભ તીર્થંકરનું**
**ચરિત્ર અને ધર્મરૂચિ મુનિના**
**વર્ણન સહિત બીજો**
**અધિકાર**
**સમાપ્ત**
**થયો.**

# ત્રીજો અધિકાર
## મોહ અને વિવેક

### સંસાર નગરી

આદિ અને અંત વિનાની...

અનંત જીવોથી શોભિત...

કાયમ વસવાટ કરવારૂપ રસે કરી ઉલ્લસિત છે લોકો જેને વિષે...

એવી **સંસાર** નામની નગરી છે. જે નગરીમાં ઉત્તમ, મધ્યમ અને જઘન્ય જીવોને રહેવા યોગ્ય સ્વર્ગ-મૃત્યુ અને પાતાલ રૂપ ત્રણ સ્થાન આવેલા છે. સંસાર નગરી અત્યંત વિશાલ છે. જે જે દેશ-નગર-ગામ-ખાણ-નદી-પર્વતો થઇ ગયા... વિદ્યમાન છે અને આગળ થશે તે બધા આ સંસાર નગરીના ખુણાના એક ભાગમાં રહેનારા છે.

આ નગરીમાં સૂક્ષ્મમાં સૂક્ષ્મ કુંથુઆથી લઈને મહાન એવા ઇન્દ્ર પર્યંતના જે પણ જીવો છે તે બધા જ જીવો આ નગરીમાં પ્રભુતા ભોગવવાના અધિકારી છે.

અહો આ નગરીમાં સૌભાગ્ય અને સારપણું એવું જણાય છે કે અનેક અકાર્યો આ નગરીમાં સાક્ષાત્ જોવા છતાં જીવો આ નગરીમાં રહેવા ઉદ્વેગ પામતા નથી... નાસી જતા નથી.

અનેક પ્રકારના ક્લેશને ભોગવવા છતાં પોતાના ઘરને નહીં મૂકતા નિગોદના જીવો નગરના બીજા જીવોને પણ સ્વસ્થાને સ્થિર રહેવાનું શીખવે છે.

અન્ય નગરોમાં પ્રાયે ઘરોનો ક્ષય જોવા મળે છે પરંતુ જેમાં ઘરોનો ક્ષય થતો નથી એવી આ સંસાર નગરીમાં જીવો નિઃશંકપણે વસે છે.

એવી આ સંસાર નગરીમાં-

સમુદ્રો કુંડોની જેમ... મેરૂપર્વતો ક્રિડા કરવાના પર્વતની જેમ...

આકાશ ચંદરવાની જેમ... તારાઓ મોતીના લટકણની જેમ... શોભી રહ્યા છે.

આવી આ સંસાર નગરીનું ઇન્દ્ર પણ જેને એકાએક જોઇ શકે એવો લોકવ્યાપક **હંસરાજા** પાલન કરે છે.

## હંસરાજા કેવા છે ?

આ હંસરાજા અનંત ગુણોના સ્વામી છે એમના કેટલાક ગુણો પ્રત્યક્ષ છે... કેટલાક ગુણો પરોક્ષ છે. આ સર્વ ગુણોને કહેવા હજાર જીભવાળા શેષનાગ પણ સમર્થ નથી. કરોડો ગ્રંથોનો અભ્યાસ કરેલા... નિર્જન સ્થાને તપ કરનારા મહાપુરુષો પણ તેના શુદ્ધ સ્વરૂપનું નિરૂપણ કરવામાં પોતાના પ્રયાસને નિષ્ફળ માને છે.

આંગળીએ મેરૂપર્વત ઉપાડવામાં... બે હાથે સમુદ્ર તરવામાં જે શુરાઓ છે તે બધા આ મહાપરાક્રમી હંસરાજાની શક્તિ એ જ બળવાન છે. એક સમયમાં ઉપર અને નીચે લોકના અંતે જઇ શકવા જેવો વેગવાન હંસરાજા તેની સાથે મિત્રતા કરવા ઇચ્છનાર પવનથી પણ લજ્જા પામે છે... અર્થાત્ તેની સાથે રહી શકતો નથી.

જે બુદ્ધિ ચૌદ પૂર્વરૂપ સમુદ્રોને સુખે ઓળંગી જાય છે તે બુદ્ધિ સ્પષ્ટ રીતે આ હંસરાજાના માત્ર કેટલાક આત્મપ્રદેશના સ્ફુરવારૂપ છે. સર્વ શાસ્ત્રો આ હંસરાજાના જ જ્ઞાન સમુદ્રના કલ્લોલરૂપ છે. તેમાં કેટલાક કલ્લોલો ઉત્તમ બોધરૂપી મોતીથી ભરપુર છે... કેટલાક ખરાબ બોધરૂપ મગરમચ્છોથી ભરપૂર છે.

જે કેવળજ્ઞાનની આગળ આકાશમાં રહેલો સૂર્ય પતંગીઆ સરખો છે, તે કેવળજ્ઞાન આ હંસરાજાનું સ્વાભાવિક તેજ સ્વરૂપ છે.

આ હંસરાજા સ્પર્શ-વર્ણ-રસ-ગંધ-કે સંસ્થાનના કોઇ પણ પ્રકારથી ઓળખાતો નથી... કારણ આ બધા તેમાં છે જ નહિં.

વળી આ હંસરાજા બાળ-યુવાન-આર્ય-અનાર્ય-સ્ત્રી-પુરુષ-સ્થાવર-ત્રસ-સૂક્ષ્મ કે બાદર એવા કોઈ પણ પ્રકારે કહેવાતો નથી.

આ હંસરાજા એક રૂપવાળો સ્ફટિક રત્ન જેવો છે પરંતુ પોતાના કરેલા કર્મોથી ઉત્પન્ન થયેલા આશ્રય-શરીરના ભેદથી ભિન્નતાને... અનેક રૂપોને પામે છે. તે હંસરાજા કર્મસહિત હોય છે ત્યાં સુધી પૃથ્વી-સ્વર્ગ-જળ અને સ્થળમાં વિલાસ કરે છે. જ્યારે કર્મરહિત થાય છે ત્યારે લોકાગ્ર સિદ્ધાવસ્થાને પામીને ફરી આ સંસાર નગરીમાં આવતો જ નથી.

જેમ કાષ્ઠમાં અગ્નિ...તલમાં તેલ...

દહીંમાં ઘી... માટીમાં સોનું...

દૂધમાં પાણી રહ્યું છે.. તેમ તે શરીરમાં રહ્યો છે.

'હું' એવી પ્રતીતિથી જાણી શકાતો સંસારી આત્મા કેવો છે ?

ત્રણે કાળમાં સક્રિય... ઈંદ્રિયોને અગોચર...અનંત પર્યાયવાળો... કર્મનો કર્તા... તેનો ભોક્તા... જ્ઞાનમય... દેહથી ભિન્ન... અસંખ્યાતા પ્રદેશવાળો... આદિ-અંત રહિત, ઉત્તમ યોગીઓથી જ જાણી શકાય એવો સ્વરૂપથી આ આત્મા (હંસરાજા) છે.

જેવી રીતે અંધકારમય રાત્રીમાં દીપક ઘરમાં પ્રકાશ કરે છે, તેવી રીતે લોકમાં રહેલા સમગ્ર દ્રવ્યોને આ આત્મા પ્રકાશિત કરે છે.

જેમ સેનાનો અધિપતિ સેનાના અંગને અને સુથાર રથના અંગને જોડે છે તેમ તે આત્મા પાંચભૂતોને યત્નપૂર્વક જોડે છે.

જેવી રીતે નેત્ર વિના મુખ અને તેજસ્વી ચંદ્ર વિના આકાશ નિશ્ચે શુન્ય લાગે છે તેવી રીતે ચૈતન્યથી શોભતા હંસરાજા વિના સકળ જગતશૂન્ય છે.

## ચેતના રાણીનું સ્વરૂપ

સ્વામીના વિયોગ દુઃખની અજાણ... વિવિધ પ્રકારના રૂપે કરી સ્વામીને રંજન કરનારી આ હંસરાજાને ચેતના નામની રાણી છે. સંવિત્તિ, ઉપલબ્ધિ, સંવિત્, ચિદ્, ચેતના, પ્રજ્ઞા અને આત્મજ્યોતિ આ બધા

ચેતનાના એકાર્થ વાચક નામાંતરો છે. અંજન વિનાનું... ઉજ્વળ... ઉદ્દામ...અપ્રતિપાતિ અને મનોહર એવું **કેવળજ્ઞાન** નામનું પહેલું નામ તે એ રાણીનું સ્વાભાવિક રૂપ છે. આ કેવળજ્ઞાન સ્વરૂપ (રાણી) પાસે હોવા છતાં હંસરાજા તેના સ્વરૂપને જાણતો નથી કારણ કે જ્ઞાનાવરણીય કર્મથી તે નિરંતર ઢંકાયેલો છે. તે ચેતના રાણીનું બુદ્ધિ નામનું બીજું રૂપ છે. પણ તે મુખ્ય રૂપથી પ્રભામાં અનંત ગુણહીન છે. હંસરાજા પ્રગટ કે છાની રીતે જે ભણે છે... સાંભળે છે... ખાય છે... જાય છે... સુંઘે છે... બોલે છે, તે સર્વ કાર્યો તે બુદ્ધિને સાક્ષી રાખીને જ કરે છે.

પાંચે દર્શનવાળાઓએ આ ચેતનાને પુરૂષથી ઉત્પન્ન થયેલી માનેલી છે. નાસ્તિક મતવાળા પંચભૂતથી ઉત્પન્ન થયેલી માને છે. પરંતુ તેનું ખંડન કરતા નથી.

ભવાંતરમાં ક્યાં પણ પોતાના સ્વામિનો આ ચેતના કોઈપણ વખત ત્યાગ કરતી નથી. તેટલા માટે જ તે સતીવ્રતની તીવ્રતા વડે હંસરાજામાં વિશ્રામ પામેલી છે.

કઠીનતા એ પૃથ્વીનું એક લક્ષણ છે. છતાં એના મીઠી પૃથ્વી-ખારી પૃથ્વી અને તેના અનેક ભેદો છે. તેમ બુદ્ધિ એક જ્ઞાન સ્વરૂપ છે તો પણ એના સદ્‌બુદ્ધિ - અસદ્‌બુદ્ધિ એમ બે ભેદ છે. તે સદ્‌બુદ્ધિ અને અસદ્‌બુદ્ધિ હંસરાજાની રાણીઓ થઈ છે. પણ સૂર્યની ક્રાંતિ અને રાત્રીની જેમ તે અન્યોન્ય ઈર્ષ્યા કરે છે. હંસરાજા જ્યારે સદ્‌બુદ્ધિ રાણીના કહેવાથી ઉત્તમ કાર્યોનો પ્રારંભ કરે છે ત્યારે બીજી દુર્બુદ્ધિ વચમાં આવીને તેમાં ઘણા પ્રકારના અંતરાય કરે છે. તે બંને રાણીમાં દુર્બુદ્ધિ રાજાને ઘણી પ્રિય થઈ પડી છે, કારણ કે પ્રાયઃ શ્રીમંતો નદીઓના સમૂહની જેમ નીચા આચરણવાળા હોય છે. સુબુદ્ધિને વશ થઈને આ રાજા અમારા સર્વનો નાશ ન કરે એમ વિચારીને દુર્બુદ્ધિમાં આસક્ત થયેલા હંસરાજાની કર્મરૂપ સેવકો પ્રશંસા કરે છે.

## માયા

સંસાર નગરીમાં જ નિવાસ છે જેનો એવી... કામણાદિ પ્રયોગોની જાણકાર... વિષયાદિ ભોગોમાં નિપૂણ એવી **માયા** નામની સ્ત્રી હંસરાજાની ભોગપત્ની બની. માયા... કર્મપરિણતિ...પ્રકૃતિ... આઠમી વર્ગણા... આત્માને બાંધનારી નિકાચના નામે દોરડી, આ બધા શબ્દો માયા સ્ત્રીના જ વિવિધ નામો છે. આ માયા સ્ત્રી કેવી છે ? તે જણાવતાં કહે છે – કુતૂહલ કરવાવાળી... શઠતાથી ભરપૂર... કલ્લોલની જેમ ચપળ... વિલાસરૂપ વેલડીના વન તુલ્ય... કામની ઉત્પત્તિ કરવામાં સોળ વરસની શ્યામા સમાન આ માયા નિરંતર મીઠા વચનોથી રાજાને એવો વશ કરે છે કે રાજા એને ક્ષણવાર પણ પોતાનાથી દૂર કરતો નથી. સ્વાર્થ સાધવામાં તત્પર અને સદા રાજાના શરીરમાં રહેવાવાળી તે માયા સ્ત્રી આંતરે... આંતરે સદ્‌બુદ્ધિ અને દુર્બુદ્ધિ બંનેના કહેવા પ્રમાણે વર્તવા લાગી. આ માયા જ્યારે સદ્‌બુદ્ધિને મળે છે ત્યારે સાધુતાને પામે છે. પરંતુ જ્યારે દુર્બુદ્ધિને મળે છે ત્યારે દુષ્ટતાને પામે છે. માયા સ્ત્રી જ્યારે સુખસમાધિમાં રહે છે ત્યારે પુણ્યરૂપ સોનાની સાંકળથી ચેષ્ટા કરે છે અને જ્યારે દુઃખિત પણે રહે છે ત્યારે પાપરૂપ લોઢાની સાંકળથી પોતાના સ્વામી સાથે ચેષ્ટા કરે છે. માયા જ્યારે પુણ્યની સાથે જોડાય છે ત્યારે 'હું મહાન કુલીન છું... હું ધનવાન છું... હું રૂપવાન છું...'' એમ કહીને રાજા અહંકાર કરે છે. જ્યારે તે પાપની સાથે જોડાય છે ત્યારે ''હું નીચ કુળનો છું...હું નપુંસક છું... હું વિયોગી છું... હું રોગી છું...'' એમ કહીને રાજા દીન બને છે. ઘણા રાગને દેખાડતી... હસતી...ક્રિડા કરતી માયાએ હંસરાજાને એવો બાંધી લીધો છે – વશ કર્યો છે જેથી હંસરાજા ક્યારે પણ માયા ઉપર ક્રોધ કરતો નથી.

## માયા અને મુક્તિ

સંતો પણ માયાથી મુક્ત રહી શકતા નથી. આ માયાએ કેવી રીતે જીવોને સંસારમાં બાંધી રાખ્યા છે એનું સુંદર વિવેચન નીચેના કથાનકમાં

કરવામાં આવ્યું છે.

એમાં પણ પુણ્યવંતા જીવો શુભ નિમિત્ત પામી એમાંથી બહાર નીકળીને આત્મકલ્યાણ સાધી લે છે.

સવારનો પહોર હતો. સંત તુલસીદાસ રામાયણ વાંચી રહ્યા હતા. ભાવિક જનોનો સારો એવો સમુદાય જામ્યો હતો.

એટલામાં તારિપતો ગામનો ભારદ્વાજ ગોત્રનો એક બ્રાહ્મણ પણ યમુનાસ્નાન કરી તુલસીદાસની કથા સાંભળવા આવ્યો. તુલસીદાસની કથા વાંચવાની આવી અનોખી શક્તિ જોઈને તેના આશ્ચર્યનો કોઈ પાર રહ્યો નહિં. પોતાની નજીક બેઠેલા એક ભાવિક જનને તેણે પૂછ્યું : ''આ પ્રબળ બુદ્ધિમાન પુરાણી કોણ છે ?''

પેલા માણસે સંત તુલસીદાસ વિશે જણાવવા જેવી સર્વ વિગત આ બ્રાહ્મણને કહી સંભળાવી. વાત સાંભળીને આ બ્રાહ્મણ ખૂબ આનંદિત બન્યો.

આનંદ પામવાનું કારણ એ હતું કે તેને એક પરણાવવા યોગ્ય કન્યા હતી. સંત તુલસીદાસની પ્રતાપી મુખમુદ્રા અને અપૂર્વ વિદ્વત્તા જોઈ તેણે પોતાના મનમાં વિચાર કર્યો કે આ માણસ સાથે પોતાની દિકરીનો વિવાહ કરવો.

તે પોતાને ગામ પાછો આવ્યો. પોતાના ઘરનાં માણસોને આ વાત કરી. બધાને એની વાત પસંદ પડી.

થોડા મહિના બાદ તે સંત તુલસીદાસ પાસે આવ્યો. પોતાની દરખાસ્ત રજૂ કરી. તુલસીદાસે વાતનો સ્વીકાર કર્યો નહિ. બ્રાહ્મણ તો ઘેરથી નક્કી કરીને આવ્યો હતો કે તુલસીદાસ સાથે મારે મારી પુત્રીનાં લગ્ન કરવાં છે. એમ કરતાં દેહ પાડતાં પણ હું અચકાઈશ નહિં.

આવા પ્રકારના મક્કમ નિર્ણયના પરિણામે એણે તુલસીદાસની સામે ઉપવાસ કરવા માંડ્યા. અન્નજળનો ત્યાગ કરી દેહ પાડવા તૈયાર થયો. તુલસીદાસે એને ઘણો ઘણો સમજાવ્યો. પણ પેલો એકનો બે થયો નહિં. એ તો એક જ વાત લઈને બેઠો હતો કે મારી પુત્રીને તમે પરણો.

અન્તે તુલસીદાસે એની વાત માની.

તુલસીદાસ અને બ્રાહ્મણની પુત્રીનાં શુભ દિને લગ્ન થયાં. કન્યા ખૂબ સુંદર અને દેખાવડી હતી. તેનું રૂપ જોઈને ગામલોકો કહેવા લાગ્યો કે, ખરેખર ! તુલસીદાસનો જન્મારો સફળ બન્યો છે. આવી સ્વરૂપવાન અને સુશીલ કન્યા મળવી મુશ્કેલ છે. પરભવનાં પુણ્ય હોય તો જ આવી સર્વગુણસંપન્ન રૂપવાન કન્યા મળે !

પણ એનું રૂપ સંત તુલસીદાસ માટે ધર્મવિઘાતક નીવડ્યું.

ધર્મની નાની મોટી ફરજો ભૂલીને તુલસીદાસ પોતાની સ્ત્રી સાથે આનંદપ્રમોદ ભોગવવામાં તલ્લીન બની બેઠા. પોતાના ધાર્મિક સંસ્કારોને દિવસે દિવસે ભૂલવા લાગ્યા. ગામમાં જઈને ધર્મની કથાવારતા કરવામાંથી પણ તેમનું મન ઓછું થઇ ગયું. એક ભ્રમરની જેમ તે પોતાની સ્ત્રી પર લુબ્ધ બનીને સારો વખત પસાર કરવા લાગ્યા. આખો દિવસ બસ ઘેર જ બેસી રહે ! ન ક્યાંય બહાર જવું કે ન કોઈ ને આંગણે કથાવાર્તા કરવા જવું. પોતાની સ્ત્રી વિના બીજા કશા વિચાર જ એમને આવે નહિં. આવી ને આવી સ્થિતિમાં તેમણે જિંદગીનાં પાંચ અમૂલ્ય વર્ષો વેડફી નાખ્યાં.

પોતાની સ્ત્રીનો વિયોગ તે ખમી શકે એમ ન હતું. સ્ત્રીના પિયેરથી એનાં માબાપ તેડાવે પણ તુલસીદાસ એક જ જવાબ આપે કે તમારી છોકરીને હું એક પળ પણ છૂટી પાડી શકું એમ નથી. સ્ત્રીનાં માવતર બિચારાં સમસમીને જમાઈના આ સમાચારને સાંભળી રહે ! એમનાથી બીજું થઇ પણ શું શકે ? જમાઈની જેવી ઈચ્છા.

પણ એક દિવસ તુલસીદાસની સાસુ ખૂબ બીમાર પડી. બીમારી વધતા જ ચાલી ! વૈદ્ય વગેરેએ જણાવી દીધું કે તે વધારે વખત જીવી શકે એમ જણાતું નથી. માટે છોકરીને તેના સાસરેથી છેલ્લા મેળાપ કરવા બોલાવવી હોય તો બોલાવી લો.

તુલસીદાસનો સાળો મારંમાર કરતો તુલસીદાસને ઘેર પોતાની બેનને તેડવા આવ્યો. પણ તે વેળા તુલસીદાસ કોઈ કામ પ્રસંગે બહાર ગયા હતા.

ભાઈએ બેનને કહ્યું : 'મા ખૂબ બીમાર છે ! તમારે આવ્યા વિના ચાલે તેમ નથી. જો છેલ્લી વારનો મેળાપ ઈચ્છતાં હો તો આ ને આ ઘડીએ મારી સાથે ચાલો !'

માની માંદગીની વાત સાંભળીને તુલસીદાસની વહુના મન પર ખૂબ ઘેરી અસર થઈ. એણે ભાઈની સાથે જવાનો નિશ્ચય કર્યો.

બન્ને જણ વિદાય થયાં.

પાછળથી તુલસીદાસના ઘેર આવ્યા. એમને વાતની ખબર પડી. એ લુબ્ધ બનેલ મોહાંધ માનવનું હૃદય પત્નીના વિજોગથી જાણે કે ચિરાવા લાગ્યું. તેમણે એક ક્ષણનો પણ વિલંબ કર્યા વિના પોતાના સાસરાના ગામ તરફ દોડવા માંડ્યું, તેમને આમ ગાંડાની જેમ દોડતા જોઈને લોકોના વિસ્મયનો કોઈ પાર રહ્યો નહિં. એક ખૂબ ભણેલો-ગણેલો શાસ્ત્રપારંગત વિદ્વાન આમ પાગલ માણસની જેમ દોડે એ વાતથી બધા ખૂબ નવાઈ પામ્યા.

સાસરાના ઘરે તેઓ આવી પહોંચ્યા. સાસરાને ઘેર આવ્યા ત્યારે લગભગ મધ્યરાત્રીનો સમય થવા આવ્યો હતો. માણસો બધાં ભર ઊંઘમાં હતાં.

બારણું ખોલાવવા તુલસીદાસે બૂમ મારી. પતિનો સાદ સાંભળી પત્ની બારણું ઉઘાડવા આવી.

પતિની કામુકતા જોઈને તેને મનમાં ખૂબ લજ્જા આવી. એક ધર્મિષ્ઠ વિદ્વાન વિષયલોલુપતામાં ફસાઈ પડ્યો છે એ વાતથી એ સ્ત્રીનું હૃદય વેદનાથી ખૂબ કંપી ઉઠ્યું. તેણે તુલસીદાસને કહ્યું : 'અરે અબુધ નાથ ! મારામાં તો હાડકાં ને ચામડાં વિના બીજું કશુ નથી. મારી પાછળ આમ ઘેલા શા માટે બન્યા છો ! આના કરતાં તમે પરમકૃપાળુ શ્રી રામચંદ્રજી ભક્તિમાં મન પરોવ્યું હોત તો તમારા જીવનનું સાચું કલ્યાણ થયું હોત !'

બસ ! સંત તુલસીદાસનું મન હલી ઊઠ્યું. પત્નીના વાક્યે એમની નજર ખૂલી ગઈ. પોતાને પોતાની જાત પર તિરસ્કાર આવ્યો.

તે જ ક્ષણે તેઓ ત્યાંથી પાછા વળી નીકળ્યા. પત્નીએ રોકવાનો ઘણો

આગ્રહ કર્યો, પણ તુલસીદાસજી રોકાયા નહિં. એક જ વાક્ય તેઓ બોલ્યા : 'ઘણું મોડું થઇ ગયું, હવે વિશેષ મોડા થયે પાલવે તેમ નથી. મારા ભગવાનને ભૂલી હું ખોટે રસ્તે ચઢી ગયો હતો. આજે તેં મને સાચો રસ્તો બતાવ્યો છે. હવે હું રોકાઇશ નહિં'

તુલસીદાસજી આમ પાછા ફરી ગયા છે એ વાતની એમના સાળાને ખબર પડી. સાળો તરત જ તુલસીદાસજી પાછળ ગયો. એણે તુલસીદાસજીને પાછા વાળવા ઘણી મથમણ કરી પણ તેનું કશું જ પરિણામ આવ્યું નહિ. પેલો નિરાશ થઇને અંતે પાછો આવ્યો.

પણ ઘેર આવીને તેણે શું જોયું ?

એની બહેન સાનભાન ગુમાવીને બેશુદ્ધ બની ગઈ હતી. તેને ભાનમાં લાવવા લોકોએ ખૂબ પ્રયત્નો કર્યા. અંતે તે ભાનમાં આવી.

ભાનમાં આવતાં તે બોલી : 'મને હવે મરણનો કોઈ ભય નથી. મારા જન્મનો એક જ ઉદ્દેશ હતો કે મારે મારા સ્વામીને ધર્મનો સાચો રાહ બતાવવો. એ કાર્ય આજે મેં પૂરું કર્યું છે. બસ, હવે વધારે જીવવાનો કશો અર્થ નથી.'

**પુણ્યબંધ અને પાપબંધના અનંત દળીયા વડે કરી હોંશે હોંશે બંધાયેલો હોવાથી પોતાનું શરીર અત્યંત ભારે થયેલું જાણતો નથી. માયાથી દઢ બંધાયેલો હોવા છતાં હંસરાજા પવનથી અધિક વેગવડે પાતાળના તળીઆથી સિદ્ધશીલા પર્યંત જવા આવવાનો વ્યવહાર કરી શકે છે અને જરા પણ ઉદ્વેગ પામ્યા વગર માયાનું પોષણ કરે છે. આપણા સહુના જીવનમાં પણ આવું જ ચાલે છે. એટલે જ વિદ્વાનો માયાને કામણ કરવાવાળી કહે છે.**

**આ દુર્બુદ્ધિ જ પતિની પ્રીતિ અને વિશ્વાસપાત્ર છે એમ ધારીને, સુબુદ્ધિને દૂર કરીને માયા દુર્બદ્ધિની જ સેવા કરતી હતી. આ માયા મારા અનુસારે ચાલનારી છે એમ જાણીને દુર્બુદ્ધિ પણ તેનું જ પોષણ કરતી હતી. એવી રીતે માયા અને દુર્બુદ્ધિનો અરસપરસ પોષ્ય-પોષક ભાવ સંબંધ થયો હતો. આ પ્રમાણે માયાના કરેલા ઉન્મતપણાથી અને**

દુર્બુદ્ધિની પ્રેરણાથી રાજાએ સુબુદ્ધિને તણખલા જેવી કરી નાંખી.

## સુબુદ્ધિની વિચારણા

આવા સમયે સુબુદ્ધિ વિચારવા લાગી 'બહારની માયા સ્ત્રી એ આવીને મારા પતિને મારો વૈરી કર્યો. **પરનો પ્રવેશ-ઘરનો વિનાશ** આ કહેવત ખોટી નથી. મારી બેન દુર્બુદ્ધિને પણ માયા એ જ દુષ્ટ બનાવી છે. માયા વિના દુર્બુદ્ધિનું બળ પણ આવું નથી. પરંતુ ખેદની વાત એ છે કે હવે દુર્બુદ્ધિ પણ મને મળવી દુર્લભ છે. આ બન્ને સ્ત્રીઓના પાશમાં મારો પતિ પડ્યો છે. અરે ! હું મોટી આફતમાં આવી પડી છું. હું સમજું છું... જાણું છું... પણ શું કરું ? સ્ત્રીઓના ચરિત્ર સ્ત્રી જ જાણે છે, સરળ આશયવાળા પુરુષો જાણી શકતા નથી. છતાં પણ મને જ્યારે તક મળશે ત્યારે બધી હકીકત મારા પતિદેવને જણાવીશ.

નવા તાવ આવેલા માણસને વૈદ ઔષધ આપતો નથી...
નવા પાણીના પૂરને તરવાવાળો ઓળંગતો નથી...
નવા ક્લેશને પંડિતપણ તાત્કાલિક રોકતો નથી...

એ માટે અવસરનું જાણપણું તેજ સત્પુરૂષોને યશ ઉત્પન્ન કરનારૂં છે. તેથી મારે પણ અવસર વિના બોલવું યોગ્ય નથી.'

## મોહનો જન્મ

હવે માયાએ મહાબળવાન **મોહ** નામના પુત્રને જન્મ આપ્યો.

જન્મની સાથે જ તે સર્વ યોદ્ધાઓને દાસની જેમ ગણવા લાગ્યો. મોહ... લોકપ્રવાહ...છદ્મસ્થ... ગહન આશય... અનુશ્રોત અને ગતિ આ બધા મોહના નામાંતર શબ્દો છે. આ જગતમાં માયાએ મોહને અથવા મોહે માયાને જન્મ આપ્યો એવો નિશ્ચયનય બુદ્ધિમાન પુરૂષોને પ્રમાણ છે. પરંતુ શેરડીના ગાંઠામાંથી શેરડીની ઉત્પત્તિ.. ગોટલીમાંથી આંબાની ઉત્પત્તિ.. બગલીમાંથી ઇંડાની ઉત્પત્તિ.. થાય છે. તે ન્યાયથી વ્યવહાર વૃત્તિએ ઉપર પ્રમાણે માયામાંથી મોહની ઉત્પત્તિ છે એમ કહેવામાં આવ્યું છે.

પોતાના ગુણો વડે મોહ દુર્બુદ્ધિને પણ અત્યંત પ્રિય થઇ ગયો. આશ્ચર્ય છે કે તેની સખીઓનો સ્નેહ તેના પુત્રને વિષે પણ સંક્રમે છે. માયા અને દુર્બુદ્ધિ બન્ને મોહને ઘણી વૃદ્ધિ પમાડવા લાગી. મોહ ઉપર દુર્બુદ્ધિનો ઘણો જ સ્નેહ હોવાથી આ માયાનો જ પુત્ર છે એમ પંડિતો પણ જાણી શક્યા નહીં. સ્વભાવથી જ મલીન અને વજ્ર સમાન દૃઢ શરીર વાળો મોહ અકારણ જીવો ઉપર વેર ધારણ કરતો પોતાના પિતાનો પણ દ્રોહ કરવા લાગ્યો. એમ હોવા છતાં બન્ને સ્ત્રીઓને પ્રિય હોવાથી પિતાને પણ પ્રિય થયો તેથી હંમેશા તેને ખોળામાં બેસાડીને હંસરાજા તેનું યત્નપૂર્વક પોષણ કરવા લાગ્યો.

ખસનો રોગી આતુર થઇને ખરજ ખણે છે, ખણતાં તે મીઠી લાગે છે પરંતુ ખરજ ખણવાથી વિકારની વૃદ્ધિ થાય છે તેમ આ મોહ પરિણામે મહાદુઃખ દેવાવાળો છે.પરંતુ તત્કાળ સુખરૂપ દેખાવાથી હંસરાજા તેને સુખને માટે માનવા લાગ્યો. માયામાં આસક્ત થયેલા હંસરાજાએ પોતાના ઐશ્વર્યનો દ્યુતક્રિડામાં આસક્ત થયેલા રાજાની જેમ નાશ કર્યો. દિવસે દેખાતા તેજહિન ચંદ્રની જેમ પોતાના તેજથી ભ્રષ્ટ થયેલા હંસરાજા સત્પુરૂષોને શોચ કરવા યોગ્ય થયા. **ખરાબ આચરણવાળી સ્ત્રીનો આદર કરીને મનુષ્યો શું શું અનર્થ ઉત્પન્ન નથી કરતા ? અર્થાત્ સર્વ અનર્થ ઉત્પન્ન કરે છે.** સદ્‌બુદ્ધિ દ્વારા પોતાના ઉત્તમ સ્વરૂપનું સારી રીતે ચિંતવન ન કરવાથી તે હંસરાજા ગાંડાની જેમ આમ-તેમ ફરવા લાગ્યો. તેથી મૂઢ...મંદ...આળસુ...મુંગો...પાંગળો...આંધળો...બહેરો ઇત્યાદિ ખરાબ વાણીથી લોકો તેને બોલાવવા લાગ્યા.

## માયાથી ભવભ્રમણ

હું કોણ છું ?... શા માટે દોડાદોડ કરૂં છું ?..

ક્યાંથી આવ્યો છું ? ક્યાં જઇશ ?...

આવો વિચાર કરનાર સદ્‌બુદ્ધિ, બ્રાહ્મણી જેમ ચાંડાળનો સ્પર્શ ન કરે તેમ હંસરાજાનો ક્યારે પણ સ્પર્શ કરતી ન હતી.

પર્વત, પાષાણ, માટી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિ વિગેરે એકેન્દ્રિયોમાં અનંત ભવો સુધી માયા સ્ત્રીએ તેને ભમાવ્યો.

પછી કૃમી - કોડા - કુંથુઆ - કીડી - ચર્બણા - વીંછી વિગેરે વિકલેન્દ્રિયમાં પણ માયા સ્ત્રીને વશ થઈને ઘણો કાળ ભમ્યો.

પછી ગધેડા-માછલાં-દેડકા-સિંચાણા-કાગડા-સર્પ અને ગરોળી પ્રમુખ તિર્યંચ પંચેન્દ્રિયને વિષે પણ તે માયા સ્ત્રીએ ઘણા કાળ સુધી ભમાડ્યો.

માયાસ્ત્રીના આદેશથી પરાધીન એવો હંસરાજા નરકમાં પણ ગયો. હા એ સત્ય જ છે કે **વાયરાના ફેરવવાથી પાંદડું સમુદ્રને વિષે પણ પડે છે.**

સદ્‌બુદ્ધિ અવકાશ મેળવીને હંસરાજાને મળી ન જાય તે માટે જે જે સ્થાને હંસરાજા જતો તે તે સ્થાને માયાસ્ત્રી તેની સાથે જ રહેતી. હંસરાજાનું ઘણું પ્રેમબંધન તો માયાસ્ત્રી સાથે જ હતું... સદ્‌બુદ્ધિમાં તો પ્રેમબંધન આંતરે-આંતરે હતું. તો પણ ઉદ્વેગ કરવાવાળી માયાનું દુરાત્મપણું કાંઈક કાંઈક હંસરાજાએ જાણ્યું. હંસરાજા વિદ્વાન હતો છતાં પણ દુરાચારવાળી માયા સ્ત્રીને છોડવા સમર્થ થયો નહીં. સત્ય જ છે કે **સમુદ્રના પૂરમાં ડૂબેલાને બચાવવામાં કોણ સમર્થ થાય ?**

## માનવ નગરી

આવી રીતે અનેક ભવોને વિષે ભમી ભમીને મુસાફરની જેમ અત્યંત થાકેલા એવા હંસરાજાએ માનવ નગરીનો આશ્રય કર્યો... માનવભવ પામ્યો. માનવ નગરીમાં પ્રવેશ કરતાં જ તેને કર્મના યોગથી મન નામના બાળક સાથે અકસ્માત સંયોગ થયો... જાણે એને શુભ શુકન થયા. ઈન્દ્રિયોએ ગ્રહણ કરેલા ભાવને આત્મામાં વ્યક્ત કરવાનું કારણ... જલ્દિ ચાલવાવાળું... સંકલ્પ કરવાવાળું... પુદ્‌ગલોથી ઉત્પન્ન થયેલું... શરીરથી સૂક્ષ્મ... અનેક દ્રવ્યોવાળું... ઘણાં પરમાણુઓથી બનેલું... આળસ રહિત... મહાબળવાન

એવા મનને **આ મારો પ્રધાન બનશે** એમ ધારીને હંસરાજાએ તેનો સ્વીકાર કર્યો. પોતાના બળ-શક્તિથી ગ્રહણ કરેલા લોકવ્યાપી ઔદારિક પુદ્‌ગલો વડે રાજાએ તે માનવ શહેરને અત્યંત વૃદ્ધિ પમાડવાનો આરંભ કર્યો.

આ માનવ નગર પ્રાણાદિ (પ્રાણ, અપાન, સમાન, ઉદ્દાન અને બ્યાન) પાંચ વાયુના સમુદાયરૂપ કુટુંબીઓથી મિશ્રિત છે... વિવિધ પ્રકારના વ્યાપાર કરવામાં કુશળ એવી પાંચ ઈન્દ્રિયોથી વ્યાપ્ત છે... એમાં નિરંતર વહન થતી **ઈડા** અને **પિંગલારૂપ** ઘોરીમાર્ગ છે... કેટલાક પુણ્યશાળી જીવોથી જાણી શકાય તેવો **સુષુમ્ણા** નામનો એક સાંકડો રસ્તો છે... તે અનુકુળ લતાઓના આલેખ માટે નાભિરૂપ કુંડથી ઉપશોભિત છે... તેમાં નવ દરવાજા છે... ઘણા ક્લેશથી રક્ષણ કરવા માટે ભુજારૂપ અર્ગલાઓ જાગૃત છે... કેશરૂપ ધજા તેમાં ફરકી રહી છે... સાત ધાતુઓ (રસ, રૂધિર, માંસ, મેદ, અસ્થિ, મજ્જા અને વીર્ય) રૂપ પાડાઓ છે. આવી રીતે તે તે વસ્તુઓને ભોગવવા યોગ્ય આ માનવનગર કેટલાક કાળે વિસ્તાર પામ્યું... રાજાથી સન્માન પામેલું મન પણ પર્યાપ્ત-સમર્થ થયું અનુક્રમે દેદીપ્યમાન ચંચળતાના સ્થાનરૂપ યુવાવસ્થાને પામ્યું. પરંતુ માયાને વશ થયેલો રાજા ધીરે-ધીરે પોતાના શહેરનું રક્ષણ કરવાને પણ અસમર્થ થયો. સાચું જ કહેવાય છે કે **રોગથી પીડાએલો સિંહ પણ નિર્બળ શિયાળની જેમ આચરણ કરે છે.**

પોતાના સ્વામીનાથની આવી દશા જોઈને સદ્‌બુદ્ધિ માયા ઉપર ખેદ પામી. દુઃખની વાત છે કે સ્ત્રી હોવા છતાં શત્રુરૂપ થઈને આ માયાએ પતિના બળનો નાશ કર્યો. એક દિવસ પ્રેમ સંબંધી ક્લેશથી પતિના જરા દૂર થયેલી માયાને જોઈને એકાંત હિતેચ્છુ સદ્‌બુદ્ધિ એકાંતમાં પોતાના પતિને કહેવા લાગી - ''હે વિદ્વાન ! હે ઉત્તમ પુરૂષોમાં મુગટ સમાન ! આ દુષ્ટ સ્ત્રીના વ્યસનને કેમ આદરો છો ? આવી નીચ સ્ત્રીનો પરિચય કરવો તમારા માટે યોગ્ય નથી. હે સ્વામિન્ ! કોઈપણ વિદ્વાન પુરૂષ આ દુષ્ટ સ્ત્રી સાથે રાગ કરતો નથી. તમે એની ઉપર રાગ કરીને દુર્જન

મનુષ્યોમાં અગ્રણીપણું પ્રાપ્ત કર્યું છે. હે સૂર્ય ! નિર્મળ ઉદયને આપવાવાળી પૂર્વ દિશાને મૂકીને, ઉત્તમ પુરૂષોને નિંદવાલાયક પશ્ચિમ દિશા તરફ તું જાય છે. પૂર્વ દિશા ઉદયને સૂચવનારી છે જ્યારે પશ્ચિમ દિશા અસ્ત સુચવનારી છે. તને જે ફળ મળે છે તે કાર્યને અનુસાર યોગ્ય જ છે. એ ફળ જણાવીને કયો પુણ્યવાન જીવ બીજાના ક્ષત ઉપર ક્ષાર નાંખે ? તું તારી મેળે જ એ ફળને સમજી લેજે.

## માયા સ્ત્રી કેવી છે ?

તૃષાથી પીડાતા મનુષ્યે પણ યોગ્યાયોગ્યનો વિચાર કરવો જ જોઈએ. અતિ તૃષા લાગ્યા છતાં પણ ક્યો મનુષ્ય ચાંડાળના કુવાનું પાણી પીવે ? માયાસ્ત્રી કેવી છે ? તે જણાવતાં કહે છે –''ખરાબ આચરણવાળી આ માયા સ્ત્રી મોક્ષના અભિલાષી જીવોને પણ બંધનનું કારણ છે... કારણ વિનાની શત્રુ છે.. તરતા માણસને ડૂબાડવામાં તત્પર છે. આ તમારી માયા સ્ત્રીને તમે જ પ્રગટ કરી છે.. તેમજ વૃદ્ધિ પમાડી છે... તમેજ પોતાની સ્ત્રી બનાવી છે. તમારા આવા આચરણથી જે નાસ્તિકમતનો આશ્રય કરવાવાળા છે તે આજે બળ સહિત ગર્જારવ કરે છે. દ્વેષના સંગમાં જોડાયેલી આ માયાને તમે તે નાસ્તિક મતમાં જ પુષ્ટ કરી છે. તે કુતરીને મારી સાથે સાધર્મ્યતાના ઘરરૂપ શા માટે કરો છો ? અર્થાત્ તેને અને મને સરખી કેમ ગણો છો ?

આ ધૂતારી મધના બિંદુની ઉપમા તુલ્ય વિષય સંબંધી સુખ આપીને પછી તમને જ જોરથી નરકરૂપ કુવામાં ફેંકી દે છે. તે તો તમે જાણતા જ નથી.

હે મહા પરાક્રમી પુરૂષ ! આ દુષ્ટ સ્ત્રી તમને બાંધીને ત્રણલોકમાં ભમાવે છે. શું આથી પણ તમને શરમ થતી નથી?

આ માયાનું તમે પોષણ કરો છો ત્યારે તે તો તમને બાંધે છે. એની ઉપર ઉપકાર કરવાની તમારી ઇચ્છા સર્પને દુગ્ધપાન કરાવવા જેવી

છે. સાપણ, અગ્નિજ્વાળા અને વિષવેલડીની જેમ વૃદ્ધિ પામેલી આ દુષ્ટ સ્ત્રી તેના વધારનારને જ અનેક પ્રકારની પ્રતિકુળ પીડા કરે છે.

સરોવરથી દાવાનળની ઉત્પત્તિ..અમૃતના કુંડથી ઝેરની ઉત્પત્તિ..

સૂર્યથી અંધકાર થવો... ચંદ્રથી અંગારાનું વરસવું...

સમુદ્રથી ધૂળના ઢગલાની ઉત્પત્તિ... પથ્યભોજનથી રોગની ઉત્પત્તિ...

તેવી જ રીતે પરબ્રહ્મ સ્વરૂપ એવા તમારાથી આ કર્મનો ઉપદ્રવ સંભવે છે.

ન થવા યોગ્ય કાર્ય થયું છે એમ કહેવાનો આશય છે.

અનાદિ કાળથી તમારી પાછળ લાગેલી અને સ્વછંદે ચાલવાવાળી આ માયા વેરીની જેમ તમને કરોડો અનર્થ ઉત્પન્ન કરે છે. તેને અનુભવવા છતાં તમે જાણતાં નથી. **આ માયાસ્ત્રી અવશ્ય વશીકરણ કરવામાં પ્રવીણ સંભવે છે.** જો એમ ન હોય તો એ દુષ્ટ સ્ત્રીને તમે હિતકારી કેમ માનો ?

કમળતંતુ જીવો... તૃણધાન્યનું ભોજન...

રેતીનું ઘર... ખળ પુરૂષની પ્રતિજ્ઞા...

અને અસતીનો સ્નેહ... આ બધા સ્થિરતા વિનાના જ હોય છે.

વેશ્યાની મહત્તરા... અક્કા જેમ પ્રથમ મધુર વાણી વડે લોભ પમાડીને અંતે જ્યારે પુરૂષ ધનથી ખાલી થાય ત્યારે વિડંબના પમાડે છે તેમ આ માયાસ્ત્રીએ વેશ્યાની જેમ ક્યા ગુણવાન પુરૂષોને વિડંબના પમાડી નથી ? અર્થાત્ સર્વને વિડંબના પમાડી છે. અરે આત્મન્ ! ત્રણ ભુવનને રક્ષણ કરવામાં સમર્થ તમારૂં તે બળ ક્યાં ગયું ? ઇન્દ્રને પણ દુર્લભ એવું તમારૂં ઐશ્વર્ય ક્યાં ગયું ? પ્રયત્નથી ભેગી કરેલી ગુણરૂપી લક્ષ્મી ક્યાં ચાલી ગઇ ? હે સ્વામી ! આ પાપી સ્ત્રીએ તે સમગ્ર વસ્તુઓનો નાશ કર્યો છે, એમ તમે સમજજો. વળી સ્ત્રીઓ કેવી છે ?

સ્ત્રી કાષ્ઠ વિનાની અટવી છે... પાણી વિનાનો પ્રવાહ છે...
નામ વગરનો રોગ છે... અગ્નિ વિનાનો તાપ છે..
લોઢા વિનાની આર છે... સાંકળ વિનાનું બંધન છે...
ધૂળની વૃષ્ટિ વિનાનું આવરણ છે... દારૂ વિનાનું મદસ્થાન છે...
રાત્રી વિનાનો અંધકાર છે... દોર વિનાનો પાશ છે...

સ્નેહથી ઘેલા થયેલા પુરૂષોએ આદર કરેલી બીજી સ્ત્રીઓથી પણ એના બન્ને ભવ નાશ પામે છે તો હે બુદ્ધિમાન ! આવી માયા સ્ત્રીનો આદર કરવાથી બન્ને ભવનો નાશ થાય છે તેમાં તો કહેવું જ શું ? આ માયા સ્ત્રીના ભયથી પ્રાયે હું તમારી પાસે રહેતી નથી. ક્યારેક જો રહું છું તો પણ માત્રા છાયાપણે રહું છું... પ્રગટપણે રહેતી નથી. આ માયાનો જે મોહ નામનો પુત્ર છે તે નિશ્ચે તમારો દ્રોહ કરનારો છે. હે સ્વામી ! હું નથી જાણતી કે એના ક્યા ગુણથી તમે તેના ઉપર રાગી થાઓ છો ? વળી આ માયાએ તમારી દુર્બુદ્ધિ નામની સ્ત્રીને વશ કરી છે, તે નિર્મળ મનને મલિન કરનાર દુર્બુદ્ધિનો પણ તમને સ્વીકાર કરવો ઉચિત નથી. સ્ત્રીને વિષે વેરણ સમાન આ માયાનો તમે હજુ પણ ત્યાગ કરશો તો રાહુથી મુક્ત થયેલા ચંદ્રની જેમ તમારું તેજ તમે પાછું મેળવશો.''

સદ્‌બુદ્ધિની શિક્ષારૂપ વાણીની હંસરાજા ઉપર અસર તો થઇ પણ તે આપદાથી ભય પામી હોય તેમ અર્ધક્ષણ પણ સ્થિર રહી નહીં. તેથી મદોન્મત્ત હંસરાજાએ ફરીથી અંધકારરૂપ માયાનો સ્વીકાર કરવાથી, રાત્રીને વિષે કમળની જેમ સદ્‌બુદ્ધિ મ્લાન મુખકમળવાળી થઇ ગઇ.

(આ આપણી જ જીવન કથા છે. ધર્મગુરુઓ... શાસ્ત્રો આપણને આજ સદ્‌બુદ્ધિનો બોધ આપે છે પરંતુ સાંભળતા ક્ષણિક બધું જ સારું લાગે છે પરંતુ સમય આવે આપણે આ બોધને – હિતશિક્ષાને ટકાવી શકતા નથી ફરી પાછા સંસારની માયામાં ફસાઇ જઇએ છીએ.)

પુરુષો વચન બોલવામાં કઠોર હોય છે વળી હૃદયમાં નિર્દય હોય છે. જ્યારે પુરૂષો વધારે ક્રોધાયમાન થયા હોય ત્યારે પ્રેમ કે સ્તુતિથી પણ શાંત કરી શકાતા નથી. સ્ત્રીઓ નિશ્ચે કોમળ હૃદયની હોય છે અને પુરુષો પ્રાયેઃ રુક્ષ... સ્નેહ વિનાના હૃદયવાળા હોય છે. એ વાત ખોટી નથી. નદીઓ સમુદ્રને સ્વાદિષ્ટ - મીઠું પાણી આપે છે, ત્યારે સમુદ્ર ભરતીના સમયે નદીઓના મોમાં ખારૂં પાણી નાંખે છે. જ્યારે આવા મોટા મનવાળો મર્યાદા મૂકે છે ત્યારે એવો નિર્ણય થાય છે કે પવિત્ર આચારવાળાઓને પણ તે ભવિતવ્યતા દુઃખે ઓળંગી શકાય તેવી છે. આ પ્રમાણે વિચાર કરીને સદ્‌બુદ્ધિ સપત્ની... શોક્યની શંકાથી અદૃશ્ય થઇ ગઇ, કેમ કે ઉપદ્રવવાળા સ્થાનનો ત્યાગ કરવો તે સદ્‌બુદ્ધિનું મુખ્ય લક્ષણ છે.

હવે સદ્‌બુદ્ધિને નહીં જોવાથી માયા વધારે ઉન્માદ કરવા લાગી. **સૂર્યની પ્રભા દૂર થવાથી શું રાત્રી અહંકાર નથી કરતી ?** અર્થાત્ કરે છે. પછી શંકા રહિત માયાએ પોતાના સ્વામીના શરીરને એવી રીતે આલિંગન કર્યું કે આ બન્નેનો દૂધ-પાણીની જેમ બીલકુલ ભેદ રહ્યો નહીં. માયાસ્ત્રીના આલિંગનના સુખને પ્રગટ કરવાને તત્પર થયેલા હંસરાજા નિરંતર તેના જ રાગની વિશેષ વૃદ્ધિ માટે પ્રવર્તવા લાગ્યો. ‘આ માયા રાજાને અત્યંત પ્રિય છે એમ સારી રીતે નિર્ણય કરીને બુદ્ધિમાનોમાં મુખ્ય એવું **મન** એની જ માયાની સેવામાં લાગી ગયું. હવે મન સતત બીજા કાર્ય મૂકીને માયાની તુષ્ટિ-પુષ્ટિ-બળ અને તેજ જેમ વૃદ્ધિ પામે તેવા પ્રયત્ન કરવા લાગ્યું. મહાભક્ત એવા મનને માયાએ કેટલીક લક્ષ્મી આપી. **સેવાને માટે જે પુરૂષ બંધમુષ્ટિવાળા (કૃપણ) હોય છે તે શું સેવાને માટે લાયક છે ?** અર્થાત્ નથી. માયાની પ્રેરણાથી હંસરાજાએ મનને પોતાનો પ્રધાન બનાવ્યો. **પ્રાયે સ્ત્રીના પક્ષના માણસોને ધનાઢ્યો વૃદ્ધિ પમાડે છે.**

# મનની સ્ત્રીઓ – પ્રવૃત્તિ અને નિવૃત્તિ

એકદા કામથી વ્યાકુળ થયેલા મનને સ્ત્રી અંગીકાર કરવાની ઈચ્છા થઇ. મન તો નપુંસક છે ? એને આવી ઈચ્છા થાય ? એવા પ્રશ્નનો જવાબ આપતાં કહે છે – મન એવો શબ્દ બોલવામાં નપુંસક લિંગે છે, પણ પરમાર્થથી મન નપુંસક નથી. મનની એવી ઈચ્છા થવાથી નિરંતર ભર્તારની નજીક રહેવાવાળી દુર્બુદ્ધિએ ચપળ સ્વભાવવાળી પ્રવૃત્તિ નામની પોતાની પુત્રીને ચપળ મનની સાથે પરણાવી. પ્રવૃત્તિ... મન પ્રધાનની સ્ત્રી નિરંતર મોહમાં સ્નેહની વૃદ્ધિનો વિચાર કરતી હતી... આ પ્રવૃત્તિ માયા અને દુર્બુદ્ધિથી ભિન્ન વિચારવાળી ન હતી... સમાન વિચાર ધરાવતી હતી.

એકદા હંસરાજાની પાસે આવેલી સદ્‌બુદ્ધિએ દુર્બુદ્ધિ–માયા અને પ્રવૃત્તિ આ ત્રણે સ્ત્રીઓને જોઇ. એમને જોઈને એ વિચારવા લાગી કે ''રાજાની અપૂર્વ ભક્તિ કરવાવાળી આ સરખા ગુણવાળી સ્ત્રીઓનો બરાબર મેળ જામ્યો છે. રાજાનું નિકંદન કાઢવા કાળના જોરથી ક્રૂર મધુરતાવાળી આ ત્રણે સ્ત્રીઓ પણ ભરણી–ભદ્રા અને યોગિનીની જેમ ભેગી મળી છે. પોતાના સ્વરૂપને નહીં જાણનારો રાજા મારી શિખામણ તો કોઈ દિવસ સાંભળતો જ નથી. (આપણા જીવનમાં તો આવું નથી ને? આપણે આવી દુર્બુદ્ધિના ફંદામાં ફસાઈને સદ્‌બુદ્ધિને દૂર તો નથી કરી ને?) આ સ્ત્રીઓના કામણથી પોતાને ગુણોથી સંપૂર્ણ જુએ છે. જે અધિકારને મનપ્રધાન હમણા અંગીકાર કરે છે તે મનપ્રધાન પણ સ્ત્રીઓએ ચડાવેલ–ફોડેલો હોવાથી ભવિષ્યકાળમાં પણ એનું સ્થિરપણું હું જોતી નથી. મારો ગૃહસ્થાશ્રમ જ આવો થયો ત્યારે હું શું કરૂં ? હું શું બોલું આ ઘરની ગુપ્તવાત વિચારતાં પણ મને લજ્જા આવે છે. આજ કારણથી જો મારાથી જન્મ પામેલી **નિવૃત્તિ** નામની મારી પુત્રીને આ મહા અમાત્ય મનની સાથે પરણાવું અને કદાચ તેને કોઇ પુત્ર થાય તો તે ક્લેશમાં ડૂબેલા આ પોતાના પિતામહ હંસરાજાનો ઉદ્ધાર કરવામાં સમર્થ

થાય અને તેજ આ ત્રણે સ્ત્રીઓના વેગને અટકાવવા પણ સમર્થ થાય.'' એવી રીતે વિચાર કરીને 'તું મારા સ્વામીને ઘણો જ વહાલો છે.' એમ પ્રધાનને કહી સદ્‌બુદ્ધિ **નિવૃત્તિ** નામની પોતાની પુત્રીની સાથે મન પ્રધાનનો વિવાહ કર્યો ત્યારથી જેમ પૂર્વ અને પશ્ચિમ દિશા સૂર્યની સેવા કરે છે, તેમ જુદા જુદા સ્વભાવવાળી પ્રવૃત્તિ અને નિવૃત્તિ નામની બન્ને સ્ત્રીઓ વારાફરતી સ્વામીની સેવા કરવા લાગી. કરિયાણાના વેપારીને જેમ પ્રાતઃ સંધ્યા ક્રિયામાં પ્રેરે છે. દુકાન ખોલવી... સાફ કરવી... કરિયાણું વગેરે બહાર કાઢી યોગ્ય રીતે ગોઠવવાની ક્રિયા કરાવે છે. જ્યારે સૂર્યાસ્ત સંધ્યા તે ક્રિયાની નિવૃત્તિ કરાવે છે, તેમ પહેલી પ્રવૃત્તિ સ્ત્રી મનપ્રધાનને વિવિધ ક્રિયાઓ માટે પ્રેરણા કરે છે અને બીજી નિવૃત્તિ સ્ત્રી તે સર્વ વ્યાપારને બંધ કરાવે છે. પ્રવૃત્તિએ દુર્બુદ્ધિ સાથે અને નિવૃત્તિએ સદ્‌બુદ્ધિ સાથે મન પ્રધાનનો મેળાપ કરાવ્યો અને પોતાના સ્વામીને **કાકાક્ષિગોલક** એટલે કાગડાની આંખના ગોળાનો ન્યાય પોતાના સ્વામીને શીખવ્યો. કાગડાને આંખના છિદ્ર બે હોય છે પણ જોવાની શક્તિવાળો ગોળો એક હોય છે. તેથી આંખોનો ગોળો જેમ ફેરવવો હોય તેમ ફરે છે. તેવી જ રીતે આ સ્ત્રીઓ જેમ મનપ્રધાનને ફેરવે છે તેમ તે ફરે છે.

## મન સાધ્યું તેણે સઘળું સાધ્યું...

મન આપણને મળેલી વિશિષ્ટ શક્તિ છે...

એને જેવા નિમિત્ત અને સાથ મળે એ દિશામાં આપણને લઈ જાય...

અશુભ નિમિત્ત અને દુર્બુદ્ધિના સથવારે દુઃખ-દુર્ભાગ્ય અને દુર્ગતિના ફેરા ફરાવે તો શુભ નિમિત્ત અને સદ્‌બુદ્ધિના સથવારે સુખ-સદ્‌ભાગ્ય અને સદ્‌ગતિની પરંપરા ઉભી કરી અનંત સુખના ધામમાં નિવાસ કરાવે.

પ્રસન્નચંદ્ર રાજા હતા...

વૈરાગ્ય પામી... દીક્ષા લીધી...

હવે પ્રસન્નચંદ્ર રાજર્ષિ બન્યા...

જ્ઞાન-ધ્યાનમાં આગળ વધ્યા...

એકદા એક વૃક્ષની નીચે ધ્યાનમાં લીન બન્યા...

બાજુમાં જ પ્રભુ મહાવીરનું સમવસરણ રચાયું...

પ્રભુ દર્શન-વંદન અને જિનવાણીનો લાભ લેવા શ્રેણિક મહારાજા પધાર્યા... માર્ગમાં જ એમણે આતાપના લેતા... એક પગ ઉપર ઉભા રહીને ધ્યાનમાં લીન મુનિરાજને નિહાળ્યા... એમની અદ્‌ભૂત સાધનાની અનુમોદના કરતા પ્રભુ પાસે આવીને પ્રભુને પ્રશ્ન પૂછે છે - ''પ્રભુ ! એ મુનિ મહાત્મા હમણાં કાળ કરે તો ક્યાં જાય ?

પ્રભુએ જવાબ આપતાં કહ્યું - ''સાતમી નરકમાં''

શ્રેણિક મહારાજા થોડી થોડી વારે પ્રશ્ન પૂછતાં રહ્યા... પ્રભુ જવાબ આપતાં રહ્યા. સાતમી પછી છઠ્ઠી નારકી... પછી પાંચમી નારકી... ચોથી નારકી... ત્રીજી નારકી... બીજી... પહેલી... ત્યાં તો દેવદુંદુભિનો નાદ સંભળાયો. શ્રેણિક મહારાજા પૂછે છે - ''પ્રભુજી ! શું થયું ?''

પ્રભુજી કહે છે - ''શ્રેણિક ! એ મુનિ મહાત્મા કેવળજ્ઞાન પામ્યા!''

શ્રેણિક મહારાજા આશ્ચર્ય પામ્યા પ્રભુ આમ કેમ ?

પ્રભુજી શ્રેણિક મહારાજાને રહસ્ય સમજાવે છે. શ્રેણિક પ્રસન્નચંદ્ર રાજર્ષિ સુંદર ધ્યાન ધારામાં આગળ વધી રહ્યા હતા. ત્યાં અચાનક એક અશુભ નિમિત્ત મળ્યું... માર્ગ ઉપરથી ચાલ્યા જતાં રાજસેવકોએ પ્રસન્નચંદ્ર રાજર્ષિને જોતાં જ પોતાનામાં વાતો કરી આ તો દીક્ષા લઈને નિકળી પડ્યા પરંતુ એના બાળકને શત્રુ રાજાએ ઘેરી લીધો છે. હવે એ બિચારો શું કરી શકશે ?

માર્ગે જતાં રાજસેવકોના શબ્દો ધ્યાનમાં ઉભા રહેલા પ્રસન્નચંદ્ર રાજર્ષિના કાને પડ્યા અને તેઓ ચમક્યા - ''મારા દિકરાને શત્રુરાજાએ ઘેરી લીધો છે ?... હમણાં જ હું એમની સાથે યુદ્ધ કરી એમને ખતમ કરી નાખું ?...

જે પરિવારને છોડી... રાજપાટ છોડી... દીક્ષા લીધી એ જ દિકરાને મારો માન્યો... રાજપાટ મારા માન્યા...

શુભ ધ્યાન દૂર ચાલ્યું ગયું... મન શુભ ધ્યાનથી મુક્ત બન્યું... મન રણભૂમિ બની ગઈ... વિચારોને વિચારોમાં એવું ધમસાણ યુદ્ધ ખેલાયું કે બહારથી ધ્યાનસ્થ દશામાં ઉભેલા મુનિરાજ રૌદ્રધ્યાનમાં પહોંચી ગયા પોતાના પુત્ર બાળ રાજવીને બચાવવા શત્રુરાજાને મારી નાંખવા સુધીના ક્લીષ્ટ પરિણામ વાળા બન્યા અને સાતમી નારકી સુધી પહોંચવાની તૈયારી

કરી લીધી.

કેવા છે કષાય ?... કેવો છે ક્રોધ ?

આપણને જો આવા કષાયના કડવા વિપાક ન ભોગવવા અને ન અનુભવવા હોય તો આપણે સવેળાએ કષાયોથી પાછા હટીએ... અનાદિનો કષાયો સાથેનો નાતો તોડી, દુઃખ અને દુર્ગતિને દૂર હટાવી ક્ષમાની સાધના કરવા સજ્જ બનીએ... ક્ષમા વિના શાંતિ નથી... શાંતિ વિના સદ્ધ્યાન નથી... સદ્ધ્યાન વિના સદ્ગતિ... સદ્ગતિની પરંપરા અને સિદ્ધિ નથી... સિદ્ધિનું મુળ છે ક્ષમા. આવો ! ક્ષમાના સુંદર ફળને સમજવા પ્રયત્નશીલ બનીએ –

યુદ્ધ ભૂમિમાં યુદ્ધ કરતાં કરતાં શસ્ત્ર ખુટ્યા... શત્રુરાજા સામે ઉભો છે. કેવી રીતે મારું ? મારો મુકુટ ઉતારી એનાથી શત્રુ મસ્તકે પ્રહાર કરું. હાથ મસ્તકે ગયા... મુકુટ ન હતો... મસ્તક મુંડાયેલું હતું.

અરે...રે... આ શું ? હું રાજા નથી... રાજપાટ મારા નથી.. પુત્ર પરિવાર મારો નથી... હું ત્યાગી... વૈરાગી... વીતરાગી બનવા નિકળેલો જિન શાસનનો સાધુ છું. મેં દુર્ધ્યાન કર્યું... માર્ગ ભૂલ્યો...

પશ્ચાતાપની સાથે પ્રસન્નચંદ્ર રાજર્ષિ દુર્ધ્યાનથી પાછા ફર્યા... સદ્ધ્યાનમાં મન જોડ્યું... મન શુભ ભાવોમાં આગળ વધતાં શુદ્ધ ધ્યાનમાં સ્થિર બન્યું... ક્ષપક શ્રેણીએ આરુઢ થઈ કેવલજ્ઞાન પામી ગયું.

મનની ઉપર ચઢાવનાર અને નીચે પટકનાર શક્તિને સારી રીતે સમજી લે. દુર્બુદ્ધિ અને દુર્નિમિત્તોનો ત્યાગી બની... સદ્બુદ્ધિ અને સુનિમિત્તોનો પક્ષપાતી બનજે. દુર્ગતિ ટળી જશે... સદ્ગતિ સહજ બનશે.

આતમ રાજાનો મન પ્રધાન છે. આપણા જીવન વિકાસનો એ મહાન સાથી છે. એને સારી રીતે કેળવી અનાદિની ભવ પરંપરાથી મુક્ત થવા પુરૂષાર્થ આદરીએ.

**સુદેવ-સુગુરુ-સુધર્મના સદાલંબન દ્વારા મનને શુભ-શુદ્ધ અધ્યવસાયના સ્વામિ બનાવી આત્માના સાચા ઐશ્વર્યના ભોક્તા બનીએ.**

દુર્બુદ્ધિએ માયાની સારી રીતે ભક્તિ કરી, એટલે તે દાંભિક એવી

માયાએ પોતાના પુત્ર મોહની સાથે પ્રધાનને મિત્રતા કરાવી અને તે પ્રધાનને કહેવા લાગી - ''હે પ્રધાન ! તમે ભાગ્યવાન છો. જેથી પ્રવૃત્તિ જેવી સ્ત્રી તમને મળી. પ્રાયે ગુણવાન પુરૂષોને પણ સરખા ગુણવાળી સ્ત્રી મળવી દુર્લભ છે. વિલાસવાળી - ખુબસુરત અને કષ્ટયુક્ત કાર્યમાં પણ ખેદ નહીં પામનારી પ્રવૃત્તિના જેવી સ્ત્રી મેં પૃથ્વી ઉપર જોઇ નથી. હે સ્વચ્છ ! સદ્‌બુદ્ધિથી જન્મેલી જે આ નિવૃત્તિ કન્યા તમે પરણ્યા છો તે તો સ્વભાવથી જ આળસુ-ક્રિયારહિત અને દુનિયાથી વિલક્ષણ સ્વભાવવાળી છે. તમે યુવાન છો... બળવાન છો તેથી તે નિવૃત્તિમાં આદર કરવો તમારા માટે ઉચિત નથી. પૃથ્વીનો ભાર ઉપાડવામાં સમર્થ શેષનાગને શરીરનું ચક્રને આકારે મંડલ કરવામાં શું પ્રીતિ થાય ? અર્થાત્ ન જ થાય. તેમ પ્રધાનપણાની સર્વ મુદ્રા પામ્યા છો તો હવે સ્વજનવર્ગનું રંજન કરવાવાળા થાઓ. પોતાના સમાન ગુણ વિનાના માણસની સાથે આસક્તિ કરવી તે મહત્વના ભંગ માટે થાય છે. આ મોહ **રાજબીજ** છે. મેં તેને જન્મ આપ્યો છે. હું તેને તમને સોંપુ છું. આ દુર્બળ છે. તો પણ તમે અને તમારી સ્ત્રી બન્ને તેને શરીરથી પુષ્ટ કરજો.'' આ પ્રમાણે માયાએ આપેલી શિખામણથી મનપ્રધાન પ્રવૃત્તિ ઉપર ઘણો સ્નેહ રાખવા લાગ્યો. પરંતુ વચ્ચે વચ્ચે નવી પરણેલી નિવૃત્તિને પણ ભોગવતો હતો.

સમયનો પ્રવાહ આગળ વધતાં નિવૃત્તિને મહા વિચક્ષણ **વિવેક** નામના પુત્રરત્નની પ્રાપ્તિ થઇ. આ પુત્ર સર્વ પદાર્થોના સદ્-અસદ્‌પણાનો વિચાર કરવામાં સમર્થ થયો. જીવને શું કરવા યોગ્ય છે ? શું કરવા યોગ્ય નથી ?... શું જીવ માટે હિતકારી છે ? શું અહિતકારી છે ? એ જાણવામાં કુશળ થયો. આવા વિવેકના જન્મથી ખેદ પામેલી... દુઃખી થયેલી માયા-દુર્બુદ્ધિ અને પ્રવૃત્તિ આપસમાં કહેવા લાગી કે આપણો નાશ કરવા માટે આ વિષવૃક્ષનો અંકૂર ઉત્પન્ન થયો છે. તેથી જેમ તેમ કરીને આ વિવેકને રાજા અને પ્રધાનને મળતાં રોકો અને માતા નિવૃત્તિ સહિત વિવેકને અહીંથી કાઢી મૂકવાનો પ્રયત્ન કરો. આ વાતો ચાલુ છે ત્યાં સદ્‌બુદ્ધિ

આવીને ''આ વિવેકથી પરમ ઐશ્વર્યને તમે પામશો.'' એમ પોતાના સ્વામીને જણાવવા લાગી. ત્યાર પછી હંસરાજા શાંત અને સુંદર શરીરવાળા તે વિવેક બાળકને ખોળામાં બેસાડીને હંમેશા લાડ લડાવવાની ઇચ્છા કરવા લાગ્યા. પણ પ્રથમની ત્રણ સ્ત્રીઓને વશ થયેલા રાજા ઘણા કાળ સુધી વિવેકને જોવાને પણ સમર્થ ન થયા. તો પછી લાડ લડાવવાની તો વાત જ શું કરવી ? એક બીજા સાથે વૈર ધારણ કરતા એવા મોહ અને વિવેક વનમાં રહેલા ક્રૂર અને શાંત સ્વભાવવાળા બાજપક્ષી અને પોપટની જેમ રાજાની આગળ વૃદ્ધિ પામવા લાગ્યા. ચપળ ચેષ્ટા વડે પતિને ખુશ કરતી પ્રવૃત્તિએ માયા અને માતા દુર્બુદ્ધિને આશ્ચર્ય ઉત્પન્ન કર્યું ત્યારે શાંત અને ગંભીર વૃત્તિથી સ્વામીને સંતોષતી નિવૃત્તિએ પણ પ્રધાન અને રાજાના મહાન સુખમાં વધારો કર્યો.

રાજા અને પ્રધાન નિવૃત્તિના સુખી કરવાથી આપણા ઉપર કદાચ વિરક્ત થશે. એમ વિચારીને માયા અને દુર્બુદ્ધિ પ્રવૃત્તિને એકાંતે કહેવા લાગી - ''હે પુત્રી ! તારે તારા સ્વામીની સેવામાં આંતરૂં ન પાડવું. અને તે તે હિંસા પ્રમુખ આરંભના સંબંધે કરી તારે તારા સ્વામીને હમેશાં તેવા કાર્યોમાં પ્રેરવો... આરંભમાં મગ્ન કરવો. નિવૃત્તિનો સ્વામી પાસે જવાનો અવસર તારે સાવધાન થઇને રોકવો. તે આપણી વેરણ હોવાથી તેનો વારો ઉલ્લંઘન થતો તારે બીલકુલ ન ગણવો. આવી રીતે માયા અને દુર્બુદ્ધિની શિખામણ પામીને સર્વ કામની જાણ એવી પાપિણી પ્રવૃત્તિ સંકલ્પરૂપ શય્યા રચીને હમેશાં સ્વામીની સેવા કરવા લાગી. કોઇ પણ સમયે વિશ્રામ પામીને સ્વામી નિવૃત્તિને મળી ન જાય એ માટે પ્રવૃત્તિ પોતાના સ્વામીને એક પછી એક કાર્યમાં પ્રવર્ત્તાવવા લાગી. સ્વામીનાથ પાસે કેવા કેવા કાર્યો કરાવે છે તે જણાવતાં કહે છે - જીવોની હિંસા કરવામાં... અસત્ય બોલવામાં... ચોરી કરવામાં... પરસ્ત્રી ભોગવવામાં... મદ્ય-માંસાદિના ભક્ષણમાં... શિકાર કરવામાં... ચાડી કરવામાં... દ્રોહ કરવામાં... મહારંભ કરવામાં મન પ્રધાનને એવી રીતે પ્રવર્ત્તાવ્યો કે દુર્ભાગિણી સ્ત્રીની

**જેમ નિવૃત્તિને તે આંખથી પણ જોઇ ન શક્યો. પ્રવૃત્તિ ઘાણીના બળદની જેમ હમેંશા મનપ્રધાનને એવી રીતે ભમાવતી હતી કે શિકારીના પાછળ પડવાથી જેમ હરણ કોઇ ઠેકાણે વિશ્રામ ન પામે તેમ તે મનપ્રધાન કિંચિતપણ વિશ્રામ પામતો ન હતો.**

## મમતાથી સમતા તરફ... પ્રવૃત્તિથી નિવૃત્તિ તરફ...

સમતા ! સાધુના મનને પણ પોતાની તરફ ખેંચનાર મહા નિધાન છે. સકલ સુખ-શાંતિ અને સમૃદ્ધિની ખાણ છે. પ્રસન્નતાનું બીજ છે. શાન્ત સુધારસમાં સ્નાન કરાવનારા અદ્‌ભૂત સરોવર છે. એના ગુણલાં ગાતાં મહાપુરુષો કહે છે-

સમતા એ તો ત્રણ જગતને વંદન કરવા યોગ્ય છે...

સમતા એ તો ત્રણ જગતનું હિત કરનાર છે...

સમતા એ જ ત્રણ જગતનું કલ્યાણ કરનાર છે...

સમતા એ જ ત્રણ જગતનું મંગલ કરનાર છે...

વધારે શું કહીએ ? સમતામાં સર્વ સાધના સમાઇ જાય છે.

અનાદિ કાળથી મોહ જીવને અસદ્‌પ્રવૃત્તિમાં જોડી રાખે છે... સંસાર પ્રત્યેની તીવ્ર આસક્તિ-મમતા એને દુષ્કાર્યોમાં જોડે છે. ક્યાંક ઠોકર લાગે... પોતાના પાપ ડંખે અને પુણ્યોદયે ધર્મ માર્ગ મળી જાય તો સદ્‌પ્રવૃત્તિમાં જોડાય. સંત સમાગમ મળી જાય... ફળી જાય તો સર્વ પ્રવૃત્તિનો ત્યાગ કરી નિવૃત્તિ પ્રધાન જીવનનો સ્વામિ બની આત્માના અનંત સુખમાં સ્થિર બને છે... આત્મ રમણતાના અમૃતરસનો ભોક્તા બને છે.

માકંદિ નગરી હતી... ત્યાં સમુદ્રદત્ત બ્રાહ્મણ વસતો હતો... એની સમુદ્રદત્તા નામે પત્ની હતી... સંસારસુખ ભોગવતાં પુત્રરત્નની પ્રાપ્તિ થઇ. પુત્ર જેમ જેમ મોટો થતો ગયો તેમ તેમ એના જીવનમાં મોહના તોફાન વધતા ગયા. નગરીમાં એ બધાને હેરાન-પરેશાન કરવા લાગ્યો... માતા-પિતાએ ઘણું સમજાવ્યા છતાં એ ન સમજ્યો. યુવાવસ્થામાં પ્રવેશતાં જ એનું ગેરવર્તન

વધી ગયું. એ લોકોને મારે છે... ખોટું બોલે છે... ચોરીઓ કરે છે.. પરસ્ત્રીગમન કરે છે...

નગરના રાજવી પાસે ઘણી ફરીયાદો આવી... રાજવી કંટાળ્યો... રાજવીએ નગરના દ્વારપાળને બોલાવી આ બ્રાહ્મણને નગર બહાર હાંકી કાઢવા જણાવ્યું. દ્વારપાળે એ પ્રમાણે કર્યું. નગરજનોને રાજાનું કાર્ય યોગ્ય લાગ્યું. સહુએ એનું અનુમોદન કર્યું.

બ્રાહ્મણ પુત્ર મનમાં નગરપ્રત્યે દ્વેષભાવ રાખીને જંગલમાં ભીલ્લના પલ્લિપતિ પાસે ગયો. એણે એને આવકાર્યો અને પોતાના કાર્ય માટે યોગ્ય જાણીને ઘરની પોતાની બધી સંપત્તિ એને સ્વાધીન કરી પુત્ર તરીકે સ્થાપિત કરે છે. મોહ મજબૂત બનતો જાય છે. વાતાવરણ એને ક્રુર અને હિંસક બનાવે છે. ત્યાં પણ એ બધાને ઘણું મારે છે તેથી લોકો તેનું નામ દઢપ્રહારી પાડે છે.

એકદા દઢપ્રહારી કુશસ્થળ નગર લુંટવા જાય છે. એ નગરમાં એક ગરીબ બ્રાહ્મણ વસે છે. એણે આખો દિવસ મનોરથ કરીને ખીરનું ભોજન બનાવરાવ્યું હતું. ખીર તૈયાર કરાવી પોતે સ્નાન કરવા ગયો. દઢપ્રહારી ખીરનું ભાજન ઉપાડે છે. ખીર ખાવાની ઈચ્છાવાળા બાળકો સ્નાન કરવા ગયેલા પિતા પાસે દોડે છે. પિતાને જાણ કરતાં પિતા હાથમાં સાંકળ લઈને આવ્યા. પરસ્પર લડાઈ જામી. અંતે દઢપ્રહારીએ ખડગથી પેલા બ્રાહ્મણને મોતને ઘાટ ઉતાર્યા.

ઘરના માલિકના મૃત્યુને સહન ન કરતી ગાય આવેશમાં આવીને આ દઢપ્રહારીને મારવા દોડી... ભયંકર ક્રુર પરિણામી દઢપ્રહારીએ એ ગાયને પણ મારી નાંખી ત્યાં તો રડતી... વિલાપ કરતી બ્રાહ્મણી ત્યાં આવી... દઢપ્રહારીએ એને પણ મારી નાંખી... બ્રાહ્મણીના પ્રાણ તો ઉડી ગયા... પરંતુ એ સગર્ભા હોવાથી એનો ગર્ભ નીચે પડ્યો અને તરફડવા લાગ્યો.

ક્રુર હત્યારા અને લુંટારા એવા દઢપ્રહારીનું હૈયું તરફડતા ગર્ભને જોઈને દ્રવી ઉઠ્યું. એક પણ હત્યા કરનાર નરકમાં જાય છે તો મારું શું થશે ? હું તો ચાર ચાર મહાહત્યા કરનાર છું. બ્રહ્મ(બ્રાહ્મણ ) હત્યા...ગૌ હત્યા... સ્ત્રી

હત્યા અને બાલ હત્યા. જ્યાં મોહનું સામ્રાજ્ય છે ત્યાં પરિણામ આવા જ ભયંકર છે.

અત્યંત વ્યગ્ર અસ્વસ્થ અને ચિંતાતૂર મને એ નગરીમાંથી બહાર નીકળ્યો. એને ચેન નથી. ''મારું શું થશે ?'' આ પ્રશ્ન એને સતાવી રહ્યો છે. એ વનમાં ગયો. ત્યાં એને એક મુનિરાજ મળ્યા. દઢપ્રહારી એમના પગમાં પડ્યો. એમની સમક્ષ પોતાનું... પોતે આચરેલા પાપનું સ્વરૂપ કહ્યું. પછી ગુરુ ભગવંતને પૂછે છે - ''હે ભગવંત ! આ હત્યાના પાપમાંથી મુક્તિ મળે એવો મને માર્ગ બતાવો. આ પાપના ભારને વહન કરવા હું સમર્થ નથી. પાપી પ્રવૃત્તિથી આત્મા નિવૃત્તિ ઝંખે છે.''

મુનિ ભગવંતે કહ્યું - ''શુદ્ધ ચારિત્ર ધર્મને આરાધ્યા વિના પાપથી મુક્તિ સંભવતી નથી.'' મુનિરાજના વચન સાંભળી... વૈરાગ્ય પામી... દઢ પ્રહારી ચારિત્ર ગ્રહણ કરે છે. ચારિત્ર સ્વીકાર કર્યા પછી ઘોર અભિગ્રહ ધારણ કરે છે - ''જ્યાં સુધી આ ચાર હત્યાઓ મારા સ્મરણમાં આવે... મને યાદ આવે ત્યાં સુધી મારે અન્ન કે પાણી લેવું નહિં...'' આવો અભિગ્રહ લઈને એ જ નગરીના દરવાજે કાઉસ્સગ્ગ કરીને ઉભા રહ્યા. આવતા જતા લોકો એને પાપી - હત્યારો - લુંટારો કહીને કોઈ પત્થરથી મારે છે... કોઈ લાકડીથી મારે છે. કોઈ ગાળો આપે છે... કોઈ ખરાબ વચનોથી તિરસ્કાર કરે છે... પરંતુ દઢપ્રહારી શાંત છે... જરાપણ ક્રોધ કરતા નથી. લોકોએ મારેલા ઇંટ-પત્થરાદિથી ગળા સુધી ઢંકાઈ જાય છે. શ્વાસ રૂંધાય છે ત્યારે કાઉસગ્ગ પારીને બીજા દરવાજે જાય છે... ત્યાં પણ આવું જ બને છે... પછી ત્રીજા અને ચોથા દરવાજે જાય છે... છ-છ મહિનાનો સમય વીત્યો પાપ ભુલાતું નથી... અન્નપાણીનો ત્યાગ છે. ક્ષમાના બળથી પોતાના પાપને પખાળી રહ્યા છે. વિશુદ્ધ ધ્યાન શ્રેણિમાં આગળ વધ્યા... ક્ષમા ભાવથી અંતઃકરણ અત્યંત નિર્મળ બન્યું... ઘાતી કર્મોના બંધનો એક એક કરી તુટવા લાગ્યા... ઘનઘોર ઘાતી કર્મોનો ક્ષય કરી કેવળજ્ઞાની બન્યા.**''પ્રવૃત્તિ ત્યાં સંસાર, નિવૃત્તિ ત્યાં સિદ્ધિ.''**

કેવો અપૂર્વ પ્રભાવ છે સમતાનો ?...

ક્રોધ તો આત્માનો શત્રુ છે... સમતા એ જ આત્માનું આભુષણ છે. **સમતા ધારણ કરનારા કદી હાર્યા નથી તો ક્રોધ કરનારા કદી જીત્યા નથી.** આ પરમ સત્યને સમજીને જીવનમાં સ્વીકારવાનું છે.

સમતાની સાધનામાં આરાધકની બધી જ આરાધનાઓ સમાઈ જાય છે. જેમણે જેમણે સમતા સાથે દોસ્તી કરી છે તેઓ સ્વયં તર્યા છે... અનેકોના તારક બન્યા.

**હવે માયા વિચાર કરે છે - આ હંસરાજા પણ પોતાના સ્વરૂપને જાણતા નથી તેથી અમારામાં આસક્ત થયા છે પણ પોતાના સ્વરૂપને જાણ્યા પછી અવશ્ય અમારાથી વિરક્ત થશે. તેમજ વિશ્વમાં શ્રીમાન પુરૂષો અસ્થિર મિત્રાઈવાળા જ હોય છે. પણ આ મહાઅમાત્યથી અમને પગલે પગલે મહાલક્ષ્મીની પ્રાપ્તિ થઇ છે, માટે તેની પ્રીતિ વધારવા યોગ્ય છે. આવો વિચાર કરીને માયા પ્રધાન ઉપર વધુ ને વધુ પ્રીતિ ધારણ કરવા લાગી. તેથી 'જો હું વધારે વહાલો થાઉં તો મશ્કરી અને કૌતુકની ક્રીડાઓ પૂર્ણ થાય' એવો વિચાર કરીને મંત્રી પણ રાજા ઉપર વૈર ધારણ કરીને માયાને સેવવા લાગ્યો. માયાને સેવવાથી મન કેવું બન્યું ? એ જણાવતાં કહે છે - વાયુથી વ્યાપ્ત થયેલ અગ્નિ જેવું... દારૂ પીધેલા હાથી જેવું... શિકારીને આધીન થયેલા બાજપક્ષી જેવું... પાંખવાળા સર્પ જેવું... કુપથ્ય ખાવાથી પ્રાપ્ત થયેલા રોગ જેવું.. ઝેર પાયેલા બાણ જેવું... અત્યંત દુઃસહ થાય છે. પૃથ્વી ઉપર ચાલતાં તે થાકતો નથી.. પાણીમાં ચાલતાં તે ડૂબતો નથી...પર્વત ઉપર ચઢતાં તેને શ્વાસ ચઢતો નથી... અગ્નિમાં ભમતા તે બળતો નથી... કોઈ ન દેખે તેમ ચાલનાર... ક્ષણમાત્રમાં સ્થાવર અને જંગમ સર્વ વિશ્વમાં સંચરતો સિદ્ધ વિદ્યાવાળા યોગીની જેમ રાત-દિવસ ચાલતાં તે કોઈ વખત ખેદ પામતો નથી. દોરડા, નળ કે લોઢાની સાંકળ વડે પણ રોકી શકાતો નથી. આ વેગવાળા પ્રધાનની પાસે વાનર પણ નિર્બળ છે. સુંદર - રૂપવાન સ્ત્રીઓ અને ધનના ઢગલા તેની**

આગળ મૂકીએ તો પણ પાણીથી વડવાનલની જેમ એની તૃષ્ણા શાંત થતી જ નથી.

તેવો કોઇ મંત્ર નથી... તેવું કોઇ મૂળીયું નથી...

તેવો કોઇ મણિ નથી... તેવું કોઇ કામણ નથી...

જેથી કરીને આ વિકારી પ્રધાનને પ્રસન્ન કરવા સમર્થ થઇએ.

જે તે ઉપાયે કરી રાજા તે પ્રધાનને વશ કરે છે તો ફરી જે તે પ્રકારનો છળ કરીને પ્રેતની જેમ તે પ્રધાન ફરી કોપાયમાન થાય છે. જેમ લાકડાથી દેદીપ્યમાન થયેલ અગ્નિ લાકડાને જ દુઃખ આપે છે તેમ જે રાજાથી અધિકાર મળ્યો તેનો જ તે પ્રધાન દ્રોહ કરવા લાગ્યો. માયાએ રાજાને બાંધ્યો હતો તો પણ પ્રધાને માયા સાથે વિચાર કરીને પાપરૂપ મોટા પાશથી રાજાને સારી રીતે બાંધ્યો. જેમ ધૂમ્ર અને ધૂમાડો તેજવાન સૂર્યને કાંઇ પણ પ્રકાશ ન કરી શકે તેવી સ્થિતિએ પહોંચાડે છે તેમ વિસ્તાર પામતા મલિન સ્વભાવવાળા માયા અને પ્રધાને તેજ સ્વરૂપ હંસરાજાને કાંઇ પણ ન કરી શકે તેવી સ્થિતિએ પહોંચાડ્યો. મન પ્રધાન પોતાની મેળે જ આ જીવને સર્વસ્વ આપે છે અને વળી પાછું લઇ લે છે તેમજ તે પોતાની મેળે જ દેહધારીઓનો બંધ અને મોક્ષ વિસ્તારે છે. ક્રોડ વર્ષ પર્યંત તપ કરનારા અને દંભથી દુર્બળ શરીરવાળા પ્રાણીઓને આ પ્રધાને જોરથી સાતમી નરકમાં પહોંચાડ્યા છે. તેમજ ઘણા ભાગ્યથી પાંચ ઇન્દ્રિયોના વિષયોને ઉત્પન્ન કરીને તેનાથી શરીરરૂપ લાકડીને પુષ્ટ કરીને આ પ્રધાને કેટલાક જીવોને સર્વાર્થસિદ્ધિ વિમાનમાં અને કેટલાક જીવોને મોક્ષ પર્યંત પહોંચાડ્યા છે. જપ-તપ-દયા અને દાનાદિ સદ્‌ગુણોને ગૌણ કરીને પ્રાણીઓને ફળ આપવાના સમયે મન પ્રધાન પોતાનું પ્રમાણપણું ઇચ્છે છે. **પ્રત્યેક ધર્મ આરાધનાનું ફળ મનના શુભાશુભ પરિણામો પર આધાર રાખે છે.**

માયાથી મોહિત થયેલા પ્રધાનને માયાનો મોહ નામનો પુત્ર પ્રિય થયો, તો પણ ઉપેક્ષા કરાયેલો એવો વિવેક વનના વૃક્ષની જેમ વૃદ્ધિ

પામ્યો. એક દિવસ પોતાની આગળ ક્રીડા કરતા... મનોહર મુખવાળા વિવેક પુત્રને જોઈને એકાગ્રપણે વિચાર કરતાં વિસ્મૃત થયેલી વિદ્યાની જેમ તે વિવેકની માતા નિવૃત્તિને યાદ કરવા લાગ્યો. યાદ કરતાં જ જુદા વેષને ધારણ કરતી નિવૃત્તિ દેવાંગનાની જેમ પ્રગટ થઈ. વ્યગ્ર ચિત્તવાળો પણ પ્રધાન તેના દર્શનરૂપી અમૃતથી અલ્પ સમય માટે શાંત થયો. તે નિવૃત્તિની સાથે આવેલી પોતાની પૂર્વ પત્ની સદ્‌બુદ્ધિનો હંસરાજાએ પણ દૃષ્ટિથી સ્પર્શ કર્યો. દૃઢ બંધનમાં બંધાયેલા રાજામાં તેને આલિંગન કરવાની શક્તિ જ નહોતી.

## હંસરાજાનો પશ્ચાતાપ

સ્મરણ શક્તિવાળો હંસરાજા સદ્‌બુદ્ધિએ આપેલી પૂર્વ શિક્ષાને જેમ જેમ યાદ કરવા લાગ્યો તેમ તેમ આનંદરહિત થઈને પોતાની જાતને નિંદવા લાગ્યો. પછી તે વિલાપ કરવા લાગ્યો – ''હે ગૌરવશાળી શરીરવાળી ! હે આદરણીય ! હે ગુણશાળી ! હે ગંગાજળની જેમ ઉજ્વળ ! હે સદ્‌બુદ્ધિ ! મને તારૂં દર્શન આપ. હે સદ્‌બુદ્ધિ ! તને દૂર કરીને... માયાને સ્વીકારીને મેં મને પોતાને જ વિડંબના કરી છે. અરે ! ચિંતામણિનો ત્યાગ કરીને કાચને લેવાવાળો કોઈ પણ સ્થાને આનંદને પામે ? અર્થાત્ ન જ પામે. હે સદ્‌બુદ્ધિ ! તારા હોવા છતાં ત્રણ લોકનું અધિપતિપણું મેળવવું મુશ્કેલ નથી. તારા વિના અનાર્યોએ કાર્ય પ્રસંગે કર્મરૂપ ઘરોને વિષે મને ફેરવવો એ પણ મુશ્કેલ નથી. પૃથ્વીપતિનું વિલાસપણું તારા હોવાથી મેળવાય છે. અને તારા વિના તો ચોરની જેમ બંધનો અનુભવ કરાય છે. સ્વામીપણુંને દાસપણું... સ્વર્ગને નરક... વૃદ્ધિને હાનિ... સુખ ને દુઃખ આ સર્વ તારી પ્રસન્નતા – અપ્રસન્નતાની જ લીલા છે. હે વલ્લભા ! તારા વિયોગથી મારી હાલત કેવી થઈ જાણે છે ? હું

કોઈ ઠેકાણે રૂંધાણો... કોઈ ઠેકાણે બંધાણો... કોઈ ઠેકાણે શ્રાપિત થયો...

કોઈ ઠેકાણે હણાયો... કોઈ ઠેકાણે અપ્રીતિવંત થયો... કોઈ ઠેકાણે પુષ્ટ થયો...

કોઇ ઠેકાણે દાસ થયો... કોઇ ઠેકાણે પારકું અનાજ ખાવાવાળો થયો...

કોઇ ઠેકાણે કિંકર થયો... કોઇ ઠેકાણે અનાજ-ઘી-તેલ વેચનારો થયો...

અને કોઇ ઠેકાણે રસોઇ કરનારો થયો...

હિતકારી વચનો વડે તે તો મારા વિષે ઉત્તમ સ્ત્રીને યોગ્ય આચરણ કર્યું છે, અને તેનાથી પરાઙ્મુખ થવાને કારણે હું તો નીચ પુરૂષોની પંક્તિમાં બેઠો છું. મૂળથી મલિન આશયવાળી આ માયાએ નિવૃત્તિને અને પ્રધાનને મને (હંસરાજાને) અને તને (સદ્બુદ્ધિને) તેમજ વિવેકની સાથે મને તથા પ્રધાન બંનેને મળતાં અટકાવ્યા છે. પ્રકાશની વેરણ રાત્રી જેમ કમલિની અને સૂર્યનો વિયોગ કરાવે તેમ હે સદ્બુદ્ધિ ! આ સમગ્ર લોકની વેરણ માયાએ આપણા બંનેનો વિગોગ કરાવીને શું સાધ્યું ? તેને શું ફાયદો થયો? ઉચ્ચ સ્થિતિમાંથી ભ્રષ્ટ થવું એ અત્યંત દુઃખદાયી છે છતાં આ પ્રધાને પણ મને સ્વર્ગરૂપ મહેલના અગ્રભાગ ઉપર ચડાવીને ત્યાંથી ફરી નરકમાં ફેંકી દિધો છે. હે પ્રિયા ! આ પ્રધાન ક્ષણમાં લોભી તો ક્ષણમાં સંતોષી... ક્ષણમાં ક્રોધી તો ક્ષણમાં શાંત બનાવીને મને પોતાને ક્રિડા કરવાના પાત્રરૂપ કર્યો છે. સર્વ જીવો સુખના અભિલાષી છે કોઇ પણ દુઃખી થવાની તૃષ્ણા રાખતું નથી. પરંતુ ખેદની વાત છે કે માયા અને મનને પરાધીન હોવાથી હું મારું પોતાનું હિત કરવાને સમર્થ રહ્યો નથી. અન્ય પણ જ્ઞાનવાન પુરૂષ શરણે આવેલાની ઉપેક્ષા કરતો નથી તો હે કૃપાળુ સ્ત્રી ! આવી દુર્બળ દશા પામેલા મારા જેવાની તું શા માટે ઉપેક્ષા કરે છે.

હે વહાલી સ્ત્રી ! ટાઢથી પીડાયેલા જીવો સૂર્યનાં કિરણને... સમુદ્રમાં પડેલા જીવો નાવને... આંધળા જીવો આંખને... માર્ગ ભૂલેલા જીવો માર્ગને... ધનરહિત જીવો ધનને... અંધકારથી અકળાયેલા જીવો દીપકને... રોગી જીવ જેમ આરોગ્યતાને ઇચ્છે છે તેમ હું તને જોવાને

ઉત્સુક થયો છું. હું કરૂણાને લાયક છું માટે મારા પર કૃપા કર અને તારૂં દર્શન આપ. આપદામાં આવી પડેલા પતિને જે સ્ત્રી ઉપકાર કરે છે તેજ સ્ત્રી પ્રશંસાને પાત્ર છે. સૂર્યના કિરણોથી ગ્લાની પામેલા ચંદ્રમાને રાત્રી આવીને શું ઉલ્લાસ નથી પમાડતી ? અર્થાત્ પમાડે છે. માટે હે સ્ત્રી ! પ્રસન્ન થા આપદામાં સીદાતો એવો જે હું તેનો ઉદ્ધાર કર. ઉત્તમ સ્ત્રીની હિલના કરવાનું ફળ મને મળી ચૂક્યું છે.

આ પ્રમાણે સદ્બુદ્ધિના ગુણોને યાદ કરીને રાજા પશ્ચાતાપ કરે છે. તેટલામાં મંત્રથી આકર્ષાયેલી હોય એમ અચાનક ક્યાંકથી દુર્બુદ્ધિ આવી પહોંચી. તેના ભયથી સદ્બુદ્ધિ પોતાની પુત્રી સહિત ત્વરાથી ત્યાંથી ચાલી ગઇ. હવે દુર્બુદ્ધિ આદિ ત્રણે સ્ત્રીઓ ફરીથી એકઠી મળી અને વિચાર કરવા લાગી – ''હે સખીઓ ! દૈવયોગથી જો કે હમણાં આપણે આધીન ભર્તારવાળી છીએ. તો પણ સ્ત્રીજાતિ હોવાથી આપણે દુર્બળ છીએ. તેથી આપણે પતિનો વિશ્વાસ ન કરવો. આપણે રાજાને બાંધ્યો છે તો પણ આંતરે આંતરે તે સદ્બુદ્ધિનું ધ્યાન કરે છે અને મંત્રીને વાર્યા છતાં પણ તે નિવૃત્તિને જોવાની ઇચ્છા કરે છે. હવે પ્રવૃત્તિના ઉપદ્રવથી રાજા જ્યારે નિવૃત્તિને યાદ કરશે ત્યારે તત્વદષ્ટિરૂપ દૂતીએ બોલાવેલી નિવૃત્તિ પ્રગટ થશે. તેમજ નહીં પામેલાને મેળવી આપનારી અને પામેલાનું રક્ષણ કરનારી સદ્બુદ્ધિ પણ તેની સાથે આવશે ત્યારે તેને જોવાથી રાજા આનંદ પામશે. સુખનો અર્થી રાજા ફરીથી પ્રધાનને મીઠાં વચનથી બોલાવશે. આમ થવાથી આપણો તો નાશ થયો જ તેમ સમજો. તેથી આપણો બચાવ કરવા નિવૃત્તિને દૂર કરવાનો ઉદ્યમ વિસ્તારવો જોઇએ. પોતાના બચાવ કરવા ઇચ્છતા પુરૂષોએ સાપણને દૂર કરવામાં પ્રમાદિ – આળસુ થવું ન જોઇએ. આવી વાત સાંભળીને તે સમયે મદથી ઉદ્ધત થએલી પ્રવૃત્તિએ પ્રતિજ્ઞા કરી કે – ''હવેથી જો તમે નિવૃત્તિને અહીં સ્વામી પાસે જુઓ તો હું તમારો દ્રોહ કરવાવાળી છું એમ સમજજો અર્થાત્ નિવૃત્તિને હું મારા સ્વામી પાસે આવવા જ દઇશ નહીં.''

# પચ્ચીસ ક્રિયા

પ્રવૃત્તિ કહે છે. ૧. કાયિકી ૨. અધિકરણકી ૩. પ્રદ્વેષકી ૪. પરિતાપની ૫. પ્રાણીઘાતકી ૬. આરંભકી ૭. પરિગ્રહકી ૮. માયિકી ૯. અપ્રત્યાખ્યાનકી ૧૦. મિથ્યાત્વીકી ૧૧. દષ્ટિકી ૧૨. પૃષ્ટિકી ૧૩. પ્રતીત્યકી ૧૪. સામંતોપનિપાતકી ૧૫. નૈસર્ગીકી ૧૬. સ્વહસ્તિકી ૧૭. વિદારણકી ૧૮. આજ્ઞાપનીકી ૧૯. અનાભોગિકી ૨૦. અનવકાંક્ષિકી ૨૧. પ્રયોગકી ૨૨. સમુદાયકી ૨૩. પ્રેમકી ૨૪. દ્વેષકી ૨૫.ઈર્યાપથિકી. આ પચ્ચીસ ક્રિયાઓ મારા ઉપર એક ચિત્તવાળી મારી સખીઓ છે. તે પચ્ચીસમાંથી એક એક તે નિવૃત્તિરૂપ વેલડીને છેદવાને કુહાડાની માફક આચરણ કરે તેવી છે.

આશ્રવતત્વના ૪૨ ભેદોમાં આ ૨૫ ક્રિયાઓનો સમાવેશ થાય છે. કર્મબંધ કરાવનાર આ ક્રિયાઓમાં જ જીવ સતત અટવાયેલો રહે છે જેથી નિવૃત્તિ માટેનો અવકાશ જ મળતો નથી. એક માત્ર પચીસમી ઈર્યાપથિકી ક્રિયા મહદઅંશે નિવૃત્તિ માટે સહાયક છે, બાકી ક્રિયાઓ પ્રવૃત્તિમય છે. આ પચીસ ક્રિયાઓ નવતત્વમાં વિસ્તારથી જણાવેલી છે.

છેલ્લી ઈર્યાપથિકી વિના બાકીની આ સર્વ ક્રિયાઓમાં મને નિશ્ચિંત વિશ્વાસ છે. તે પચીસમી અહીં નથી માટે નિશંક પણે હું કહું છું કે મારી આગળ તે નિવૃત્તિ શું ગણત્રીમાં છે ? અર્થાત્ કાંઇ પણ ગણત્રીમાં નથી. હે મહત્તરા ! આ નિવૃત્તિને પહેલાં પણ મારા સ્વામી પાસેથી પ્રાયે કાઢી મૂક્યા જેવી જ મેં કરી છે, અને હવેથી તો તેનું આવવું જ છેદી નાખીશ.

આ પ્રમાણે કહીને સ્વામીમાં એકતાનવાળી પ્રવૃત્તિ ત્યારથી વિશેષ પ્રકારે રાજ્યકારભારને વિસ્તારતી એક ક્ષણ પણ પોતાના સ્વામિનું પડખું મૂકતી ન હતી. દાસની જેમ આધીન થયેલા સ્વામીને જોઇને કાંઇક અંગોપાંગ સંકોચાયાની જેમ થઇને પ્રવૃત્તિ મનપ્રધાનને કહેવા લાગી. -

'હે નાથ ! જો મારી વાત માનો તો હું તમને કાંઈક કહું' તેના ઉત્તરમાં 'નિશંકપણે બોલ, ભય નહીં રાખ.' આ પ્રમાણે પ્રધાનના કહેવાથી પ્રવૃત્તિ કહેવા લાગી – "હે પ્રાણનાથ ! આ નિવૃત્તિ નામની તમારી સ્ત્રી મારા ઉપર નિરંતર દુશ્મનની જેમ આચરણ કરે છે. તેનું મુખ તો ગાયનું છે પણ તે વાઘણની જેમ મને મારવાને ઇચ્છે છે. હું જે પ્રાણ ધારણ કરું છું તે કેવળ તમારો જ પ્રસાદ છે. હે સ્વામી ! તે તમારા તેજ બળને પણ ઓછું કરવા ઇચ્છે છે. તેથી એના આધીન થઈને એક પગલું પણ ભરશો તો તે સર્વ ખોટું છે. કારણ કે ક્રીડા કરવી, હસવું, ગાયન કરવું, સ્નાન કરવું, પાન કરવું, ભોજન કરવું વિગેરે યુવાવસ્થામાં યુવાન પુરૂષોને સારભૂત છે, તે તો નિવૃત્તિને રૂચતું જ નથી.. વળી તેની માતા પણ દોષવાળી હોવાથી પ્રથમથી જ હંસરાજાએ ત્યજી દિધી છે, તેથી તેની પુત્રી એવી થાય એમાં અઘટિત શું છે ? હે સ્વામી ! તમારા વિષે નિર્ભર ભકિતવાળી નથી તેથી તે આંતરે આંતરે તમે અવગણના કરેલા હંસરાજાનો નિરંતર આશ્રય કરે છે. તેનો વિવેક નામનો પુત્ર છે તે મારા સ્વામીનીના મોહ નામના પુત્ર પ્રત્યે જાતિ વૈરિની જેમ વૈર ધારણ કરતો તેના પ્રાણ લેવાને ઇચ્છે છે. બળવાન વિવેકના અહીં રોકાવાથી જો આ મોહને ઉપદ્રવ થશે તો હે પ્રાણનાથ ! તમે મને જીવતી નહીં જુઓ. માટે હે સ્વામીનાથ ! પૂર્ણ અંગોવાળી એવી મારી સાથે જો તમારે પ્રયોજન હોય.. મને ઇચ્છતા હો તો શલ્ય સમાન પુત્ર સહિત નિવૃત્તિને ઘરમાંથી કાઢિ નાંખો."

સાપણના મુખમાં ઝેર... વિછણના પુછડીમાં ઝેર...

કરોળિયાની લાળમાં ઝેર હોય છે પરંતુ સપત્ની એટલ શોક્ય તો આખી ઝેરરૂપ જ છે.

એ પ્રમાણે પ્રવૃત્તિએ કહ્યું તે સર્વ મંત્રીએ કર્યું... ખરેખર સતી સ્ત્રીઓની દુર્દશાનું વર્ણન કરવાને અમે સમર્થ નથી. સ્ત્રીને આધીન થયેલો પુરૂષ શું શું કરતો નથી ? વાયુથી પ્રેરાયેલો અગ્નિ આખા ગામને બાળવા તૈયાર થાય છે. રાજા બંધાયેલો છે તે જાણવા છતાં, તેની

પ્રસન્નતાને જ આધીન થયેલી અને રાજાની ઇચ્છા અને શક્તિથી પ્રેરાયેલી નિવૃત્તિ હાલ તો સુખેથી પોતાને પંથે ચાલી ગઇ. નિવૃત્તિના જવાથી હમણાં શલ્યરહિત રાજ્ય પ્રાપ્ત થયું છે એમ માનથી પ્રવૃત્તિ ઉલ્લસિત મનવાળી થઇને નાચવા લાગી. નિવૃત્તિ ન હોવાથી પ્રચંડ પવનના જોરથી ધ્વજાના છેડાની જેમ મન પ્રધાનને પ્રવૃત્તિ દશે દિશામાં ભમાવવા લાગી. દુર્બુદ્ધિથી પ્રેરાયેલો.. માયાથી બહુમાન કરાયેલો... અને જેનું મગજ ફરી ગયું છે એવા પ્રધાનને પ્રવૃત્તિ દુષ્કર્મ કરવા ઉદ્યમવાન કરે છે.

હવે પ્રવૃત્તિ પ્રધાનને વિનંતિ કરે છે – 'હે નાથ ! મોહ મહા બળવાન છે... રથની ધોંસરી વહન કરનારની જેમ રાજ્યની ધુરા વહન કરવાને લાયક થયેલો છે. માયાએ તેને જન્મ આપ્યો છે અને તમારા ને મારા ખોળામાં સોંપેલો છે. તેથી તેને રાજ્ય આપવાથી માયાસ્વામિનીના યત્કિંચિત ઋણમાંથી મુક્ત થઇશું. સુબુદ્ધિ હમણાં દૂર હોવાથી રાજા કાંઇ ન કરી શકે તેવો થયો છે.. નિવૃત્તિ પુત્રને લઇને નાસી ગઇ છે. આવો અવસર ફરી ક્યારે મળશે ? ભાવીભાવથી કોઇ શત્રુરૂપ કંટક ઉત્પન્ન થશે તો આપણને અવસર નહીં જાણ્યાનો શોક કરવો પડશે. મોહ પોતાના તે તે ગુણો વડે પૃથ્વીને વિષે ઐશ્વર્યપણું ભોગવશે. કદાચ તે ઉદ્ધત થશે તો પણ લોકો તો આપનું ડહાપણ જ કહેશે. તેથી હે સ્વામિન્ ! મોહને રાજ્ય દેવામાં વિલંબ ન કરો. તેને રાજ્ય મળવાથી તે આપણો મહાન ઉત્કર્ષ કરનારો થશે. એવી રીતે પ્રવૃત્તિથી પ્રેરણા પામેલા મંત્રીએ ઉપર કહેલ વાર્તાલાપ રૂપ વાજીંત્રોના શબ્દો વડે ધ્વનિત કરાયેલો છે દિશા સમૂહ જેમાં એવું રાજ્ય મોહને આપ્યું.

રાજ્ય પ્રાપ્ત થયેલા મોહના ફેલાયેલા પ્રતાપથી પ્રચંડ વાયુથી વેલડીની જેમ ત્રણે ભુવન કંપવા લાગ્યા. એક હુંકાર માત્રથી સાધ્ય થઇ શકે એવા ત્રણ જગતના સુભટોને પ્રહાર કરવા શસ્ત્ર લેવા તેની ભુજાઓ લજ્જા પામતી હતી અર્થાત્ શસ્ત્ર વિના ત્રણે જગતના સુભટોને તેણે

જીત્યા. દેવ-દાનવ-તિર્યંચ વિશે એવું કોઇ ન હતું જે પડતા વજ્રની જેમ તેની આજ્ઞાનું ઉલ્લંઘન કરી શકે.

પ્રધાન તે મોહની માતાને મનનીય હતો... તેના પિતાનો મોટો અધિકારી હતો... તેમ જ તેણે મોહનું શરીર પુષ્ટ કરીને રાજ્ય આપ્યું હતું તેટલા માટે જ મોહરાજા મન પ્રધાનને પોતાના પિતાથી ઘણું જ વધારે માન આપીને ક્ષણવાર પણ તેને પોતાનાથી દૂર કરતો ન હતો.

**શ્રી અચલગચ્છ શ્રૃંગાર આત્મજ્ઞાની**
**શ્રીમદ્ જયશેખરસૂરિ વિરચિત**
**પ્રબોધ-ચિંતામણી ગ્રંથને વિષે**
**મોહ અને વિવેકની ઉત્પત્તિ**
**તથા મોહને રાજ્ય આપવું**
**એ વર્ણનવાળો**
**ત્રીજો અધિકાર**
**સમાપ્ત**
**થયો.**

# ચોથો અધિકાર

## મોહરાજાની અવિદ્યા નગરી

મોહરાજા મનમાં વિચાર કરે છે કે અહિં અવિદ્યા નામની જુની નગરી છે તેને સજ્જ કરીને મારે ત્યાં રહેવું ઉચિત છે. મહાદેવના મસ્તક ઉપર... સમુદ્રને વિષે અને આકાશમાં એમ ત્રણે ઠેકાણે ચંદ્ર જેમ વિલાસ કરે છે તેજ પ્રમાણે રાજાઓની રીતી પણ યથેચ્છ વિલાસ કરવાની હોય છે. રાજા પણ જો અનેક સ્થાનની વ્યવસ્થા કરવામાં આળસુ હોય તો એક ઘરમાં રહેવાનો આગ્રહ કરનાર સામાન્ય લોકોથી વિશેષ કેમ કહેવાય ? એ પ્રમાણે નિર્ણય કરીને રાજનીતિના જાણકાર એવા મોહરાજાએ છિદ્રો વિનાના ઘરવાળી અવિદ્યા નામની નવી નગરી વસાવી. તે નગરી ચારેબાજુથી પાખંડીઓના મતરૂપ કાંગરાઓથી શોભતી હતી. તેમાં અજ્ઞાનરૂપ કિલ્લો બાંધીને તેમાં તે મોહરાજા રહ્યો. તે નગરીમાં સેંકડો લોકોના આવાગમનથી થતા અન્યોન્ય સંઘર્ષની સાક્ષીભૂત દરવાજા સમાન દેવ, મનુષ્ય, તિર્યંચ અને નરક એ ચાર ગતિ જોવામાં આવે છે. અહિં પ્રવર બુદ્ધિમાનોને ત્યજવા યોગ્ય રસથી ઉત્પન્ન થયેલી તેમજ સદ્-અસદ્ વસ્તુઓના વખાર સમાન તૃષ્ણારૂપી ખાઇ છે. તે નગરીમાં શીતલ છાયાથી મનોહર અને રમણીઓના ભોગરૂપ બગીચાઓ તથા કુશીલ સ્ત્રીઓના વિલાસરૂપ દુર્ગમ એવા ક્રિડા-પર્વતો આવેલા છે. કામદેવ આદિ મોહરાજાના પુત્રો ધનુર્વિદ્યાનો અભ્યાસ કરી રહ્યા છે જેમાં એવા હૃદય અને નેત્રને જીવનતુલ્ય યૌવનરૂપી વન છે. જ્યાં હિંસાની પુષ્ટિ કરનાર ગ્રંથો રૂપ તળાવો છે તથા બ્રાહ્મણો અને પક્ષીઓના સમુહરૂપ પરિવાર છે અને બાકીના ઉપદ્રવોને અટકાવવા માટે હઠવાદરૂપ મોટિ પાળ છે. આ નગરીમાં સુંદર આકારવાળી, સ્તનરૂપ કોકપક્ષીથી, ત્રિવલીરૂપ કલ્લોલથી અને હાથપગરૂપ કમલથી ઉપશોભિત એવી સ્ત્રીઓના શરીરરુપ ક્રિડા કરવાની વાવડીઓ છે. વળી આ નગરી સદાચારનો ત્યાગ કરવામાં તત્પર,

અન્યને દુષિત કરવાના વિચારવાળી અને પરચક્રરૂપ વિવેકથી થતા ઉપદ્રવોને શમાવનારી પાદર-દેવતાવાળી છે. આ નગરીમાં અનેક ભવમાં ભમવારૂપ રજથી વ્યાપ્ત થયેલા મોહરાજાના સૈન્યને ચાલવા માટે ઉચિત એવા શેરીરુપ રસ્તાઓ છે. આ નગરીમાં વિષય-સેવવાના ચોર્યાસી આસનરૂપ ચોર્યાસી બજારો છે. જે દુકાનોની શ્રેણિથી નગરની શોભા વિસ્તરે છે. તેમાં વિપરીત પરિણામરૂપ મોટા ઘરો છે કે જેમાં વ્યાસની જેમ અત્યંત આંનદી પ્રાણીઓ હમેંશા વસે છે. આ નગરીમાં વસતા સર્વ લોકો સન્નિપાતવાળા... મદિરા પીધેલા અને ભૂત વળગેલાની જેમ ઉન્મત્ત થયેલા છે. થોડા લાભથી પણ તેઓ સંતુષ્ટ થઇને ગાયન કરે છે.. અને હસે છે, તેમ થોડો પણ નાશ થવાથી તેઓ આક્રંદ કરતાં રડે છે. નગરીમાં કેટલાક લોકો કુદે છે, કેટલાક ફલાંગો મારે છે, કેટલાક વિવાદ કરે છે, કેટલાક બોલે છે, કેટલાક સ્તુતિ કરે છે, કેટલાક નિંદા કરે છે, કેટલાક યાચના કરે છે, કેટલાક વાંચે છે, કેટલાક કોપ કરે છે, કેટલાક ગર્વ કરે છે, કેટલાક પોકાર કરે છે. એવી રીતે આ નગરીમાં મનુષ્યનો કોલાહલ કોઇપણ વખત શાંત થતો જ નથી.

## મોહનું સ્વરૂપ અને પરિવાર

આ નગરીમાં મોહરાજા રાજ્ય કરે છે. તેનું વર્ણન કરે છે - કુવાસનારૂપ મહેલમાં... મૂર્ખ પુરૂષોની સંગતવાળી પર્ષદામાં..

બુદ્ધિની અતિશય ભ્રષ્ટતારૂપ સિંહાસન ઉપર બિરાજમાન છે...

કુસંસ્કાર વડે વિસ્તૃત અસંયમરૂપ છત્ર ધારણ કર્યું છે...

રતિ-અરતિ નામની વેશ્યાઓ ચપલતારૂપ ચામર ઢાળે છે...

પાખંડીરૂપ પ્રતિહારોથી મહાજનમાં ખપે છે..

પોતાના ભક્તજનોને સ્નેહવાળી અને ગંભીરદષ્ટિથી ખુશ કરે છે...

આહાર-ભય-મૈથુન અને પરિગ્રહાદિ ચાર સંજ્ઞારૂપી નટીઓએ રચેલા નૃત્યને જોઇ રહ્યો છે..

કામી પુરુષરૂપ ગાંધર્વો વડે એના ગુણગાન ગવાય છે...

ક્રિયાના તેર સ્થાનકોરૂપ વંઠ પુરુષોથી પગચંપી કરાયેલો છે...

અલંકારરૂપ વચનથી રચનાયે સર્વ શરીર વિભુષિત કર્યું છે એવો...

નિર્દયતારૂપ ખડ્ગલતાથી શોભિત ભુજાવાળો...

નાસ્તિકતારૂપ બાલ-મિત્રની સાથે ક્રિડા કરવામાં કુતુહલી...

ઘીથી સીંચાયેલા અગ્નિની જેમ દેદિપ્યમાન અને રાજાઓના સમૂહે જેમની આજ્ઞા પાળી છે એવા મોહરાજા તે નગરીમાં રાજ્ય કરે છે.

યુવાવસ્થાએ કરી પુષ્ટ શરીરવાળી **જડતા** નામની તેની રાણી છે. પોતાના પતિનો દ્વેષ કરવાવાળા પુરુષો પ્રત્યે અપ્રસન્ન રહેવારુપ પતિવ્રતાપણું પાળે છે. તેની કુક્ષિરુપ ગુફાના મધ્યભાગથી કેસરી સિંહની જેમ **મકરધ્વજ** નામનો પુત્ર થયો કે જે પોતાના પ્રતાપરૂપ સૂર્યથી વિશ્વને ક્ષોભ પમાડતો વૃદ્ધિ પામ્યો. તેને પ્રીતિ-અપ્રીતિ તથા ધનપ્રાપ્તિ વગેરે બીજી પણ પત્નીઓ હતી... પરંતુ સ્વામીનાથના ભાગ્યથી આ સર્વ સ્ત્રીઓને આપસમાં સપત્નીની ઈર્ષ્યા નહોતી. તે સ્ત્રીઓને રાગ-દ્વેષ અને આરંભ પ્રમુખ હજારો પુત્ર હતા, કે જેઓની આજ્ઞા ઇંદ્ર અને ચક્રવર્તી આદિ પણ મસ્તકે ચડાવતા. વળી અભિધ્યા એટલે વિષય પ્રાર્થના, મારિ એટલે હિંસા અને ચિંતા વિગેરે તે મોહરાજાને અનેક પુત્રીઓ છે કે જે રણસંગ્રામમાં શૌર્યતામાં પોતાના ભાઇઓથી ઓછી નથી.

મોહરાજાની યુવરાજપણાની ધુરા **વિપર્યાસ** નામના પુત્રે અંગીકાર કરી હોવાથી રાજાને રાજ્યસંબંધી કાંઇ પણ ચિંતા રહી ન હતી. સર્વ કાર્યને વિષે મર્મનો જાણ મિથ્યાદષ્ટિ નામે તે મોહ-રાજાનો પ્રધાન હતો કે જેની મુદ્રા છાપ વડે લોકો ત્રણે જગતમાં અસ્ખલિતપણે પરિભ્રમણ કરે છે.

કુમનોરથરુપ તેને સામંતો છે કે જેઓ સંપૂર્ણ રીતે તેને પગલે ચાલનારા છે અને પોતાની મેળે શત્રુની સાથે યુદ્ધ કરી જીત મેળવી સ્વામિના યશનો વિસ્તાર કરે છે.

ક્રોધ-માન-દંભ અને લોભ નામના તેના માંડલિક રાજાઓ છે કે જેમાંથી એક એકનું પરાક્રમ પણ ઘણું જ અસહનીય છે.

તેને પ્રમાદ નામનો સેનાપતિ છે કે જે શત્રુની સેનાની સાથે લડાઇ કરતાં શાંતમોહ જેવા ૧૧મા ગુણસ્થાને રહેલા મહાસુભટોને પણ નીચે પાડી દે છે.

મોહરાજાને સર્વ અભિલાષાઓ પૂર્ણ કરવાવાળા અને જેનાથી ઉત્પન્ન થયેલા વ્યવહારને પ્રાયઃ લોકો લોપતા નથી એવા સ્ત્રી આદિક ત્રણ વેદરુપ પંચાતીઆઓ છે.

નજરે જોવા માત્રથી બીજાઓને ક્ષોભ પમાડનાર **ચંડભાવ** નામે કોટવાળ છે... મહાજનના મનને પ્રિય એવો **વ્યાક્ષેપ** નામે નગરશેઠ છે.

કુકર્તવ્યરૂપ ભંડાર છે.. **સંચય** નામનો ભંડારી છે... સમસ્ત વસ્તુઓના સમૂહનો સાક્ષી સંગ નામનો દાણ/કર લેવાવાળો છે.

વિઘ્નોનો રોધ કરવામાં તત્પર એવો પાખંડીસંસ્તવ નામનો પુરોહિત છે, તથા દયાને નહિ સ્પર્શ કરનારા ત્રણ ગારવ તેના ગુપ્તિપાલો છે.

તેને પ્રિય એવો આળસ નામે શય્યાપાલક છે... ક્રૂર બુદ્ધિવાળો તથા ઘડાઓનો સંગ્રહ કરવાવાળો શ્રાપ નામનો પાણીનો અધિકારી છે...

અનેક પ્રકારના શૃંગારાદિ રસની વૃદ્ધિ કરવામાં નિપુણ કુકવિરૂપ રસોયો છે... મુખથી રાગની જાગૃતિ કરતો પ્રેમાલાપ નામનો સ્થગિઘર - પાન - બીડા આપવાવાળો છે.

મોહરાજાની સભામાં હર્ષ અને શોક નામના બે મલ્લ આપસમાં યુદ્ધ કરે છે. જેઓ મર્યાદારહિત પણે પડવા અને ઉડવારૂપ કૌતુકના કારણભૂત છે.

મોહરાજાની પાસે નિરંતર રહેવાવાળા દુષ્ટ અધ્યવસાય નામના મોટા સુભટો છે, જેઓ ચારે તરફ ભમીને મનુષ્યોને ઉન્માર્ગે લઇ જાય છે.

પોતાનાં વખાણ અને બીજાના દોષ બોલવારૂપ તેના મુખ્ય

ભાઈઓ છે કે જેઓ, વરસાદ જેમ વાયુને અનુસરે છે તેમ તેઓ પણ મોહરાજાને અનુસરીને વર્તન કરે છે.

એ પ્રમાણે મોહરાજાની નવી પ્રભુતા સાંભળીને નિવૃત્તિ, વિવેક નામના પોતાના પુત્ર સહિત પવન થકી પણ વેગવાળી થઈ... દોડતાં લાંબો માર્ગ ઉલ્લંઘન કરવાથી તે ઘણી થાકી જવાથી વિશ્રામ કરવાની ઇચ્છા કરે છે તેવામાં એક યજ્ઞનો વાડો તેને દેખાયો.

## યજ્ઞ મંડપ

યજ્ઞના સ્થાનમાં આવેલી નિવૃત્તિએ યજ્ઞમંડપનું સ્વરૂપ જોયું. મંત્રથી પવિત્ર કેરલા જળના છાંટવાથી પૃથ્વીતલ ઠંડુ થયું છે. યજ્ઞના ગોરને (ઋત્વિજને) અંદર લાવીને પગ ધોવાનું પાણી અપાય છે. અંદર સ્થાપન કરેલા યજ્ઞના સ્તંભની સાથે બકરાને બાંધ્યો છે... યોગ્ય શ્રુત પાઠો વડે યજ્ઞક્રિયાને અર્થસૂચક કરતા બ્રાહ્મણોનો ત્યાં સમૂહ છે... અડદ-ઘો પ્રમુખ હોમવા લાયક વસ્તુના વાસણોથી શોભિત છે... ઉલ્લંઠ જુવાનીયાઓ બકરો કાપવાના અવસરની રાહ જોઈ રહ્યા છે... વષટ્કાર મહામંત્રના ઉચ્ચારણના કોલાહલથી આકુળ-વ્યાકુળ થયેલા... નિરંતર ત્રેતાદિ (દક્ષિણાગ્નિ હવનિયાગ્નિ અને ગાર્હત્યાગ્નિ એ ત્રેતાગ્નિ છે.) અગ્નિના ધૂમાડાના સ્પર્શે કરી ઉલ્લાસ પામતા મનુષ્યોવાળા યજ્ઞપાટકની અંદર પ્રવેશ કરીને વૈરિની શંકાથી ચારે તરફ નજર કરતી નિવૃત્તિએ વધ કરવા માટે બ્રાહ્મણો વડે પ્રોક્ષણ એટલે મંત્રોચ્ચાર પૂર્વક જલસિંચન કરાતા બકરાઓને જોયા.

## નિવૃત્તિનું ચિંતન

અપરાધીની જેમ યજ્ઞ મંડપનું દશ્ય જોઈ નિવૃત્તિ વિચારવા લાગી - 'અરે ! આ નિરપરાધી પ્રાણીઓને અપરાધીની જેમ આ બ્રાહ્મણો કેમ દુઃખ આપે છે ? અહો ! આ યજ્ઞપાટકમાં મત્સગલાગલ ન્યાય પ્રવર્તવા લાગ્યો જણાય છે. મત્સ્યગલાગલ ન્યાય એટલે, નાના માછલાને મોટું માછલું ગળી જાય, એને એનાથી મોટું માછલું ગળી જાય. આવો ક્રમ

સંસારમાં જોવા મળે છે. અરે ! આ જગત સ્વામી વિનાનું છે. જો આ વેદ સંબંધી મંત્રોમા જ અપૂર્વ શક્તિ છે એમ આ બ્રાહ્મણો ઉદ્‌ઘોષણા કરે છે તો મારવાના વ્યાપાર વિના જ આ બકરાઓ પ્રાણથી મુક્ત થાઓ. વળી જો આ વેદ સંબંધી મંત્રોની શક્તિ પ્રમાણ સહિત હોય તો આ બ્રાહ્મણોથી મરાતા બકરાઓને કિંચિત્‌પણ વેદના ન થવી જોઈએ. તેમજ જો વેદ સંબંધી મંત્રોમાં અતિશયવાળી શક્તિ છે તો શાંતિને માટે વાઘને હોમવાથી દેવો શા માટે તૃપ્ત થતા નથી ? ઉત્સાહ વિનાની દૃષ્ટિવાળા અને બરાડા નાંખતા બકરાઓને નિર્દયપણે મારીને ધર્મ કરનારા આ યાજ્ઞિકો કસાઈને પણ ઓળંગી જાય છે. કસાઈ પ્રાણીઓનો વધ કરીને ધર્મ કહેતો નથી આ તો એને ધર્મ કહે છે.

વેદના મંત્રથી જો યજ્ઞમાં હોમાતાં પ્રાણીઓ સ્વર્ગમાં જતા હોય, તો ઈષ્ટ છે કે વહાલા માતાપિતાઓને સ્વર્ગમાં પહોંચાડવા તેમને જ યજ્ઞમાં હોમવાં જોઈએ.

વેદના મંત્રો વડે પરણેલી સ્ત્રીઓનું પણ વિધવાપણું જોઈને ક્યો વિદ્વાન પુરૂષ વેદનું નિર્દોષપણું માન્ય કરશે ? કોઈ નહીં કરે.

જ્યાં સુધી વેદના કહેવાવાળામાં રાગદ્વેષાદિના અભાવનો સુનિશ્ચય ન થાય ત્યાં સુધી વેદવાક્યમાં સત્ય પ્રતીતિ અમે તો રાખી શકતા નથી.

જેઓ વેદને 'પુરૂષથી પેદા થયેલા નથી' એમ કહે છે તેઓ ઉલટા વેદ ઉપરથી વિશ્વાસ ઉડાડી નાખનારા વેદના શત્રુઓ છે, કારણ કે પ્રામાણિક પુરૂષોના વચનથી જ જગતમાં વિશ્વાસ ઉત્પન્ન થાય છે.

પાંખ, નખ, દાઢી કે પગના બળ વિનાના બકરાઓને યજ્ઞ કરવા વાળાઓ ''દૈવ દુર્બળનો નાશ કરે છે. એ લોકમાં ચાલતી ખોટિ વાતને સત્ય કરી બતાવે છે.''

યજ્ઞને માટે જ પશુઓને પેદા કરવામાં આવ્યા છે એમ જો 'સ્મૃતિ' જણાવતી હોય તો તે પશુના માંસ ભક્ષણ કરનારા રાજાઓને તેઓ શા

માટે અટકાવતા નથી ? માંસ નહીં ખાવાનો ઉપદેશ કેમ આપતા નથી ? માંસ ભક્ષણ કર્યા વિના રાજાઓમાં પૃથ્વીનું રક્ષણ કરવાનું બળ પ્રાપ્ત થતું નથી એમ જો તેઓ કહેતા હોય તો તેમ કહેવું યુક્ત નથી, કારણ કે દૂધ અને ઘી વડે તેવું બળ પ્રાપ્ત થઇ શકે છે.

કેટલાક એમ કહે છે કે 'જીવોનો વધ કરવામાં દોષ છે પણ માંસ વેચાતુ લાવીને ખાવામાં દોષ નથી.' આ કહેવું પણ દુર્બુદ્ધિ ભરેલું છે. કારણ કે માંસ ખાવાવાળા ન હોય તો જીવોને મારે કોણ ? તેથી હણવાવાળા અને ખાવાવાળા બંને પાપના ભાગીદાર છે.

મનુ કહે છે - ''અનુમોદના કરવાવાળો, ઠાર મારવાવાળો, હણવાવાળો, લેવડદેવડ કરવાવાળો, માંસ રાંધવાવાળો, પીરસનારો અને ખાનારો આ સર્વ જીવનો ઘાત કરવાવાળા છે.''

જે નિર્વિચાર બુદ્ધિવાળાઓ પોતાના સિદ્ધાંતના રાગથી હિંસાને પણ વેદમાં કહેલી હોવાથી અહિંસા કહે છે, તેઓ નાસ્તિક મતવાળાને શા માટે આક્રોશ કરે છે ? અરે ! જેઓનું મન પંચેન્દ્રિયના જીવોનો વધ કરવામાં શંકાતું નથી તેઓને કુંથુવા અને પુરા પ્રમુખ જીવોના વધમાં તો દયા ક્યાંથી હોય ? જેઓને જીવોનો વધ કરવો એ ધર્મ છે... પાણી એ તીર્થ છે... ગાય નમસ્કાર કરવા યોગ્ય છે... ગૃહસ્થ ગુરુ છે... અગ્નિ દેવતા છે... અને કાગડો દાન આપવા માટે પાત્ર છે. તેઓની સાથે મારે પરિચય શું કરવો ? નિવૃત્તિ વિચાર કરે છે કે તેઓની પાસે રહેવાથી મને કોઇ ફાયદો નથી. આ સર્વે મારી શોક પ્રવૃત્તિના પક્ષપાતી છે. તેમજ મોહની પુત્રી મારિ (હિંસા) પણ અહીં છે. એમ વિચાર કરીને નિવૃત્તિ ત્યાંથી આગળ ચાલી.

## ભાગવત મત

નિવૃત્તિ આગળ ચાલવાના શ્રમથી પીડાયેલી વિશ્રામને માટે આમ તેમ જોતી નજીકમાં યજ્ઞના દ્વેષી ભાગવત મતના સમુદાયને તેણીએ જોયો.

લંગોટિ માત્ર વસ્ત્ર છે.. ફક્ત દંડ અને કમંડલ જેના ઉપકરણ

છે... કંઠમાં રૂદ્રાક્ષની માળા છે એવા ભાગવતને જોઇને નિવૃત્તિ ત્યાં રહેવાની ઇચ્છા કરે છે તેટલામાં '**બ્રહ્મ વિના આ સઘળો પ્રપંચ મિથ્યા છે**' આવો તે ભાગવતના મુખમાંથી નિકળતો શબ્દ નિવૃત્તિના કાને આવ્યો. તે સાંભળી વિવેક કહે છે – ''હે માતા ! અહીં શા માટે વિલંબ કરો છો ? તમે સાંભળો તો ખરા ! કાનમાં તપાવેલા સીસાના રેડવા તુલ્ય આ લોકો આમ કેમ બોલે છે ?

જો તેઓ પરબ્રહ્મ વિના બધું જ મિથ્યા કહે છે તો તૃષા લાગવાથી તેઓ નદીની શા માટે પ્રાર્થના કરે છે ? મૃગતૃષ્ણા એટલે જ ઝાંઝવાની શા માટે ઇચ્છા કરતા નથી ? કારણ કે ઝાંઝવા અને પાણી બન્ને તેઓને મન મિથ્યા છે. તો ઝાંઝવાથી તેઓનું કાર્ય કેમ સિદ્ધ થતું નથી ?

જો આ લોકોનું 'પરબ્રહ્મ વિના સઘળું મિથ્યા કહે છે' તે બોલવું પણ પ્રગટ રીતે મિથ્યા છે તો તેઓના ઉપર આપણે વિશ્વાસ કેમ કરવો ? જો તેઓ પરમાર્થ દૃષ્ટિવાળા થઇને એમ કહેતા હોય કે આ સઘળો પ્રપંચ મિથ્યા છે તે અમે પરમાર્થ દૃષ્ટિથી આત્મા નિત્યમુક્ત છે, તો તે ભાવશુદ્ધિ યુક્ત છે છતાં નદી કિનારે જઇ નિરંતર સ્નાન શા માટે કરે છે ? કેમ કે શુદ્ધ આત્માને પવિત્ર થવા માટે કાંઇ પણ કરવા જેવું નથી.

પાણીથી શરીરની પવિત્રતા... આહાર કરવાથી તૃપ્તિ...

શાસ્ત્રોથી બુદ્ધિની પટુતા... વચનો સાંભળવાથી બોધ થવો...

એ સર્વ જાણવાં છતાં આ લોકો શા માટે સર્વ વસ્તુનો અપલાપ કરે છે ? વળી તેઓ જળમાં દેખાતાં ચંદ્રના દૃષ્ટાંતથી કહે છે કે 'આત્મા તો એક જ છે' જેવી રીતે આકાશમાં ચંદ્ર તો એક જ છે પરંતુ નીચે જેટલા પાત્રમાં પાણી મુકવામાં આવે એ સેંકડો હજારો પાત્રમાં એના પ્રતિબિંબ દેખાય. ચંદ્ર એક પ્રતિબિંબ અનેક એવી રીતે આત્મા એક જ છે પણ તેના પ્રતિબિંબ અનેક શરીરોમાં જુદા જુદા છે. પરંતુ તેઓનું આ કહેવું પણ યોગ્ય નથી કારણ કે તે યુક્તિ યુક્ત નથી.

કેટલાક પ્રાણીઓ દેવપણે ઉત્પન્ન થાય છે.. તો કેટલાક નારકી

પણે ઉત્પન્ન થાય છે...

કેટલાક બ્રાહ્મણ પણે... તો કેટલાક મ્લેચ્છપણે ઉત્પન્ન થાય છે...

કેટલાક પુરુષ પણે... તો કેટલાક સ્ત્રી પણે ઉત્પન્ન થાય છે...

કેટલાક ભોગને ભોગવે છે... બીજા દીનમુખવાળા થઇ રોગોને ભોગવે છે...

કેટલાક બુદ્ધિમાં બૃહસ્પતિને પણ હરાવે એવા છે... ત્યારે બીજા કેટલાક મૂર્ખ છે...

કેટલાક કૃમી-કિડા-પતંગિયા થાય છે... કેટલાક ઘોડા-હાથી થાય છે...

જો એક જ આત્મા હોય તો આવા પ્રકારનું વિશ્વનું વિચિત્રપણું કેમ ઘટી શકે ? વળી તેની જ સિદ્ધિને માટે તેના પંડિતોએ જળ અને ચંદ્રનું જે દૃષ્ટાંત કહ્યું છે તે પણ બાળકના આલાપની જેમ યુક્ત નથી. કારણ કે તે યુક્તિથી સિદ્ધ થાય તેવું નથી.

આકાશમાં ચંદ્ર ઉદય પામે છે... અસ્ત થાય છે... ઢંકાઇ જાય છે... રાહુથી ગ્રસિત થાય છે. દુર્બળ થાય છે અને પુષ્ટ થાય છે. આ બધું એક જ સરખું જળના વાસણના ચંદ્રને પણ થાય છે. પરંતુ તેવી રીતે આત્માના સંબંધમાં કાંઇ જ થતું નથી. તેથી જલ અને ચંદ્રનું દૃષ્ટાંત બંધ બેસતું નથી.

જેમ સમુદ્રમાં કલ્લોલો ઉત્પન્ન થઇને અદૃશ્ય થાય છે પણ સમુદ્ર તો એક જ છે તેમ આ સર્વ એક આત્માના વિશેષો છે પણ તેનાથી તે જુદા નથી એમ તેઓ કહેતા હોય તો પણ તે યુક્ત નથી. કારણ કે તે તે કલ્લોલો સમુદ્રના જેવા જ હોય છે પણ તેનાથી જુદા રુપના હોતા નથી પણ અમૂર્ત્ત-અરૂપી આત્માના મૂર્ત રૂપી વિશેષો કહેવા તે વચન ખોટું છે... ઘટી શકતું નથી.

હવે વિવેક પોતાની માતા પ્રત્યે કહે છે - ''આ ત્યાગી લોકો પણ

આ પ્રમાણે અસમંજસ બોલે છે તો હે માતા ! હું એમ માનું છું કે આ બધા મોહરાજાના મિથ્યાત્વ પ્રધાનને આધીન છે.''

''હે કાર્યદક્ષ માતા ! મારી કુશલતામાં જો તારું મન સંતોષ પામતું હોય તો, થાકી જવા છતાં પણ નદી કિનારાની છાયાની જેમ આ સ્થાનનો ત્યાગ કર.'' આ પ્રમાણે પુત્રની પ્રેરણાથી પરમૈશ્વર્યવાળી નિવૃત્તિ આગળ ચાલતાં વળી થાકી, ત્યાં તે કોઇ તાપસોના આશ્રમમાં આવી ચડી.

## તાપસ આશ્રમ

પ્રયત્ન વિના મળી શકતા ખાખરાના પાંદડાની ઝુપડીમાં રહેવાવાળા...

જટા ધારણ કરવાવાળા...

વિષયાદિ ભોગો ભોગવ્યા પછી કલ્યાણની ઇચ્છાથી ભોગોનો ત્યાગ કર્યો છે જેઓએ એવા...

જ્યાં બાલર્ષિઓ પાણીના કુંભોથી નાના વૃક્ષોને સીંચી રહ્યા છે એવા...

પદ્માસનમાં બેઠેલા મુનિઓના ખોળામાં મૃગના બચ્ચાઓ જ્યાં ક્રિડા કરી રહ્યા છે એવા...

વૃદ્ધ તાપસોના આવવાથી તેઓને માન આપવામાં વ્યગ્ર થઇ છે પર્ષદા જ્યાં...

ઝુંપડીના આંગણમાં તૃણ-ધાન્યના તંદુલ સુકાઇ રહ્યા છે એવા...

જ્યાં પોપટને ભણાવાય છે અને રુદ્રાક્ષની માળા ગુંથાઇ રહી છે એવા...

તાપસ આશ્રમમાં વિશ્રામ કરવાની ઇચ્છાથી નિવૃત્તિ અંદર જઇને ચારે બાજુ જોવા લાગી.

ત્યાં તેઓનું બીજને સુકવવું. કંદ-મૂળ અને ફળની છાલને જુદી પાડવી... વૃક્ષોને પાણીથી સીંચવું અને દર્ભનું છેદવું વિગેરે જોઇને નિવૃત્તિ કહેવા લાગી - ''આ તાપસો પણ મોહરાજાના આરંભ નામના પુત્રના

વિશ્વાસપાત્ર જણાય છે, જો કે હું થાકી ગઇ છું તો પણ ચોરના આશ્રયભૂત ઝાડની માફક મારે દૂરથી જ આ આશ્રમનો ત્યાગ કરવો ઉચિત છે. આમ વિચારીને નિવૃત્તિ અવિશ્રામ પ્રયાણથી થાકી ગયેલી આગળ ચાલી, ત્યાં કૌલ મતવાળા એટલે શક્તિદેવીના ઉપાસકોને જોઇને વિચારવા લાગી.

## કૌલ મત... શક્તિદેવી ઉપાસક

તૃષાતુર હાથીનું ટોળું દેડકાના શબ્દ વડે ખાબોચીયા પ્રત્યે આકર્ષાય તેમ કામાદિની સિદ્ધિ થવાની ઉદ્‌ઘોષણાથી માણસોના મનને ખેંચતું...

મદ્યની ધારા વડે માખીઓની જેમ રસયુક્ત એવી ધાતુર્વાદની વાતોના પડકારથી લોકોને વ્યાકુળ કરતું...

મુખથી નાથ-નાથ એમ બોલવા વડે સદ્‌ગતિને માટે આસક્ત એવા શ્રોતાઓના મનને, ધરીના ખીલાથી જેમ રથને તેમ દઢ કરતું...

ઇડા અને પિંગલા નાડીના વાયુને રોકીને નાકમાં પુંમડાં રાખી સુષુમ્ણા નાડીના વાયુના સંચારને દેખાડતું...

રાખથી શરીરને ખરડતું...

અનેક પ્રકારના આસનના અભ્યાસ કરવાની ઇચ્છાવાળું આ કૌલ મતનું મંડલ મારી વિશ્રામની ઇચ્છાને પૂર્ણ કરવાવાળું લાગે છે એમ વિચારીને તેમ સન્મુખ જતાં તેમના સુખમાંથી અભિમાનવાળા કઠોર અને અસભ્ય શબ્દો સાંભળ્યા કે-

રાંડ એટલે વિધવા અને ક્રોધથી દીક્ષિત થયેલી ધર્મ-સ્ત્રીઓને ભોગવવામાં હરકત નહિ માનનારો... માંસ અને મદિરા ખાવા-પીવાની છુટવાળો... ભિક્ષામાત્રથી ભોજન કરાતો અને ચામડાના કટકાને જ શય્યા તરીકે વાપરતો એવો કૌલધર્મ કોને રમણીય નથી લાગતો ?

આ શબ્દો સાંભળીને નિવૃત્તિ વિચારે છે કે અરે ! આ તો મોહરાજાના મિત્ર ચાર્વાક અર્થાત્ નાસ્તિકના નાના ભાઇ છે. તેની સોબત

કરવી મને યોગ્ય નથી એમ કહી ચપલ એવી નિવૃત્તિ ત્યાંથી ચાલી નિકળી.

## બૌદ્ધ મત

ત્યાર પછી જેઓ ક્ષણક્ષયી સર્વ ભાવને કહે છે એવા બૌદ્ધ લોકોને વિષે પણ તેની વિશ્રામ લેવાની ઇચ્છા ન થઇ, કારણ કે જેમને પોતાને બિલકુલ સ્થિરતા નથી તેઓ બીજાને સ્થિરતા આપવાવાળા કેવી રીતે થાય? જે સ્તંભ પોતે જ પડવાની સ્થિતિમાં હોય તે સભાને આધાર દેવાવાળો કેવી રીતે થાય ? જે માણસે કર્મ કર્યું તે માણસનો નિરન્વય નાશ થવાથી બીજા ક્ષણે બીજો નવો ઉત્પન્ન થયો, તો તે પહેલા માણસનું કરેલું કર્મ કેમ ભોગવે ? બીજા માણસે સ્ત્રીની સાથે વિવાહ કર્યો તે ક્ષણમાં નષ્ટ થવાથી ભોગવવાવાળો બીજો થયો. પુત્રનો જન્મ આપનાર બીજો થયો અને તેનો પિતા પણ જુદો જ કહેવાય. આ કેવી વાત ? અપરાધ બીજા માણસે કર્યો, તેનો દંડ બીજા માણસને કરાય. આવી બૌદ્ધ લોકોની માન્યતા નવીન અને કલ્પનાતીત છે. ભોજનથી તૃપ્તિ થવી... ચાલવાથી થાકી જવું... અને ઔષધોથી રોગની શાંતિ થવી. આ સર્વ વ્યવહાર આત્માની સ્થિરતા વિના અશક્ય છે. જો આત્મા ક્ષણ વિનશ્વર હોય તો પછી પુણ્ય-પાપ શું ? સ્વર્ગ - નરક શું ? આ સર્વ જગત શૂન્ય થઇ જશે.

આ તો મહારાજાની સ્ત્રી જડતાના ભક્તો છે, અહીં આવેલી મને જોઇ લેશે તો ? એમ વિચારે છે ત્યાં નિવૃત્તિએ તેઓના ગુરુએ કથન કરેલું શાસ્ત્ર-વચન સાંભળ્યું -

કોમલ શય્યામાં સુવું... પ્રાતઃકાલમાં ઉઠીને દુધ પીવું... મધ્યાહ્ને અનાજ ખાવું... છેલ્લા પ્રહરમાં પીવા લાયક પદાર્થનું પાન કરવું... દ્રાક્ષ અને સાકર મધ્યરાત્રીએ ખાવા, આ પ્રમાણે કરવાથી અંતે શક્ય પુત્ર એટલે બુદ્ધે મોક્ષ જોયો છે.

તે સાંભળીને દુઃખી થયેલી નિવૃત્તિ વિચારવા લાગી કે અરેરે !

સર્વોત્કૃષ્ટ એવા મોક્ષતત્વને આ લોકો વિડંબિત કરે છે. મોક્ષાભિલાષિઓને કોમલ શય્યામાં સૂવું વગેરે ઉપદેશ આપનારા આ કપૂરની ઈચ્છાવાળાને લવણ એટલે મીઠું આપવા જેવું કરે છે. ઉપર કહ્યા પ્રમાણે કોમલ શય્યામાં સુવું વિગેરે કરવાથી નિશ્ચે ઈંદ્રિયોનું પોષણ થાય છે અને તે પોષણથી સંસારરુપ સમુદ્રની વૃદ્ધિ થાય છે. દિશાઓના વિભાગને નહીં જાણનારા જેમ માર્ગ બતાવી ન શકે તેમ સંસાર અને મોક્ષનો ભેદ નહિં જાણનારાઓએ ગુરુપણું ધારણ કરવું ઉચિત નથી. મોક્ષના નામે ભોળા લોકોને સંસારરુપ કુવામાં ફેંકતા આ ધૂર્ત લોકોનો વિશ્વાસ કરવો ઉચિત નથી એમ વિચારી નિવૃત્તિ ત્યાંથી ચાલવા લાગી.

આગળ ચાલતાં કાપાલિક... નાસ્તિક... નીલપટ... કુંભચટક... અને આરાહમાણક વિગેરે જે જે મત તેણીએ જોયા તે સર્વે મોહરાજાના મિત્ર છે એમ જાણી વૈરીઓના પક્ષપાતીઓનો પણ વૈરીની જેમ નિવૃત્તિએ દૂરથી જ ત્યાગ કર્યો. એ રીતે ભમી ભમીને ઘણી થાકી ગયેલી અને વિશ્રામ કરવાની ઈચ્છાવાળી નિવૃત્તિ, દુરાત્માઓને દુઃખે પ્રાપ્ત થઈ શકે એવા પ્રવચન નામના શહેરમાં આવી.

## પ્રવચન શહેર

પ્રવચન શહેર કેવું છે ?

જેમાં મનોહર **ચારિત્ર** નામના મહેલ ઉપર રહેલા **ધર્મધ્વજ-રજોહરણ** જોવા માત્રથી પણ મનુષ્યોના પરિશ્રમને શમાવે છે. જ્યાં પવિત્ર આશયવાળા ઉત્તમ પુરૂષો ઉપદેશના નિમિત્તથી પાપકર્મરૂપ ચાંડાળનો અંદર પ્રવેશ જ અટકાવે છે. જ્યાં મધ્યભાગની અંદર સાધુ ભગવંત રહે છે અને બહારના ભાગમાં સમ્યગ્દૃષ્ટિ જીવો છે. જેમની સાથે ઈન્દ્રો પણ મિત્રતા કરવાની અભિલાષા રાખે છે. નિરંતર તાત્વિક... આત્માસંબંધિ સુખને જ ભોગવતા ત્યાં વસતા લોકો દેવતાઓના સુખને પણ તૃણ સમાન જ લખે છે. જેમ રાજ્યને ભંડાર દુર્લભ નથી તેમ જેનું નામ સાંભળવાથી પ્રાણીઓને મહાન સુખ થાય છે એવી મોક્ષ નગરી તે પ્રવચન શહેરમાં

રહેનારા લોકોને દુર્લભ નથી. પોતાને ઉચિત સ્થાનના લાભની ચિંતાથી પીડાયેલી નિવૃત્તિએ તે શહેરમાં શાંતિના કારણભૂત પાંચે ઇન્દ્રિયોના દમન કરવારૂપ **અક્ષ-દમન** નામે વન જોયું. તે વનમાં સાધુઓના મુખરુપ કુંડથી ઉત્પન્ન થયેલું અને કર્ણરૂપ નીકની સાથે મળેલું અર્હત ભગવાનના વચનરૂપ અમૃત ઘણા ભવ-ભ્રમણથી ખેદ પામેલા જીવોને સુખ આપે છે. ત્યાં ધર્મશ્રુતિરુપ લતા-વેલીથી ઉત્પન્ન થયેલ ઉત્તમ કાવ્યરૂપ પુષ્પોના અર્થરૂપ મકરંદ એટલે પુષ્પના રસનું પાન કરીને યોગીઓના મનરુપ ભ્રમરો આનંદિત થઇ રહ્યા છે. તે પવિત્ર વનમાં પરિશ્રમ દૂર કરવા માટે વિશ્રામ લેતી નિવૃત્તિએ નજીકમાં જ્ઞાન-દર્શન અને ચારિત્રરુપ ત્રણ મજલાવાળા મહેલમાં રહેનાર... સ્નિગ્ધ અને ગંભીર દૃષ્ટિ વડે જોવા માત્રથી પાપના સમૂહને નાશ કરનાર... કોમલ અને દેદિપ્યમાન આકૃતિ વડે પોતાને અલૌકિક જણાવનાર... સર્વ વિદ્યાનું રક્ષણ કરનાર... પાપના સમૂહને ભય ઉપજાવનાર... જોવા માત્રથી જ આનંદ આપનાર કોઇ દિવ્ય આકૃતિવાળા મનુષ્યને જોયો. ત્યારે હર્ષ ઉત્પન્ન થવાથી રોમાંચિત અને ઉલ્લસિત શરીરવાળી તથા પોતાને સુખી માનતી નિવૃત્તિએ તીર્થની જેમ તેને નમસ્કાર કર્યો.

તે મહાત્માએ પણ કોમળતાથી સુખ-શાંતિ પૂછવાપૂર્વક સ્વાગત કર્યુ, ત્યારે તેણીએ મેઘથી સીંચાયેલી જમીનની જેમ પૂર્વનો સર્વ તાપ દૂર કર્યો. પછી નિવૃત્તિએ પૂછ્યુ - 'હે બુદ્ધિના ભંડાર આપ કોણ છો ? આ વનમાં શા માટે રહો છો ? અને આપ શું શું જાણો છો ? જો પરહિત કરવાની ઇચ્છા હોય તો મને સત્ય કહો.'

મહાત્માએ કહ્યું - ''હે કલ્યાણી ! સાંભળો... માયારહિતને કાંઇ પણ ગુપ્ત નથી. હું વિમલબોધ નામે પ્રસિદ્ધ સિદ્ધ પુરૂષ છું. નજીકમાં આવેલા પ્રવચન શહેરના મુખ્ય અધિપતિ અર્હંત નામના રાજાએ તે તે જાતના વૃક્ષોના સ્થાનરૂપ ઇન્દ્રિય દમન નામના આ વનનું રક્ષણ કરવા માટે મને નિમ્યો છે. આ યોગ નામના મહેલની પહેલી ભૂમિકામાં રહીને

હું વનનું રક્ષણ કરતો. સંતોષ અને પુષ્ટિ કરવાવાળા આ વનના ફળો વડે આજીવિકા ચલાવું છું. આ અરિહંત પ્રભુની મારા ઉપર કોઇ અતિશયવાળી પ્રસન્નતા છે કે જેથી કરીને પરોક્ષ વસ્તુઓને પણ પ્રત્યક્ષની જેમ જોઉં છું.''

આ પ્રમાણે સાંભળીને પ્રેમથી નમ્ર થયેલી નિવૃત્તિ હાથ જોડીને તે મહાત્માને કહેવા લાગી - ''હે સમગ્ર જગતને ઉપકાર કરવાવાળા ! કોઇ પુણ્યના ઉદયથી મેં આપને જોયા છે. અરે ! સ્ત્રીપણુ... પતિ તરફથી પરાભવ... પુત્રની બાલ્યાવસ્થા, ઘણાં વખતથી ભટકવું ઇત્યાદિ મારા દુઃખસમુહનું આપની આગળ કેટલું વર્ણન કરું ? હે કરુણાસાગર ! હે પિતા ! આજે અકસ્માત આપનું દર્શન થવાથી મારા સર્વ દુઃખોનો નાશ થયો છે તો હે સૌમ્ય ! મારા ઉપર પ્રસન્ન થઇને તમો સ્પષ્ટ કહો કે કાંઇ પણ પ્રભુતા એટલે જ ઠકુરાઇ પામીને સુખી થયેલા મારા પુત્રને હું ક્યારે જોઇશ ?''

## વિવેકનું તત્વરુચિ સાથે પરણવું

તે વિમલબોધ નામના મહાત્મા પણ વિવેક-બાળકને પોતાના ખોળામાં બેસાડીને તેના દોષરહિત સર્વ લક્ષણો જોઇને નિવૃત્તિને કહેવા લાગ્યા કે - ''હે ભાગ્યવાન સ્ત્રી ! મારું કહેવું માનો તો હું તમને તેનો ઉપાય કહું, કેમ કે પ્રામાણિક પુરુષના વચનનું ઉલ્લંઘન ન કરવું તેજ ઇષ્ટ સિદ્ધિનું કરવાવાળું છે. મારા ઉત્તમ માર્ગની ગવેષણા નામની સ્ત્રીની કુક્ષિથી ઉત્પન્ન થયેલી અને પંડિત પુરૂષોએ વર્ણન કરેલી તત્વરુચિ નામે મારે એક કન્યા છે. હે મૃગલોચને ! યૌવનાવસ્થાને પામેલી તત્વરૂચિને જો તમારો પુત્ર પરણે તો આ તમારા પૂછેલા પ્રશ્નોનો સાર હું કહું. આ વિવેક સકલ ઉત્તમ આચરણવાળો છે અને આ તત્વરૂચિ પણ જન્મથી જ પ્રકાશિત છે આ બન્નેનો મેલાપ ચંદ્રમાં અને પૂર્ણિમા જેવો છે.''

આ પ્રમાણેનાં મહાત્મા વિમલબોધનાં વચનો સાંભળીને અને કન્યાને પૂર્વોક્ત ગુણવાળી જોઇને રોમાંચિત શરીરવાળી નિવૃત્તિ તેને કહેવા

લાગી – ''હે મહાશય ! અનુભવ કરેલ પરાભવરૂપ વ્રણ એટલે ગુમડાંને રુઝાવવાને સંરોહિણી ઔષધિસમાન અને પુત્રના પાણિગ્રહણની ચિંતારુપ સમુદ્રને તરવાને હોડીસમાન તમારી વાણી જયવંતી થાઓ. અહો મારું ભાગ્ય કે મને રહેવાના સ્થાનનો પણ સંશય હતો ત્યાં અકસ્માત સાક્ષાત્ લક્ષ્મીના સમાન વહુ પ્રાપ્ત થઇ. કલ્યાણની ઇચ્છાવાળી હું તમારા વચનોની અવગણના કરું એ ન જ બની શકે, કેમ કે જીવવાની ઇચ્છાવાળો ક્યો માણસ પ્રાપ્ત થયેલ અમૃતનો આદર ન કરે ?''

ત્યારે તે મહાત્માએ કહ્યું કે – ''હે પંડિતા ! જો એમ છે તો હવે વિલંબ શું કરો છો ? પૂછ્યા વગર જ આ મુહૂર્ત આવ્યું છે કે જ્યાં આપણા બન્નેનો સમાગમ થયો છે.''

ત્યાર પછી પોતાના મનના ઉલ્લાસરુપી ઉચિત મહોત્સવ પૂર્વક વિમલબોધી તત્વરૂચિ નામની પુત્રીને તુરત જ વિવેકની સાથે વિવાહીત કરી. પછી પુત્રીને યોગ્ય સ્થાને આપવાથી હર્ષિત થયેલો અને જગતનું હિત કરનારો તે સિદ્ધપુરુષ નિવૃત્તિને કહેવા લાગ્યો કે – ''હે મહાભાગા ! તમે સાંભળો કે ચંદ્રની વૃદ્ધિ અને હાનિ થાય છે તેમ સંપદા અને વિપદા પણ મહાન પુરૂષોને જ પ્રાપ્ત થાય છે. સંગ્રામમાં શસ્ત્રના પ્રહાર અને રાજદરબારમાં સોનાના આભુષણો ઘોડાઓને જ પ્રાપ્ત થાય છે પણ મહાપુષ્ટ એવા ગધેડાને પ્રાપ્ત થતાં નથી. મહાન પુરૂષો આપદામાં પણ પોતાના સ્વાભાવિક ધૈર્યનો ત્યાગ કરતા નથી. કેમ કે મહાન પવનના આઘાતથી પણ મેરુપર્વત ચલાયમાન થતો નથી. પુણ્યવાન જીવોને આપદા લાંબા સમય સુધી રહેતી નથી, કેમ કે સદાચારવાળો ચંદ્ર રાહુના મુખમાં ગયો હોય તો પણ શું થોડા વખતમાં મુક્ત થતો નથી ? હે નિવૃત્તિ! આ તમારો પુત્ર વિવેક હવે સર્વ આપદાઓને પાર પામી ગયો છે, હવે તે પોતાના પુણ્યથી જ નિરંતર વૃદ્ધિ પામશે. આ પ્રવચન નામના નગરમાં અનિવાર્ય પરાક્રમવાળો અને અંતરંગ શત્રુઓના બળને જીતવાવાળો અર્હત નામે રાજા છે. તેની કૃપાથી ભુક્તિ-ભોજન તો મળી

શકે, પરંતુ મુક્તિ પણ દૂર નથી, અર્થાત્ રાજાની કૃપાથી ભુક્તિ અને મુક્તિ બન્ને નજીક છે. આ કારણથી તેની સાથે સરખામણીમાં કલ્પવૃક્ષ પણ હીનતાને પામે છે. તે રાજાના મસ્તક ઉપર ધારણ કરાતાં ત્રણે લોકના ઐશ્વર્યને સૂચવનારાં ત્રણ છત્રોને જગત્સાક્ષી સૂર્ય પણ નિવારણ કરી શકતો નથી. સૂવર્ણ અને મણિમય જે ત્રણ ગઢ ઉપર તેનો નિવાસ છે તે ગઢના સોમાં ભાગની શોભા પણ દેવોના મહેલમાં નથી. પૃથ્વીમાં પર્યટન કરતાં, સોનાના કમળો જાણે પરાભવ પામ્યા હોય નહીં તેમ અકસ્માત તેમના પગ આગળ શોભે છે અર્થાત્ કમળયુક્ત પાદુકા શોભામાં વૃદ્ધિ કરે છે. તે રાજા જ્યારે ઉંચા સિંહાસન ઉપર બેસે છે ત્યારે અવસરના જાણ સેવકની જેમ અશોકવૃક્ષ નિરંતર છાયા કરે છે. જેમનું સ્વામિપણું એકેકથી આશ્ચર્ય વૃક્ષના મૂળ જેવું છે, અર્થાત્ આશ્ચર્યકારી છે તેવા ઇંદ્રાદિક દેવો પણ તેની આગળ વગર પગારના સેવક સરખા છે. તેની વાણી સાંભળવાની ઇચ્છાવાળા સુર-અસુર તિર્યંચ અને મનુષ્ય જાતિ વૈરનો ત્યાગ કરીને તેની પર્ષદામાં બેસે છે. તેને નમસ્કાર કરવાને દેવોનો સમુહ જતો આવતો હોવાથી સ્વર્ગથી પાતાલ સુધીનો માર્ગ શૂન્ય થતો નથી. તેની આગળ રહેલું ધર્મચક્ર આકાશમાં રહેલા સૂર્યના કિરણની જેમ અન્ય ધર્મના દર્પરૂપ અંધકારનો નાશ કરવા માટે શોભે છે. તેને જીતવાની ઇચ્છાથી આવેલા શત્રુના સમુહને ચપલ વસ્ત્રના છેડાના નિમિત્તથી કંપનને સુચવતો ઇંદ્રધ્વજ તેમની આગળ શોભી રહ્યો છે. દુંદુભિના શબ્દ, સુગંધી જલની વૃષ્ટિ, અને પુષ્પના ઢગલા વિગેરે તેના સર્વે અતિશયો બીજાઓને સ્વપ્નમાં પણ દુર્લભ છે. સિંહે આક્રમણ કરેલા ક્ષેત્રમાં શિયાળણીની જેમ તે અર્હત્ રાજાએ પરિભ્રમણ કરેલા ક્ષેત્રમાં ઇતિ, દુકાલ, રોગ, અગ્નિ, ગ્રહ, પીડા અને લડાઇથી પેદા થતી વ્યથા પ્રવેશ કરી શકતી નથી. તે અર્હત્ પ્રભુ કરુણાના સમુદ્ર અને કેવળજ્ઞાન યુક્ત હોવાથી જગતની પીડા જાણવાને અને દૂર કરવાને સમર્થ છે. તેથી સ્થિર ચિત્ત રાખીને આ મારો જમાઇ પ્રયત્નથી જો તેની સેવા કરશે તો અલ્પ સમયમાં

શત્રુને હણીને નિશ્ચે તે રાજ્ય પામશે.

આ પ્રમાણે તે મહાત્માના કહેલા વચનો રુડી રીતે સાંભળીને ઉત્પન્ન થયેલા કૌતુકવાળી અને સંદેહ રહિત થયેલી નિવૃત્તિ શાંતિ પામી. પછી પોતાના હિતની આશાથી પુત્ર સહિત વહુને સાથે લઈને પ્રવચન નગરમાં જવા માટે મન-પ્રધાનની સ્ત્રી નિવૃત્તિ ત્યાંથી ચાલવા લાગી.

## પાખંડીઓ

ત્યાં પાણીના ખાબોચીયામાં બગલાઓ જેવા તે નગરની નજીકમાં રહેવાવાળા નિર્દય... કપટી અને લોભી એવા પાખંડીઓને તેણીએ જોયા. જેમ પારધિઓ કપટ-ક્રિયા વડે હરિણને જાળમાં રોકી લે છે, તેમ અર્હતની પાસે જતા માનવીઓને આ પાખંડીઓ અસદ્ વચનોના પ્રપંચવડે રોકી રાખે છે. સૂર્ય, ચિત્રા નક્ષત્રને પામીને અધિક તેજવાન થાય છે તેમ તત્વરૂચિ સ્ત્રીને પામીને અધિક શોભાયમાન થયેલા વિવેકને વશ કરવા માટે તેઓ આ પ્રમાણે કહેવા લાગ્યા.

''હે પુત્ર ! અહિં આવ... અહિં આવ. ફોગટ ઝાખું મોઢું ન કર. અમે તારો ઉદ્ધાર કરીશું... તારા શરીરે આવી દુર્બળતા શોભતી નથી. તું આગળ ક્યાં જાય છે ?... ત્યાં તુ અધિક શું પામીશ ? તે અર્હત્ સાંભળવા માત્રમાં જ રમ્ય છે, તેનું સેવન કરવાથી સંસારનો વૈભવ નાશ પામે છે. તે તુષ્ટ થવાથી કાંઈ આપતો નથી અને રૂષ્ટ થવાથી કાંઈ ખેંચી લેતો નથી. તેથી તે આકાર માત્રથી પુરુષ છે તેના બળનો નિશ્ચય ઉપરની હકીકતથી ભાવી લે.

આ જગતને બનાવનાર... પાલન કરનાર અને તેનો સંહાર કરનાર તથા ત્રણે જગત જેને આધીન છે એવા હરિહરાદિ દેવાને ડાહ્યા માણસોએ સ્તવ્યા છે. આ દેવ તુષ્ટ થવાથી પ્રભુતા આપે છે અને રુષ્ટ થવાથી બધું જ ખેંચી લે છે, તો ભક્તિ અને અભક્તિનું ફળ સાક્ષાત્ જોવા છતાં અર્હત્ ને વિષે મોહ ન પામ. ધનુર્વિદ્યા, કામશાસ્ત્રનું તત્વ, વૈદક અને જ્યોતિષ્ક વિગેરે આ હરિહરાદિ દેવો જગતમાં કહે છે પણ જિનવરો

તો તેની ચિંતા પણ કરતા નથી. આ દેવો લીલામાત્રમાં મુક્તિ આપે છે. ત્યારે જિનવરો તો ઘણા કષ્ટો વડે આપે છે, માટે સુખથી સાધ્ય થઇ શકે તેવામાં વ્યર્થ કષ્ટ ક્યો વિદ્વાન કરે? ખાવાનું, વાજિંત્ર વગાડવાનું, યુદ્ધનું, નાટકનું, હાસ્યનું, ગાયનનું અને કથારસનું કાંઇ પણ સુખ જે નાયકમાં નથી તે સુખ પશુની જેમ નીરસ છે. વળી જેને પોતાના સ્વાર્થમાં પણ ઉદાસીનતા છે તેનાથી લાભની જે ઇચ્છા રાખવી તે આકાશ-પુષ્પથી પોતાના મસ્તકના મુગટની રચના કરવા જેવી અસંભવિત છે. વળી હરિહરાદિનું ભક્ત આખું જગત છે ત્યારે અર્હત્‌ના ભક્ત તો થોડા માત્ર છે. તો ઘણા માણસો જે રસ્તે જાય છે તે રસ્તો શું શ્રેયસ્કર ન હોય ?''

એ પ્રમાણે શિયાળીયા જેવા હલકા શબ્દો સાંભળીને સિંહ જેવા પરાક્રમવાળો અને જગતના સ્વામીની સેવાનો અર્થી વિવેક તેઓના પ્રશ્નોના ઉત્તર આપે છે.

''અરે ! તમે શા માટે મને બોલાવો છો ? જેવે તેવે ઠેકાણે મને સુખ થતું નથી. મહાવાયુથી જેમ પર્વત ક્ષોભ ન પામે તેમ આ અસંબદ્ધ વાણીથી હું ક્ષોભ પામવાનો નથી. તત્વરુચિ સાથે વિવાહિત થયેલા મારા મુખ ઉપર ગ્લાનિ હોય નહિં અને કદાચિત હોય તો તમારા જેવાની વિપરીત યુક્તિથી તેનું નિવારણ થઇ શકે તેમ નથી. ધૂમાડો જોવાથી તે સ્થળે અગ્નિ હોવાનો નિર્ણય કરાય છે તેમ સુદેવને છુપાવવાનું અને કુદેવને પ્રકાશિત કરવાનુ તમારું મિથ્યાવાદીપણું નિશ્ચિત થાય છે. મોહને આધીને થયેલા તમે મારો ઉદ્ધાર નહિ કરી શકો, કારણ કે મિથ્યા ભાષણ કરવું તે જ મોહ કહેવાય અને તે તો તમારે વિષે પ્રકાશિત છે.

ઇષ્ટ સ્વામી નહિં મળવાથી મારા શરીરે ઘણા કાળથી આ દુર્બળતા થઇ છે તે ત્રણ જગતના નાથ અર્હત્‌ પ્રભુની સેવા કરવાથી નિવૃત્ત થશે. તે દેવાધિદેવ શ્રી અરિહંત પ્રભુની જે સેવા કરે છે તેના ઉપર તમે શા માટે કોપ કરો છો ? કેમ કે મણિ ગ્રહણ કરવાવાળાની કાચ ગ્રહણ કરવાવાળો નિંદા કરે તો પોતે જ નિંદાને પાત્ર થાય છે. પીતળ અને

કાંચન, કાચ અને મણિ, ખદ્યોત અને સૂર્ય, ઘાસ ઉગે તેવી ખરાબ જમીન અને વૃક્ષ વિરાજીત પૃથ્વી (ઉખર ભૂમિ અને ફળદ્રુપ ભૂમિ) એઓ વચ્ચે જેટલું અંતર છે તેટલું સુદેવ અને કુદેવમાં અંતર છે. સુવર્ણ-સિદ્ધિના અર્થી જેમ પારાની સેવા કરે તેમ કલ્યાણના ઇચ્છક વિદ્વાન પુરુષો દૂષણ રહિત, પ્રગટગુણવાળા દેદીપ્યમાન અને ઉજ્વળ ગુણવાળા દેવને સેવે છે. માટે તમે પક્ષપાત મૂકી દો, ગુણવાન ઉપર સ્નેહવાળા થાઓ, પોતાના મિથ્યા શાસ્ત્રો ઉપર જ વિશ્વાસ ન રાખો. એક અર્ધ ક્ષણ પણ મનને નિર્મળ કરીને વિચાર કરો. હે આર્યો ! તમે જાણ્યું કે ઇન્દ્રિય દમન, શમભાવ, સમતા, સત્ય વચન વિગેરે ઉત્તમ ગુણોની શ્રેણિ અને કાંક્ષા એટલે અન્ય વસ્તુનો અભિલાષ, વિષયવાંછના, અહંકાર, અસત્ય વચન, ક્લેશ, કપટ વિગેરે દોષોનો સમુહ આ વર્ણન કરેલા સર્વ ગુણ અને દોષ કોની અંદર છે ? અર્થાત્ જિનેશ્વરને વિષે છે કે બીજા દેવોને વિષે છે તેનો તમે પોતે જ વિચાર કરો.

જેમનામાં કામસંબંધિ પ્રપંચ નથી... ક્લેશ સંબંધિ દોષ નથી...
ઇન્દ્રિઓનો ઉપદ્રવ નથી... તૃષ્ણાના કલ્લોલ નથી...
કપટ કરવામાં પ્રવીણતા નથી... ક્રોધાગ્નિનો તાપ નથી...
અહંકારનો વિકાર નથી... કોઇનો પરાભવ કરવાપણું નથી...

વિસાલસંબંધિ ખોટી આશાઓ નથી તે દેવને જ નિશ્ચે મોક્ષ-પદની ઇચ્છાવાળા ઉત્તમ પુરુષોએ પૂજવા જોઇએ. આ જગતમાં નિર્દોષતાના યશને વહન કરવાને અસદશ પરાક્રમવાળા વીતરાગદેવ વિના બીજો ક્યો ગૃહ-શુરો દેવ સમર્થ છે ?

બીજા દેવો સ્ત્રીને રાખતા હોવાથી રાગી...
રુદ્રાક્ષની માળા રાખવાથી મોહી...
શસ્ત્રો રાખવાથી ક્રોધી-દ્વેષી...
જાપ કરતા હોવાથી અધુરા.. અને
અવતાર લેતા હોવાથી તેઓ સંસારી દેખાય છે.

જો તેઓ મુક્ત થયા હોય તો અવતાર કેમ લે છે ? જ્ઞાની છે તો દૈત્યો શા માટે બનાવે છે ? જેથી તેઓને મારવાનો પ્રયત્ન કરવો પડ્યો... જો તેઓ શાંત છે તો ક્રીડા શા માટે કરવી પડે અને પ્રામાણિક છે તો કપટ કેમ કરવું પડે છે ?

વળી દેવના ચરિત્રનો વિચાર જ ન કરવો અર્થાત્ તેઓ ગમે તેમ ચાલે, આ કહેવું ડહાપણવાળું નથી, કેમ કે જગતમાં મહાપુરુષોએ લીધેલો માર્ગ કોને પ્રિય હોતો નથી ? સર્વને પ્રિય હોય છે. આમ હોવાથી જ્યારે મહાપુરૂષોનો સમુદાય નિર્મર્યાદાપણે ઇચ્છાનુસાર ચેષ્ટા કરશે તો તેમના શિષ્યોની સમિતિ પણ તેમજ કરશે. તેથી ખેદની વાત છે કે આમ કહેવું તે ધૃષ્ટતા-નિર્લજ્જપણું બતાવે છે.

અરે ! મનુષ્યભવ પામ્યા છતાં પણ જેઓ તત્વ પરીક્ષામાં ઉદાસીનતા રાખે છે તે મૂર્ખાઓ શું પશુ-ગતિમાં ગયા પછી તત્વ પરીક્ષા કરશે ? અથવા તમે સરલ અને જડ સ્વભાવવાળા હોવાથી સત્ય-ધર્મની પરીક્ષામાં આળસુ મનવાળા છો એમ કહેશો તો રત્ન, વસ્ત્ર, ધન, સુવર્ણ, અનાજ, ઘી અને જલ પ્રમુખની પરીક્ષામાં શા માટે આળસુ સ્વભાવ રાખતા નથી. અલ્પ માત્ર સુખ થાય તેવી વસ્તુઓની પણ જ્યારે માણસો પરીક્ષા કરે છે, તો સર્વ સુખને દેવાવાળા ધર્મ તત્વની પરીક્ષા તો વિશેષ પ્રકારે કરવી જોઇએ.

વળી હરિહરાદિ દેવો તેના અંશ છે અને તત્વ તો જુદું અને નિરંજન છે એમ તે વીર પુરુષો કહેતા હોય તો તેઓને અમે પૂછીએ છીએ કે - તે અંશો મુખ્ય સ્વરૂપથી ભિન્ન છે કે અભિન્ન છે ? જો ભિન્ન હોય તો તેઓથી અમારી જેમ મુક્તિ નહીં જ થાય. અને જો અભિન્ન હોય તો તેઓના દોષોનું આરોપણ તે તત્વ ઉપર થશે અને બન્ને માનશો તો પૂર્વોક્ત દોષો સ્પષ્ટ છે તેમાં કાંઇ પણ ખોટું નથી. તત્વશક્તિ જ્ઞાનવાન જગતની રક્ષક અને સર્વવ્યાપી હોય તો શા માટે કોઇ કોઇ ઠેકાણે ધર્મરહિત માણસો ધાર્મિક માણસોનો તિરસ્કાર કરે ?

જે દોષસહિત છે તે કપટરહિત હોતા નથી અને જે કપટ સહિત હોય છે તે સત્ય વચનવાળા હોતા નથી. આવા દોષવાન ઉપર જે વિશ્વાસ રાખે છે તેઓ પોતાના કર્મથી હણાયેલા સમજવા.

સ્ત્રીસંગ, જપમાળાનો જાપ અને શસ્ત્ર પ્રમુખ દોષોથી રહિત જિનેશ્વરમાં કઇ યુક્તિથી વિદ્વાનો દોષારોપણ કરી શકે તે કહો ? જેની દૃષ્ટિ મધ્યસ્થ છે... મુખ શાંત છે... ધ્રુવ પદ્માસન છે અને શાંત પરિકર છે તેવા દેવને વિષે દોષોત્પત્તિ ક્યાંથી હોય ?

ત્રણે જગતની રચના, પાલન અને સંહાર કરવો એ બ્રહ્મા વિષ્ણુ અને મહાદેવને આધીન છે એમ કહેવું વચન ચાપલ્ય માત્ર છે. કેમ કે જગતમાં વિપરીતપણું પ્રત્યક્ષ દેખાય છે. કેમકે સજ્જનોને જ બનાવવા તથા પાળવા અને દુર્જનોનો સંહાર કરવો એમ આ જગતમાં અમે જોઇએ તો તેમની નિપુણતાની અમે સ્તુતિ કરીએ પણ તેમ દેખાતું નથી. આત્મા-દિશા-આકાશ અને કાળ વિગેરે કેટલીક વસ્તુઓ તેઓ અકૃત્રિમ માને છે, તો તેમનો સર્વકર્તૃત્વવાદ અર્ધખંડીત થઇ જાય છે. તેમજ દુઃખ-વ્યાધિ-જરા-મૃત્યુ-નરક અને ગર્ભાવાસાદિ બ્રહ્માદિની કૃતિ જગતના જીવો પ્રત્યેની સ્પષ્ટ શત્રુતા બતાવે છે. જો શુભાશુભ કર્મની અપેક્ષાએ પ્રાણીઓને તે બ્રહ્માદિ ફલ આપે છે એમ જો કહેતા હો તો તે કર્માદિ તો અમારે પણ પ્રમાણ હોવાથી તે કર્મનું મુખ જોનારા બ્રહ્માદિનું શું પ્રયોજન છે ?

**અર્હંત ભક્તો ઉપર તૃષ્ટમાન થતા નથી તેમ અભક્તો ઉપર ક્રોધાયમાન થતા નથી, પણ તેમની ભક્તિથી પુણ્ય અને અભક્તિથી પાપનો અનુબંધ થાય છે. અને તે પુણ્ય-પાપની પરિપક્વતાએ મનુષ્યોને સુખ અને દુઃખ થતાં હોવાથી અર્હંતને પણ ઉપચારથી કર્તા કહો તો કાંઇ વાંધો નથી.**

કરેલા કર્મ ભોગવ્યા વિના ઉલ્લંઘન થઇ શકતાં નથી... ટાળી શકાતા નથી એ પ્રમાણે કહેનારા તમારે પણ તે કર્મ જ કર્તા પણે પ્રમાણ

છે માટે તત્વથી બ્રહ્માદિ કોઇ કર્તા નથી જ. બ્રહ્માદિ ભક્તોને સંપદા આપવામાં અને અભક્તોની સંપદા હરી લેવામાં સમર્થ હોત તો તેમના સર્વે ભક્તો ઇંદ્ર જેવા અને અભક્તો દરિદ્ર થવા જોઇએ.

વૈદક પ્રમુખનો ઉપદેશ આપવાથી તે બ્રહ્માદિ વિદ્વાન પુરુષોએ બહુમાન કરવાને લાયક નથી, કેમ કે તેના ઉપદેશથી રહિત યવનાદિ જગતમાં જીવે છે. રણસંગ્રામમાં શૂરવીર હોવાથી અને શત્રુઓના સમુહનું નિકંદન કરવાથી તેઓમાં દેવપણું ઇચ્છતા હો તો તેવા શુરવીર રાજાઓમાં દેવપણું શા માટે ન માનવું ? તે રાજાઓ મુક્તિ દેવામાં સમર્થ નથી માટે તેઓને દેવ તરીકે ન માનવા એમ જો તમે કહેતા હો તો આ બ્રહ્માદિકમાં પણ આ દોષો દેખાતા હોવાથી તે દેવો મુક્તિ આપી શકે તેમ માનવું સત્પુરૂષોને ઇષ્ટ નથી. જે મુક્તિ તપ અને ધ્યાનથી એટલે ઘણા પરિશ્રમથી સાધ્ય થઇ શકે તેને લીલામાત્રથી આપવાનું કહેવું તે બાળકો રમતમાં જેમ બીજા બાળકને રાજ્ય આપી દે તેના જેવું છે. સર્વોત્તમ એવી જ મુક્તિ તે વગર મહેનતે આપવાનું ઘટી શકતું નથી, એટલે ઉત્તમ વસ્તુનું મફત આપવાપણું દેવાવાળાની ધૂર્તતા પ્રગટ કરે છે. જે મૂઢ પુરુષો મુક્તિને ગોપીપ્રિય કૃષ્ણની દાસી કહે છે તેઓએ મુક્તિને ગોવાળણોથી હલકી ગણી જણાય છે.

શ્રાપ દેવો... અનુગ્રહ કરવો... અસત્ય બોલવું... પરને ઠગવું... ક્રીડા કરવી... અહંકાર કરવો... વાજિંત્ર વગાડવાં... નાટક કરવું અને હાંસી કરવી વિગેરે ઉપદ્રવો તથા જલમાં... વૃક્ષ ઉપર અથવા સ્મશાનમાં રહેવું અને તેમના સેવકોએ આકડાં પ્રમુખનાં પુષ્પોથી તેમની પૂજા કરવી, તેમ હાંસી થાય તેવી સ્તુતિ કરવી વિગેરે તે દેવોનું ક્ષુદ્ર-દેવપણું સુચવે છે. અસુરોને ઋદ્ધિ આપીને પછી તેનો નાશ કરવો, પરસ્ત્રી સાથે અનાચાર કરવો, અતિ નાટક કરવું, ઘણું હસવું, માયાથી બીજાને મોહ પમાડવો, આવી નિર્લજ્જ ચેષ્ટાઓ વડે કરીને બીજા દેવોની સાથેની પોતાની ભિન્નતાને દૂર કરી, તેમ બાળક, વિટ, નટ, ભાંડ અને ધૂર્તોની સાથેની પોતાની ભિન્નતાને પણ દૂર કરી.

## અર્હત્ ઐશ્વર્ય

**મસ્તક ઉપર ત્રણ છત્ર... પ્રતિમાની નીચે નવગ્રહોનું રહેવું... પુષ્પમાલા અને ચામર ધારણ કરવાવાળા દેવોયુક્ત સિંહાસન ઉપર બેસવું... પ્રાયઃ શહેરની અંદર રહેવું... અમૃતને વર્ષાવનારી શાંતદષ્ટિ... એકસો આઠ સ્તંભવાળો પ્રાસાદ... સૂવર્ણ-માણિક્ય અને ઉત્તમ પુષ્પોથી થતી પૂજા... કાલાગુરુ પ્રમુખનો ધૂપ... ચંદન-કેસર પ્રમુખનું વિલેપન... પર્ષદામાં બેઠેલા શ્રોતાઓએ વિકથા, વૈર, હાસ્ય અને વિકારનું તજવું. આ સર્વ અર્હતની પ્રભુતા જોઈને વિદ્વાનોને કહેવું પડે છે કે અર્હત્નું ઐશ્વર્ય ઉત્કૃષ્ટ હદને પામેલું છે.**

ખાવું, વાજિંત્ર વગાડવા, યુદ્ધ અને નાચવા પ્રમુખનો રસ વિશ્વથી વિલક્ષણ એવા જિનમાં બીજા દેવોની જેમ નહિં હોવાથી તે અર્હતો કોઇ પરમ અતિશયવાળા છે.

જેઓ હિંસા કરવામાં અને વિષયમાં આસક્ત છે તેઓ, અન્ય દેવોનો આશ્રય ભલે કરે, પણ સમાધિ અને ધ્યાનથી પવિત્ર થયેલાઓને તો વીતરાગ દેવ જ પ્રિય છે.

રસ્તામાં ઠગારાને મળેલો અંધ માણસ જેમ તેનું સ્વરૂપ નહિં જાણવાથી તેની સાથે જાય છે, તેમ જો દેખતો પણ વિચાર વિના તે ઠગને અનુસારે ચાલે તો તે દોષ નિશ્ચે તેના ભાગ્યનો જ છે. ઉત્તમ દેવની અવજ્ઞા કરીને કોણ કુદેવની સેવા કરે ? કેમ કે ક્ષીર-સમુદ્ર વિદ્યમાન છતાં બુદ્ધિવાન ક્ષાર-સમુદ્રમાં સ્નાન ન જ કરે. માટે અર્હતની પાસે જતાં મને ઠપકો આપવાને તમે લાયક નથી, કેમ કે ગ્રામ્ય-વણિકથી શહેરનો વણિક ન છેતરાય તેમ તમારાથી હું છેતરાઉ તેમ નથી.

આવાં વચનો વડે પાખંડીઓને જીતીને વિવેકે નગરમાં પ્રવેશ કર્યો, અને ત્યાં નિવૃત્તિ સાધુ એટલે ઉત્તમ પુરૂષોના આશ્રયે નિર્ભયપણે રહી.

પછી ગુપ્ત રીતે ચાલવાથી નહીં દેખાય તેવો મન-પ્રધાન સ્ત્રીના સ્નેહથી ગુપ્તરીતે પ્રવચન પુરીમા આવીને આંતરે આંતરે નિવૃત્તિને મળી જવા લાગ્યો. એક દિવસ મન-પ્રધાન નિવૃત્તિને કહે છે કે ''હે તન્વિ ! તું ક્રોધ નહીં કર... તું પણ મારી સ્ત્રી છે પણ આળસુ છે. પ્રવૃત્તિ સ્વભાવે જ ચતુરાઈથી ભરપુર છે, તેટલા માટે જ તેના ઉપર મારો આદર વધારે છે, પરંતુ તારો પુત્ર જે જે નવાં કાર્યોનો પ્રારંભ કરશે તે સર્વ કાર્યોમાં હું તુરંત ચાલવાવાળો હોવાથી સાક્ષીરૂપે થઇશ. તેના વિવાહ સમયે પણ હું તેની પાસે જ હતો. તમે દૂર આવ્યા છો તો પણ હું વેગવાળો હોવાથી મને દૂર જવું-આવવું બિલકુલ દુષ્કર નથી. આ શુરવીર વિવેકનું અદ્ભૂત ચરિત્ર મારી પાસેથી સાંભળીને રાજા પણ તેના બંધન ઢીલાં થવાથી સુખ પામશે. પરંતુ સુખ પામવા છતાં પણ હમણાં તે મોહનો નાશ કરવાને સમર્થ નહિં થાય કારણ તે તેનો પુત્ર છે. તેમજ તેનાં મૂળ ઉંડા બંધાયેલા હોવાથી મજબૂત પક્ષવાળો છે, તેથી એકદમ તેને સાધી શકાશે નહીં. છતાં તું રોષની ભૂમિકા ન થઇશ. હે સ્ત્રી ! હું તારા પક્ષમાં વર્તું છું માટે પુત્રને આગળ કરીને તું તારૂં ઇષ્ટ સાધન કર ! એ રીતે મન પ્રધાને નિવૃત્તિને કહ્યું. સ્વભાવથી જ ગંભીર એવી નિવૃત્તિ પણ પતિના પૂર્વે કરેલા પરાભવને ભૂલી ગઇ અને ભર્તારની વાણી વડે પરમ પ્રીતિ પાત્ર થઇ.

એક દિવસ નિવૃત્તિએ પુત્રને કહ્યું કે, હે અદ્વિતિય હિતકારી પુત્ર ! જેમ પાકો ઘડો પાણી ભરવાને યોગ્ય છે તેમ તું હિતોપદેશને યોગ્ય છે તેથી મારી વાત સાંભળ.

## નિવૃત્તિ માતાની હિતશિક્ષા

પ્રાયઃ જગતમાં જેવા-તેવા માણસો રત્ન સંગ્રહ કરવાને સમર્થ થતાં નથી, તેમ ગુરુના વચન પણ જેવા-તેવાને રુચતાં નથી. **જ્વરવાળા મનુષ્યને જેમ કાથ કડવો લાગે પણ પરિણામે ગુણ કરે છે તેમ ગુરુના વચન કદાચ સાંભળવામાં કટુક હોય પણ અંતે ગુણ કરવાવાળા હોય**

**છે.** જેઓ ગુરુના ઉપદેશને નહિં માનનારા સ્વેચ્છાચારી અને નિરંકુશ છે તેવા વેષરુપ પડદામાં છુપાયેલા બકરાઓનો જન્મ નિરર્થક છે. હિતકારી વચનો પુણ્યવાન જીવોના જ કર્ણમાં પ્રવેશ કરે છે, શું કામધેનુ ક્યારેય પણ ચાંડાળના મહોલ્લામાં પ્રવેશ કરે ? અર્થાત્ ન જ કરે. માટે હે પુત્ર ! હું તને જે વાત કહું છું તે તું પરમ આદરથી સાંભળ. કારણ અનાદરવાળા મનુષ્યોને વિષે વૃદ્ધવાણી ઉખરભૂમિમાં થતી વૃષ્ટિની જેમ નિરુપયોગી થાય છે. હે નિર્મળ બુદ્ધિવાળા પુત્ર ! નીચ સ્ત્રીની પ્રેરણાથી સ્વામી એવા મન પ્રધાને આપણા બન્નેના માથે જે વીતક કર્યું છે તે બોલતાં પણ લજ્જા આવે છે. ઝેર...સર્પ અને અગ્નિ આદિને શાંત કરવાના ઉપાયો છે, પરંતુ સપત્ની અર્થાત્ શોક્યને શાંત કરવાનો ઉપાય પ્રાયઃ કોઇ ઠેકાણે જોયો નથી. શોક્ય મહાદુષ્ટ છતાં અને સ્વામી કોપાયમાન થયા છતાં આપણે આપણા ઉત્તમ આચરણથી જ જીવતા રહ્યા છીએ કારણ **ધર્મ ત્યાં જય** છે. હે પુત્ર ! પ્રીતિવાળી દષ્ટિ વડે મારી આગળ ક્રિડા કરતો તને જોઉં છું તેથી સ્થાન-ભ્રષ્ટતાનો કે સ્વામી તરફથી થયેલી અવહેલનાનો કાંઇ પણ શોક હું કરતી નથી. ખર્ચ કરવાથી સર્વ પ્રકારના નિધાનોનો ક્ષય થાય છે, પણ **પવિત્ર ચારિત્ર વાળો પુત્ર ગૃહસ્થોનું અક્ષય અર્થાત્ ખુટી ન શકે તેવું નિધાન છે.** જેને એક પણ ઉત્તમ ચારિત્રવાળો પુત્ર છે તે સ્ત્રી પોતાને શા માટે નિંદે ? કારણ કે જાતિવાન રત્નની પ્રગટ થયેલી ખાણ કોને હર્ષ માટે ન થાય ? હે વહાલા પુત્ર ! તું ભાગ્યવાન છે કે ઓરમાન માતાના મુખમાંથી નિકળ્યો છે અને આ પવિત્ર કન્યાને એક લીલામાત્રમાં જ પામ્યો છે. તારી ચિંતા તારો પિતા આંતરે - આંતરે આવીને નિશ્ચે કરશે જ, કેમ કે પ્રવૃત્તિની પ્રેરણાથી જ તારા પ્રત્યે તે શત્રુતા રાખે છે પણ સ્વભાવથી તે તેવો નથી.

મહાપરાક્રમી એવા તારાથી જ હું સ્ત્રીઓમાં પુત્રવતી થઇ છું, માટે તું દીર્ઘાયુષી થા ! આ સિવાય મને બીજું પ્રાર્થના કરવા લાયક શું હોઇ શકે ? હે કુલનો ભાર ઉપાડનાર કુલીન પુત્ર ! તું માતાના મનનો

સંતાપ શમાવવાને માટે હિંમતવાન હોવાથી વિદ્વાનો તારી સ્તવના કરે છે. સ્ત્રીઓને શોક્યના પરાભવથી જે સંતાપ થાય છે તેવો સંતાપ કરવાને સૂર્ય તેમજ અગ્નિ પણ સમર્થ થતા નથી. મિત્રનો ઉદ્ધાર કરવામાં અને શત્રુનો સંહાર કરવામાં રાજા સિવાય બીજાની શક્તિ હોતી નથી, કેમ કે કમલને વિકસ્વર કરવામાં અને અંધકારનો નાશ કરવામાં સૂર્ય વિના બીજો કોણ સમર્થ છે ? માટે આ નગરીમાં રહેલા **ક્ષમાસાગર** અને **નિરંજન** એવા રાજાની સેવા કર કે જેની પ્રસન્નતાનો એક લેશ પણ સર્વ સિદ્ધિનું કારણ છે. તે રાજા એકલો પણ મોહરાજાનો ક્ષય કરવાને સમર્થ છે, તેમ તેના સેવકો પણ વૈરીનો નાશ કરવાના આગ્રહવાળો છે. આ રાજા સુવર્ણ, ઘોડા અને હાથી પ્રમુખની ભેટોથી પ્રીતિ પાત્ર થતા નથી. ફક્ત તે કેવળજ્ઞાની **હૃદયની નિર્મલતાએ** કરીને ખુશ થાય છે. તેની સેવા અપ્રમાદી ચિત્તવાળાને ફળ આપે છે. કેમ કે તેમની સેવા અને પ્રમાદ એ બન્નેને ગાય અને વાઘની જેમ જાતિ વૈર છે. તેના લાખો સેવકોને પ્રમાદે બંદીવાન કરી જોરથી મહારાજાના નગરમાં લઇ જઇને દાસ બનાવ્યા છે. હે કુલના ધોરી પુત્ર! તું પ્રમાદને અવકાશ આપીશ નહિં અને અવસરે તારું પોતાનું સર્વસ્વરૂપ તે અર્હત રાજાને જણાવજે.

આ પ્રમાણે માતાની શિખામણ સાંભળીને હર્ષથી વિકાસ પામેલા નેત્રવાળા વિવેકે કહ્યું – ''હે માતા ! તમારી આજ્ઞા મારા મસ્તક ઉપર ચડાવું છું. ગર્ભ ધારણ કરવાથી અને એનું પોષણ કરવાથી માતાપણું ધારણ કરવું તે તો પશુઓ સાથે સમાન છે, પણ પુત્રને આ પ્રકારનો બોધ આપવાવાળી હોવાથી સ્તુતિ કરવા લાયક માતા તો તું એક જ છે. હે માતા ! તારા ઉપદેશનું એકેક વાક્ય ક્રોડ સૂવર્ણવડે મળવું પણ દુર્લભ છે. તો આ તારા ઘણા ઉપદેશોનો ઋણરહિત હું કેમ થઇ શકીશ ?

હે માતા ! આજે તમે મને હિતોપદેશને માટે લાયક ગણ્યો તેથી જાણે મેં અમૃતના કુંડમાં સ્નાન કર્યું હોય... દિવ્ય ફળોનું ભોજન કર્યું હોય... કામધેનું ગાયનું દૂધ પીધું હોય... નંદનવનમાં બેઠો હોઉં...

ચંદનના રસનું વિલેપન કર્યું હોય અને જગતનો વૈભવ પ્રાપ્ત થયો હોય તેમ મને જણાય છે, અર્થાત્ તેટલો મને આનંદ થાય છે.

પ્રથમ નહિ જોયેલી એવી કન્યાના હસ્ત સ્પર્શના વિષથી વ્યાકુળ થયેલા જે મનુષ્યો માતાની અવગણના કરે છે તેઓ બુદ્ધિવાનોને વિચારવા યોગ્ય છે. પ્રગટ સર્વાંગ લક્ષણવાળી માતા એવું હિત કરે છે કે જેનાથી ઉત્પન્ન થયેલી પ્રતીતિનો સમુહ કોના મનને જાગૃત નથી કરતો ? માતાનો ઉપકાર સ્પષ્ટ છે.''

આ પ્રમાણે કહીને માતાના ઉત્તમ વચનોરૂપ શુકન થવાથી નિર્મલ સ્વભાવવાળો વિવેકકુમાર જગતના સ્વામિની સભામાં ગયો.

## જિનેશ્વર દર્શન સ્તુતિ

યોગીશ્વરોને જાપ કરવા લાયક... ધીર પુરૂષોને ધ્યાન કરવા લાયક...

નિરખવા માત્રથી નમસ્કાર કરવાવાળાની સમસ્ત આપદાને નાશ કરનાર...

ત્રણ કાળના જાણ... ત્રણ લોકના સ્વામી...

તેમજ ત્રણ છત્રથી શોભિત... સિંહાસન ઉપર બેઠેલા જ્યોતિર્મય જિનેશ્વરને તેણે જોયા.

પ્રભુના દર્શન થતાં વિવેક જિનેશ્વરની સ્તુતિ કરે છે –

અનાદિ કાળના અત્યંત દુઃખે દૂર થઇ શકે તેવા રાગાદિક દોષોના ક્ષયથી પ્રગટપણે આપ્ત એટલે પ્રમાણિક નામને પામેલા અને આત્મિક સુખના અનુભવથી સંસારમાં રહેલા દુઃખોનો અતિક્રમ કરનારા હે ભગવાન ! હું આપને નમસ્કાર કરું છું.

દેવ એ નામ સાધારણ છે છતાં દેવ ! બીજા દેવોને વિષે આપ જ અધિકતા ધારણ કરો છો. કેમ કે ધાતુપણું સાધારણ છતાં સર્વ ધાતુને ઓળંગીને શું સુવર્ણ સ્ફુરાયમાન થતું નથી ? અર્થાત્ થાય છે.

હે જિનેશ્વર ! દયારૂપ ખડ્ગ આપના હાથમાં વર્તે છે... નિરંતર ધર્મને વિષે જોડાવવા રૂપ બાણ છે અને સાધુઓરૂપ ચક્રસમુહ તમારી પાછળ ફર્યા કરે છે તેટલા માટે જ આ મોહાદિ શત્રુઓ તમારી સન્મુખ આવી શકતા નથી.

આ સંસારમાં અનાદિ કાળથી પરિભ્રમણ કરી રહેલા પ્રાણીઓને હે પ્રભુ ! તમે ખરેખર કલ્પવૃક્ષ પ્રાપ્ત થયા છો. છતાં દુર્બુદ્ધિ મનુષ્ય કલ્પવૃક્ષનો ત્યાગ કરીને કાંટાવાળા કેરડામાં જેમ આસક્ત થાય તેમ આપનો ત્યાગ કરીને અન્ય દેવોમાં આસક્ત થાય છે.

હે પરમાત્મા ! તમારી સેવાથી રહિત પ્રાણીઓને હિંસા, અસત્ય, ચોરી, અને કુશીલતા આદિ દોષો ભેટે છે અને તમારી સેવા કરવાવાળાને તે સેવાના પવિત્ર ફળો તરીકે દયા, ઈન્દ્રિયોનું દમન, ઉદારતા અને શમાદિ પ્રાપ્ત થાય છે.

હે દેવાધિદેવ ! દયા અને ઈન્દ્રિયોના દમન વિગેરેથી શાસ્ત્ર રચીને આપ મનુષ્યોના સુખને માટે મિત્ર થયા છો ત્યારે અન્ય દેવોએ હિંસાદિથી મલીન સિદ્ધાંતો બનાવીને લોકો પ્રત્યે શત્રુતાનો ફેલાવો કર્યો છે.

હે પ્રભુ ! સૂર્યની આગળ ઘુવડ... મયુરની આગળ સર્પ અને મંત્રવાદિની આગળ ભૂતાદિ દોષો ટકી શકતા નથી તેમ ભય આપવાવાળા કુતીર્થિઓના વાદ પણ આપની આગળ ટકી શકવાને સમર્થ નથી.

અકર્મતા... નિષ્કલતા અને નિર્વાણરૂપ પંચમકલ્યાણતા, વિશ્વથી વિલોમતા... નિર્માનતા અને અકિંચનતા વિગેરે સર્વ દોષો હોવા છતાં પણ હે પ્રભુ ! તમારા સહવાસથી તે સર્વ ગુણતાને પામે છે અર્થાત્ દોષો ગુણરૂપ થઈ જાય છે.

હે પ્રભુ ! ઈન્દ્રથી કુંથુઆ પર્યંત સર્વ જીવો ઉપર કૃપાના રસથી ભીંજાયેલા અને શત્રુ તથા મિત્ર ઉપર સમભાવ રાખનારા એવા આપને વિષે અર્પણ કર્યો છે આત્મા જેણે એવો હું જગતના દુઃખોથી થતા દાહને

દૂર કરીને શાંતિ પામીશ.

## જિનેશ્વર દ્વારા વિવેકનો પરિચય

આ પ્રમાણે જિનેશ્વરની સ્તુતિ કરીને મહાભક્તિથી પૃથ્વીતલ ઉપર પંચાંગ સ્પર્શ કરી વિવેકે ઉત્કંઠાપૂર્વક પ્રભુને નમસ્કાર કર્યો ત્યારે સ્વામિએ સન્મુખ જોયું. અને કહ્યું કે "હે પર્ષદામાં પધારેલા પુણ્યવંતો ! તમે સાંભળો આ જે વીરપુરુષ મને નમસ્કાર કરે છે તે નિશ્ચે ભાગ્યની ભૂમિકા છે અર્થાત્ મહાભાગ્યવાન જીવ છે. દેવાદિની સત્ય અસત્યની પરીક્ષા કરવાની ઇચ્છાવાળો જે મનુષ્ય આ વિવેકનો અલ્પ સમય પણ સંગ કરશે તે વિદ્વાન થશે. જેમ નાયક વિનાનું લશ્કર તેમ સર્વ વિભાગોથી સુંદર એવો ધર્મ અને સંસારિક કર્મ વિવેક વિના લોકમાં ફળ મેળવી શકતા નથી. આ વિવેક એકેન્દ્રિય, બે ઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય, અસંજ્ઞી જીવોમાં, પશુમાં અને નારકીમાં નથી, દેવતાઓમાં કિંચિત્માત્ર છે. કોઇક જ છીપના સંપુટમાં જેમ મોતી હોય છે તેમ મનુષ્યોમાં પણ ઉત્તમ કુલ... સારો આચાર... શ્રદ્ધા અને આરોગ્યતાના સંભવવાળા થોડા મનુષ્યોમાં તે વિવેક સ્ફુરાયમાન થાય છે. આ વિવેકમાં લક્ષ્મી પ્રાપ્ત થયા છતાં તેનો અહંકાર નથી અને કટૂભાષીપણું નથી. દુઃખી અવસ્થામાં પણ આધિ એટલે મનની પીડા નથી... પરના વૈભવ ઉપર દ્વેષ નથી.. તેમ નિર્દયપણું નથી... પંડિતપણું પ્રાપ્ત થયા છતાં પણ સ્વોત્કર્ષ કરવાપણું નથી... બીજાનો પરાભવ કરવાપણું નથી... કુકાવ્ય રચવાપણું નથી... અલ્પજ્ઞ છતાં લજ્જાનું ઘટવાપણું નથી... સિદ્ધાંત ઉપર અરૂચિ નથી... ખરાબ બુદ્ધિ નથી. સુખમાં આસક્તિ નથી.. વિષયમાં અભિરૂચિ નથી.. દુઃખમાં દીનતા નથી.. બીજાને સંતાપ કરવાપણું નથી.. આખા જીવિતવ્યમાં યશનું વિરોધી કર્મ કરવાપણું નથી.. મરણ શરણ થયા પછી દુર્ગતિરૂપ કિલ્લામાં વસવાપણું નથી.

લક્ષ્મીની પ્રાપ્તિમાં... દુઃખી અવસ્થામાં... સિદ્ધાંતની પ્રાપ્તિમાં, વધારે અથવા થોડામાં... સુખમાં કે દુઃખમાં... જીવનમાં કે મૃત્યુમાં વિવેક

જ સત્પુરુષોને પ્રિય છે. દ્વેષરૂપ કલ્મષથી રહિત એવો આ વિવેક વિશ્વના જીવો પ્રત્યે નિષ્કારણ ઉપકારી છે, વળી તે મારા રાજ્યનો ઘણો વિસ્તાર કરીને અત્યંત યશ મેળવશે. હે સભ્યો ! પ્રતાપરૂપ અગ્નિમાં બળતા શત્રુરૂપ પતંગીયાવાળી લક્ષ્મી અને મનોહર શરીરવાળી સ્ત્રીઓ મેળવવી સુલભ છે પણ આ વિવેકનો સમાગમ થવો દુર્લભ છે. જેને આ વિવેક વલ્લભ છે તેને હું પણ વલ્લભ છું... જે આનો ભક્ત છે તે મારો પણ ભક્ત છે, તેમ જેને આ દ્વેષ કરવાલાયક છે તેને હું પણ દ્વેષ કરવા લાયક છું. આ બાબતમાં કાંઇ પણ સંશય નથી. આ વિવેક મારી પાસે આવ્યો છે એટલે તે કાંઇક ગૌરવ કરવાને યોગ્ય હોવાથી સમગ્ર ગુણરૂપ મંડળ અગર ગુણના સમૂહનો આગેવાન થાઓ, અર્થાત્ તેને ગુણરૂપ દેશનો આગેવાન કરવામાં આવે છે.

એ પ્રમાણે ભગવંતના પ્રસાદને પ્રાપ્ત થવાથી આદરપૂર્વક શહેરના લોકો પણ વિવેકની સ્તુતિ કરવા લાગ્યા. પછી વિવેકે પ્રવચન નગરમાં જ નિરંતર વાસ કર્યો.

## વિવેકની વિનંતિ

એક દિવસે અવસર જોઇને તેણે અર્હત્‌રાજાને વિનંતિ કરી કે હે વિશ્વના ઐશ્વર્યની ધુરા ધારણ કરવાને શ્રેષ્ઠ ! તમે જે શત્રુઓને જીત્યા છે તેઓમાં પ્રચંડ એટલે તીક્ષ્ણ હસ્તરુપી દંડવડે શત્રુના આડંબરને ખંડિત કરતો, અવિદ્યા નગરીના કિલ્લાની સહાયથી નિર્ગલ અર્થાત્ અત્યંત ભુજાબળવાળો, પુત્ર-પૌત્રાદિ પરિવારના વિસ્તારથી વડવૃક્ષના વિસ્તારને વિડંબના પમાડતો અર્થાત્ તે વૃક્ષથી વધારે વિસ્તરેલો, કોઠારો અને ભંડારોથી મજબૂત, ત્રણે જગતના લોકોને વશ કર્યા છે જેણે એવો, ઘણા રત્ન, રથ, ઘોડા, હાથી અને સુભટોની શ્રેણીથી ભયંકર, અસંખ્ય લડાઇઓમાં બતાવ્યો છે ઉત્સાહ જેણે એવો, સાહસિક શિરોમણી, ઇન્દ્ર અને ચક્રવર્તીના પરાક્રમને પણ તૃણ અને આકડાના તુલની માફક ગણતો.. તપસ્વીઓના તપનો નાશ કરતો... મહાત્માઓને વિઘ્ન કરતો..

વિદ્વાનોના માનને પણ મર્દન કરતો મહા-મોહ નામનો શત્રુ સાંપ્રતકાલે મદયુક્ત થયો થકો નવીન પટુતાને પામ્યો છે.

એ મહા પરાક્રમી મોહની પાસે ઘોડા, હાથી, સિંહ, અષ્ટાપદ, સર્પ અને વેતાલ વિગેરે કાંઇ પણ ગણત્રીમાં નથી. હે મહારાજા ! તે પાપીની પાસે ભૂત કે વ્યંતર દેવો કે દાનવો, ઈન્દ્ર કે ચક્રવર્તી વિગેરેનું કાંઇ પણ ચાલતું નથી. તે પ્રચંડ બુદ્ધિવાળાની આગળ કુલવાન કે કલાવાન, સ્માર્ત કે ઋત્વિજ, યોગી કે યોગીશ્વર એ સર્વે સમાન જ છે. હે સ્વામી ! મોટી ઋદ્ધિવાળા ઈન્દ્રાદિક અત્યારે આપની સેવા કરે છે, પણ અહિંથી બહાર ગયા પછી તે સર્વ મોહની જ સેવા કરે છે. શૂન્ય અરણ્યમાં રહેવાવાળા જેઓ અત્યંત તપસ્યા કરે છે તેઓ પણ મોહથી ડરતા હોય તેમ તેનો પક્ષપાત છોડતા નથી. જે મહર્ષિઓ હર્ષથી આપના નામ-મંત્રનો જાપ કરી રહ્યા છે તેઓના મનમાં પણ તે મોહના હુમલાનો અત્યંત ભય રહ્યા કરે છે. જે ઉત્પાતોથી ક્ષણ માત્રમાં બીજા રાજાનું રાજ્ય નાશ પામે છે તેજ ઉત્પાતોથી આ મોહરાજાનું રાજ્ય ખરેખર ઉચ્ચ સ્થિતિને પામે છે. ત્યારે નિમિત્તનો જાણનાર આ સ્થાને શું કરે ? હિંસા ચોરી, મૃષાવાદ, અબ્રહ્મચર્ય, બાલહત્યા, કુબુદ્ધિ વિગેરે વ્યસનો મોહમાં નિરંતર વાસ કરી રહ્યા છે. તેમનાં કેટલાક નાગપંચમીને દિવસે જીવરહિત સર્પની મૂર્તિઓને નમસ્કાર કરે છે, અને જીવતા સર્પોને તેજ નિર્દયો હણે છે. કેટલાક તો દાવાનળ લગાડવામાં પણ પુણ્ય માને છે. આવા મૂર્ખ મનુષ્યો તો દૂર રહો, પણ અનેક શાસ્ત્રોના જાણકાર મનુષ્યોની પણ તે મોહથી નિર્વિચાર પ્રવૃત્તિઓ દારૂડીયા જેવી દેખાય છે. જેઓ ઉંબરાના ઝાડ અને ખાંડણીયા પ્રમુખને દેવની જેમ પૂજે છે અને અગ્રપિંડ આપવાને માટે જેઓએ કાગડાને પણ પાત્ર ગણ્યા છે. જેઓ પારધિના પાશથી પોતાનું રક્ષણ કરવાને અસમર્થ છે તેઓ તેતર નામના પક્ષી સમાન પરમેશ્વર કહેવાય છે. જેઓ પરાધીન પણે સ્ત્રીઓની કુક્ષીમાં વારંવાર ઉત્પન્ન થાય છે તેવા દેવોની પાસેથી મૂર્ખ પુરુષો અપુનર્ભવ અર્થાત્ મોક્ષની

અભિલાષા કરે છે. જેઓને સ્ત્રી-ધન અને પશુરૂપ પરિગ્રહ છે. તેઓ ગુરુપણું ધારણ કરીને ઘણા જીવોને સંસારથી તારવાનો પ્રયત્ન કરે છે. પાપારંભી ગૃહસ્થો પાપારંભી ગુરુઓને વહાલી વસ્તુ અર્પણ કરીને સંસાર સમુદ્રને તરવા ઇચ્છે છે. તે આંધળો આંધળાને રસ્તે ચડાવે તેવી હકીકત છે. આ જગતમાં અગ્નિ જેવું બીજું કોઇ શસ્ત્ર નથી, એમ સર્વ લોકો જાણે છે, છતાં હમેંશા તેને બાળપણથી વૃદ્ધિ પમાડવામાં કેટલાક ધર્મબુદ્ધિ માને છે. જે અગ્નિ વિષ્ટાદિક વસ્તુઓને ખાઇ જાય છે અને મુખાદિ સાફ કરવામાં જેને રુચતું નથી તે અગ્નિ, દેવતાનું મુખ કહેવાય છે. ચામડી માત્રને સ્પર્શ કરવાવાળું પાણી બહારના મેલને દૂર કરવામાં પ્રગટ રીતે સમર્થ છે, તે ખુલ્લી જીવહિંસાવાળા સ્નાનથી મોહી જીવો પાપનો ક્ષય માની બેઠા છે. જેનાથી સંસારની વૃદ્ધિ... આરંભની બાહુલ્યતા... અને પાપ બુદ્ધિ થાય છે તેવા કન્યાદાનને અગણ્ય પુણ્યવાળું તેઓએ સ્વ-શાસ્ત્રમાં વર્ણવ્યું છે. શુક નામના યોગિના સુંદર ચારિત્રરૂપ અમૃતનું પાન કરવા છતાં પણ 'અહો ! ગૃહસ્થાશ્રમ જેવો ઉત્તમ ધર્મ નથી' એમ કેટલાક કહે છે. અહિંસા પરમ ધર્મ છે એ પ્રમાણે સભામાં બોલનારા પંડિતો પણ અજ્ઞાનીની જેમ ધર્મને અર્થે બકરા પ્રમુખને હણે છે ! મક્ષિકાના મોઢાનું થુંક અને જંતુઓની હિંસાથી ઉત્પન્ન થયેલ મધને પંડિતો દેવોના સ્નાનાર્થે ઉપયોગમાં લે છે તે પણ ખેદની વાત છે. સ્વામિનો ત્યાગ કરી બીજા પાસે જવાવાળી અર્થાત્ વંઠેલી સ્ત્રી દુષ્ટા કહેવાય એ ન્યાય માર્ગ હોવા છતાં કોઇ ઠેકાણે પુણ્ય-બુદ્ધિથી તેવી સ્ત્રીનું બ્રાહ્મણોને દાન કરાય છે. વિવેકરહીત પશુ જેવી જે ગાય પોતાના પુત્રની સાથે પણ મૈથુન સેવે છે અને અપવિત્ર એવી વિષ્ટાદિનું ભક્ષણ કરે છે તેને તેઓ પરમ દેવતારૂપ માને છે. સ્વર્ગલોક વિદ્યમાન છતાં મૂત્ર તથા છાણથી ભીંજાયેલ અને નિંદનિક એવા ગાયના પુંછડાના મૂળમાં મૂર્ખ લોકો દેવતાઓને વસાવે અર્થાત્ ગાયના પૂંછડામાં દેવતાઓનો વાસ કોઇ મૂર્ખાઓ માને છે. કોઇ ઠેકાણે દેવ-યાત્રામાં યાત્રાળુઓ પ્રાણીનો વધ,

તેમાં બુંબારવ (બુમ બરાડા) અને સુરાપાન કરી સર્વ એકાકાર કરે છે. અંદર ઉત્પન્ન થતા જીવોની હિંસાના કારણરૂપ વૃક્ષો છતાં પણ સહેજમાત્ર છાયા-સુખના અર્થી લોકો ધર્મ બુદ્ધિથી તેનું રોપણ કરે છે. જેની લાખ પાપનું કારણ છે. ફળ કુર્મીથી વ્યાપ્ત છે અને મૂળ એક જાતિના કીડાવાળું છે એવા પીપળના વૃક્ષને પિતૃઓની તૃપ્તિનું કારણ માને છે. જેમ પાણી વડે ગાય પ્રમુખની તૃપ્તિ, તેમજ બગલાદિ જીવો વડે મછલા વગેરેનો નાશ થાય છે, એમ છતાં પણ સરોવરને ધર્મસ્થાન માને છે ! દેહથી કરેલા કર્મ દેહથી જ ભોગવવાં પડે છે, આવો નિશ્ચય છે છતાં કેટલાક ધન લોભીઓ અમોને દાન કરવાથી કર્મનો ક્ષય થાય છે એમ સમજાવે છે. ગોળની.. તલની અને સોનાની બનાવેલી ગાય મંત્ર વડે સજીવન થાય છે, તે તમારા પાપોનો નાશ કરશે આમ સમજાવીને તેને ભાંગી પોતે વહેંચી લે છે. માર ખાતાં ખાતાં પંખીઓ બે-ત્રાણ કણ ખાવા પામે છે તો એવા ખેતીના આરંભથી મુક્તિ મળે છે એમ કહેવું તે પણ આશ્ચર્ય છે. સૂર્યના કિરણ સ્પર્શવાથી જ સર્વવસ્તુ પવિત્રતાને પામે છે એ પ્રમાણે સ્મૃતિનું વચન હોવા છતાં કેટલાક રાત્રીભોજન કરે છે. ગંગાનદીનું પાણી પણ રાત્રીએ પાપનો નાશ કરી શકતું નથી તો રાત્રે ખાવાવાળા પાણીના આચમનથી કેમ શુદ્ધ થાય ? કર્મની ભિન્નતાથી જીવો પ્રગટપણે જુદી-જુદી ગતિમાં જાય છે, છતાં ધણી સાથે બળી મરવાથી તે ધણીનો સમાગમ થાય છે એમ કોઇ મુર્ખાઓ સમજાવે છે. આ ભવમાં જ જુદા ઘરમાં રહેલા પિતાને નિમિત્તે પુત્રે આપેલું દાન તેને મળતું નથી તો પરભવમાં ગયેલા પિતાને પુત્રો પિંડદાન આપે છે તે ક્યાંથી મળશે ? સ્ત્રી જારકર્મ કરવાથી દૂષિત થતી નથી એવી વાતો જેમના ધર્મશાસ્ત્રમાં છે તેઓને પોતાની સ્ત્રીના રક્ષણ માટે ક્લેશ પામતા જોઇને લોકો તેની હીલના કરે છે. પરસ્ત્રીના સંગમાં મહા અવગુણ છે એમ બોલનારા મહાદેવે - ઋષિપત્નીઓને, કૃષ્ણે ગોપીઓને અને ઇન્દ્રે તાપસીને ભોગવી છે. વિવેક રહિત તિર્યંચ એવા વાછડા-વાછડીના અને સંજ્ઞા રહિત એવા તુલસી પ્રમુખ વૃક્ષોના

વિવાહ કરનારા પોતાને જ અચેતન અર્થાત્ અજ્ઞાન જણાવે છે. જંગલમાં વસનારા, સુકૂં ઘાસ ખાનારા અને વાયુનું પાન કરનારા હરણાદિ નિરપરાધી જીવોને મારનારા લોકો કુતરાના જેવી આજીવિકા કરવાવાળા છે. માંસરહિત ભોજન રાજાઓને ન હોય એમ બોલનારા કેટલાક વાચાલ પુરુષો પોતાના સ્વામીને અર્થાત્ રાજાને સંસારરુપી ખાડામાં ડુબાવે છે. કેટલાક આત્માને અવિદ્યમાન માને છે... કેટલાક સર્વ વ્યાપક માને છે. કેટલાક ક્ષણે ક્ષણે નાશવંત માને છે.. અને કેટલાક જ્ઞાનગર્વવાળા આત્માને એક જ માને છે. હે મહારાજ ! આ મોહનું રાજ્ય આ પ્રમાણે ઉત્કૃષ્ટ બલવાન છે એ હકીકત વિચાર નામના મારા મિત્રે ગુપ્તપણે તપાસ કરીને મને એકાંતમાં આવીને કહી છે. હે સ્વામિન્ ! આપ ત્રણે લોકના નાયક છો અને મોહ પણ પોતાને ત્રણ લોકનો સ્વામી કહેવરાવે છે તો શું એક મ્યાનમાં બે તલવાર હોઇ શકે ? લોકો આપને સ્વામી તરીકે માને છે પરંતુ ઉત્કૃષ્ટ આજ્ઞાવાળો મોહ આંતરે આંતરે આવીને લોકોને જોરથી દબાવીને પોતાની આજ્ઞા ગ્રહણ કરાવે છે. મોહમાં આંધળા થયેલા જીવો વિવેકહિન બનીને સર્વનાશ નોતરે છે.

## વિવેક નાશથી સર્વનાશ

શાંબ અને પ્રદ્યુમ્ન...
કૃષ્ણ મહારાજાના પુત્રો...
યૌવન અને મદિરા બન્નેનો નશો સવાર થયો...
એમાં દ્વૈપાયન સાધુ મળ્યા...
નશાએ વિવેક ભૂલાવ્યો... કર્તવ્ય ચૂક્યા...

સાધુના દર્શન-વંદન અને સત્સંગ ગાઢ-નિકાચિત કર્મોને બાળી નાંખવા અને કૈવલ્યની કેડી કંડારવા સમર્થ છે. પરંતુ સારી-સાચી-તારક સામગ્રી પામીને પણ અવિવેકી... મોહાધીન... ભારે કર્મી જીવ કર્મ તોડવાને બદલે કર્મ બાંધવાનું જ કામ કરે છે.

ઋષિના આશીર્વાદ જીવને ઉર્ધ્વ ગતિમાં લઇ જનાર તારક બને છે જ્યારે ઋષિનો સંતાપ સુખ-શાંતિ ભર્યા જીવનને બાળી રાખ કરી

અધોગતિમાં લઈ જનાર મારક બને છે.

ઋષિના દર્શન-વંદન તો દૂર રહ્યા...

શાંબ-પ્રદ્યુમ્નકુમાર ઋષિની મજાક મશ્કરી કરવા લાગ્યા...વિવેક ચૂક્યા... ઋષિનું અપમાન કરી એમને સંતાપ પમાડવા લાગ્યા.

ઋષિ-દ્વૈપાયન ઘણા સમય સુધી પોતાની સમતા ટકાવે છે. પરંતુ ઋષિની સમતાને શાંબ-પ્રદ્યુમ્ન કુમારે ઋષિની નિર્બળતા માનવાની ભૂલ કરી અને દ્વૈપાયન ઋષિને વધુને વધુ સંતાપવા લાગ્યા... કુમારોના તોફાન વધ્યા... પોતાની મર્યાદા ચૂક્યા... દ્વૈપાયન ઋષિ રાજકુમારોના આ સંતાપને સહન ન કરી શક્યા એમની ક્ષમા-સમતાની સાધના ટુંકી પડી. એમને ક્રોધ પર કાબુ મેળવવામાં નિષ્ફળતા મળી.

શાંબ-પ્રદ્યુમ્ન ભાન ભૂલ્યા...

દ્વૈપાયન ઋષિ ચૂક્યા... વિવેકે વિદાય લીધી... ક્રોધ ભભુક્યો...

ક્રોધના આવેશમાં પોતાના તપને દાવ ઉપર લગાડી દીધું. હે કુમારો ! તમારા આ કુકર્મોનો બદલો તમારી નગરીને બાળીને હું લઈશ. તમે મને (અંદરથી) બાળ્યા... હું આ તમારી દ્વારિકા નગરીને બાળી નાંખીશ. એકને બચવા નહીં દઉં.'

દ્વૈયાપન ઋષિના ક્રોધને જોતાં જ શાંબ-પ્રદ્યુમ્નનો નશો ઉતરી ગયો... એમને પોતાની ભૂલ સમજાણી... ઘણી ક્ષમા યાચના કરી પરંતુ દ્વૈપાયન ન માન્યા... કૃષ્ણ મહારાજાને સમાચાર મળતાં જ એ પણ દોડતા આવ્યા. દ્વૈપાયન ઋષિને સમજાવવામાં કશું જ બાકી ન રાખ્યું પરંતુ સમય હાથમાંથી નીકળી ચૂક્યો હતો. દ્વૈપાયન ઋષિએ નિયાણું કરી લીધું હતું. શ્રી નેમનાથ પ્રભુના વચનો સાચા થવાના હતા. પ્રભુ વચનોને નિષ્ફળ કરવામાં... કૃષ્ણ મહારાજાના બધા જ પ્રયત્નો નિષ્ફળ ગયા.

સોનાની શણગારેલી દ્વારિકા નગરીનો કૃષ્ણ મહારાજાના દેખતાં નાશ થઈ ગયો.

આવા છે ક્રોધના કડવા વિપાક !

આપણા જીવનમાં પણ જ્યારે વિવેક વિદાય લે છે ત્યારે કષાયોનું સામ્રાજ્ય ફેલાય છે ત્યારે કોકનું ઘર કે કોકનું જીવન બળે છે. પ્રેમ-મૈત્રી-વાત્સલ્ય-દયા-કરૂણા બધાને દેશવટો અપાય છે. આવા ક્રોધને ક્યાં સુધી

સાંભળીને રાખીશું ? નથી લાગતું સત્વરે એ ક્રોધને જીવનમાંથી દૂર કરવા જેવું છે. જાગો... અનાદિની કષાયની જંજીરોમાંથી અનંત શક્તિના સ્વામિ એવા આત્માને મુક્ત કરવા ઉદ્યમવંત બનો. વિવેકના પાયાને મજબૂત બનાવો.

**હે જગતના સ્વામી ! બે રાજ્યના સંકટથી દુઃખી થયેલા અને હવે શું કરવું ? એ વિચારમાં વ્યાકુળ થયેલા લોકોનો આપ ઉદ્ધાર કરો. અને દ્વિવિધ ભાવનું નિરાકરણ કરો.**

## મોહની ચેષ્ટાને ધિક્કાર

**ત્યારે ભગવાને કહ્યું કે, હે નિર્મળબુદ્ધિવાળા વત્સ ! તું સાંભળ કે તે જે હકીકત કહી છે તે સર્વ અમો જ્ઞાનથી જાણીએ છીએ. પણ શું કરીએ ? કેમ કે કર્મના સંબંધથી મોહરાજા બળવાન છે, જો કે વીર પુરુષોએ યુદ્ધમાં તેને જીત્યા છે, છતાં પણ તે દૂર્વા અર્થાત્ ધ્રોખડની જેમ વૃદ્ધિ પામે છે. મોહ જ મોટો શત્રુ છે.. ખલ-લુચ્ચો છે.. મહાવ્યાધિરુપ છે... અસહ્ય ઝેરરુપ છે. જે મદોન્મત્ત સ્ત્રી મદથી આતુર થયેલા બીજા જાર પુરુષની સાથે જાર કર્મ કરી ધારણ કરેલા ગર્ભને શત્રુની માફક ક્ષાર અને ઉગ્ર તૈલાદિક વડે પાડી નાંખવા ઇચ્છે છે અને કદાચ તે ગર્ભ જન્મે તો મળની જેમ ત્યજે છે. એવી ફક્ત સ્વાર્થ સાધવામાં જ એક નિષ્ઠ હોવા છતાં તે માતારુપે અત્યંત હિત કરનારી છે એમ કેટલાક કહે છે તે ખરેખર મોહની ચેષ્ટાને ધિક્કાર હો !**

પુત્રપણું સર્વ પુત્રમાં સરખું હોવા છતાં પિતા જે પુત્ર બળવાન, વ્યાપાર કરવાવાળો અને લક્ષ્મીના સમૂહને એકઠી કરવાવાળો હોય તે પુત્ર ઉપર ઘણો સ્નેહ રાખે છે, અને બીજાઓમાં તેવો સ્નેહ રાખતો નથી. વળી જે પિતા સુપુત્ર પાસેથી ધનના ભાગની ઇચ્છા રાખે છે. જો તે નથી આપતો તો તેને શ્રાપ આપે છે, આક્રોશ કરે છે અને તેનો દ્વેષ કરે છે, તેવા પિતાને સ્નેહે કરીને ઉજ્જ્વળ પિતા તરીકે માનવો તે **મોહની ચેષ્ટાને ધિક્કાર હો.**

જે સ્ત્રી જોવા માત્રથી પણ મનનું હરણ કરનારી... વિવાહ કરવામાં આદર કરવાથી ધન હરનારી...

સ્પર્શ કરવાથી બળ હરનારી... લાભ થાય ત્યાં સુધી જ સ્વામિની સેવા કરનારી...

દુઃખે રક્ષણ થઇ શકે એવી... ભયનું કારણ... ચપલ દૃષ્ટિવાળી...

શંકાના સ્થાનરૂપ અને માયાની ભૂમિકા છે તેવી સ્ત્રીઓને પામીને પણ મનુષ્યો હર્ષથી નાચે છે... આવી **મોહની ચેષ્ટાને પણ ધિક્કાર હો.**

જે પુત્ર ગર્ભમાં રહ્યા છતાં માતાને પીડા કરાવાવાળો.. માતા-પિતાના યૌવનને હણનારો...

માતાને મળ, શ્લેશ્મ, વિષ્ટા અને મૂત્રથી દૂષિત કરે છે..

યુવાવસ્થામાં સ્ત્રીને આધીન થઇને માતા-પિતાનો પરાભવ કરીને તેની એકઠી કરેલી લક્ષ્મીને ભોગવે છે

તેવા પુત્રને મનુષ્યો સુખને અર્થે ઇચ્છે છે તે **મોહની ચેષ્ટાને ધિક્કાર હો.**

જે ભાઇઓ સાથે જન્મ્યા નથી... મૃત્યુ સમયે સાથે ચાલવાના નથી...

જન્મ-જરા-મૃત્યુ આદિ વિપદા છેદવામાં અને ઇચ્છિત દેવામાં જેઓ અસમર્થ છે...

જમીન-ઘર અને ધનને માટે એકદમ જોરથી ભાઇઓની સાથે ક્લેશ કરે છે તેવા ભાઇઓમાં આસક્ત થયેલા...

અને સુકૃતને નહીં માનનારા લોકોની **મોહચેષ્ટાને ધિક્કાર હો.**

જે શરીર મજ્જા, ચરબી, મલ-મૂત્ર અને માંસથી મલીન છે...

પાણી વડે ધોવાથી પણ શુદ્ધિ ટકતી નથી... નિરંતર ઘણા રોગરૂપી શત્રુઓને રહેવાને સ્થાન આપે છે...

વળી તેનું પ્રયત્નપૂર્વક પાલન કરવા છતાં મરણ સમયે એક પગલું પણ આત્માની સાથે ચાલતું નથી

તેવા આપદાના ઘરરુપ શરીરને માટે અનેક પ્રકારના પાપ કરાય છે તે **મોહની ચેષ્ટાને ધિક્કાર હો.**

અનેક પ્રકારના આરંભનું કારણ.. શરીર અને મનના ક્લેશથી ઉત્પન્ન કરેલું...

ભાઈઓમાં પણ વેર કરાવનારું... દંભ-લોભ-અસત્ય અને મોહાદિ પાપનું સ્થાન...

રાજા-અગ્નિ અને ચોરથી ભય પ્રાપ્ત થવાના સંભવવાળું... સમુદ્રના કલ્લોલની જેમ ચપળ એવું જે ધન,

તેને સાત ક્ષેત્રમાં વાપરીને ખુશ ન થવું એવી **મોહની ચેષ્ટાને ધિક્કાર હો.**

ઉપર વર્ણવેલા બધા જ એવા નથી તો પણ બુદ્ધિવાનોને ખરેખર શંકાસ્પદ રહેવું, કારણ કે બધા દરમાં સર્પ હોતા નથી તો પણ દર જોઈને ભય તો રખાય છે. પ્રચંડ વાયરા વડે ઉછળતા કલ્લોલથી ભરપૂર સમુદ્ર પણ સુખે તરી શકાય... સૂકા વનની અંદર દેદીપ્યમાન થયેલા દાવાનળને પણ સુખેથી શમાવી શકાય... ક્ષુધાથી દુર્બળ થયેલા રાક્ષસથી પણ પોતાનું રક્ષણ કરી શકાય... પણ સત્પુરૂષોને તે સઘળાથી એક મોહ દુઃખે દૂર થઈ શકે એવો છે. તે મોહના ગુણો વડે તેનો સેવકો પણ દુઃખે મરી શકે તેવા છે, તેઓને હણ્યા છતાં પણ નારકીના જીવોની જેમ ફરી ફરીને તેઓ જીવે છે.

એક શ્રીમંત શ્રેષ્ઠિ છે. તેમને વૈભવ વિલાસની કમીના નથી. એવા શ્રેષ્ઠિને ઘેર સૌંદર્યવાન કન્યા પરણીને આવી સંસારના મોહમાં પાગલ બનેલી કન્યા હરખાય છે કે અહો અહીં તો સ્વર્ગના સુખ છે. લીલા લહેર છે. અને પતિ પણ દેવરૂપ જેવા રૂપાળા છે પતિ-પત્ની બંનેના જીવનમાં મોજશોખ ઉડાવવા ભોગ ભોગવવા એ એમના જીવનનું લક્ષ હતું. ધર્મશું

અને કર્મશું એનું એમને જ્ઞાનન હતું.

પતિ કે પત્ની બેમાંથી એક જો ધર્મ સમજતા હોય તો એક બીજાને સમજાવે પણ આ તો બંને મોહમાં પાગલ હતા કોણ કોને સમજાવે ? શેઠ સંસારમાં ગળાડૂબ ખૂંચેલા હતા. પણ પુણ્યોદયે એક વખત એમને કોઇ આત્માર્થી સંતનો ભેટો થયો. એમને સંતે સમજાવ્યું શેઠ આ સંસાર એકાંત દુઃખથી ભરેલો છે.

હે શેઠ ! તમે જેમાં મોહ પામી રહ્યા છો તે તમારૂં જીવન અને રૂપ બધું વિજળીના ચમકારા જેવું ચંચળ છે આ લક્ષ્મીનો પણ શું ભરોસો છે. આજે છે ને કાલે ચાલી જાય. યુવાની પણ એક દિવસ નષ્ટ થઇ જશે. ને વૃદ્ધાવસ્થા આવી જશે કર્મ કોઇને છોડતા નથી આવું સમજીને જીવનમાં કંઇક ધર્મની આરાધના કરો.

આ શેઠ સંસારના રંગમાં રંગાયેલા હતા. મોહમાં ભાન ભૂલ્યા હતા પણ સંતની વાત તેમના ગળે ઉતરી ગઇ તેમનો સૂતેલો આત્મા જાગૃત થયો અને તે ધર્મના માર્ગે વળી ગયા. દરરોજ સંત સમાગમ કરવો સામાયિક પ્રતિક્રમણ શીખવું અને કરવું. તેમ તેમને લાગ્યું. આથી શેઠ દશતિથિ, ઉપવાસ આરાધના દાન વિગેરે ખૂબ કરવા લાગ્યા.

## શેઠાણીના વિચારમાં વિષનો પ્રવેશ

શેઠના જીવનની દિશા બદલાઇ ગઇ જાણીને સંસાર સુખની પ્યાસી શેઠાણી પણ મનમાં વિચારવા લાગી કે શેઠ તો દિવસે દિવસે ધર્મના ઢીંગલા થતા જાય છે હવે મારા સંસારની વાડી સૂકાવા લાગી. મને શું સુખ ? આથી શેઠાણી રાતદિવસ ઝુરવા લાગી. ઘણી વાર રડતી ત્યારે શેઠ એને ધર્મ તરફ વાળવા ખૂબ પ્રયત્ન કરતા પણ ભારે કર્મી જીવને ધર્મની વાતો ક્યાંથી રૂચે !

એક તરફ શેઠની ધર્મમાં શ્રદ્ધા દ્રઢ બની. ત્યારે બીજી તરફ શેઠના અશુભ કર્મનો ઉદય થયો. પુણ્યનો સિતારો અસ્ત થયો. ચારે તરફથી વેપારમાં ખોટ આવી માલ ભરેલા વહાણ ગુમ થયા ચારે બાજુથી નુકશાન થતાં સ્થિતિ બદલાઇ ગઇ, ક્રોડપતિ શેઠ ગરીબ થઇ ગયા. કર્મે એની સ્થિતિ બદલાણી પણ ધર્મ પ્રત્યેની એની શ્રદ્ધા દ્રઢ રહી.

આજે ઘણા માણસો ધર્મના માર્ગે ચઢે અને દુઃખ આવે તો કહેશે કે પહેલા ધર્મ નહોતો કરતો ત્યારે સુખી હતો ને હવે ધર્મ કરવા લાગ્યો. દુઃખી

થઈ ગયો માટે હવે ધર્મ નથી કરવો આવા જીવો પણ પડ્યા છે. પણ આ શેઠ ખૂબ શ્રદ્ધાવાન છે ધર્મ કરનારને કદી દુઃખ આવતું નથી. દુઃખ તો પોતાના કર્મોથી આવે છે કોઈ પણ ભવના કર્મો જીવને સતાવે છે.

શેઠની શ્રદ્ધા તો દુઃખમાં પણ મજબૂત છે ઉદારતા અને માનવતાની મહેંકથી શેઠનું જીવન પવિત્ર છે કર્મરાજાએ એવી દશા કરી કે ખાવાના સાંસા પડ્યા. શેઠ મહેનત મજુરી કરવા લાગ્યા. હવે શેઠાણીના રંગરાગ પૂરા કરવામાં મુશ્કેલી પડે છે.

શેઠાણી તો રોજ ઉઠીને કહે કે મારે આ જોઈએ તે જોઈએ. શેઠ કહે હવે હું લાવી શકું તેમ નથી જે છે તેમાં સંતોષ માનો ત્યારે શેઠની સામે ગમે તેવા શબ્દો કહેવા લાગે કે જો તમારે મને આવું દુઃખ આપવું હતું તો પરણ્યા શા માટે ? પહેલેથી ખબર નહોતી ? કંઈક ખાનદાન સ્ત્રીઓ પોતાના સંયોગ પ્રમાણે ઘર ચલાવે છે ને આબરૂ વધારે છે શેઠના કર્મોદયે શેઠાણી બગડ્યા.

## સ્વાર્થ સરે ત્યાં સુધી સગપણ

સંસાર સુખની પ્યાસી શેઠાણી મનમાં વિચાર કરવા લાગી કે એક તો શેઠ ધર્મીષ્ઠ બની ગયા છે. એટલે મારી ઈચ્છાઓ પુરી થતી નથી. બીજું પૈસાથી પણ ખલાસ થયા. એટલે મારૂં બધું સુખ ચાલ્યું ગયું છે. તો આવા પતિની શી જરૂર છે ! જેમ ડાંગરમાંથી ચોખા કાઢ્યા બાદ ફોતરા તો ફેંકી દેવાના જ હોય ને ! તેમ હવે જે પતિ સુખ ન આપે તે ફોતરા જેવો જ ગણાય ને!

હું એને ત્યજી દઉં આવો વિચાર કરીને શેઠાણીએ ધીમે ધીમે શેઠ પ્રત્યેથી પ્રેમ ઓછો કર્યો. એના દેહમાં ભોગની આગ ભડકે બળતી હતી. એટલે તે બીજાના પ્રેમમાં પડી. આગળની સતી સ્ત્રીઓ જીવનમાંથી બધું જતું કરતી પણ પોતાનું ચારિત્ર તો જવા દેતી નહિ. ચારિત્ર માટે કાયા કુરબાન કરી દેતી પણ આ તો ભોગની ભિખારણ હતી. એને ચારિત્રની પડી ન હતી.

ધીમે ધીમે શેઠ પ્રત્યેનો પ્રેમે તદ્દન ઓછો કરી નાખ્યો. શેઠે એને પોતાની અર્ધાંગના માની હતી. જેની પાછળ એક વખત તે પાગલ બન્યા હતા. તે શેઠાણી શેઠ સામું પણ જોતી નથી. શેઠાણીનું વર્તન જોઈને શેઠને વહેમ પડ્યો કે આ શેઠાણી આમ કેમ કરે છે?

## શેઠાણીએ શેઠને બહારગામ મોકલવાની કરેલી બનાવટ

આ તરફ શેઠાણીને એનો પતિ સંસાર સુખમાં આડખીલ રૂપ લાગ્યો. એ હશે ત્યાં સુધી મારૂ સુખ હું નહીં ભોગવી શકું. આથી તેણે વિચાર કર્યો કે શેઠને બહારગામ મોકલી દઉં એટલે ધીમે રહીને કહે છે. નાથ ! આપણા પાપકર્મોનો ઉદય છે એટલે બધી સંપત્તિ ચાલી ગઇ. ને તમે કાળી મજુરી કરો છો પણ કંઇ મળતું નથી. જો તમે બહારગામ કમાવા જાવ તો આપણે બે પૈસે સુખી થઇએ. ત્યારે શેઠે કહ્યું શેઠાણી આમ કેમ કહો છો.

હું મહેનત મજુરી કરીને પેટ પુરતું કમાઉં છું. શેઠાણી કહે છે બહારગામ જાવ તો આટલી મહેનત ન કરવી પડે શેઠ કહે ભલેને આપણે રોટલાને દાળ ખાઇશું. પણ ભેગા તો રહી શકીએ ને ? અત્યારે મારા પાપકર્મોનો ઉદય છે. પણ મને શ્રદ્ધા છે કે જરૂર મારા શુભ કર્મનો ઉદય થશે. ને જે મારા પૈસા દબાવીને બેઠા છે. તે બધા મને સામેથી બોલાવશે ને આપશે.

થોડા વખતમાં દુઃખના દિવસો ચાલ્યા જશે. માટે તમે શાંતિ રાખો ત્યારે શેઠાણીએ કહ્યું નાથ ! કિસ્મતની કોને ખબર છે ? ઘણી વખત એવું બને છે કે માણસના ભાગ્ય બહારગામ ખીલે છે શેઠે કહ્યું બધી વાત ઠીક છે. પણ તું મને બહારગામ જવા માટે આટલો બધો આગ્રહ શા માટે કરે છે.

શેઠાણી કહે છે. ''મારૂ મન કહે છે કે તમે બહારગામ જાવ તો સારૂં'' શેઠાણીએ બહારગામ જવા માટે ખૂબ આગ્રહ કર્યો ત્યારે શેઠના મનમાં થયું કે સૌ સૌના ભાવો જે હોય તે ભલે હોય પણ જ્યારે એણે મને બહારગામ જ મોકલવો છે તો જાઉં.

## શેઠાણીએ કરેલું કારસ્તાન

શેઠે બહારગામ જવાનું નક્કી કર્યું, શેઠાણી તો રાહ જોતી હતી. ''ક્યારે જાય આ ખોખું ને ઘર થાય ચોખું'' મનમાં તો ખૂબ રાજી થઇ પણ ઉપરથી પ્રેમ બતાવતી કહે છે નાથ ! તમને રસ્તામાં ખાવા ભાતું તો જોઇએને ! તો હું ચુરમાના લાડું બનાવી દઉં.

શેઠ કહે ભલે પત્ની બહારગામ જવા માટે આટલો આગ્રહ કરે છે એટલે શેઠને વહેમ તો હતો પણ સમજી ગયા કે સંસાર અસાર છે. એમાં રાગ રાખવા જેવો નથી. મારે તો મારા આત્માનું કલ્યાણ કેમ થાય તે જોવું છે. શેઠે

દુઃખમાં પણ સુખ શોધ્યું ને વિષમાં અમૃત શોધ્યું ને જવા તૈયાર થયા. શેઠાણીએ ભારે ઝેર નાંખીને ઘીથી લચપચતા ચાર લાડવા બનાવ્યા એણે વિચાર કર્યો કે એક લાડવો ખાઈ જો નહિ મરે તો બીજો ને બીજો ખાશે નહિ મરે તો ત્રીજો ખાશે તો મરી જાશે ને છેવટે ચોથો ખાશે પછી તો જીવતા રહેશે જ નહિં.

આ શેઠની રગે રગે ધર્મની શ્રદ્ધા હતી એને ખબર ન હતી કે લાડવામાં ઝેર નાંખ્યું છે. શેઠ રોજ એકાસણા કરતા હતા એટલે શેઠાણી કહે છે હે નાથ ! અહીંથી એકાસણું કરીને જાઓ તો ચિંતા નહિં. શેઠે કહ્યું ના સવારમાં વહેલો ઠંડા પ્રહરે નીકળી જઈશ. પણ શેઠાણીએ કહ્યું ના હું એકાસણું કરાવીને જ જવા દઈશ. પાછી પ્રેમ તો એવો બતાવે છે કે જાણે સતી ન હોય !

આ શેઠના પ્રત્યે પ્રેમ નથી પણ એના પેટમાં દગો છે ને એકાસણું કર્યા વિના જાય ને જો ચાર પાંચ માઈલમાં જઈને લાડવા ખાય તો મરી જાય ને પ્રકરણ ઉભું થાય તે કરતાં એકાસણું કરીને જાય તો બીજે દિવસે બપોરે ખાશે ત્યાં તે દશ-પંદર માઈલ દૂર જતાં રહેશે પછી કંઈ ચિંતા નહિં.

એ એના વિચારમાં રમતી હતી. શેઠે કહ્યું કે ભલે ત્યારે એકાસણું કરાવ્યું થોડીવાર આરામ કરીને શેઠ પેલા ચાર લાડવાની પોટલી અને એક દોરી લોટો લઈને નવકાર મંત્રનું સ્મરણ કરી. ઘરમાંથી વિદાય થયા. શેઠાણીને થયું હાશ હવે ઘરમાંથી નડતર ગયું હું શાંતિથી સુખ ભોગવીશ.

## શેઠની વહારે આવેલો ધર્મ

આ તરફ શેઠ નવકારમંત્રનું સ્મરણ કરતાં કરતાં પાંચેક માઈલ ચાલ્યા ત્યાં સાંજ પડી એટલે એક ઝાડ નીચે બેસીને સામાયિક પ્રતિક્રમણ કર્યા ને પછી સૂઈ ગયા બીજે દિવસે સામાયિક પ્રતિક્રમણ કરીને ચાલવા માંડ્યું બીજા પાંચ માઈલ ચાલ્યા એટલે ખૂબ ભૂખ લાગી. થાક પણ ખૂબ લાગ્યો હતો. ચાલતાં ચાલતાં એક કૂવો આવ્યો.

એ જોઈને શેઠે વિચાર કર્યો કે આ જગ્યા સારી છે બાજુમાં વૃક્ષ પણ છે. તો હું પાણી કાઢીને અહીં બેસીને એકાસણું કરી લઉં. આવો વિચાર કરીને શેઠે કુવામાંથી પાણી કાઢ્યું. હાથ-પગ ધોયા ને ઝાડ નીચે બેસીને લાડવાની પોટલી છોડી મનમાં વિચાર કર્યો કે બે લાડવા આજે ખાઈ જઉં ને બે કાલે ખાઈશ આવો વિચાર કરીને બે લાડવા કાઢ્યા.

મનમાં ચિંતવણા કરે છે કે મને કોઈ સંતનો યોગ મળી જાય તો કેવું સારૂં. વહોરાવીને લ્હાવો લઉં. કારણ કે ઉનું પાણી નથી તેથી એકાસણાને બદલે એક ટંક ખાઇશ પચ્ચક્ખાણ કરીશ. પણ આ વગડામાં યોગ ક્યાંથી મળે ? ધર્મ ઉપર અજબ શ્રદ્ધા હતી એટલે ખાતા પહેલા નવકારમંત્રનું સ્મરણ કર્યું. પાંચ મિનિટ નવકાર મંત્રનું સ્મરણ કરી લાડવો ખાવાની તૈયારી કરે છે. ત્યાં વીસ પચ્ચીસ કૂતરા શેઠની આજુબાજુ ફરી વળ્યા.

લાડવાનું બટકું લઈને મોઢામાં મૂકવા જાય છે ત્યાં કૂતરા તેના હાથમાંથી તરાપ મારીને લઈ લેવા જાય છે. શેઠના મનમાં થયું કે આ કૂતરા ભૂખ્યા થયા લાગે છે એને બટકુ આપવા જાય છે. પણ એ ખાતા નથી ને શેઠને ખાવા દેતા નથી. શેઠ તો કૂતરાને કાઢવા કેટલા વાના કરે છે પણ એકે કુતરૂં ત્યાંથી ખસતું નથી શેઠ લાડવો મોં માં મૂકવા જાય છે. ત્યાં તરાપ મારે છે. કોઈ હિસાબે કૂતરા શેઠના મોઢામાં લાડવો જવા દેતા નથી.

શેઠ વિચાર કરે છે કે હમણાં તો એકેય કુતરૂં નહોતું ને આટલા બધાં ક્યાંથી આવ્યા ? આ કૂતરા ખાતા નથી ને મને ખાવા દેતા નથી. ઠીક ત્યારે આજે હું ઉપવાસ કરી લઉં. જ્યાં ઉપવાસના પચ્ચક્ખાણ કર્યા ત્યાં બધાં કૂતરા અલોપ થઈ ગયા. શેઠ વિચાર કરે છે કે આ બધું શું ? છેવટે લાડવા બાંધી શેઠ આગળ ગયા રસ્તામાં રાત પડતા સૂઈ ગયા.

પાછા ચાલ્યા ત્યાં એક તળાવ આવ્યું. એટલે શેઠે વિચાર કર્યો કે આજે આ તળાવની પાળે બેસીને એક ટંકનું ખાઈ લઉં જ્યાં લાડવો હાથમાં લીધો ત્યાં કા...કા... કરતાં ઘણા કાગડા શેઠની આસ-પાસ આવીને બેસી ગયા શેઠ લાડવો મોઢામાં મૂકવા જાય છે ત્યાં કાગડા ચાંચ મારીને લાડવો પડાવી નાંખે છે. શેઠને થયું કે આ શું ?

હું જમવા બેસું ત્યાં આ કાગડા ક્યાંથી આવ્યા ? ભૂખ ખૂબ લાગી છે. પણ ખાઈ શકતા નથી. તેમજ લાડવો મૂકે છે તો કાગડા ખાતા નથી. શેઠે વિચાર કર્યો કે આજે પણ મારે ખાવું નથી. ઉપવાસ કરૂં શેઠે છઠ્ઠના પચ્ચક્ખાણ કર્યા. એટલે કાગડા બધા અદૃશ્ય થઈ ગયા ત્યારે શેઠના મનમાં વિચાર થયો કે લાડવામાં કંઈક છે. છેવટે શેઠ રાત્રે જંગલમાં રોકાઈને સવારે કોઈ એક ગામના પાદરમાં આવ્યા. ત્યાં એક ધર્મશાળા જોઈ એટલે મનમાં વિચાર કર્યો કે આ ધર્મશાળાના ઓટલે બેસીને પારણું કરૂં.

શેઠ બિચારા હાથ પગ ધોઈ પાણી લાવીને ઓટલે છઠ્ઠનું પારણું કરવા બેસે છે. ત્યાં પટાવાળો આવીને કહે છે ભિખારા અહીં શા માટે બેઠાં છો ? તો કહે છે ભાઈ ? ખાવા બેઠો છું ત્યારે પટાવાળો રૂઆબ કરીને કહે છે. ઉઠ, ઉભો થા અહીં થી આ તારે ખાવા બેસવાની જગ્યા નથી. એમ કરીને ઉઠાડ્યા.

બીજે જઈને બેઠા તો ત્યાંથી પણ ઉઠાડ્યા. આમ ત્રણ ચાર જગ્યાએ ગયા પણ તેમને કોઈએ બેસવા ન દીધા ત્યારે શેઠે વિચાર કર્યો કે મને આજે પણ કોઈ લાડવા ખાવા દેતું નથી તો મારે હવે ખાવા નથી એમ કહીને અઠ્ઠમના પચ્ચક્ખાણ કર્યા.

## મૃત્યુના પંજામાંથી શેઠનો થયેલો છૂટકારો

શેઠે વિચાર કર્યો કે ક્યાં જાઉં. અહીં તો કોઈ બેસવા દેતું નથી. ત્રણ ત્રણ દિવસના ઉપવાસ થયા. હવે ચાલવાની શક્તિ નથી. લાવ ધીમે ધીમે સ્મશાનમાં પહોંચી જાઉં. ત્યાં મને કોઈ ઉઠાડશે નહિં. શેઠ તો શ્મશાનમાં પહોંચી ગયા. ત્યાં એક ઝાડ નીચે જઈ બંગલામાં સૂતા હોય તેમ આરામથી સૂઈ ગયા. ઘસઘસાટ ઉંઘ આવી ગઈ.

મધરાત થઈ એટલે ત્યાં ચાર ચોરો ચોરી કરીને માલના પોટલા લઈને આવ્યા ને શેઠ જે ઝાડ નીચે સૂતા હતા ત્યાં આવ્યા. ચોરો કહે છે. આપણે માલનો ભાગ પાડીએ ત્યારે એક ચોરે કહ્યું. અહીં એક માણસ સૂતો છે. ત્યારે બીજાએ કહ્યું ભલે સૂતો, એતો મુડદાલ જેવો લાગે છે. એના મુખ ઉપર માખી ઉડાડવાની પણ ત્રેવડ નથી. નિર્ભય રહો અને ભાગ પાડો, ભાગ પાડવા બેસતા પહેલાં એક ચોર કહે છે. આ સુતો છે એના માથે પણ પોટલી પડી છે તે પણ ભેગી લઈ લઈએ.

જેમ જેમ મનુષ્યને લાભ મળતો જાય છે. તેમ લોભ વધતો જાય છે. આ ચોરો ચોરી કરીને ઘણું ધન લાવ્યા હતા પણ એક નાનકડી પોટલી જોઈને મન લલચાઈ ગયું માણસને ગમે તેટલું મલે પણ સંતોષ થતો નથી, અગ્નિમાં ઘી નાંખીએ તો અગ્નિ વધતી જ જાય છે. તેમ તૃષ્ણાવત્ મનુષ્યને જેમ મળે તેમ લોભ વધતો જાય છે.

ચોરો લાખોનો માલ લાવ્યા પણ સંતોષ ન થયો. ને પેલા શેઠની પોટલી લઈ આવ્યા. પોટલી છોડી તો ડબ્બામાં ચાર લાડવા હતા. આ જોઈને ચોરો કહે છે અલ્યા આ ઘીના લચપતા લાડું કેવા મજાના છે આપણે લાડવા

ખાઈએ પછી ભાગ પાડીએ આપણે ચાર છીએ જો લાડવા પણ ચાર છે એકેક ખાઈ લઈએ.

ત્યારે એક ચોર કહે છે એ ભૂખ્યો સૂતો હશે. માટે બે રાખોને બે ખાઈએ. ત્યારે એક કહે છે એ તો ગમે તે ખાશે. આપણે ખાઈ લો ને પણ પેલો ચોર કહે છે ના. છેવટે એકતો રાખો ત્યારે એકે કહ્યું કુદરતે આપણે ચાર છીએ ને લાડવા પણ ચાર છે. એટલે ચારે જણા એકેક લાડવો ખાઈ ગયા.

ભારે ઝેર નાંખ્યું છે એટલે લાડવો પેટમાં ગયો ને કલાકમાં નસે નસો તૂટવા લાગી તેથી ચોરો વિચાર કરે છે કે નક્કી લાડવામાં ઝેર છે જો કોઈ ઉપાય થાય તો ઝેર નીકળી જાય તેમ વિચારી ઉભા થયા કે પડ્યા ને તરત તેમના પ્રાણ ચાલ્યા ગયા. અહાહા... લાડવાનો મોહ કર્યો તો પ્રાણ ગુમાવ્યાને ?

જે અતિ લોભ કરે છે. તેની આવી દશા થાય છે આવી દશા જો ન થવા દેવી હોય તો સમજીને સંતોષના ઘરમાં આવી જાવ. પેલા શેઠ સવાર પડતાં જાગ્યા ને જોયું તો બે ચાર જણાંને સૂતેલા જોયા. એમના મનમાં થયું કે ચાર જણાના શરીર લીલા કાચ જેવા થઈ ગયા છે. અહો આ તો ઝેર ચઢ્યું છે ત્યાં પોતાના લાડવાની પોટલી ન જોઈ. એટલે શેઠ પરિસ્થિતિ સમજી ગયા. નક્કી આ લોકો મારા લાડવા ખાઈ ગયા હશે.

લાડવામાં મારી પત્નીએ ઝેર નાંખ્યું હશે. મને મારી નાંખવા માટે જ એણે આ કાવતરું કર્યું છે અરેરે... મેં એકલાએ લાડવા ખાધા હોત તો હું એકલો મરી જાત પણ આ બિચારા ચારે ચાર જણ મરી ગયા. મારા નિમિત્તે એમનું મોત થયું. શેઠ ખૂબ પશ્ચાતાપ કરવા લાગ્યા.

ધર્મિષ્ઠ આત્મા કેવો વિચાર કરે છે. હાશ ? હું બચી ગયો તેમ ન વિચાર્યું શેઠને એ પણ ભાન થયું કે મને મારા ધર્મે જ બચાવ્યો છે. હું ત્રણ ત્રણ વખત લાડવા ખાવા બેઠો પણ મને ખાવા ન દીધા. એમાં કોઈ દેવતાઈ સંકેત હોવો જોઈએ ઘણાં કહે છે કે ધર્મ શું કરવાનો ? ધર્મનું પ્રત્યક્ષ ફળ અમને બતાવો ? ભાઈ ધર્મનું ફળ પ્રત્યક્ષ ન દેખાય પણ સમય આવ્યે કરેલો ધર્મ આપણું રક્ષણ કરે છે.

ચોરોના પોટલા પડેલા હતા. અહીં શેઠ સિવાય બીજું કોઈ હતું નહિં. શેઠ ધારત તો બધું લઈ લેત પણ તેમ નહિં કરતા ચારેમાંથી થોડા થોડા કિંમતી

રત્નો લીધા. તે પણ અનિચ્છાએ લીધા પોટલા તો ત્યાં જ પડી રહ્યા. શેઠ થોડું ઝવેરાત લઈને ચાલતા થયા. બીજા ધનની સામે દૃષ્ટિ પણ ન કરી.

આ સમયે આજનો માનવી શું કરે ? બધું સ્હેજે મલ્યું છે તેમ માનત. શેઠ ઝવેરાતમાંથી બે કિંમતી હીરા વેચીને પૈસા મેળવી લીધા. હવે શેઠને પૈસાની જરૂર ન હતી કે એમને ઘેર પણ જવું ન હતું પણ પત્નીને જાણ કરવી હતી. એટલે પૈસામાંથી સારા કપડાં દાગીના બધું લાવ્યા. તે મોટા રસાલા સાથે પોતાના ગામના પાદરે આવ્યા. શેઠે વિચાર કર્યો કે જલ્દી પ્રચાર કરવો હોય તો કુવાનો કાંઠો સારો ન્યૂઝ પેપરની જરૂર ન પડે.

## શેઠે ખોલાવેલી શેઠાણીની દૃષ્ટિ

શેઠે કૂવાની સામે એક તંબૂ તાણ્યો સુંદર વસ્ત્રો પહેર્યાં. ઘણા માણસો અને નોકર ચાકરો શેઠને ખમ્મા ખમ્મા કરે છે શેઠ મખમલની ગાદીએ બેસીને જે કોઈ આવે તેને છૂટે હાથે દાન આપે છે કૂવે જે બહેનો આવે તે બધા જોવા આવે છે.

કોણ રાજા આવ્યો છે ? જે આવે છે તેને શેઠ ખોબો પૈસા આપે છે ! આથી આ વાત શેઠાણીને પહોંચી. લોકો અંદરો અંદર વાતો કરવા લાગ્યા. કે આ તો અઠવાડીયા પહેલા કમાવા ગયા હતા. તે જ શેઠ છે શું આઠ દિવસમાં આટલું બધું ધન કમાઈને આવ્યા. શેઠાણી વિચારે છે કે એ આવે તેવું મેં રાખ્યું નથી ને ક્યાંથી આવ્યા ?

બધા લોકો કહેવા લાગ્યા તેથી શેઠાણી જોવા માટે આવી અને ચમકી અહો મેં તો એમને ઝેર નાંખીને લાડવા આપ્યા હતા તે શું ખાધા નહિ હોય, અને આઠ દિવસમાં આટલું બધું કમાઈને આવ્યા. મેં તો ખોખુ કાઢીને ઘર ચોખ્ખું કર્યું ને આતો પાછું ખોખું આવ્યું.

શેઠનો ઠાઠમાઠ જોતાં લાગ્યું કે ઘણું લાવ્યા છે એટલે રડતી રડતી કહે છે નાથ ! મેં આપને બહારગામ મોકલ્યા પણ પછી મને બહુ પસ્તાવો થયો. મેં તો આઠ દિવસ આપના વિયોગ ઝુરીઝુરીને કાઢ્યા છે નાથ આઠ દિવસ તો મારા આઠ ભવ જેવા ગયા છે. નાથ ! ઘેર પધારો શેઠે કહ્યું શેઠાણી હું બધું જાણું છું શેઠે મર્મકારી ભાષામાં કહી દીધું કે તમે તો મને એવી લાંબી વાટે મોકલ્યો હતો કે હું પાછો આવું જ નહિં. સૂતેલો પછી ઉઠું નહિં. તમારો મારા ઉપર કેટલો ને કેવો પ્રેમ છે તેનું માપ નીકળી ગયું. મને તો મારા ધર્મે

બચાવ્યો છે. હવે મારે ઘેર આવવાનું કોઈ જ પ્રયોજન નથી. હું તો મારા ગુરૂ પાસે જઈને દીક્ષા લેવાનો છું. હું તો તને એકવાર ભાન કરાવવા આવ્યો છું કે આ સંસાર દુઃખમય છે દુઃખનું મૂળ છે ને દુઃખની પરંપરા છે.

આ વાત મને બરાબર સમજાઈ ગઈ છે. એટલે હું દીક્ષા લેવાનો છું. શેઠે દીક્ષાનો નિર્ણય કર્યો એટલે ઉઘરાણીવાળા જે પૈસા નહોતા આપતા તેમનો સામેથી કાગળ આવ્યો કે શેઠ તમારી ઉઘરાણીના પૈસા લઈ જાવ. વહાણ ગુમ થયા હતા તેના સમાચાર આવ્યા કે આપના માલથી ભરેલા વહાણ ગુમ થયા હતા તે મળી ગયા છે આમ સામેથી કહેવા આવ્યા.

શેઠે વિચાર કર્યો કે હવે મારે સંસારમાં રહેવું નથી મારે દીક્ષા લેવી છે. ગમે તેટલી સંપત્તિ હોય મારે શી જરૂર છે શેઠને જે સંપત્તિ મળી તેમાંથી શેઠાણી જિંદગીભર ખાય તેટલું રાખીને દીક્ષા મહોત્સવમાં બધી વાપરી. શેઠાણી નિષ્ઠુર બન્યા પણ શેઠ એવા નિષ્ઠુર ન બન્યા. અને મહોત્સવ પૂર્વક શેઠે દીક્ષા લીધી.

**આ મોહ સર્વ જીવોમાં રહેલો છે, પ્રવાહની અપેક્ષાએ અનાદિ અનંત છે, અભવ્ય વ્યક્તિની અપેક્ષાએ અનાદિ અનંત છે અને ભવ્ય વ્યક્તિની અપેક્ષાએ અનાદિ સાંત છે પરંતુ અનાદિ તો સર્વ અપેક્ષાએ છે.**

**હે વત્સ વિવેક ! તું પણ પ્રવાહની અપેક્ષાએ આદિ અંત વિનાનો છે. છતાં થોડા જ જીવોમાં છે, વ્યક્તિની અપેક્ષાએ આદિ અને અંતવાળો (સાદિ સાંત) પણ છે તે તું વિચાર. આ મોહ અને તેના જે ભક્તો છે તે પણ બહુ રુપ ધારણ કરવાવાળા છે તે મહાશત્રુઓ દરેક પ્રાણીની પાછળ એક એકરુપે લાગેલા છે.**

**હે વિવેક ! તું અને તારા જે ભક્તો છે તે પણ બહુરુપ ધારણ કરવાવાળા છો, પરંતુ તમે સમ્યગ્દ્દષ્ટિઓની સાથે જ સંબંધ રાખનારા છો, અન્યની સાથે નહીં, તેથી જ તારા પક્ષકારો કરતાં મોહના પક્ષકારો શાસ્ત્રમાં અનંતગુણા કહ્યા છે. તો હે વિવેક ! તું બળવાન છે તો પણ આ સર્વેને કેવી રીતે જીતી શકીશ ? તેથી હે સત્પુરુષ ! એ સર્વની ચિંતાથી સર્યું. તું તારો સ્વાર્થ સાધ. કારણ કે તારા શરણે આવેલાનું રક્ષણ કરવા સિવાય બીજો તારો સ્વાર્થ શું છે ? હું જાણું છું કે મોહથી કદર્થના કરાતા**

આ જગતના સર્વ જીવોને જોઈને એ સર્વ આપદાના મૂળ મોહને જ ઉખેડી નાંખવા તું ઇચ્છે છે, પણ તે ઉખેડી નાંખવા છતાં ગળોના વેલાની માફક પાછો તે સજીવન થાય છે. છતાં પ્રાણીઓની પીડા શમાવાનો કંઈક ઉપાય હું તને કહું છું તે સાંભળ.

## નિર્વાણ નગરી

આ લોકના અંત ભાગમાં આવેલું એક નિર્વાણ નામનું નગર છે, જેની પ્રાપ્તિને માટે ક્યા ક્યા મનુષ્યો વિવિધ પ્રકારના ક્લેશોને સહન કરતા નથી ? અર્થાત્ તે નગરની પ્રાપ્તિને માટે દરેક પ્રાણીઓ મહેનત કરે છે. પણ તે શહેરમાં ભવ્ય જીવોમાંથી ઘણા થોડા જ નિવાસ કરે છે, કેમ કે સર્વ મણિનો સમૂહ કાંઈ સુવર્ણનો સંયોગ પ્રાપ્ત કરી શકતો નથી.

તે શહેરમાં જન્મ-જરા અને મૃત્યુ નથી... વિપદા નથી...

ગર્ભાવાસની પીડા નથી... ધન-સ્ત્રી-પુત્ર-પુત્રી અને બંધનની પરાધીનતા નથી..

ઇન્દ્રિઓની ચપળતા નથી.. મન સંબંધિ પીડા નથી.. શરીર સંબંધિ વ્યાધિ નથી...

વિયોગ-શોક અને પરાભવ નથી... દુઃખ અને દાસપણું નથી...

ભય-ક્ષુધા-તૃષા નથી... ઈર્ષ્યાવાળી વાણી - પીડા અને ટાઢ કે તાપ નથી.. ફક્ત એક કેવલજ્ઞાન યુક્ત અમૃતના ભોજનથી ધરાયેલાની જેમ આલ્હાદથી ભરપૂર પણે અનેક જીવો તે શહેરમા નિરંતર નિવાસ કરે છે.

મોહથી ભય પામેલા અને નિર્વાણના ઇચ્છુક જેમ તેમ દોડતા લોકો માર્ગથી અજ્ઞાન વટેમાર્ગુની જેમ મોહ નગરીમાં જ જાય છે. વળી નિર્વાણ-શહેરનો માર્ગ નહિં જાણનારા કેટલાક ઠગારાઓ સ્વકલ્પિત માર્ગને નિર્વાણ માર્ગ કહીને વિશ્વાસુ માણસને ભવસમુદ્રમાં જ ભમાવે છે. વૈરાગ્ય સહિત સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ ક્રિયા એ જ તેનો માર્ગ છે. જે પ્રાણીઓ અમારા વચનોમાં વિશ્વાસ રાખે છે તેજ તે નિર્વાણ માર્ગને પામે છે. સ્વામી રહિત મનુષ્યો મુક્તિની લગભગ પહોંચ્યા હોય તો પણ મોહ

તેને પાછો વાળે છે, કેમ કે સમુદ્ર કિનારે આવેલા વાહણને શું વાયુ ભમાવતો નથી ? અર્થાત્ ભમાવે છે. માટે હે વિવેક ! જે કોઇ મોહથી ભય પામીને તે નિર્વાણપુરીમાં જવાની ઇચ્છાવાળા હોય, તેવા વટેમાર્ગુઓનો રસ્તામાં તું એક રક્ષણકારી થા. તું પાસે હોવાથી શત્રુઓથી નિર્ભય થયેલા તે સાધકો મોક્ષમાં જઇ શકે. કારણ ગરૂડ ઉપર ચડેલાને શું સર્પનો ભય હોય ? તેમ વિવેક પાસે હોય તો જીવને મોહનો ભય ન હોય.

પહેલા પણ તારી જેમ અનેક વિવેક મારી પાસે આવ્યા હતા, અને આ રસ્તે જ તેઓએ પોતાની સ્વાર્થ સિદ્ધિ મેળવી હતી.

એ પ્રમાણે ભગવાને આદેશ કર્યો તેનો વિવેકે સ્વીકાર કર્યો કેમ કે બળવાન ભુજાવાળાનું સત્વ વજની જેમ ન અટકાવી શકાય એવું હોય છે. વિવેકના વીર-ચરિત્રથી તુષ્ટમાન થયેલા ત્રણ લોકના સ્વામીએ તેને **પુણ્યરંગ** નામના નગરીનું અધિકારપણું આપ્યું અને કહ્યું 'હે વિવેક ! જે વિમલબોધ નામના તારા સસરા છે તેને જ તું તારા પુણ્યરંગ નગરીમાં કોટવાલ કરજે. તારા કેટલાક સેવકો જે હમણાં મોહની પાસે છે તેઓની મુક્તિ સ્વભાવથી જ અનેક રૂપે ભવિષ્યમાં થનારી છે એમ તું જાણજે.માટે આ વિમલબોધ મારા વનનું પાલકપણું કરશે અને તારા નગરનું કોટવાલપણું સારી રીતે કરશે.

દેશનાના ભંડાર એવા જિનેશ્વર પ્રભુનો આદેશ પામીને તેમના આપેલા કેટલાક ભવ્ય સુભટોના જ પરિવારવાળો... દેવના ધ્યાનરૂપ ધ્વજાના પ્રકાશથી પોતાના આગમનને સુચવતો... ગુરુના ઉપદેશરૂપ વાજિંત્રના ધ્વનિથી આકાશને શબ્દિત કરતો... આનંદિત દષ્ટિએ વારંવાર માતા નિવૃત્તિથી જોવાતો... પ્રેમરૂપ વૃક્ષોના વનની પૃથ્વીતુલ્ય તત્વરૂચિ નામની સ્ત્રી સહિત.. યાચકોને યાચનાપૂરણ લીલામાત્રમાં દાન આપતો... મહાન પુરુષોથી ગુણગાન ગવાતો... અને વિદ્યાસિદ્ધ પુરુષોની જેમ કોઇક રુપથી સ્વામી અર્હતની સભાને નહિં મૂકતો એવો વિવેક ક્ષણમાત્રમાં પુણ્યરંગ નામના નગરમાં દાખલ થયો.

તે નગરમાં રહેલા મહાજનોએ આશ્ચર્યપૂર્વક અને આનંદથી વિકસ્વર થયેલા ચક્ષુઓ વડે જોયેલો વિવેક પોતાના પરિવાર સહિત નગરમાં પ્રવેશ કરતો હતો. પછી ત્યાં વિવેક રાજાએ પોતાના સસરા વિમલબોધને તુરત જ કોટવાલ સ્થાપ્યો, કેમ કે ઉત્તમ પુરુષો સ્વામીના વચનનું ક્યારે પણ ઉલ્લંઘન કરતા નથી.

જેમ ઘરનો સ્વામી જાગૃત હોવાથી શ્વાન ઘરમાં પ્રવેશ કરી શકતો નથી. તેમ આ વિમલબોધ કોટવાલ જાગૃત હોવાથી દયારહિત... દાંડ...દગાખોર...દંભ કરવાવાળા... બિલાડાની જેમ પારકા ઉપર જ આજીવિકા કરવાવાળા... અને તીવ્ર બુદ્ધિમાન છતાં બગચેષ્ટાવાળા પાપાચારી જીવો તે નગરમાં પ્રવેશ કરી શક્યા નહીં.

હવે મોક્ષના માર્ગની સંભાળ કરતો અને ઉત્તમ આચરણરૂપ અમૃતે કરી માતાને સંતોષ ઉત્પન્ન કરતો વિવેક ત્યાં રાજ્ય ભોગવે છે.

જ્યારે જ્યારે આ ઉતાવળે ચાલનાર અને સ્નેહિત મન-પ્રધાન મોહને અથવા વિવેકને સાક્ષીભૂત સહાયકારી થાય છે ત્યારે ત્યારે મોહનું અથવા વિવેકનું રાજ્ય વૃદ્ધિ પામે છે. આ પ્રમાણે વિવેક-પુત્રની ભાગ્ય કલાનો વિચાર કરતો મન-પ્રધાન અંતઃકરણમાં અત્યંત આશ્ચર્ય પામ્યો. અને તેના ઉદયથી માયા-કુબુદ્ધિ એ પ્રવૃત્તિએ ત્રણે સ્ત્રીઓએ પોતાનું મુખ મલીન કરવાથી સુમતિ-સદ્‌બદ્ધિ અતિ ખુશ થઇ અને હંસરાજા પણ પોતાનાં બંધન ઢીલાં થવાથી સદ્‌બુદ્ધિના આલિંગનનું સુખ ઘણા કાળે પામ્યા.

**શ્રી અચલગચ્છ શ્રૃંગાર, આત્મજ્ઞાની શ્રીમદ્ જયશેખરસૂરિએ**
**રચેલ પ્રબોધ ચિંતામણિ ગ્રંથને વિષે મોહને રાજ્યની પ્રાપ્તિ,**
**વિવેકનું તત્વરુચિ સાથે પાણિગ્રહણ અને તેને**
**રાજ્યની પ્રાપ્તિના વર્ણનવાળો**
**ચોથો અધિકાર**
**સમાપ્ત થયો.**

# પાંચમો અધિકાર

## વિવેકની તપાસ – કંદર્પનો દિગ્વિજય

અવિદ્યા નગરીમાં રહેલો મોહરાજા **નાસ્તિક** નામના મિત્રની સાથે એકદા રાજ્ય વ્યવસ્થા સંબંધિ વિચાર કરે છે. મિત્રે કહ્યું – ''હે મોહ ! નિવૃત્તિના રંક પુત્ર એક વિવેક સિવાય બાકીનો સર્વ બંધુ વર્ગ તારે આધીન છે.''

તે સાંભળી પૂર્વે અનુભવેલા વિવેકના બાહુબળથી પરિચિત હોવાથી આકુળ-વ્યાકુળ થતો મોહ, જાણે સર્વ વસ્તુનો નાશ થયો હોય તેની જેમ નિસાસો નાખીને મિત્રને કહે છે – 'હે નાસ્તિક મિત્ર ! તે વિવેક રાંક નથી, તેની આગળ હું રાંક છું, જેમ વાઘ હરણને દુઃખ આપે છે તેમ તેણે ઘણીવાર મને દુઃખ આપ્યું છે.' ખરેખર મન પ્રધાન જ મુર્ખ છે, કારણ તેણે વિવેકને જીવતો મૂકી દિધો. પોતાનો પુત્ર પણ જો વિપરીત ચાલવાળો હોય તો સમજદાર માણસો તેનો નાશ કરે છે. જેના શરીરમાં એક રોગ સ્થાયી રહેવાવાળો હોય તેને સુખ ક્યાંથી હોય ? તેમ એક શત્રુ જીવતો હોય તેને સુખ ક્યાંથી હોય ? જેને માથે શત્રુ હોય છતાં જે મૂઢ પ્રાણીઓ સુખે નિદ્રા કરે છે, તેઓ ઘરની અંદર આગ લાગ્યા છતાં સુઇ રહેનારની જેમ મૃત્યુ પામેલા જ સમજવા. 'હે મિત્ર ! આ ક્ષુદ્ર અર્થાત્ નાનો છે એમ વિચારીને તું શત્રુનો વિશ્વાસ કરીશ નહિં. કેમ કે મચ્છર નાના શરીરવાળો હોય છે છતાં હાથીને પણ મારી નાંખે છે. તેથી નાના સરખા શત્રુની થોડી પણ ઉપેક્ષા સર્વ વસ્તુનો નાશ કરવાવાળી થાય છે. નાનો પણ વૃક્ષનો અંકુરો કાળાંતરે શું મહેલનો નાશ નથી કરતો ? અર્થાત્ કરે છે. દુઃખી અવસ્થામાં આવી પડેલા શત્રુની પણ વિદ્વાનોએ શંકા રાખવી. કારણ પત્થરથી ચૂર્ણ કરાયેલું ઝેર પણ પ્રાણોનો નાશ જ કરે છે. કેટલાક સત્પુરૂષો પણ કોઇક ઠેકાણે છે જેઓને હું અપ્રિય છું. તેઓ પણ

તે વિવેકની સાથે મળી જવાથી ગૂઢ પરાક્રમવાળા થશે. શૂરવીર પુરૂષો તો દૂર રહો, પણ જેમ ઘણા તાંતણાના સમુહવાળા વસ્ત્રમાં વણાયેલો વાળ દુઃખે કાઢી શકાય છે. તેમ અલ્પ પરાક્રમવાળો પણ ઘણાની સાથે મળવાથી દુઃખે વશ કરી શકાય છે. તો આ વિવેક જો કદાચ પ્રવચન નગરમાં ગયો તો પછી ગુફાની અંદર રહેલા સિંહની જેમ ક્યા પુરૂષથી તે ગ્રહણ કરી શકાશે ? કદાચ ત્યાં તે પ્રવચન નગરના સ્વામી અર્હત્‌ના કહેવા પ્રમાણે ચાલશે તો પછી અમૃત પીધેલા દૈત્યની જેમ તેને કોણ મારી શકશે ?

## વિવેકની તપાસ

શત્રુને પોતાના હાથે મારવો તેજ શ્રેષ્ઠ રાજનીતિ છે, ત્યારે આ તો પોતાના ઘરમાં ઉત્પન્ન થયેલો અને પરઘરમાં જઇ રહેલો શત્રુ છે તેથી તેની તો ઉપેક્ષા કરાય જ નહીં. માટે જ્યાં સુધી જીવતા અથવા મરેલા વિવેકની સાચી ખબર મળશે નહિ ત્યાં સુધી સંદેહરુપ શલ્યવાળો આ મોહ સુખ ક્યાંથી પામે ? તેથી ગુપ્ત પુરુષોને મોકલીને ચરાચર - જંગમ અને સ્થાવર સર્વ પૃથ્વી પર શોધખોળ કરીને જો વિવેકના સમાચાર મેળવું તો મને શાંતિ થાય. એમ વિચારીને મોહે કાર્યદક્ષ, સ્વામિ ભક્ત અને વિચક્ષણ એવા દંભ-પાખંડ અને કુશ્રુત અર્થાત્ અજ્ઞાન આદિ રાણાઓને આદેશ કર્યો કે - ‘‘હે સ્વામીના ભક્તો ! આ પૃથ્વીમાં ફરી ફરીને વિવેકની તપાસ કરો અને તેના સમાચાર મેળવનારા દઢ આગ્રહવાળા થાઓ ? વિવેક હાલ ક્યાં છે તે ખબર લઇને જ આવો.

એ પ્રમાણેનો મોહરાજાનો આદેશ પામીને ભુજાબળથી ગર્વિત એવા તે સુભટો, વાંદરા જેમ મોટા વનમાં ભમે તેમ ઘણી પૃથ્વીપર ભમ્યા. તે સુભટોએ પ્રયત્નપૂર્વક આખા જગતમાં પગલે પગલે વિવેકની શોધ કરી અને જાણવા પ્રમાણે તેનું સ્વરૂપ પણ લોકોને પૂછ્યું. પણ તે મહાનુભાવ એવા વિવેકની શુદ્ધિ મળી નહિં, કારણ થોડા એવા સત્‌પુરૂષોના હૃદયરૂપ ખુણામાં રહેવાવાળાને કોણ ઓળખી શકે ? પછી

હાથમાંથી પડી ગયેલા બાણવાળા પુરુષની જેમ વ્યાકુળ ચિત્તવાળા તેઓ પુણ્યરંગ નગરીની બહારની ભૂમિ સુધી ગયા. ત્યાં ખરાબ આશારુપ ખાઇને આશ્રયે તે દંભ પ્રમુખ સ્થિર થઇને બેઠા, તેવામાં વિમલબોધ કોટવાલનાં ઉદ્‌ઘોષણા કરાતાં આવાં વચનો સાંભળ્યા - 'અરે સમ્યક્ત્વ, સુશીલ અને સમાધિ પ્રમુખ સૈનિકો ! તમે પ્રમાદ રહિત થઇ આદરવાળા થઇને જુઓ... જુઓ ! એ મિથ્યાત્વરૂપ ધૂર્ત આવે છે, તેને ઉત્તમ સિદ્ધાંતરૂપ તલવારથી અટકાવો, અને આ ઉન્માદ એટલે વિષયેચ્છારૂપ ચોર નગરમાં પ્રવેશ કરવાની ઇચ્છા કરે છે તેનો વધ કરો. વળી આ છુપી રીતે સંચરનારા વૈરીરુપ દુર્ભાવ નામના દુર્જનને વધભૂમિ પ્રત્યે લઇ આવીને શુળીએ ચડાવ્યા વિના મૂકશો નહિં. એ સર્વે સુભટો મોહની જ સેવા કરવામાં તત્પર છે માટે સ્વામી વિવેકે તે સર્વને મારવાનો હુકમ કર્યો છે તો વિલંબ શા માટે કરો છો ?

આ પ્રમાણે કોટવાળના વચનો સાંભળીને વિવેકની શુદ્ધિનો લાભ થવાથી હર્ષ અને મોહના સુભટોને મારવાના વચનોથી વિષાદ પામેલા દંભ વિગેરે હર્ષ અને વિષાદ એમ બન્ને વડે વિડંબના પામ્યા. કોટવાળના શબ્દો શાંત થયા છતાં પણ તે મ્લાન મુખવાળાઓ ભયથી મુક્ત થયા નહિં, કેમ કે પરરાજ્યની જમીન પરાભવને માટે થાય છે. પછી બળતા વનમાં મૃગ ન રહી શકે તેમ તે ભૂમિમાં રહેવાને અસમર્થ થવાથી તેઓ ઉતાવળે પાછા વળીને મોહરાજાની સભામાં આવ્યા.

ત્યાં સમુદ્રનો કિનારો પામવાવાળા સમુદ્રમાં ડુબતા માણસની જેમ પોતે જીવતા છે એમ માનવાવાળા તે દીન સુભટો સ્વામીને નમસ્કાર કરીને જેવામાં કંઇ બોલે છે તેવામાં મોહરાજાએ કહ્યું કે ''રે..રે.. કંઇ બોલશો નહિં, કાંઇ બોલશો નહિં, તમારું મુખ કહી આપે છે કે તમે જે કામ કરવા ગયા હતા તે કૃતાર્થ કરીને આવ્યા નથી. પણ દંભ નામનો સુભટ જે તમારી સાથે હતો તે કેમ દેખાતો નથી, તેને ન દેખવાથી મારુ મન કંપે છે ! અરે ! મારું સર્વ ઐશ્વર્ય તેને આધીન છે... તે મારો જમણો

હાથ છે... તે વીર સુભટની દુર્દશા કોઇ રીતે ન સાંભળુ તો વધારે સારું. કોઇ ઉત્પાત તો થયો નથી.. વળી ખરાબ સ્વપ્ન પણ મેં જોયું નથી.. છતાં મારા રાજ્યનું સર્વસ્વ એવો દંભ દેખાતો નથી. તેથી મારું મન વિસ્મય પામે છે. ત્યારે તે સુભટો ગયા ત્યારથી પાછા આવ્યા ત્યાં સુધીનું પોતાનું સર્વ વૃત્તાંત કહીને મહા આરંભવાળા દંભનું વૃત્તાંત કહેવા લાગ્યા કે, હે મહારાજ ! જ્યારે અમને કોટવાલથી ભય થયો ત્યારે દંભે અમને કહ્યું કે હે સુભટો ! તમે પાછા ચાલ્યા જાઓ ? કેમ કે થોડો પણ પરિવાર અન્ય રાજ્યના માર્ગમાં ભયને માટે થાય છે. હું તો આ નગરમાં પ્રવેશ કરીને કોઇ પણ રીતે તપાસ કરી તે વિવેકની મૂળથી ખબર લાવીશ. જો હું પણ આ કોટવાલના ભયથી કાર્ય કર્યા વિના એમને એમ પાછો ફરું તો મોહ જેવા સ્વામીના પ્રસાદનો અનૃણી કેમ થાઉં ? આ પ્રમાણેના દંભના સમાચાર સાંભળીને મોહરાજા હતાશ થઇને આકાશ પ્રત્યે નજર રાખીને ગળગળો થઇ કહેવા લાગ્યો કે ''હે અનેક પ્રકારની બુદ્ધિના આધારભૂત ! હે મારા સામ્રાજ્યરૂપ ઘરના સ્તંભ રૂપ ! હે આરંભના સંરંભમા સફલતા પામનાર દંભ ! તું વિજયવાન થા. હે શત્રુના સમુહને વિષે સિંહ તુલ્ય દંભ ! તું આવ મને દર્શન આપ. તું તો મારા પ્રસાદનો ઋણરહિત જ છો. આ તું શું બોલ્યો ? આવો વિચાર તારા હૃદયમાં ક્યાંથી આવ્યો ? વૈરીથી ભય પામીને મારા સેવકોનો સમુદાય જ્યારે શિયાળ જેવો થઇ ગયો ત્યારે હે સત્વને ધારણ કરવાવાળા દંભ ! તેં એકલા એ જ તે વૈરીઓને વિષે સિંહની જેમ આચરણ કર્યુ છે. ઉત્તમ સેવકો સ્વામીને માટે પોતાના પ્રાણ પણ તૃણની જેમ ગણે છે. આવી સેવાની રીતી બીજા સર્વ સેવકોએ સાંભળી છે પણ તારામાં તો રહેલી છે. હે દંભ ! તને જ અવલંબીને રાજાઓ યુદ્ધમાં શત્રુ-સમૂહને જીતે છે, તેમ તારા વિના લોક સંબંધિ કોઇ પણ કાર્યની સિદ્ધિ થતી કોઇ ઠેકાણે જોઇ નથી. યુદ્ધમાં રાજકુલમાં...અરણ્યમાં... દુકાનમાં... નાટકમાં... જલમાં અને સ્થલમાં તને એક ને જ આગળ કરીને લોકો સંપદા મેળવી શકે છે. હે વીર પુરુષ!

અત્યંત તેજવાળા વચલા મણિ વિના મોતીની માળા જેમ પ્રભા રહિત દેખાય છે તેમ તારા એક વિના આ મારી સભા નિસ્તેજ થઇ ગઇ છે. એ પ્રમાણે મોહરાજા શોકાતુર થવાથી તે મહાસત્વવાળા ક્રોધાદિ સુભટો પોતાની મેળે જ દંભની ખબર મેળવવાને દોડ્યા.

તે સુભટો વિવેકના નગરીની નજીકની ભૂમિમાં આવી પહોંચ્યા પણ સમુદ્રની જેમ તે નગરીમાં પ્રવેશ કરવાને સમર્થ થયા નહિં. ત્યારે તેઓએ વિચાર્યુ કે આમને આમ દંભની તપાસ કર્યા વિના પાછા વળતાં તો આપણને લજ્જા આવે છે. એમ વિચાર સ્ફુરતાં કેટલાક વિવેકના માણસોને તેઓએ બંદીવાન કર્યા. કુરુટિ આદિ સાધુઓને ક્રોધ... બાહુબલી સરખાને માન... કેસરી પ્રમુખ સાધુઓને લોભે અને રથનેમિ આદિ સાધુઓને કામ સુભટે પકડી લીધા. આ પ્રમાણે તેઓના પકડવાથી ગર્વ કરતા અને પાછા ફરતા ક્રોધાદિ સુભટોના હાથમાંથી બાહુબલી સરખા વીરપુરુષો તો નાશીને પાછા સર્વસ્વથાને આવી ગયા. પછી ભય પામેલા બીજા કુરુટિ સરખાઓને તેઓએ વિશેષ પ્રકારે બાંધ્યા અને મોહરાજાની આગળ લઇ ગયા. આ શત્રુના પક્ષમાં રહ્યા હતા એ કારણથી મોહરાજાએ તત્કાલ દુર્ગતિરૂપ બંદિખાનામાં નાખીને તેઓને મહાક્લેશના ભાજન કર્યા. તો પણ મોહ રાજાને દંભ સંબંધિ શોક ઓછો ન થયો, કેમ કે પત્થરના લાભથી કંઇ રત્ન ખોવાયાનું દુઃખ નાશ પામે છે ? અર્થાત્ નથી પામતું. ફરીથી પૂર્વની જેમ શોકથી ઘેરાયેલો મોહરાજા બોલે છે તેટલામાં જ અકસ્માત સભાના લોકોએ દંભને આવેલો જોયો. જેમ વર્ષા ઋતુમાં આકાશ અનેક વર્ણોથી સંકીર્ણ થાય છે, તેમ દંભને જોઇને મોહરાજા વિતર્ક-સ્નેહ અને ઉત્સુકતા આદિ ભાવો વડે સંકિર્ણ થઇ ગયો. પછી નમસ્કાર કરતા દંભને રાજાએ ઉઠાડીને દઢ આલંગન કર્યું અને સંભ્રમપૂર્વક પૂછ્યું કે તું સુખે આવ્યો ? શરીરે કુશલતા છે ને ? એ સમયે દંભે કહ્યું કે ''હે મહારાજા ! સ્વામી ભક્ત એવા મને દુઃખનો સંભવ હોય જ નહિં, કેમ કે ચંદ્રે અંગીકાર કરેલા મૃગને શું સિંહથી ક્લેશ થાય? હે

સ્વામિન્ ! ત્યાંની હકીકત જે પ્રમાણે બની અને મેં જોઈ તે આપ સાંભળો. જ્યારે કોટવાલના ભયથી મેં આ સુભટોને પાછા વાળ્યા ત્યારે નગરને સારી રીતે રક્ષણ કરાયેલું અને કોટવાલની તીવ્રતા જોઈને નગરમાં પ્રવેશ કરવા માટે મેં અનેક પ્રકારના ઉપાયો ચિંતવ્યા. પણ બીજા કોઈ ઉપાય ન જણાયાથી અને તત્કાલ બુદ્ધિ ઉત્પન્ન થવાથી હું તે નગરમાં રહેવાવાળા ધાર્મિક પુરુષોના જેવો વેશધારી ધાર્મિક થયો.

## દંભ-વેશધારી ધાર્મિકનો અનુભવ

કોઈ ઠેકાણે મેં સાધુના વેષ લીધો... કોઈ ઠેકાણે શ્રાવકનો વેશ લીધો... એમ નિઃશંકપણે ગૃહસ્થ જેમ પોતાના ઘરમાં ફરે તેમ હું આખા નગરમાં ભમ્યો. તે નગરમાં ચારિત્ર ભાવના રહિત મનવાળો... ચારિત્ર ધારણ કરનારના વેષમાં રહેલો અને માત્ર આજીવિકાને માટે કેટલાક વ્રત-કષ્ટો મેં સહન કર્યા. કોઈ વખત આચાર્યની પદવીથી ઉંચા આસન પર બેઠેલો હું બંદી-લોકોથી બોલાતા મારા ગુણોને સાંભળીને મારા હૃદયમાં મારા ખરાબ ચરિત્રથી હસતો હતો, વળી તીર્થાદિકમાં એકાંતે ખાઈને હું ઉપવાસી છું એમ બીજાને કહેતો હતો, તેમ અલ્પજ્ઞ હોવા છતાં કોઈ પાસેથી જાણીને હું પરમજ્ઞ છું એમ કહેવરાવતો હતો. પ્રતિક્રમણાદિ આવશ્યક કાર્યો રાત્રે હું જેમ તેમ કરતો, પણ લોકોમાં હું કિર્તિવાન થવા માટે દિવસે વિશેષ પ્રકારે વિધિપૂર્વક કરતો હતો. અંતઃકરણમાં મત્સરથી ભરેલો છતાં ભવભીરુ જીવની જેમ આંખોને સંકોચિત કરતો હું સમતારસની દેશના આપતો હતો. બીજા સાધુઓને મારવાને ઉદ્યમવાળો થયેલો હોઉં તે વખતે માણસોને આવેલા જોઈને, હે મુનિ ! મારું કહેવું તું માન અને આવી આકરી તપસ્યા તું ન કર. અપરાધ છૂપાવવા માટે હું આમ કહેતો હતો. દિવસે ધર્મધ્વજ એટલે ઓઘો ધારણ કરીને શ્રાવકોના સમુદાયથી વંદાવતો હતો, અને રાત્રે માથે પાઘડી પહેરીને નીચ સ્થાનમાં ફરતો હતો. કોઈ વખત વૈર લેવાને માટે સાથળની નીચે ગુપ્તાસ્ત્ર રાખતો હતો, ગુરુની આગળ ભણતો-ભણતો તેના પગમાં આળોટતો છતાં શઠજ

રહ્યો હતો, શુદ્ધ ભાવવાળો ન થયો.

કોઈ વખત શ્રાવકનો વેશ લઈ, ખોટા તોલ-માપ વિગેરે રાખનારની નિંદા કરતો અને મારી દુકાને વિશ્વાસ પામેલા ગ્રાહકોને હું લુંટતો હતો. કોઈ વખત મુખથી નવકારાદિ મહામંત્રનો જાપ કરતો... સાધુના ઉપાશ્રયે જતો અને રાત્રીએ સાધુની ઉપધિ અને ગૃહસ્થની ધન-ગ્રંથી ચોરી લેતો હતો. વળી ધોયેલા શ્વેત વસ્ત્રો પહેરી મુખકોશ બાંધી મંદિરમાં જઈ પાષાણની મૂર્તિની પૂજા કરીને હું ધાતુની મૂર્તિ ઉપાડી જતો હતો. કોઈ દિવસે કપટી શ્રાવક જે હું તેને સાધર્મિકોએ પોતાના ઘરમાં લઈ જઈ મને ઘણું માન આપ્યું, ત્યારે રાત્રીએ તેઓનું સર્વ ધન લુંટી લીધું હતુ. કોઈ વખતે ધનના લોભથી મારા ભાઈઓને બંદીવાન કર્યા છે તેને છોડાવવા માટે ધન મેળવવાને અર્થે ભિક્ષુક થઈ ઘરઘર પ્રત્યે ધન માંગ્યું હતું. એમ વિચિત્ર પ્રકારના વેશ ધારણ કરીને તે નગરમાં નિર્ભયપણે ક્રીડા કરતાં મેં જેવી રીતે આખું નગર જોયું છે તે પ્રમાણે તમોને જણાવું છું.

## પુણ્યરંગ નગરી

લોકોનું રક્ષણ કરવા તે નગરીનો, નિયમ-બંધન, શૌચ, સંતોષ તપ અને સ્વાધ્યાયાદિથી ઉંચો અને ઉત્તમ વ્રતરુપ કાંગરાથી શોભતો કિલ્લો છે. તેને ફરતી પ્રાપ્ત થયેલી લક્ષ્મી વડે સુંદર શોભાવાળી, ઘણી ઉંડાણને લીધે માપી શકાય નહિં તેવી અને શત્રુઓથી ઓળંગી ન શકાય તેવી પુણ્ય વાસના નામે ખાઈ છે. તે કિલ્લાને **આજ્ઞા વિચય, અપાય વિચય, સંસ્થાન વિચય અને વિપાક વિચય** એ ચાર ધર્મ ધ્યાનના પાયા એટલે ભેદ છે. તે નગરરુપી લક્ષ્મીના મુખ હોય તેવા ચાર દરવાજા છે. તે નગરમાં સાધુઓને રહેવા માટે શુભ ભાવનારુપ ચુનાથી ઉજ્જવળ કરેલા અને ઉચ્ચ ઉચ્ચત્તર ભૂમિવાળા સત્પરિણામરુપ આવાસો છે. બ્રહ્મચર્યના ૧૮ ભેદ રુપ ૧૮ વર્ણો મર્યાદા વડે તે નગરમાં વ્યવસ્થાપૂર્વક રહે છે. તથા ઈન્દ્રોને પણ માનનીય સંઘરુપ મહાજન ત્યાં છે. યોગિઓને લાયક આસનોરૂપ દુકાનો પુણ્યરુપ કરીયાણાના સમુહથી ભરેલી છે અને પોતાને

એવં પરને માટે સરખા સમતારુપ નિર્મલ રસ્તાઓ છે. છાયાથી મનોહર આરામો અને બાહ્ય ગુણરુપ અનેક મુકામો ત્યાં છે જેમાં અત્યંત પુણ્યના ભોગી પુરુષો ઉત્તમ સ્ત્રીઓની સાથે ક્રીડા કરે છે. ત્યાં રસથી ભરપૂર ગ્રંથોની શ્રેણિરુપ કુપિકાઓ ઘરઘર પ્રત્યે છે, અને ઉચ્ચ સ્થિતિમાં આરૂઢ કરવાવાળા દસ પ્રકારના વિનયરૂપ ક્રિડા કરવાના પહાડો છે. વિકસ્વર કમળોવાળું... હંસના સમૂહને સુખ દેવાવાળું બ્રહ્મચર્યરૂપ સરોવર નવ ગુપ્તિરુપ નવ કોટવાળોએ પીવાને માટે ચારે બાજુથી ઘેરેલું છે. નિરંતર યતનાના આવાસરુપ **વિરતિ** નામની તે નગરની અધિષ્ઠાતા એટલે પાદર દેવી છે. જે બલવાન પુરુષોએ આરાધન કરવાથી તેના સર્વ ક્લેશોનું નિવારણ કરવાને સમર્થ છે.

તે કિલ્લામાં કોઇ ઠેકાણે અમારિ-ઘોષણા એટલે અહિંસાની ઉદ્દ્યોષણા થાય છે... તો કોઇ ઠેકાણે સાધુઓને નિમંત્રણ કરાય છે.. કોઇ વખત જિનમંદિરમાં ત્રણ પ્રકારના વાજીંત્રો વાગતા હોય છે...

કોઇ વખત ગુરુના ગુણની સ્તુતિ કરાતી હોય છે.. કોઇ ઠેકાણે સિદ્ધાંતની વ્યાખ્યા થતી હોય છે..

કોઇ ઠેકાણે સદ્ગુરુની દેશના દેવાતી હોય છે... કોઇ વખત ભણતા સાધુઓના સ્વાધ્યાયનો નિર્ઘોષ સંભળાતો હોય છે..

કોઇ વખત ભૂલી ગયેલાઓને પાઠ અપાતો હોય છે.

આ પ્રમાણે કોલાહલથી વ્યાપ્ત થયેલા તે આખા નગરમાં હે દેવ ! તમારી અવિદ્યા નગરીનું તો નામ પણ મેં કોઇ ઠેકાણે સાંભળ્યું નથી.

હે મહારાજા ! આપની નગરીની જેમ તે પુણ્યરંગ નગરીનો ઘણો વિસ્તાર નથી, પણ ઇન્દ્રના નગરની જેમ શોભા તો અલૌકિક છે. આપના નગરીની તેવી શોભા નથી. આપની અવિદ્યા નગરીમાં અનંતા જીવો સ્ત્યાનર્દ્ધિ નિદ્રામાં એટલે ગાઢ નિદ્રામાં રહેલા છે ત્યારે પુણ્યરંગ નગરીમાં લોકો દેવોની જેમ સુતા નથી પણ તેઓ સચેતન પણે - જાગતા સૂવે છે. અહિં એક નાના કાર્યમાં પણ લોકો પ્રાયે ક્લેશ કરવામાં ઉત્સુક છે, ત્યારે

ત્યાં સત્યયુગની જેમ ક્લેશનું નામ પણ મેં સાંભળ્યું નથી. અહિં બાધવું - રોકવું - હણવું - આક્રોશ કરવો અને લુંટવું એવા કર્તવ્યવાળા લોકો હોય છે. ત્યારે ત્યાં તો યુગલીયાની ભૂમિની જેમ કોઇ કોઇને કાંઇ કરતું નથી. અહિં આક્રંદ, રુદન અને દીન વચનાદિકથી લોકો જ્યારે દુઃખી દેખાય છે, ત્યારે ત્યાંના લોકો જાણે અમૃતનું પાન કરતા હોય નહિ તેમ સર્વે સમાધિને ભજે છે. અહિં રાજા જ્યારે પ્રજા પાસેથી બધી વસ્તુ લેવાની ઇચ્છા કરે છે ત્યારે લોકો કાંઇ પણ દેવા ઇચ્છતા નથી, ત્યારે ત્યાં તો રાજા અને પ્રજા સર્વેના એકચિત્ત છે. ધન અને ઠકુરાઇ ઘણા ક્લેશથી ઉપાર્જન કરીને અહીંના લોકો સુખની અભિલાષા રાખે છે, ત્યારે ત્યાંના રહેવાવાળા ક્લેશરહિત અને મહાસુખવાળા લોકો, આપણા લોકોની સ્થિતિ જોઇને હાંસી કરે છે. આપણા નગરના લોકોનું પૃથ્વીની અંદર દાટેલું ધન નાશ પામે છે, ત્યારે તે નગરના લોકોનું જિનેશ્વર પ્રભુના મંદિર બનાવવાના નિમિત્તથી ખુલ્લુ રાખેલું ધન નાશ પામતું નથી. અહિં ઘણા કષ્ટથી પાલન કરેલા પુત્રો પણ મા-બાપના શત્રુ થાય છે ત્યારે ત્યાં આવેલા પરદેશીઓની સાથે પણ ત્યાંના લોકો સગા ભાઇઓની જેમ રહે છે. અહિં મહેનત કરવા છતાં પણ લાભ થવો એ સંશયવાળો છે ત્યારે તે નગરીમાં થોડી પણ મહેનત કરી હોય તો નિશ્ચે તેઓને લાભ મળે છે. અહિં બમણો લાભ થવાથી જ્યારે વેપારીઓને હર્ષ થાય છે ત્યારે ત્યાં થોડાં પ્રયત્નથી અનંતો લાભ મળવા છતાં તે લોકો અભિમાન કરતા નથી. તે નગરમાં ગ્રાહકથી (સુપાત્રથી) જે લાભ થાય છે તેને હું કોની ઉપમા આપું ? કેમ કે અડદના બાકુળા જેટલું પણ ગ્રાહકો એવા સુપાત્ર સાધુઓને આપવાથી બંધાયેલા પુણ્યથી દેદીપ્યમાન કરોડો સોનૈયાનો લાભ થાય છે.

હે મહારાજા ! તમારા રાજ્યમાં અધિક મહત્વવાળા ઇંદ્ર અને ચક્રવર્તી આદિ જે છે તેઓ તે નગરમાં રહેલા અલ્પઋદ્ધિવાળાનું દાસપણું કરવાને ઇચ્છે છે. આ પ્રમાણે તે નગરની શોભા જોવાથી નેત્રને આનંદિત

કરતો હું દંભ એક વખત રાજસભામાં જઇ ઉભો. તેને હું કોની ઉપમા આપું ?

## વિવેક રાજા

ત્યાં સદ્ભાવરુપ મહેલની અંદર સાધુઓના સંગરુપ પર્ષદામાં **સત્વ** નામના સિંહાસન ઉપર બેઠેલા..

મહાન કાંતિવાળા... હૃદયની પટુતા વડે ગુરુના આદેશરુપ શ્વેત છત્ર ધારણ કરેલ છે.. એવા

લક્ષ્મી અને લજ્જારૂપ વારાંગનાઓ પાંચ આચારરુપ મનોહર ચામર વીંઝે છે જેને એવા...

કર્મવિવરરુપ છડીદારથી મહાજન જેની પાસે લવાયેલ છે એવા...

આત્મજ્ઞાનના જાણ ગાયન કરવાવાળાઓ જેના ઉજ્વળ ગુણવૃંદ ગાઇ રહ્યા છે એવા...

શુભલેશ્યારુપ નટીએ રચેલા નાટકને જોવાની ઇચ્છાવાળા...

નિશ્ચય અને વ્યવહારરુપ નેત્રના પાતથી ત્રણે જગતનું સ્વરૂપ જાણેલ છે જેણે એવા...

બુદ્ધિના આઠ ગુણરુપ વંઠ પુરૂષોએ ઉત્કંઠાપૂર્વક જેના ચરણનું સેવન કર્યું છે એવા...

ગુણરુપ આભરણના સમુહથી ઉત્પન્ન થયેલી કાંતિથી દેદીપ્યમાન...

આચાર્યના છત્રીસ ગુણોની સ્મૃતિરૂપ છત્રીસ પ્રકારના આયુધમાં પરિશ્રમ કરેલ છે જેણે એવા..

અતિ તીક્ષ્ણ અને દેદીપ્યમાન ખડ્ગદંડરૂપ ભુજાદંડ છે અલંકાર જેનું એવા..

વિચાર નામના બાલમિત્રની સાથે જાણે ઐક્યતાને પ્રાપ્ત થયેલ હોય તેવા... પ્રિય દર્શનવાળા **વિવેકરાજાને** મેં જોયો. તેમજ નિરંતર પવિત્ર એવી **તત્વરૂચિ** નામની તેની પટ્ટરાણી કે જેનું મુખ સ્નેહથી અને

પ્રેમથી વહાલો વિવેકરાજા પગલે પગલે જોયા કરે છે.

આ પ્રમાણે દંભના વચનો સાંભળીને મોહ બોલ્યો કે કાર્યના પ્રારંભમાં જે સ્ત્રીનું મુખ જુએ છે તે શું પુરુષ કહેવાય ? આમ ઉપહાસ એટલે મશ્કરી કરીને તેણે દંભને કહ્યું - ''પછી શું થયું ? દંભે કહ્યું -

## વિવેક રાજાનો પરિવાર

વિવેક રાજાને **ભવવિરાગ** નામનો ન્યાયવાન મોટો પુત્ર છે, જેણે પિતાની સહાયથી ઘણા બળવાનોને (જીવોને) જીત્યા છે.

તેને બીજા પણ **સંવેગ** અને **નિર્વેદ** નામના શત્રુને જીતવાવાળા બે પુત્રો છે કે જેમાંથી એકેક પણ આ સૃષ્ટિની રચનાનું મૂળથી ઉન્મૂલન કરવાને સમર્થ છે.

પરાક્રમમાં જાણે વીરરસની અધિષ્ઠાયિકા દેવીઓ હોય નહિં તેવી તેને **દયા, મિત્રતા, મુદિતા** અને **ઉપેક્ષા** એ નામની ચાર પુત્રીઓ છે.

**સમ્યગ્દષ્ટિ** નામનો તેને મોટો પ્રધાન છે કે જેની સત્પુરૂષો પ્રશંસા કરે છે અને જેના દર્શન વિના પ્રસન્ન કરેલો વિવેકરાજા પણ વૃથા છે.

તે વિવેક રાજાના સામ્રાજ્યરૂપ વંશને ટેકો આપવાને દોરડા સમાન **માર્દવ, આર્જવ, સંતોષ** અને **પ્રશમ** નામના ચાર સામંત રાજાઓ છે.

તેને **જીવ, અજીવ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ**ના અવબોધરુપ સાત અંગ છે. અને **દાન, શીયલ, તપ અને ભાવ** એ ચાર ધર્મના ભેદરુપ ચતુરંગી સેનાનું બળ છે.

તેને **વિમલબોધ** નામનો કોટવાલ, **ઉત્સાહ** નામનો દંડનાયક, **સદાગમ** નામે ભંડાર અને **ગુણસંગ્રહ** નામે કોઠાર છે.

તેને **ક્ષયોપશમિક** ભાવ નામનો દાણ (કર, ટેક્સ) લેનાર દાણી છે, અને સર્વ મનુષ્યોને પ્રિય **ન્યાય સંવાદ** નામનો નગરશેઠ છે.

તેને **આગમ વ્યવહારાદિ** પાંચ પ્રકારના પંચાતીઆ છે અને

**સામાયિકાદિ** છ આવશ્યકરુપ પુરોહિત છે.

નવ રસના જાણકાર એવા તે વિવેકના રસોયા તરીકે ધર્મોપદેશકો છે અને પાપની શુદ્ધિ કરનાર **પ્રાયશ્ચિત્ત** નામનો જલાધ્યક્ષ એટલે પાણી ખાતાનો ઉપરી છે.

તેના શય્યાપાલક તરીકે સમાધિ ઉત્પન્ન કરનાર **ભાવ** છે અને ધર્મરાગની વૃદ્ધિ કરનારરુપ તેનો સ્થગિધર એટલે **પાનબીડાં** આપનાર છે.

તેને **શુભાધ્યવસાય** નામના બળથી ગર્વિત એવા કરોડો સુભટો છે કે જેના બળનું વર્ણન કરવાને સંતપુરુષો પણ અસમર્થ છે.

આ સર્વે હોશિયાર, પ્રસિદ્ધ, યુદ્ધમાં ધરાય નહિં તેવા, સત્ય બોલવા વાળા અને કોઇ પ્રકારની આજીવિકા અર્થાત્ પગાર નહિ લેનારા, સ્વામીની પાછળ ચાલનારા છે.

આ પ્રમાણે વિવેકરાજાની સભામાં હું જોતો હતો તેવામાં વિમલબોધ કોટવાલે ત્યાં આવીને આ પ્રમાણે પોકાર કર્યો - ''હે પ્રભુ ! નજીક હતો છતાં પણ મોહરાજાના સૈનિકો, જેમ બગલો માછલાને લઇ જાય તેમ, અકસ્માત્ આપણા નગરના કેટલાક માણસોને લઇ ગયા છે, તેમાંથી કેટલાક પાછા વળી આવ્યા છે. અને કેટલાકને તો તેઓએ બાંધી લીધા છે. અહો ! સાહસિકોએ આરંભેલી ક્રિયા નિષ્ફળ થતી નથી, માટે હે પ્રભુ ! કોઈને આપ આદેશ કરો કે તેમને પાછા વાળી લાવે.''

આ વચનો સાંભળતાં જ કોપથી કંપાયમાન થયેલ છે ઓષ્ટ પલ્લવ જેના એવો શુરવીર વિવેકરાજા બોલવા લાગ્યો કે ''અરે શું શત્રુથી પરાભવ ? શું ધ્યાનરુપ ભુજાઓ ભાંગી ગઇ છે ? આ પ્રભુતા, વિધાતાએ શું પરથી પરાભવ પામવાને માટે જ કરી છે કે જ્યાં શત્રુરુપ વિષધર સર્પની આશંકા નિવર્તન જ થતી નથી ? પાપના ઘર સમાન તે મોહરાજા મારો મોટો શત્રુ છે, કારણ કે તે ત્રણ જગતને ભોગવે છે છતાં પણ મારા નાના રાજ્યને લઇ લેવાની ઇચ્છા રાખે છે. તે દુર્બળ હતો ત્યારે પણ

વાઘના બચ્ચાની જેમ મને મારવાની ઇચ્છાવાળો હતો. હમણાં તો તે મોટાઇને પામ્યો છે મારી વૃદ્ધિને તે સહન કેમ કરી શકે ? રાજ્ય છે અને શત્રુ પણ છે, આ બે વસ્તુ વિરોધતા પામે છે, કેમ કે સંપૂર્ણ અંધકારનો નાશ કર્યા વિના શું સૂર્ય ઉદય પામે છે ? ત્યારે તે મહાશત્રુ છતાં હું રાજા છું એવી મારા ઐશ્વર્યની કથા વૃથા છે, કારણ કે જેના માથા ઉપર મુદ્ગર ઉગામેલો છે એવો માટીનો ઘડો કેટલા સમય સુધી ટકી શકવાનો છે ? માટે હે મહાઅમાત્ય ! હે જાતિવાન રત્નની જેમ ઉજ્જવલ શુદ્ધ બુદ્ધિના ભંડાર અને રાજ્યરુપ વલ્લીના વિશ્રામ મંડપ ! તું મારી વાત સાંભળ - ‘‘તું કાંઇક એવો ઉપાય કર કે જેથી આ રાજ્ય ઘણા કાળ સુધી વિસ્તાર પામે અને ભય દેવાવાળા વૈરીના વંશને હું મૂળથી ઉખેડી નાખું.’’

## શત્રુકૂલ ક્ષયનું કારણ

રાજાના આવા આદેશથી એકાંત હિતકારી સમ્યક્ત્વ નામના પ્રધાને ગુરુરુપ જ્યોતિષીને રાજ્યની વૃદ્ધિ અને શત્રુકુલનો ક્ષય થવાનું કારણ પૂછ્યું.

ત્યારે રાજજ્યોતિષીએ કહ્યું કે - ‘‘હે રાજાને ગૌરવ કરવા યોગ્ય પ્રધાન ! આ વાત હિતની ઇચ્છાએ વૃદ્ધ પુરુષો પાસેથી પામેલા શ્રુતજ્ઞાનથી પહેલા પણ હું જાણતો હતો. પ્રવચન નામનું શહેર પ્રથમ તમારું જાણેલું જ છે તેનું પાલન, દાતા, ઉદયવાન અને દયાવાન એવા સર્વજ્ઞ મહારાજા કરે છે. તેને કેવલ શ્રી નામની નિરંતર સાથે રહેવાવાળી રાણી છે. જેની દૃષ્ટિથી તે મહારાજા લોકાલોકના વૃતાંતને જુએ છે. તે કેવલ શ્રીની સાથે એકાંતે નિરંતર સુખ ભોગવવાની ઇચ્છાથી પોતાના રાજ્યની સર્વ વ્યવસ્થા તે મહારાજાએ વિવેકને સોંપી છે. પરંતુ જ્યાં સુધી ભવસ્થિતિ છે ત્યાં સુધી સર્વજ્ઞ મહારાજને અને વિવેકને આ પર્ષદાના સર્વ લોકો સિદ્ધવિદ્યાવાળા પુરુષોની જેમ દ્વિભાવે સેવે છે.

તે સર્વજ્ઞ મહારાજને અનંત પરાક્રમ વાળો સંવર નામનો એક સામંત છે જે એકલો પણ સંગ્રામમાં સૈન્ય સહિત મોહરાજાનો નાશ

કરવાને સમર્થ છે. તેને સ્ત્રીના ગુણો વડે મુખ્યતાને પામેલી મુમુક્ષા અર્થાત્ મોક્ષની ઇચ્છા નામની સ્ત્રી છે કે જેનું સ્વરૂપ અને સૌંદર્ય યોગીઓ જ જાણી શકે છે, એટલે બીજાઓ તેનું સ્વરૂપ જાણી શકતા નથી.

તે સંવર અને મુમુક્ષાને જગતને હિતકારી અને મહાપરાક્રમવાળી સંયમ શ્રી નામની પ્રસિદ્ધિ પામેલી એક પુત્રી છે, જે દેવોને પણ દુર્લભ છે. જ્યારે તે નિર્દોષ શરીરવાળી સંયમશ્રીને વિવેક પરણશે ત્યારે જ નિમિત્તના જાણકારોએ તેના શત્રુ-કુલનો ક્ષય જોયો છે. આ સંયમશ્રીને પાંચ સમિતિ ત્રણ ગુપ્તિરૂપ આઠ સખીઓ છે, જેઓ તેને નિરંતર આધીન છે, તેમાંથી એક એક પણ મોહના રાજ્યારોહને હસી કાઢે છે,કહ્યું છે કે -

ધર્મરુચિમુનિની યુગપ્રમાણ દૃષ્ટિ રાખી ચાલવારૂપ **ઈર્યાસમિતિ...** યક્ષમંદિરમાં રહેલા કરકંડુમુનિની નિર્દોષ ભાષારુપ **ભાષાસમિતિએ...** મોહનો નાશ કર્યો છે.

દેવતાઓએ પરીક્ષા કર્યા છતાં પણ દોષરહિત આહાર લેનાર વજસ્વામિની **એષણાસમિતિ...** અને

વસ્ત્ર પાત્રાદિનું યથાસ્થિત પડિલેહણ કરનાર વલ્કલચીરીની **આદાનભંડ નિક્ષેપણા સમિતિ...**

ઢંઢણારાણીના ઢંઢણમુનિને મોદકનું ચૂર્ણ કરતાં ઉત્પન્ન થયેલી પાંચમી **પારિષ્ઠાપનિકા સમિતિ...**

પ્રસન્નચંદ્રરાજર્ષિએ નિંદાપૂર્વક કર્મશત્રુઓને ધોઇ નાખવારુપ **મનોગુપ્તિ...**

કૌંચ પક્ષીએ જવ ચણવાના અપરાધને જાણવા છતાં બચાવ માટે નહિં બોલનારા મેતાર્ય મુનિની **વચન ગુપ્તિ...**

કીડીઓએ શરીરને ચાલણી જેવું કર્યા છતાં પણ કાયોત્સર્ગ ધ્યાનથી ચલાયમાન નહિં થયેલા ચિલાતીપુત્રની **કાયગુપ્તિ...**

જેની આ સખીઓ પણ શત્રુનું ચુર્ણ કરવામાં સમર્થ છે તે સંયમશ્રીનું બળ સાંભળીને દેવો પણ મસ્તક ધુણાવે છે તે ખરેખર યુક્ત જ

છે. જેને પરણવાના પ્રારંભથી જ દંભાદિકની સાથે મોહ ઉધઇ લાગેલા વૃક્ષની જેમ ક્ષણે ક્ષણે નાશ પામશે.

## વિવેકનું બીજી સ્ત્રી માટે મંતવ્ય

નૈમિતિકે આ પ્રમાણે પ્રધાનને કહેલું સાંભળતાં જ બે સ્ત્રી કરવાના ભયથી વ્યાકુળ થયેલો વિવેક બોલવા લાગ્યો કે - 'હે તાત ! હું સ્વભાવથી જ કોમળ હોવાથી આ બે સ્ત્રી કરવાની વાત પણ સાંભળીશ નહિં. જેના ઘરમાં સતી અને પુત્રવતી સ્ત્રી વિદ્યમાન છતાં તે સ્ત્રીના મનને શલ્ય સમાન બીજી સ્ત્રી જે અંગીકાર કરે છે તે પુરુષ પાપથી લેપાય છે. જે પુરુષને બે સ્ત્રીઓ છે તેના આ ભવ અને પરભવ બન્ને ભ્રષ્ટ થાય છે, કેમ કે પરસ્પર અપરાધને નિરંતર સાંભળતાં તે બન્ને ભવનું સાધન કરી શકતો નથી. વળી બીજી સ્ત્રી ક્લેશ વધારનારી હોવાથી કાળી ચિત્રાવેલીના મૂળ જેવી છે. અને સ્વામિનું સુખ હરી લેવામાં બાવળના શુળ જેવી છે. જેમ કામળાને માટે ગ્રહણ કરેલો ઘેટો ચીર ચાવવાને ઉભો થાય છે, તેમ સુખને માટે સ્વીકાર કરાયેલી બીજી સ્ત્રી સુખના નાશ માટે થાય છે. એક પૂર્વને મૂકીને સંધ્યા પ્રત્યે જતો સૂર્ય તેજથી ભ્રષ્ટ થાય છે. એક શુક્લપક્ષની દ્વિતિયા છોડીને બીજી કૃષ્ણ પક્ષની દ્વિતિયાને પ્રાપ્ત થતો ચંદ્ર ક્ષય પામે છે.

એવી રીતે બીજી સ્ત્રી પરણવાથી વિરુદ્ધ એવા વિવેકને જોઇને જરા હસીને તત્વરુચિએ કહ્યું કે હે હૃદયેશ ! સદ્‌ભાવને ઠેકાણે આવી કૃત્રિમ ભીરુતા શા માટે રાખો છો ? ઘણી સ્ત્રીઓના ભર્તારને વિષે પણ ઉત્તમ સ્ત્રીઓ પોતાની ભક્તિનો ત્યાગ કરતી નથી, કેમ કે ઘણી નદીઓ રૂપ સ્ત્રીવાળા સમુદ્ર પ્રત્યે ગંગાનદી મંદ આદરવાળી નથી. સ્ત્રીઓના અને પુરુષોના ધર્મ જુદા જુદા છે, કેમ કે વૃક્ષોનો અને લતાઓનો ધર્મ એક સરખો હોતો નથી. વૃક્ષની સાથે બંધાયેલા હસ્તિઓ ઉભા રહે છે પણ વેલડીની સાથે બંધાયેલા ઉભા રહેતા નથી. તેમ પુરુષ સર્વ કાર્યને માટે લાયક છે અને સ્ત્રીઓતો માત્ર વિલાસ કરવામાં જ એક રસવાળી

હોય છે. જો સમુદ્રની જેમ મર્યાદાનું ઉલ્લંઘન ન કરે તો ઘણી સ્ત્રી કરવાવાળો પણ પુરુષ અપરાધી નથી. વિકલ દેહવાળો એટલે આંધળો, લુલો, અશક્ત એવો સ્વામી મળ્યા છતાં પણ સ્ત્રીએ તેને એકનિષ્ઠાથી ભજવો જોઈએ, કેમ કે તળાવ સુકાય છે તેની માછલી તેમાં જ મરણ પામે છે. માટે જેનાથી તમારો જય થાય તેવી સ્ત્રીને મારે આદર સહિત સેવવી જોઈએ, કેમ કે હું સ્વામીની માનની જ અર્થી નથી, પણ સ્વામિની હિતાર્થિની છું.

એ સાંભળી વિવેક બોલ્યો કે હવે સર્વ શત્રુઓને મેં જીતી લીધા છે. કારણ જ્યાં શોક્યો પણ પરસ્પર સ્નેહવાળી હોય ત્યાં શું ન્યૂનતા હોય ? મારા પ્રત્યે જિનેશ્વર પ્રભુ પ્રસન્ન હોવાથી તેઓ શત્રુઓના વંશનો નાશ કરવામાં કુહાડી જેવી કન્યા મને અપાવશે. તો હે મંત્રિન્ ! વિલંબ ન કરો! વિશિષ્ટ હિતકારી અને શોભન અધ્યવસાય નામના પુરુષોને જિનેશ્વરની પાસે મોકલો.

ત્યારબાદ જિનેશ્વરની પાસે મોકલવાને પોતાના માણસોને પ્રધાન તૈયાર કરતો હતો, અને હું દંભ સમગ્ર વૃત્તાંત જાણીને તમારી પાસે આવ્યો છું.

## દંભની ચેતવણી

હે મોહરાજા ! યુદ્ધ કરવામાં હું હોશિયાર છું.. સર્વ સામગ્રી પામ્યો છું... મારી જીત થશે એવો વિશ્વાસ ન રાખવો કેમ કે બળતા દીપકની ક્ષીણ થતી દશા જેવી આપની પણ દશા થઇ છે. વિસ્તારવાળું રાજ્ય... ઉત્તમ પરિવાર... પુષ્કળ લશ્કરી બળ... પરિપૂર્ણ ભંડાર આ સર્વ વિવેકને છે તે પ્રમાણે આપને નથી. વિવેકનું રાજ્ય દૃષ્ટિગોચર થાયે પંડીતો તમારા રાજ્યને ઇન્દ્રના શહેરની પાસે ભીલ્લની પલ્લી જેવું માને છે. અહિ રહેલા બાળક, યુવાન પુરુષો કે સ્ત્રીઓ સર્વે વિવેકની પાસે જવાથી જાતિ-વૈરિની જેમ તમને મારવાને તૈયાર થશે. વળી તેના કેટલાક માણસો મહામંત્રનો જાપ કરે છે.. કેટલાક રાત્રી-દિવસ શ્રમ-તપસ્યા કરે છે...

કેટલાક ઉપવાસાદિ શસ્ત્રને તીક્ષ્ણ કરે છે... કેટલાક શત્રુનો વિનાશ કરવામાં ઉપયોગી એવા યંત્રો લખે છે. આ પ્રમાણે તેના રાજ્યમાં તેના સર્વ મનુષ્યોનો ઉદ્યમ તમારા વધને માટે છે. તમારી નગરીમાં રહેવાવાળા લોકોને સુખની વાતો વડે લોભ પમાડીને મોક્ષ નગરીમાં નિવાસ કરાવવાનું વિવેક ઇચ્છે છે. હે નાથ ! આ નિગોદ નગરીમાં વસવાવાળા જીવો ઘણા હોવાથી તમારો આવાસ ખાલી થતો જાય છે તેની તમને ખબર પડતી નથી.

આ પ્રમાણે દંભ પાસેથી વૃત્તાંત સાંભળીને મોહરાજા હવે શું કરવું? તેવા વિચારમાં જડવત્ થઇ ગયો અને શાખાથી ભ્રષ્ટ થયેલા વાંદરાની જેમ થોડીવાર તો નિશ્ચલ શરીર રાખી રહ્યો. ત્યારે શત્રુના વંશ વિસ્તારની ચિંતાથી મલિનસુખ વાળા થયેલા મોહરાજાને અવસરનો જાણ પંચશર એટલે કામદેવ નામનો તેનો પુત્ર કહેવા લાગ્યો કે -

## કામદેવનું આશ્વાસન

હે તાત ! મારા જેવા કિંકર જીવતા છે ત્યાં સુધી આપ કેમ ખેદ કરો છો ? તમારા શત્રુઓનો સમૂહ ખેદ પામો કે જેમને મેં બંદિવાન કર્યા છે. વળી પુત્ર છતાં જો પિતા ચિંતામુક્ત ન થાય તો નિશ્ચે તેનો હેતુ પુત્રનું દુર્બળ પણું અથવા પિતાનું અજ્ઞપણું છે. જેમ મોતી છિપના નાશ માટે થાય છે તેમ કેટલાક પુત્રો પણ પિતાનો નાશ કરવાવાળા થાય છે, સૂર્યની સાથે શનિ તેમ કેટલાક નિસ્તેજ પુત્રો પિતાની સાથે વૈર કરવાવાળા થાય છે. જેમ કમળ સરોવરની શોભા માટે થાય છે તેમ હું પિતાની શોભા માટે થઇશ, પણ શરીરનો મેલ જેમ ક્લેશકારી થાય છે તેમ હું પિતાને ક્લેશકારી થઇશ નહીં. જો કે હું અનંગ અર્થાત્  શરીર રહિત છું તો પણ હે પિતાજી ! આપના પ્રસાદથી જગતને જીતી શકું છું. કેમ કે ઠંડી શરીરરહિત હોવા છતાં કાળના પ્રભાવે કોને કંપાવતી નથી ? જેમ વડવાનલ સમુદ્રને ગ્રસી જાય છે તેમ વચન માત્રની રચનાથી શોભતા શત્રુબળને હું શસ્ત્રની શ્રેણીથી ગ્રસી જઇશ અર્થાત્ નાશ કરીશ.

પોતાના પુત્ર કામદેવના આવાં અભિમાનવાળા વચનો સાંભળીને 'હે બુદ્ધિમાન ! સારું, બહુ સારું' આ પ્રમાણે કહીને મોહ તેની સ્તુતિ કરવા લાગ્યો કે, 'હે વત્સ ! આવા પરાક્રમ વડે તું વંશને ઉદ્યોતિત કરે છે અને શ્રોતાઓની સભામાં પિતાના સંદેહને તું હણે છે.. દૂર કરે છે. રાજ્યની ઘોંસરી કોના ખભા ઉપર નાખીને હું સુખી થઈશ, એવી ચિંતારૂપ સમુદ્રમાં ડુબેલા મને તારી વાણી વહાણનું આચરણ કરે છે.

જેમ ધુણ લાકડાની... ધુમાડો અગ્નિની... વ્યાધિ શરીરની... બુધ ચંદ્રમાંની... લાખ વૃક્ષની... અને કાદવ પાણીની શોભાનો નાશ કરે છે તેમ કુપુત્ર પિતાની શોભાનો નાશ કરે છે. વળી જેમ તેજંતુરીનું સોનું... પાષાણનું બિંબ... કાદવનું કમળ... સર્પનો મણિ અને માટીનો ભરેલો ઘડો શોભાને માટે થાય છે, તેમ સુપુત્ર પોતાના પિતાની શોભાને માટે થાય છે.

હે પુત્ર ! તું શત્રુના સમૂહને ખરેખર જીતીશ કેમ કે તારું મકરધ્વજ ચિન્હ દૂરથી દેખતાં જ ભયકારી લાગે છે. તારા વહાલા સારથિરૂપ વસંતઋતુ એકલી પણ અવસર પામીને વિશ્વને ચેતનાના ગુણથી નિર્ધન એટલે ચેતનારહિત કરવાને સમર્થ છે. તારો બાલપણથી વહાલો આ ઉન્માદ નામનો મિત્ર દારુ પીધેલાની જેમ જગતને ક્ષણવારમાં પરવશ કરે તેવો છે. ભમરાઓ જેની અંદર રહેલા છે એવા ધનુષ સહિત તારા પુષ્પરુપ બાણો જાણે વિષથી યુક્ત હોય નહિં તેમ સ્પર્શથી પણ ચેતનાને હણે છે. વળી હે પુત્ર ! કુવિકલ્પો પણ તને સહાય કરવાવાળા છે કેમ કે પ્રાણાયમ અને આસનાદિકથી નિવારણ કર્યા છતાં પણ તે મનુષ્યના હૃદયમાં પ્રવેશ કરી જાય છે. સર્વ રસોમાં શ્રેષ્ઠ એવો શ્રૃંગાર રસ તારા સૈન્યની બન્ને બાજુએ સંભોગ અને વિપ્રલંભ એટલે લોભાવવું એમ બે રૂપે સૈન્યનું રક્ષણ કરવાને રહ્યો છે. આ **મિથ્યાદર્શન** નામનો પ્રધાન તારી સાથે લઈ જવા જેવો છે, કારણ કે તે પ્રધાન હરિહરાદિ અન્ય દેવોનો પ્રરૂપક હોવાથી તારો મહોદય કરવાવાળો છે. નિરંતર પ્રીતિવાળી

રતિ અને પ્રીતિ નામની તારી બન્ને સ્ત્રીઓ છે તે સ્નેહની દૃષ્ટિએ જોવા વડે કરીને યુદ્ધમાં તારા બળનો વધારો કરશે. સેનાની આગળ ચાલનારી કામની દશ અવસ્થારુપ જે તારી દશ પુત્રીઓ છે તેઓ શું બ્રહ્માનો પણ પરાભવ નથી કરતી ? અર્થાત્ કરે છે. અંતરમાં અશુદ્ધ અને બહારથી શીતલ કિરણોને મુકવાવાળો... તેમજ ખોળામાં ચપળ એવા મૃગવાળો તારા સૈન્યમાં રહેલો ધૂર્ત **ચંદ્રમા** કયા વિરહી સ્ત્રી-પુરુષને વિહ્વળ નથી કરતો ? કામણ આદિ કરવાવાળી સ્ત્રી - ગોષ્ટિરૂપ યોગિની તારા રાજ્યના વૃદ્ધિને માટે છે. કેમ કે તારી વિકથારૂપ કથા કોને મૂર્છા પમાડતી નથી. કર્ણને પ્રિય એવી ગીતકલા અને નેત્રને પ્રિય એવી નાટ્યકલા બન્ને ઠગારીઓ જગતના મનુષ્યોના મનના ધૈર્યનો નાશ કરવાવાળી તારી સાથે છે. જેની ગંધ પણ બીજા સહન કરી શકતા નથી એવો **રાગસાગર** નામનો તારો ભાઈ કે જેણે મોટા સંગ્રામોના સમુહનો નિર્વાહ કર્યો છે તે પણ તારી પાછળ ચાલનાર છે. શત્રુઓને હરાવવામાં અતિ ઉત્કંઠાવાળા શણગાર અને અતિ સ્નિગ્ધ આહારાદિકરૂપ વંઠપુરુષો શું તારી પાસે નથી? અનેક તેવા વંઠ પુરુષો તારી સાથે છે. આ **મદિરા** નામનો તારો યોદ્ધો અપૂર્વ છે કે જે પ્રથમ તો મનુષ્યને નિર્ધન કરે છે, ત્યાર પછી ઘૂર્ણિત કરે છે અને અંતે જગતને અચેતન કરે છે. પાસારુપ હાથ જેણે વિસ્તરેલ છે એવો અને કોલાહલથી વ્યાકુળ... ઠગારાઓથી સારી રીતે સેવાતો આ દ્યુત અર્થાત્ **જુગાર** નામનો તારો સુભટ જગતને જીતવાવાળો છે. કુતુહલ જેને પ્રિય છે એવો **હાસ્યરસ** નામનો આ તારો વિદૂષક છે કે જે નિર્લજ્જ થયો થકો રાજાઓને પણ અત્યંત વિડંબના પમાડે છે. લજ્જા રહિત.. નિરંતર નવીન-યૌવનવતી દેવો સહિત દાનવોને રોળતી - રઝળાવતી આ તારી **ક્રીડા** નામની દાસી કોઈથી રોકી શકાય તેવી નથી. તેલનું અભ્યંગ-ચોળવાનું કરવું... સ્નાન કરવું... ઉદ્વર્તન કરવું - લેપન કરવું વિગેરે તારા સહાચારીઓ દુગંછનીક એવા આ દેહની પણ શોભાના સમુહને વિસ્તારે છે. કર્ણને આનંદ આપે તેવાં અને સાંભળતા શરમ થાય

તેવા વચનોરૂપ તારાં વાજીંત્રો છે જેના ધ્વનિથી વજ્રઘાતની જેમ શત્રુનું સૈન્ય ક્ષોભ પામે છે. લીલા વિલાસથી હળવે હળવે પગસ્થાપન કરતાં અને ભુજાદંડરૂપી સૂંઢ ઉંચી કરી છે એવા આઠ મદરુપ તારા હાથી ગર્જારવ કરી રહ્યા છે. ઇચ્છારૂપ નદીઓના કિનારા ઉપર આળોટવાથી વૃદ્ધિ પામેલા અને સર્વ વિષયને ખુંદનારા ઇન્દ્રિયોના આ તારા ઘોડાઓ છે. નિર્લજ્જતારૂપ વાઘના ચામડાથી બાંધેલા અસ્ખલિત ગતિવાળા અને પૃથ્વીને કંપાવતા પાપમનોરથરૂપ તારા રથો છે. પ્રેમરુપ દંડાધિપને આશ્રયે રહેલા અને શત્રુની સાથે યુદ્ધ કરવાને તૈયાર થયેલા મૈથુનના અઢાર ભેદરુપ પદાતીઓ તારા સૈન્યમાં છે. જેને ભ્રુકુટીરૂપ ધનુષ્ય... તૃષ્ણારુપ બાણ... લાંબી વેણીરુપ ખડ્ગ... વિલાસરૂપ ભાલાં... હારરુપ પાશા... કંકણરુપ ચક્ર... બરાબર બાંધેલા કંચુકરુપ બખ્તર અને કેશના સમુહરુપ મસ્તકે મુગુટ છે એવા સાત્વિક ભાવને ધારણ કરતી સ્ત્રીઓરુપ તારા યોદ્ધા છે. તો હે પુત્ર ! આ સેના વડે શત્રુઓને જીતાયેલા જ તું જાણ. કેમ કે પાત્ર, તેલ અને દીવેટના યોગે દીવો મહાઅંધકારને હણે છે. તો પણ હે રાજનીતિના જાણ ! તું કોઇનો પણ વિશ્વાસ કરીશ નહિં, કેમ કે તેજસ્વી એવો સૂર્ય પણ વિશ્વાસ રાખવાથી રાહુના મુખમાં પડ્યો છે. વળી બુદ્ધિવાનોનો તું આશ્રિત નથી એટલે બુદ્ધિશાળી પ્રયત્નવાન, થોડું બોલવાવાળો તેમજ ઘણું કરવાવાળો છે, માટે તરત જ ત્રણે જગતની જીત મેળવ.

નગ્ન રહેનારાઓ... કાપાલિકો... ભિક્ષુકો... મૂર્ખાઓ... જટાધારિઓ... યોગીઓ... સ્ત્રીઓ... તપોવનમાં રહેનારા તાપસો... અને બ્રાહ્મણો, એ કોઇ ઉપર હે પુત્ર તું દયા કરીશ નહિં. કહ્યું છે કે –

યાચકને વિષે લજ્જા... ક્ષત્રિઓને વિષે ક્ષમા.. વાદીને વિષે મૌનપણું... વેશ્યાને વિષે પ્રેમ અને જીત મેળવવાની ઇચ્છાવાળાને વિષે કરૂણા, એ ઇષ્ટસિદ્ધિ ને માટે થતા નથી.

ગુણ પણ કોઇક ઠેકાણે દોષરુપ થાય છે અને દોષ પણ કોઇ

ઠેકાણે ગુણરુપ થાય છે કેમ કે સ્નાન કરવાને વખતે શરીર શોભા દ્વેષને માટે થાય છે અને મોટા વૃક્ષની વાંકાઇ ઘણા આયુષ્યને માટે થાય છે. અર્થાત્ વાંકુ વળી ગયેલું વૃક્ષ ઘણા સમય સુધી ટકી રહે છે, વાયરાથી એકદમ વૃક્ષની જેમ તે ભાંગી જતું નથી.

હવે મોહ પોતાના પુત્ર કામદેવને કહે છે - ''જેના રાજ્યનું પાલન અર્હત કરે છે તે પ્રવચન નામના નગરનો તો તારે ત્યાગ જ કરવો. કેમ કે તેનું દર્શન બીજાઓને કલ્યાણકારી છે, પણ આપણા સમુદાયવાળાઓને તો ભય આપનારું છે. તે એક પ્રવચન નગર વિના આપણા રાજ્યમાં શું ન્યુનતા છે ? વૃક્ષના એક પાંદડાના અભાવે શું તેની ઉત્કૃષ્ટી છાયા ચાલી જાય છે ?

તું યુવાન છે.. શૂરવીર છે... તો પણ સ્થાનની યોગ્યતા તો જોવી જ જોઈએ. કારણ કે દંતશુળ મારવાના સ્થાનની યોગ્યતા જોયા વિના પહાડ તોડવાને ઉદ્યમવાન થાય તો તેના દાંતના કુશલ સમાચાર ન હોય. માટે આપણે પણ યોગ્યતા જોવી જોઈએ.

આ પ્રમાણે પિતા તરફથી શિખામણ પામીને મહાન ભુજાના વૈભવવાળો કામદેવ, જયલક્ષ્મી પોતાની અંદર ગુપ્તપણે રહેલી છે એમ માનવા લાગ્યો.

## કામદેવની વિજય યાત્રા

હવે કામદેવ વિજય કરવા નીકળે છે. ત્યારે ચાર્વાકે સુદી બીજને દિવસે ચંદ્રમાનો ઉદય થાય ત્યારે ચાલવાનું મુહૂર્ત્ત આપ્યું...

બહેનોએ જેને આશીર્વાદ આપ્યો છે... માતાએ જેને કપાળમાં તિલક કર્યું છે એવો...

પિતાથી આજ્ઞા અપાયેલો... બંધુઓથી બહુમાન કરાયેલો..

સ્ત્રીઓથી બહુ ઉત્સાહિત કરાયેલો... મિત્રોથી સ્નેહની દૃષ્ટિ વડે જોવાયેલો...

કુલવૃદ્ધા સ્ત્રીઓ વડે વેગથી ધવલમંગલ ગવાયેલો... પાપશ્રુતરૂપ

ભાટોથી ગુણગાન કરાતો...

મકરધ્વજ અર્થાત્ કામદેવ અપયશવાળા શબ્દરુપ ઘંટના ટંકારના આડંબરવાળા કુમિત્રની સોબતરુપ હાથી ઉપર બેસીને નિકળ્યો અર્થાત્ પ્રસ્થાન કર્યુ.

ભુખ્યા થયેલાની જેમ ત્રણે જગતને ખાઇ જવાની ઇચ્છાવાળા હાથી, ઘોડા, રથ અને પદાતિઓ વેગથી તેની પાછળ ચાલવા લાગ્યા. ક્રોધથી લાલ નેત્રવાળા અને જયલક્ષ્મી વરવાની ઇચ્છાવાળા ગર્વથી હું પહેલો... હું પહેલો એમ બોલતા સર્વ યોદ્ધાઓ તેની પાછળ ચાલવા લાગ્યા. આ પ્રમાણે આ પૃથ્વીચક્ર ઉપર કામદેવનું ચતુરંગી સૈન્ય ગતિ કરવાથી પર્વતની ઉંચી ઉંચી ચૂલિકાઓ સહિત કઇ કઇ વસ્તુઓ લાંબા સમય સુધી કંપાયમાન થઇ નહિં ? સર્વ વસ્તુઓ કંપાયમાન થઇ.

જગતમાં રહેલા શૂરવીર, લક્ષ્મીવાન, ચરટાઓ અને સુભટોને સ્ત્રીરુપ યોદ્ધાઓએ યુદ્ધ કરીને વેગથી જીતી લીધા. કેવી રીતે જીત્યા ? તે જણાવતાં કહે છે - ''દેખવાથી...સ્પર્શ કરવાથી... ખોળામાં બેસવાથી... ક્રીડા કરવાથી... આલિંગન દેવાથી... મુખ ચુંબન કરવાથી... સ્તન-સ્પર્શ અને હાથ-પગના આઘાતથી, એમ અનેક પ્રકારે સ્ત્રીઓએ જગતને વશ કરી લીધું. ભ્રુકુટીના વિભ્રમથી... નેત્રના વિલાસોથી... હાકાર-હુંકાર કરવાથી... હસવાથી... ઉપાલંભ દેવાથી અને રુદનથી સ્ત્રીઓએ આ વિશ્વને વશ કર્યું. વળી શક્તિથી... ભક્તિથી... મીઠાં વચનોથી... ગીત... નૃત્ય અને વિલાપથી તેમજ કૃત્રિમ ભ્રાંતિ... ભય... અને રોષથી સ્ત્રીઓએ જગતને વશ કર્યું.

દેવાંગનાઓ સાથે દેવોએ... નારીઓની સાથે નરોએ... માછલીની સાથે માછલાંઓએ... નાગણીની સાથે નાગોએ... પક્ષિણીઓ સાથે પક્ષીઓએ... હાથણીઓની સાથે હાથીઓએ... હરણીની સાથે હરણોએ... અને સિંહણની સાથે સિંહોએ વિષય સુખની સાધના કરી, ઘણું કહેવાથી શું ? તે સ્ત્રીઓએ એકેન્દ્રિયોને પણ જીતી લીધા. કહેવાય

છે કે યુવાન સ્ત્રીના પગથી લાત મરાયેલું અશોકવૃક્ષ વિકસ્વર થાય છે.

આ પ્રમાણે જેટલા પુરુષો જણાયા તે દરેકની સાથે એકેક સ્ત્રીયોદ્ધો લાગુ થઇ ગયો. કોઇ પુરુષને બળવાન જાણીને તેની સાથે અનેક યોદ્ધાઓ પણ લાગુ થયા. એમના સામર્થ્યને જોઇને ઘણા કહેવા લાગ્યા - શું આ સ્ત્રી યોદ્ધાઓનું યુદ્ધમાં કુશલપણું ?

જેની આજ્ઞા દેવોને પણ મનનીય છે એવા ઇન્દ્રને પણ ભયંકર વાંકી ભ્રુકુટીવાળી ઇંદ્રાણીએ કોટિગમે ખુશામતના વચનો બોલતાં શીખવાડ્યાં, અર્થાત્ એવા સામર્થ્યવાળો ઇન્દ્ર પણ અપ્સરાઓની પાસે ખુશામતનાં વચનો બોલે છે. જેના ચરણમાં રાજાઓનો સમુદાય પણ મસ્તક નમાવે છે એવા ચક્રવર્તીને પણ સ્ત્રીરત્ને એકાંતમાં પોતાના પગનું મર્દન કરનારા દાસ બનાવ્યા. દુનિયામાં પ્રસિદ્ધિ પામેલા અને પ્રતાપથી શત્રુઓને દબાવ્યા છે જેણે એવા જે રાજાઓ હતા, તેઓ પણ કામથી વ્યાકુળ થઇને સ્ત્રીઓને શરણે ગયા. જે અભિમાની પુરુષોના મસ્તકને ઇન્દ્ર પણ નમાવી શક્યો નથી એવા અભિમાનીઓને સ્ત્રીઓએ પોતાના પગમાં નમતાં અને પોતે રુષ્ટમાન થઇને હઠથી તેનું અપમાન કરતા કરી દીધા. ઉત્તમ કુળમાં ઉત્પન્ન થયેલ અને કલાભ્યાસની રુચિવાળા પવિત્ર બ્રાહ્મણો પાસે વેશ્યારુપ સ્ત્રીઓએ મદ્ય પીવાનાં સ્થાન સાફ કરાવ્યાં. પોતાની શક્તિથી હાથી અને સિંહાદિકના ઉપદ્રવોને રોકવાને સમર્થ એવા તપસ્વીઓના તપનો તે સ્ત્રીઓએ એક વચન માત્રથી જ ત્યાગ કરાવ્યો. અર્થાત્ આવા ઉગ્ર તપસ્વીઓને પણ આ સ્ત્રીઓએ ભ્રષ્ટ કરી નાંખ્યા. જપમાળા ફેરવવાની વૃત્તિવાળા અને બ્રહ્મનું પ્રતિપાદન કરવાવાળા સન્યાસીઓને પણ સ્ત્રીઓએ ચોરી કરવાનું અને વિષય સેવવાનું શીખવાડી દીધું. શ્રુતવાળાનું શ્રુત... ધૈર્યવાળાનું ધૈર્ય... બુદ્ધિવાનોની બુદ્ધિ... અને બળવાનોનું બળ... આ સર્વ સ્ત્રીઓએ બદલાવી નાખ્યું.

પાંચ મહાવ્રત હોય... કે શ્રાવકના બાર વ્રત હોય...

વ્રતોના રાજાનું બિરુદ બ્રહ્મચર્ય વ્રતને મળેલું છે.

કામદેવ ભલે રાજા... મહારાજા... ઈન્દ્ર આદિને પોતાના દાસ બનાવી શકે પરંતુ જિનશાસનને પામેલા... તત્વજ્ઞાનને પચાવેલા મહાસાત્ત્વિક સ્થુલિભદ્ર જેવા મહાત્માઓ **કામના ઘરમાં જઈને પરાસ્ત કરી કામ વિજેતા બનીને ચોર્યાસી ચોવિસી સુધી સ્વયં તો અમર બની ગયા,** સાથે સાથે વેશ્યાને પણ બાર વ્રતધારી શ્રાવિકા બનાવી એ વ્રતમાં અત્યંત સ્થિર કરી અનેકોને શ્રાવિકા બનાવી એ વ્રતમાં અત્યંત સ્થિર કરી અનેકોને તારનાર મહાશ્રાવિકા બનાવી.

કામ સર્વત્ર વિજયી બને છે જ એવું નથી. ક્યાંક સત્વમાં... સમજણમાં... સાવધાનીમાં બેદરકાર બનીએ. વધુ પડતા આત્મવિશ્વાસમાં રહિએ તો આપણી નબળાઈને જાણીને કામ આપણા ઉપર સવાર થાય છે.

સાવધાન બનો... જાગૃત બનો...

સાત્વિક બનો... તાત્વિક બનો...

કામવિજેતા બની જીવનને અજવાળો...

ચાતુર્માસ પૂર્ણ થયો...

મુનિ ભગવંતો વિહાર કરી ગુરુભગવંતના ચરણે આવી નમ્યા...

સ્થુલિભદ્ર કોશાવેશ્યાની ચિત્રશાળામાં ચાતુર્માસ રહ્યા હતા. ગુરુ સમીપે આવી વંદના કરતાં ગુરુએ દુષ્કર... દુષ્કર... કહ્યું.

સિંહની ગુફામાં રહેલા મુનિ પધાર્યા... ગુરુ ચરણે નમ્યા ગુરુએ દુષ્કર કહ્યું...

સિંહ ગુફાવાસી મુનિનું મન વિચારોના ચગડોળે ચડ્યું... હિંસક એવા સિંહની ગુફામાં ચાર મહિનાના ઉપવાસ કરી ચાતુર્માસ કરનાર મને ગુરુદેવે એક જ વાર દુષ્કર કહ્યું. જ્યારે કોશાવેશ્યાની ચિત્રશાળામાં ચાતુર્માસ કરનાર નિત્યભોજી સ્થુલિભદ્રને દુષ્કર-દુષ્કર કહ્યું. ગુરુદેવનો આવો પક્ષપાત અયોગ્ય જ કહેવાય. કોશાવેશ્યાને ત્યાં ચાતુર્માસ કરવામાં શું મોટી વાત છે. આવતા વરસે હું જ સામેથી માંગણી કરીશ. ઈર્ષ્યાના ભાવમાં આળોટતા

મુનિરાજે ગુરુ પાસે સમય આવતાં આજ્ઞા માંગી - "ગુરુદેવ ! મને કોશા વેશ્યાની ચિત્રશાળામાં ચાતુર્માસની રજા આપો... અનુમતિ આપો.."

ગુરુદેવે અનુમતિ ન આપી...

ગુરુદેવ બન્નેની શક્તિ જાણતા હતા...

પરંતુ સિંહગુફાવાસી મુનિને ગુરુમુખે "દુષ્કર...દુષ્કર" સાંભળવું હતું... ગુરુ આજ્ઞા અને ગુરુ આશીર્વાદ એ અણમોલ મુડી છે. એના વિના જીવનમાં સફળતા મળવી અસંભવિત છે.જે આ મુડી વગર સફળતા ઝંખે છે તે ભવસાગરમાં ભટકી પડે છે... એના લમણે નરી નિષ્ફળતા જ લખેલી હોય છે...

સિંહ ગુફાવાસી મુનિના જીવનમાં એવું જ બન્યું... તેઓ ગુરુ આશીર્વાદ વિના કોશાવેશ્યાને ત્યાં ચાતુર્માસ રહ્યા. વેશ્યાની સામે પોતાના સત્વને ટકાવી ન શક્યા. અને ભોગ સુખોની માંગણી કરી બેઠા. વેશ્યાએ નેપાલથી રત્નકંબલ લાવી આપવા કહ્યું. વેશ્યાનું વચન સ્વીકારીને ચાતુર્માસમાં મુનિ નેપાલ ગયા... રત્નકંબલ લઈ આવ્યા... વેશ્યાને આપ્યું... વેશ્યાએ રત્નકંબલથી પગ લુંછીને એને ફેંકી દીધું. સિંહગુફાવાસી મુનિ તો જોતા જ રહી ગયા. મેં આટલી મહેનત કરીને નેપાળ જઈને આ મોંઘેરું રત્નકંબલ મેળવ્યું... અને તમે એનાથી ગંદા પગ લુંછીને એને ફેંકી દીધું...

વેશ્યાએ સિંહગુફાવાસી મુનિને કહે છે - "તમે મને કહો છો પરંતુ તમે શું કર્યું તે જાણો છો ? તમે એક રત્નકંબલ માટે અમુલ્ય એવું સંયમરત્ન ગુમાવી બેઠા ? મોંઘુ કોણ ? સંયમરત્ન કે રત્નકંબલ ? સિંહગુફાવાસી મુનિને એક વેશ્યાએ પ્રતિબોધ પમાડી ફરી પાછા સંયમમાં સ્થિર કર્યા... સિંહગુફાવાસી મુનિને ગુરુભગવંતે સ્થુલિભદ્રને દુષ્કર-દુષ્કર કેમ કહ્યું - તેનું પણ રહસ્ય સમજાયું. ગુરુ પાસે ક્ષમાયાચના કરી ફરી આરાધનામાં લાગી ગયા.

સંયમીઓને પણ ચલાયમાન કરતા આ કંદર્પથી સહુ આત્મહિતેચ્છુઓને સાવધાન રહેવું આવશ્યક છે.

વિશ્વના ચોગાનમાં કામદેવ ભલે વિજયી થાય પણ મારા જીવનમાં આવું ન જ બને એમાં જ મારું ગૌરવ છે. આપણા સંસ્કાર અને સંસ્કૃતિની આન-બાન-શાન કામવિજેતા બનવામાં છે. કુનિમિત્ત, કુવાસના, કુમિત્ર,

કુસાહિત્ય, કુસંગથી મુક્ત બની કામના વિજયરથને અટકાવનાર વિજય શેઠ-વિજયા શેઠાણી જેવા સત્વશાળી બની શાસનને અજવાળવા સબળ પુરુષાર્થ આદરીએ.

**કામને જીતવું અઘરું છે પણ અશક્ય નથી.** એ વાતને હૃદયમાં અંકિત કરી દઈએ.

## બ્રહ્મા

**આ પ્રમાણે સ્ત્રીરુપ યોદ્ધાઓના બળથી યુદ્ધ કરીને ત્રણે જગતને જીતતો કામદેવ વેદના શ્રુતિને સાંભળતો બ્રહ્મલોકમાં પહોંચ્યો.**

**ચાર મુખવાળા અને વેદને કહેનારા બ્રહ્મા પુરાણમાં પુરાણ અને જગજ્જનક એવા નામથી આ બ્રહ્મલોકના સ્વામી કહેવાય છે તેની પાસે રહેવાવાળા કરોડો બ્રાહ્મણો બળવાન છે ત્યાં તારે ઉદ્યમ કરવો યોગ્ય નથી કેમ કે બ્રાહ્મણો સર્વત્ર નિર્ભય હોય છે. આ પ્રમાણે બીજાઓએ વાર્યા છતાં પણ કામદેવે ત્યાં પ્રવેશ કર્યો કારણ કે કામને વારવાથી તે ઉલટો સામો થાય છે એ લોક કહેવત શું ખોટી છે ? ના, ખોટી નથી. બ્રહ્મા તો નામમાત્રથી બળવાન હો... બ્રાહ્મણો નામમાત્રથી તેજસ્વી ભલે હો... તેઓ મારી અતિભય અને બળવાળી ભ્રકુટીએ કરીને જ નાશ પામી જશે. આ પ્રમાણે કહીને સ્ત્રીરુપ યોદ્ધાઓને યુદ્ધ કરવા માટે પ્રેરણા કરે છે. તેટલામાં દૂતરુપ થઈને રાગ ત્યાં ગયો અને પ્રજાપતિ બ્રહ્માને કહેવા લાગ્યો કે, 'હે બ્રહ્મા ! તમે અકાલે મૃત્યુ ન પામો, આ કામદેવ વિશ્વનું ભક્ષણ કરનાર છે, તેમ મોહની આજ્ઞા બળવાન છે, તેથી હમણાં કોઈપણ તેનાથી છૂટી શકવાનું નથી.' વળી હે પિતામહ ! સૈન્ય વડે યુદ્ધ કરીને તેને જીતવાને તમે સમર્થ થઇ શકશો નહિં. માટે માન મૂકીને તે કામના એક સાવિત્રી નામના યોદ્ધાને તમે પાસે રાખો, તેને ખોળામાં બેસાડીને તેમ જ ભોગવીને ઘણા કાળ સુધી જીવો અને સુખી થાઓ. કેમ કે બળવાનોએ દબાવ્યા છતાં પોતાના હિતના અર્થીઓ કદી પણ ગર્વ કરતા નથી. એ પ્રમાણે રાગનું વચન બ્રહ્માએ માન્ય રાખીને સાવિત્રીને અંગીકાર કરી, અને સર્વે બ્રાહ્મણોને પણ એકેક બ્રાહ્મણી સાથે બાંધ્યા, અર્થાત્**

બ્રાહ્મણોને પણ કામદેવની આજ્ઞાથી એકેક સ્ત્રી રાગે પરણાવી.

## શ્રી કૃષ્ણ

પોતાની જીત થવાથી હર્ષિત મુખવાળો અને વસંત નામના મિત્રની સામે જોતો કામદેવ ત્યાંથી આગળ ચાલ્યો. ત્યાં નજીકમાં એક અદ્‌ભૂત પુરુષને તેણે જોયો.

રામચંદ્રજીના જેવી કાંતિવાળો અને અરિષ્ટ-રત્નોથી બનેલા કૃષ્ણની જેવો તેમજ લોકાધિક આકૃતિવાળો યમુના નદીના કિનારે આ કોણ ક્રીડા કરે છે ? આ પ્રમાણે કામદેવે પૂછવાથી પાપશ્રુત નામનો માગધ (ભાટ) કહે છે કે - ''હે મહારાજ ! સાંભળો. શત્રુઓથી દુઃખે દેખી શકાય એવો આ વૈકુંઠ નામનો લોક છે, તેના સ્વામી વેદના પારને પામેલા આ **નારાયણ** છે. બીજા પુરાણવાળા લોકોએ તેના અનેક અવતારો કહ્યા છે. તેમણે કાચબાનું અને વરાહનું રુપ ધારણ કરીને પૃથ્વીને ધારણ કરી હતી. અને નરસિંહનું રુપ ધારણ કરીને હિરણ્યકશિપુ રાક્ષસનું હૃદય ભેદી નાખ્યું હતું. વળી તેમણે બ્રાહ્મણનું રુપ લઈને બલિરાજાને બાંધીને પૃથ્વીતળીયેં ફેંકી દીધો હતો, અને ભૃગુઋષિનાં પુત્રપણે થઈને પૃથ્વીને ક્ષત્રિયના અંકુશ રહિત કરી હતી. વળી આ નારાયણે દશરથ રાજાના પુત્રપણે જન્મીને રાવણને માર્યો હતો, તેજ આ કૃષ્ણ એવા નામથી હમણાં યાદવકુળને વિષે અવતરેલ છે. વળી આ નારાયણ કંસ, કાલ તે જરાસંઘનો પુત્ર અને કેશી રાક્ષસને હણવાવાળો, તેમજ પૂતના રાક્ષસી, અરિષ્ટ રાક્ષસ, ચણૂર મલ્લ અને યમલાર્જુનને મારવાવાળો છે. જેમ વાયરાથી વૃક્ષો તેમ સર્વે દાનવો આ નારાયણના નામથી કંપે છે. અને ચૈતન્યની કલાના અંશ વડે સર્વ ભૂતોને વિષે તે રહેલ છે. દેવો અને રાજાઓનું મંથન કરનાર આ નારાયણે સમુદ્રનું પણ મંથન કર્યું છે, અને તેના ઉદયરુપ ઘરમાં ચૌદ ભુવનો પક્ષીના માળાનું આચરણ કરે છે. વળી પંચજન્ય શંખના શબ્દથી આકાશ અને પૃથ્વીના મધ્ય ભાગને ભરે એવા સામર્થ્યવાળો છે. તેમજ તેને ચાર ભુજાઓ છે

જેમાં ચક્ર, ગદા, સારંગ ધનુષ અને ખડ્ગ ધારણ કરવા વડે ભયંકર છે.

માટે હે કામદેવ ! અનુપમેય એવા આ નારાયણ પ્રત્યે તું તારું ભુજાબળ દેખાડવાનો પ્રયત્ન કરીશ નહિં, કેમ કે લોઢાનું તીક્ષ્ણ ટાંકણું પણ વજ્રને કંઇ કરવાને સમર્થ છે ? અર્થાત્ નથી. તેમ તું નારાયણને જીતી શકીશ નહિં.

પગનો સ્પર્શ થવાથી જેમ સર્પ, તેમ પાપશ્રુતનાં આવા વચનોથી કોપાયમાન થયેલો કામ અહંકારથી હુંકાર શબ્દ કરતો કૃષ્ણને કહેવા લાગ્યો કે – ''હે ગૌ-ચારીઓમાં શ્રેષ્ઠ ! હે દુધથી પુષ્ટ થયેલા ગોપાલ ! હે મધુસુદન ! ઉભો રહે ! ઉભો રહે ! મેં તને દેખ્યો છે, હવે તુ અક્ષત કેમ જઇશ ? હે મૂઢ ! હે વાતૂલ ! તું બીજાઓથી ખોટી પ્રશંસા કરવા વડે મદોન્મત્ત થયો છે. પરંતુ તેને લીધે જ તું આજે મારી તલવારના પ્રહારને મેળવીશ. એમ કહીને કામે સંકેત કરેલા ગોપીઓરુપ હજારો યોદ્ધાઓએ સમુદ્રના કલ્લોલ જેમ દ્વીપને તેમ કૃષ્ણને ચારે બાજુથી ઘેરી લીધો. અને કહેવા લાગ્યો કે, 'હે દામોદર ! તું મદને મૂકી દે અને ઉદર-ગુફાને સેવ ? હજી તું ખરેખર બાલક છે તેથી અમારું બળ જાણતો નથી.

જે કામદેવને ઇંદ્રો કબુલ કરે છે... દેવો જેની સેવા કરવામાં તૈયાર રહે છે.. જેનું પ્રિય બોલવાવાળા ચક્રવર્તીઓ છે.. રાજાઓ જેની પાસે પોતાના ઢીંચણ ધરનાર... અર્થાત્ નમસ્કાર કરનારા છે, તે કામદેવના વિશ્વને જીતવાવાળા અમો યોદ્ધાઓ છીએ. છતાં જો બળનો મદ રાખતા હો તો દ્વંદયુદ્ધ કરવાને માટે તૈયાર થાઓ.

હે કૃષ્ણ ! તું એક છે, અમે ઘણા છીએ... તું કોમળ છે અમે કઠોર છીએ... તું બાળક છે અને અમે પ્રૌઢ છીએ, તો અમારી સાથે તારી સ્પર્ધા શું ગણત્રીમાં છે ? અમારા દષ્ટિરુપ બાણથી વીંધાયેલો... ભુજારુપ પાશથી બંધાયેલો... વચનરુપ ભાલાથી જર્જરિત થયેલો અને સાથળરુપ સાણસાથી દબાયેલો હે કેશવ ! તું અમારા આગળ શું હિસાબમાં છે ? જેઓ અમારા કહેવાથી વિપરીત ચાલે છે તેવા મનુષ્યોને

અમે અમારું અશુચિમય અને બીભત્સ શરીર બતાવીએ છીએ, વળી કપટ ક્રિયાના યોગને પણ અમે જાણીએ છીએ. તો હે ગોપાલ તું શું સમજે છે? માટે હે કૃષ્ણ ! કાં તો અમારી સાથે મળ અથવા તપનું સેવન કરવાને વનમાં જા. પણ સ્ત્રી વિના ઘરને વિષે તારો નિવાસ અમે સહન કરશું નહિં.

આ પ્રમાણે તે સ્ત્રી યોદ્ધાઓનું ઘણું બળ જોઇને તથા તેઓના વચન માત્રથી જ ગ્લાનિ પામેલા કૃષ્ણ સ્થિર રહેવાને અથવા નાસી જવાને સમર્થ થયા નહિં. પછી કંસાદિનો નાશ કરવાથી પ્રાપ્ત થયેલી પ્રસિદ્ધિ ફોકટ છે એમ હૃદયમાં વિચાર કરતો, ચક્ર અને ધનુષ્ય ધારણ કરવાવાળો કૃષ્ણ તત્કાળ તે સ્ત્રીઓની સાથે સારી રીતે મળી ગયો. પછી તે સ્ત્રીરુપ યોદ્ધાઓ, પોતાની ઇચ્છા પ્રમાણે રાજરાજેશ્વર કૃષ્ણની સાથે નાટ્ય, હાસ્ય અને ક્રીડા કરવા લાગ્યા, તેમની સાથે કૃષ્ણે જરાપણ અભિમાન કર્યું નહિં. તે ગોપીઓના ઘણા વખતના પરિચયથી કૃષ્ણ પણ તેણીઓનાં વસ્ત્રના છેડાં ખેંચવા, હાથચાલાકી કરવી અને પગથી મર્દન કરવું વિગેરે નિર્ભયપણે કરવા લાગ્યા. ચંદ્રના કિરણોથી પવિત્ર એવી શરદકાલની રાત્રીમાં યમુના નદીના કિનારે જ્યારે ગોપીઓ એકઠી મળીને ગાવા લાગી, ત્યારે કૃષ્ણ તેઓની વચમાં રહીને નાચ કરવા લાગ્યા, પણ તેણીઓથી વિપરીત પણે ન રહ્યા. અર્થાત્ તેણીઓને અનુસરીને જ ચાલવા લાગ્યા. પછી જલમાં અને સ્થલમાં ઉત્પન્ન થયેલા કમલોની સુગંધ એકી સાથે લેવાની લોભી એવી ગોપીઓને જાણીને તેમની સાથે કૃષ્ણ યમુના નદી ઉતરીને વૃંદાવનમાં ગયા. ત્યાં વનમાંથી પોતે લાવેલા પુષ્પોથી, દેવની પૂજા કરવાવાળો જેમ દેવને મસ્તકે મુકુટ રચે છે તેમ, કોઇ ગોપીને માથે તે કૃષ્ણ મુકુટ સ્થાપન કરે છે. કોઇ ગોપી વૃક્ષના ઉંચા ભાગમાંથી પુષ્પો લેવાની ઇચ્છાથી નિસરણીની જેમ કૃષ્ણના ખભા ઉપર પગ મૂકે છે... કોઇ ગોપી વનમાં ફરવાથી થાકી ગઇ હોય તેને એકાંત વત્સલ અને બળવાન એવા કૃષ્ણ પાણીની કાવડની જેમ ઉપાડીને ઘરે

લઇ જાય છે. રસ્તામાં ભારથી ત્રાસિત થયેલી કોઇ ગોપી પોતાનું ઓઢવાનું વસ્ત્ર કૃષ્ણને ઉપાડવાને આપે છે, ત્યારે પહેરવાનું હેઠલું વસ્ત્ર પણ શા માટે આપતી નથી ? એ પ્રમાણે હસીને કૃષ્ણ તેને કહે છે. ગોપીના ગુપ્ત અંગ જોવાને માટે ઉત્કંઠિત થયેલા કૃષ્ણ પાસે લાજરહિત એવી કોઇ ગોપી સખીની જેમ પોતાની નાડી બંધાવે છે. આ પ્રમાણે સ્ત્રીયોદ્ધાઓએ કૃષ્ણને વશ કર્યાથી મારી કોઇ પણ ઠેકાણે હાર થવાની નથી એવો કામ સુભટે નિશ્ચય કર્યો.

## મહાદેવ

પછી કંસના શત્રુ (કૃષ્ણ)ના બળનો સંહાર કરવામાં ભુજાદંડની ઉગ્રતાને સ્ફુરાયમાન કરવાવાળા અને આગળ પ્રયાણ કર્યું છે જેણે એવા કામદેવે નજીકમાં એક મોટો પર્વત જોયો. તેને જોઇને કામદેવે પૂછ્યુ કે - ''અરે ! આ ઉંચા શિખરવાળો કયો પર્વત છે અને આનો સ્વામિ કોણ છે?'' આ પ્રમાણે તેના પૂછવાથી ''હે મહારાજ ! આકાશમાં ચાલતી વિદ્યાધરીઓના હાથમાં પકડ્યા વિનાના અરિસાતુલ્ય કેવલ સ્ફટિકરત્નનો આ કૈલાસ નામનો પર્વત છે.'' જેમ અંધકારનો અતિશયપણે નાશ કરનાર સૂર્ય પૂર્વાંચલ ઉપર શોભે છે, તેમ આ કૈલાસના શિખર ઉપર શંભુ અર્થાત્ મહાદેવ તેથી પણ વધારે શોભે છે. આકાશથી ઉતરતી ગંગા પૃથ્વીને ડૂબાડી ન દે તેટલા માટે જટારૂપ શિખરથી શોભિત મસ્તક ઉપર તેમણે ગંગાને ધારણ કરી છે. સમુદ્રના મંથનથી ઉત્પન્ન થયેલા ઝેરને ખાવાથી ઇચ્છાવાળા મહાદેવને વિષે ભયંકર એવા સર્પો આભુષણરૂપ થયા છે. આ મહાદેવના ત્રીજા નેત્રની એક જ જ્વાળા આખા જગતને ભસ્મીભૂત કરવાને અગ્નિના કુંડની જેમ આચરણ કરે છે. જે શિવધર્મીઓ ભસ્મ ચોળવાથી શત્રુઓની આંખને અંધપણું વિસ્તારે છે, તેઓ દૈવથી નિર્ભય એવા મહાદેવનો કઠોર વાણી વાળો પરિવાર છે. આ મહાદેવ સમગ્ર વિશ્વનો સંહાર કરનાર છે. એમાં કાંઇ આશ્ચર્ય નથી, કેમ કે ભાર્ગવ પરશુરામ નામના તેના શિષ્ય પણ ક્ષત્રિયોના વંશનો ક્ષય કર્યો હતો.

ધનુષ્ય, ત્રિશુલ અને ખટ્વાંગ ધારણ કરવામાં વ્યગ્ર ભુજાવાળા આ મહાદેવે તને પણ કોઇ વખત શક્તિરહિત કર્યો હતો એમ મેં સાંભળ્યું છે. માટે હે કામ ! સર્પયુક્ત રાફડાની જેમ આ પર્વતને તું દૂર છોડી દે, કેમ કે યુદ્ધ કરવામાં જ્યાં યશ અથવા ધર્મ ન હોય તે યુદ્ધ કદાગ્રહરુપ છે.

તે સાંભળીને અતિ છંછેડાયેલા સિંહની જેમ કોપાયમાન થયેલો કામ બોલ્યો કે ''હે મંત્રી ! મને મન્મથને તું બીવરાવ નહિં, જો હું મહાદેવને દુઃખે જીતી શકાય તેવો જણીને આજે છોડી દઉં તો ખેદની વાત છે કે મોહના કુળની શૂરવીર પણાની કથાનો વિસ્તાર નાશ પામે. માટે આ પાંચ મુખવાળો મહાદેવ કુશલપણાને મૂકીને ત્રણ ભુવનમાં વ્યાપ્ત થયેલા મારા પ્રભાવરુપ અગ્નિમાં પતંગીયાનું આચરણ કરો.'' આ પ્રમાણે કહીને કામદેવે અકસ્માત બાણોની સાથે ધનુષ ખેંચ્યું કેમ કે વધ કરવાને યોગ્ય શત્રુને મારવામાં શૂરવીર પુરુષો વિલંબ કરતા નથી. પછી કામે ધનુષ્ય ઉપર મોહન નામનું બાણ મૂક્યું, ત્યારે તપ-ધ્યાન યુક્ત શરીરવાળા મહાદેવ પણ કંપાયમાન થઇ ગયા.

કામદેવે ઉંચે સ્વરે કહ્યું કે ''હે ખંડપર્શુ ! મહાદેવ ! પાખંડનો ત્યાગ કર. કારણ કે જગતને જીતવાવાળા હું ક્રોધિત થવાથી ધ્યાન શું ? અને તપ પણ શું ? હે મહાદેવ ! આ મોટો પણ પર્વત મરણથી તારું રક્ષણ નહિં કરે, પણ મારી આપેલી મૃગાક્ષી-સ્ત્રીને અંગીકાર કરવાથી તારું રક્ષણ થશે.''

કામના આવા વચનો સાંભળીને મહાદેવે કહ્યું કે -''શ્રી શ્રીમન્મોહરાજ પુત્ર ! આવી બુદ્ધિ મને પછી આપજો. પણ પ્રથમ મારી ઋદ્ધિ તમે સાંભળો. પ્રેતની જેમ પ્રેતવન એટલે સ્મશાનમાં મારો નિરંતર નિવાસ છે, અને ભિક્ષુકની જેમ ટાઢું અને લુખું ભોજન કરું છું. કાપાલિકની જેમ હાથમાં માથાની ખોપરી એ મારું ભાજન છે અને ગધેડાને આળોટવાની જેમ મારા શરીર ઉપર ચોળવા પણું છે. જીર્ણ વૃક્ષની જેમ લટકતા સર્પો મારાં આભૂષણ છે અને સિંધ પ્રદેશમાં રહેનારા

નિર્ધનની જેમ વૃદ્ધ બળદ મારું વાહન છે.

## મને ખેદ પમાડે છે

હું આવી અવસ્થાવાળો સ્ત્રી કેવી રીતે અંગીકાર કરી શકું ? કારણ કે જેમ નદીઓ સમુદ્રને યોગ્ય છે તેમ સ્ત્રીઓ ધનાઢ્યને જ યોગ્ય છે. કીચડવાળા પ્રદેશથી જેમ હંસીઓ ત્રાસ પામે છે તેમ જટાને ધારણ કરવાવાળા, વિરુપ આંખવાળા અને રુદ્રમાળા લટકાવવાવાળા એવા મારાથી સ્ત્રીઓ ત્રાસ પામે છે. તેમજ દાળ, ભાત, ઘી, છાસ, વડા અને પકવાનની ઈચ્છાવાળી આ સ્ત્રીઓ ભિક્ષા ભોજન કરવાવાળા મને ખેદ પમાડે છે. વળી ચંદન, અગર, કપૂર, કસ્તુરી અને કુંકુમ આદિની યાચના કરતી આ સ્ત્રીઓ રાખમાં લેટવાવાળા **મને ખેદ પમાડે છે.** સુવર્ણ, પ્રવાલ, માણેક અને આભૂષણના સમુહની યાચના કરતી આ સ્ત્રીઓ સર્પથી શોભતા એવા **મને ખેદ પમાડે છે.** ઉંચા સુતરાઉ અને રેશમી વસ્ત્રોની અતિ યાચના કરતી આ સ્ત્રીઓ ચામડાના વસ્ત્ર પહેરાવવાવાળા **મને ખેદ પમાડે છે.** માથાના સેંથામાં સિંદૂર નાંખેલો છે જેણે એવી આ સ્ત્રીઓ ધૂમાડા સહિત અગ્નિ હોય તેવી જણાતી હોવાથી ગાફેલ માણસ જો આસક્ત થાય તો તે બળીને ભસ્મ થઈ જાય છે. વાઘણ અને સાપણ પણ સારી કે જે કરડવાથી એક જ વખત મૃત્યુ પમાડે છે, પણ નિરંતર મૃત્યુથી અધિક ક્લેશ કરવાવાળી સ્ત્રી સારી નહિં. સ્ત્રીઓ ત્રિવેલીરુપ તરંગોવાળી અને હાસ્યરુપ ફીણવાળી એક નવી નદીરુપ છે, જેના સ્તનરુપ કિનારા સાથે અથડાતું યુવાન પુરુષોની દષ્ટિરુપ નાવડું ડુબી જાય છે. એક કે બે નેત્રવાળાને જ રાત્રી પ્રકાશની હણનારી થાય છે પણ આ સ્ત્રીરુપ રાત્રી તો કોઈ નવીન છે કે જેમાં હજાર આંખોવાળો ઈન્દ્ર પણ મોહ પામે છે. ચપળ ચિત્તરુપ વાંદરાવાળી અને કામરુપ ભીલ્લોવાળી આ સ્ત્રીરુપ એક નવીન અટવી છે જેમાંથી ઉત્પન્ન થયેલ રાગરુપ અગ્નિ દેખવાવાળાનું પણ સર્વસ્વ બાળી નાંખે છે. ભવરુપ

અટવીમાં મોહરુપ શિકારીએ સ્ત્રીરુપ જાળ વિસ્તારી છે કે જેમાં ભોળા મૃગો તો દૂર રહો પણ વિદ્વાનો પણ બંધાઇ જાય છે. જેનો મધ્યભાગ જાણી ન શકાય તેવી અને અંધકારના ઘર તુલ્ય સ્ત્રી ગુફા છે કે જ્યાં વિલાસરુપ અજગર મહાન પુરુષોને પણ ચાવી જાય છે. હે કામ ! એટલા માટે જ હું સ્ત્રીઓથી ભય પામું છું. માટે મને તપસ્વીને મૂકી દે. શું ઇન્દ્ર અને ઉપેન્દ્રાદિકથી તારી યુદ્ધ કરવાની હોંશ પુરી થઇ નથી ?

આ પ્રમાણેના મહાદેવનાં વચનોથી કૃપા ઉત્પન્ન થઇ છે જેને એવો કામદેવ કહેવા લાગ્યો કે 'હે મહાદેવ ! તમો યજ્ઞને ભેદનારા અને કાલ દૈત્યના ઘાતક છો છતાં આવું કાયરપણું ન કરો. માટે સતી અને વારંવાર પ્રસવ ન કરનારી તેવી એક હિમાચલની પુત્રી પાર્વતીને તમે સ્ત્રી તરીકે અંગીકાર કરો ? એટલેથી જ હું તમોને મૂકી દઉં છું.

કામદેવનું આ વચન કબુલ કરીને મહાદેવે પાર્વતીનું પાણિગ્રહણ કર્યું. પછી અવસરે પુત્રનો જન્મ થવાથી ભિક્ષા ભોજનથી ઉદ્વેગ પામેલી પાર્વતી કહેવા લાગી કે, 'હે મહાદેવ ! ભિક્ષાવૃત્તિ કરવી તે તો ભિક્ષુકોને જ શોભે, પણ ગૃહસ્થીઓને શોભે નહિં, માટે શરીરના નિર્વાહ યોગ્ય ભોજન મને આપો. ઉત્તમ સ્ત્રીવડે જેમ જન્મ તેમ ઉત્તમ ભોજન વડે મુનષ્યનો દિવસ સાર્થક ગણાય છે, માટે હે પ્રિય ! તેવું ભોજન મેળવવા યત્ન કરો. કારણ કે આળસુઓનો ક્યાંય ઉદય નથી.

માટે શ્રી કૃષ્ણ પાસેથી પૃથ્વીની... કુબેર પાસે બીજની... બળભદ્ર પાસે હળની અને યમરાજા પાસે પાડાની પ્રાર્થના કરો. બળદ તમારી પાસે છે. ત્રિશુળમાંથી રાંપ બનાવો. તમારું અન્ન-પાન તૈયાર કરવામાં હું સમર્થ છું. સ્કંદ બળદનું રક્ષણ કરવામાં સમર્થ છે. તો હે મહાદેવ ! ભિક્ષા ભોજનથી હું બળી રહી છું તેથી તમે ખેતી કરો. આવું પાર્વતીજીનું વચન તમારું રક્ષણ કરો.

આ પ્રમાણે પાર્વતીજીના વચન સાંભળીને મહાદેવે વિચાર્યું કે, અરે ! અગાઉ જે મેં કહેલ તેજ આગળ આવ્યું. કારણ કે અવસર આવ્યે

સ્ત્રીઓ પાણીના પ્રવાહની જેમ કોને ભેદતી નથી. ગુફા જેવા મોટા ઉદરવાળી આ પાર્વતી અને છ મુખવાળો આ પુત્ર તે બન્નેનું પોષણ મારે કેવી રીતે કરવું ? અહો ! શસ્ત્રવિના કામે મારો વધ કર્યો છે તેથી મને ધિક્કાર થાઓ. પુત્રનો તો હું જેમ તેમ નિર્વાહ કરીશ, પણ કોઇ રીતે જેની ઇચ્છા પુરી થાય નહિં તેવી સ્ત્રી મુશ્કેલીથી પોષણ થાય તેવી છે, અરે અત્યંત પીડારુપ સમુદ્રમાં ડુબેલા એવો હું હવે શું કરું ? પછી ઉત્પન્ન થઇ છે બુદ્ધિ જેને તથા બે પેટ ભરવાને અસમર્થ એવા મહાદેવ વિરહ સહન નહિ કરી શકવાનું બહાનું કાઢીને પાર્વતીની સાથે અભિન્ન અર્થાત્ એક શરીરવાળા થઇ ગયા. ઉદ્વેગ પામેલા મારા પિતાને વંશની વૃદ્ધિથી દુઃખ થાય છે માટે મારે તેને દુઃખ ન કરવા એમ વિચારીને તેના પુત્ર સ્કંદે બ્રહ્મચારીપણું અંગીકાર કર્યું.

ત્યારપછી પાણીને પવિત્રતા આપનાર... સર્વ દેવોની પૂજાના પ્રવર્તક... અંધકારના સમુહનો નાશ કરનાર... સર્વ કાર્યના સાક્ષીભૂત... નિશાચર અર્થાત્ ચોરને જીતનાર... નેત્રની રચનાને સફળ કરનાર... મહાદેવને પૂજનીક... જગત્પ્રકાશક... કાદવનું શોષણ કરનાર... પોતાને ઇષ્ટ સૂર્યવિકાશી કમલોને શોભા આપનાર... અને ચક્રવાક પક્ષીના શોકને ટાળનાર એવા સૂર્યને પોતાના યોદ્ધા પાસે કામદેવે વિહ્વલ કરાવ્યો એટલે વશ કરાવ્યો.

દેવોમાં મુખ્ય એવા બ્રહ્મા, વિષ્ણુ, મહાદેવ અને સૂર્ય પ્રમુખને જીતીને પોતપોતાને ઠેકાણે રહેલા ભૃગુવત્સ વસિષ્ઠ આદિ મહર્ષિઓને પણ કામદેવે કંપાવ્યા. કામના મારથી ભય પામેલા અને બીજો કોઇ માર્ગ ન જોવામાં આવવાથી તે સર્વ મહર્ષિઓએ એકેક સ્ત્રીરુપ સુભટનું શરણ અંગીકાર કર્યું. આ પ્રમાણે સ્વર્ગથી પાતાલ સુધી આખા જગતને વશ કરીને પુણ્યરંગ નામના નગરના નાશ માટે પ્રતિજ્ઞા કરી છે જેણે એવા કામદેવે તે નગર ઉપર ચડાઇ કરી. અહિં કામદેવના આવ્યા પહેલાં તે પુણ્યરંગ નગરના કાંગરાઓ સહિત કિલ્લો, આગામી કાળમાં થનારા

નગર-ભંગના ભયથી અતિશય કંપાયમાન થવા લાગ્યો. પોતાના અધિકારથી પતિત થવારુપ દુઃખસમુદ્રના બિંદુઓ જેવા મોટાં મોટાં આંસુઓથી અધિષ્ઠાતા પાદર દેવી ખુલ્લી રીતે રોવા લાગી. જગત્‌વ્યાપી કામદેવના પ્રતાપની ગરમીથી હણાયા હોય નહિં તેમ અકસ્માત સર્વ આરામો સુકાઈ ગયા... શોભા રહિત થઈ ગયા... ભવરુપ અરણ્યમાં રહેવાવાળા... ખરાબ આશયવાળા સસલા... મૂઢતારુપી હરણો... નિર્દયતારુપ સૂવરો નગરમાં ભમવા લાગ્યા. મિથ્યાદૃષ્ટિને વિષે રાગરૂપ લોહીના બિંદુઓ પ્રગટ થયાં અને મનુષ્યોના માથાના મુગટ ઉપર લોક અપવાદરૂપ કાગડા બેસવા લાગ્યા. અગ્નિકોણના વાયરાથી જેમ મોટા સમુદ્રમાં ક્ષોભ થાય, તેમ શાંતિવાળા નગરમાં પણ ઉપર કહેલા ઉત્પાતોથી સર્વત્ર ક્ષોભ ઉત્પન્ન થયો. હવે આ બધું જાણીને વિવેક વિચાર નામના મિત્રની સાથે ગોષ્ઠી કરે છે કે, આપણો મહાન શત્રુ કામદેવ આપણી ભૂમિ વધારે વધારે દબાવતો આવે છે. વળી મોહરાજા પણ પુત્રના પ્રેમથી તેના બળમાં વધારો કરે છે. તેનો પરિવાર પણ ઉત્કટ છે. તેમ કામદેવ પોતે જગતને જીતવાવાળો છે. માટે હાલ તેની સાથે હું યુદ્ધ નહિં પ્રારંભું, કેમ કે શત્રુના વાહન-આસન વિગેરે જાણ્યા બાદ યુદ્ધ કરવામાં આવે તો જ જીતવાની ઈચ્છાવાળા ને જય મળે છે. પ્રાતઃ કાલમાં સૂર્ય અંધકારને ભેદિને રાજાની જેમ ઉદય પામે છે. પરંતુ અહો ! તેજ સૂર્ય રાત્રીનો અંધકાર પુષ્ટ થવાથી ચોરની જેમ નાશી જાય છે... અસ્ત પામે છે. માટે જે અવસર જાણે છે... સમયને ઓળખે છે, તેને જ ઈષ્ટાર્થની સિદ્ધિ થાય છે કેમ કે ચોખા વાવવાના સમયમાં ઘઉંને સારી રીતે પાણી પાયું હોય તો પણ ફળદાયી થતું નથી. વળી ગાયન, નાટક, લક્ષ્મી, સ્ત્રી, આભૂષણ, ભોજન, પાણી અને સાકર આ સર્વ વસ્તુઓ અવસર વિના પ્રીતિરુપ વેલડીને કાપવામાં કુહાડીનું કામ કરે છે. વળી પત્થર, રાખ, ઘાસ, તુલ, ધુળ, અંધકાર, અગ્નિ અને ઝેર આ સર્વે અવસરે પ્રીતિની વૃદ્ધિ કરનારા થાય છે. તેથી હાલ તો હું અર્હત્ પ્રભુના શરણે જઈશ અને

તેમની ભક્તિથી સંયમશ્રી કન્યાને પરણીશ. તે સંયમશ્રીનો સ્વીકાર કરવાથી હું અને સર્વ પરિવાર પણ કપટપણાનો ત્યાગ કરીને શત્રુનું વિદારણ કરવામાં દક્ષતા પામીશું. ગુરુરુપ નૈમિતિકનું કહેલું વચન મારા હૃદયમાં હજી પણ અતિશય શબ્દ કરે છે. તેથી તેના વચનથી જ ઉપદેશથીજ શત્રુને દુર્બળતા પમાડીશ. આમ કરવાથી કેટલાક લોકો મને ડાહ્યો એટલે અવસરનો જાણ કહેશે અને કેટલાક બીકણ પણ કહેશે, પણ અબદ્ધ એટલે ખુલ્લા મુખવાળા લોકોના કેટલાક વચન હૃદયમાં ધારણ કરી શકાય. ચક્રવાક પક્ષી આનંદ પામે અને આનંદરહિત એવા ઘૂવડો નિંદા કરે, તો પણ સૂર્ય પોતાની સ્વાભાવિક ગતિ છોડતો નથી. પોતાના પત્નીનો ત્યાગ કરવામાં નળરાજાની અને પોતાનું સ્થાન મૂકવામાં કૃષ્ણની, લોકોના અસંબદ્ધ વચનોથી જે સ્ખલના થઇ છે તે શું તું જાણતો નથી ? માટે હે વિચારમિત્ર ! મારા ગયા પછી નગરના લોકોને ત્યાં પ્રવચનપુરમાં લાવજે. કારણ કે મારા ગયા પછી આપણો કોઇ પક્ષપાતી તે કોપાયમાન થયેલા કામદેવના ફાંસામાં આવી ન પડે.

આ પ્રમાણે વિચારને ભલામણ કરે છે તેવામાં સંયમશ્રીને માટે અર્હત્ પાસે ઉત્તમ પુરુષોને મોકલ્યા હતા તે આવી પહોંચ્યા, અને મસ્તકે હાથ જોડી નમસ્કારપૂર્વક કહેવા લાગ્યા કે – ''હે સ્વામિન્ ! તે અર્હત પ્રભુ તમારા ઉપર અત્યંત પ્રસન્ન થયા છે અને કોઈપણ પ્રકારની વાતચિતમાં ગુણોના આધારભૂત એક તમને જ ગણે છે. હે ગુણોજ્વલ ! તમારા સિવાય બીજો કોઇ તેમને ગૌરવ કરવા યોગ્ય નથી, તેથી તેમને જોવાથી જ તમારી ઇષ્ટ સિદ્ધિ થઇ સમજજો. તેમાં કોઇ સંશય નથી. આ પ્રમાણે તે પુરુષોના વચનને ઉત્તમ શકુન તરીકે માનીને વિવેક ત્યાંથી નિકળીને સુખે સુખે પ્રવચન પુરમાં પહોંચ્યો. વિવેકના વિરહને સહન કરવાને અસમર્થ એવો વિચાર પણ નગરના દુઃખી લોકોને આગળ કરીને તે વિવેકની પાછળ દોડવા લાગ્યો. અનુક્રમે તે સર્વે અર્હંતની નગરીમાં આવ્યા અને ઘણો આનંદ પામ્યા, કેમ કે અર્હંતની દૃષ્ટિ જ સમગ્ર

ઉપદ્રવનું નિવારણ કરવાવાળી છે.

હવે કામદેવ, સ્વામી વિનાના પુણ્યરંગ નગરમાં આવ્યો, તેણે પ્રથમ ચારે બાજુથી નગરને ઘેરી લીધું... પછી તપાસ કરી... પછી નગરીને લુંટી અને તેનો નાશ પણ કર્યો. અર્હતની પાસે જવામાં આળસુ થયેલા... જીવતાં છતાં મરણ પામ્યા જેવા અને જડ એવા જે માણસો તે પુણ્યરંગ નગરીમાં રહ્યા હતા તેઓને કામદેવે બંદીવના કર્યા. તે દીન જનોને પકડવાથી અંતઃકરણમાં ગર્વ કરતા કામદેવે બાહ્યવૃત્તિએ પુરુષાર્થને વિષે અગ્રેસરપણું ધારણ કર્યું, અને કહેવા લાગ્યો કે મારુ નામ સાંભળીને નાસી જનારા વિવેકે હવે ક્ષત્રીયકુલના આચારની કથારુપ કંથા ઢીલી કરી નાંખી છે. વિવેક તો પ્રધાનનો પુત્ર છે... હું રાજાનો પુત્ર છું. માટે મારાથી તે નાશી ગયો તેજ યોગ્ય છે કારણ કે ઉત્તમ વંશમાં ઉત્પન્ન થયેલા પુરુષો વિના બીજાઓમાં તેવું શુરાતન ક્યાંથી હોય ? પ્રથમ પણ મારા પિતા મોહના ભયથી વિવેકે જે નાશી જવાનો અભ્યાસ કર્યો છે તે સારી રીતે ભણેલાની જેમ હજી સુધી પણ તે બુદ્ધિવાન ભૂલ્યો નથી. પણ આવી રીતે આ મહા બળવાન્ વિવેકના નાશી જવાથી મારી ભુજા દંડને યુદ્ધ કરવાની ખરજ મટાડવાને હવે વૈદ્ય કોણ થશે ? અથવા આ વિવેક જિનેશ્વરનો ભકત છે અને તે અર્હત્ તદ્દન મદરહિત હોવાથી તે પણ મદ રહિત હો. વળી યુક્ત જ છે કે સ્વામીનો સ્વભાવ ઉત્તમ સેવકમાં સંક્રમિત થાય છે. અર્હતની સમીપે હિંસક સ્વભાવવાળા સિંહાદિ પણ અલ્પ મદવાળા થઈ જાય છે તે બરાબર છે. કેમ કે ઠંડા પાણીના સંગથી અગ્નિની ઉષ્ણતા તત્કાલ શાંત થાય છે. હું વિષમાસ્ત્ર વાળો છું એમ કવિઓએ પણ મારી ખ્યાતિ કરી છે, જો તેમ ન હોત તો એ ખ્યાતિ શું ઉંદરમાં કે ઈન્દ્રમાં થાત અર્થાત્ એ ખ્યાતિને હું લાયક જ છું. હું જાણું છું કે મને આવતો જાણીને તે વિવેક અર્હતના ચરણને શરણે ગયો છે, પણ દરમાં રહેલ ઉંદર સર્પને દુર્ગ્રાહ્ય ન હોય તેમ મને તે દુર્ગ્રાહ્ય નથી. પણ પ્રવચન પુરમાં જવા માટે મારા પિતાએ આદેશ આપ્યો નથી. માટે અરે

સૈનિકો ! હવે પાછા ફરો, આપણે ત્રણે જગતને જીતી લીધા છે.

અનેક પ્રકારના દુર્વાક્યોના શબ્દોથી સર્વ દિશાઓને શબ્દિત કરતો... કૃતકૃત્ય થયેલાં શસ્ત્રોને ચાકરો પાસે મ્યાન વિગેરેમાં મૂકાવતો... ગામડાના લોકોએ ગાયનું તાજું ઘી... ગામના લોકોએ અનેક પ્રકારના ખાવા યોગ્ય પદાર્થો.. અને વનમાં ફરવાવાળા લોકો વનના ફળો ભેટણા તરીકે મૂકીને રંજન કરેલો... દરેક ઘરે પોતાના સ્ત્રી સુભટોનું પૂજન થતું જોઈને હર્ષ ધારણ કરતો... અવજ્ઞા વડે આળસવાળી દૃષ્ટિથી ઈન્દ્રોને પણ તુચ્છ માનતો... પોતાની આજ્ઞાની અવજ્ઞા કરતા તપસ્વીઓનું નગ્નપણું... ભિક્ષા ભોજન અને અરણ્યમાં નિવાસ જોઈને પોતાના પરાક્રમ સંબંધિ ગર્વને ધારણ કરતો... બ્રહ્માદિકનો જય કરેલો હોવાથી તે જયસ્તંભોને પગલે-પગલે રોપતો... વૈતાલિકાદિક...દેવોરુપ ભાટચારણાદિના મુખથી જગતનો વિજય કરવારુપ પોતાનો યશ સાંભળતો... પોતાને અનુસાર ચાલનાર શ્રૃંગારરસને સર્વ રસોમાં પ્રથમ સ્થાપન કરતો... પોતાને અપ્રિય એવા શાંતરસને અંતમાં સ્થાપન કરતો... તેમજ બીજા પણ વીરરસાદિકને યથાયોગ્ય માન આપતો.. માર કુમાર કામદેવ લીલામાત્રમાં અવિદ્યા નગરીએ પહોંચ્યો.

વિષમ શરવાળા કામદેવને પોતાના પગથી પવિત્ર થયેલી અવિદ્યા નગરી જોવાથી જે સંતોષ થયો, તે ભૃકુટિના ભંગ માત્ર વડે ઈંદ્રોના સમુહ તાબે થવાથી અને ત્રણ ભુવનના ઐશ્વર્યરુપ વૈભવ કરકમલમાં ભ્રમરતુલ્ય થવાથી પણ થયો ન હતો.

**શ્રી અચલગચ્છ શૃંગાર, આત્મજ્ઞાની શ્રીમદ્ જયશેખરસૂરિએ**
**રચેલા નપ્રબોધ ચિંતામણિ' ગ્રંથને વિષે મોહરાજાના**
**ચરપુરુષોને વિવેકની તપાસ માટે મોકલવાની**
**હકીકત વાળો અને કંદર્પના**
**દિગ્વિજયવાળો પાંચમો**
**અધિકાર સમાપ્ત થયો.**

# છઠ્ઠો અધિકાર

## કંદર્પ અને કલિકાળ

હવે કામદેવને આવતો જોઈને મોહરાજા પરિવાર સહિત તેની સન્મુખ આવ્યો, કારણ કે સ્નેહની અધિકતા નાના-મોટાની મર્યાદાની અપેક્ષા રાખતી નથી. કામદેવે પણ સામે આવેલા પિતાની સન્મુખ જઈને તેને નમસ્કાર કર્યો, કેમ કે બળવાન સુપુત્રો પણ પોતાના ગુરુવર્ગની આગળ દાસની જેમ વર્તન કરે છે. તે પિતા અને પુત્ર પ્રથમ હૃદયે, પછી વચને અને પછી શરીરે કરી એવી રીતે મળ્યા કે નદી અને સમુદ્રના પાણીની જેમ તે બન્નેમાં કાંઈ ભેદ રહ્યો નહિં.

### કંદર્પનો નગર પ્રવેશ

હવે નગરના લોકોએ એકઠા મળી મોટા મહોત્સવનો પ્રારંભ કર્યો છે એવા.. જ્યાં દરેક ઘર ઉપર ભવ-ભ્રાંતિરુપ ધ્વજાઓ ઉંચી કરેલી છે એવા... બીજાને ઠગવાના વચનરુપ માંચાઓના સમુહથી વ્યાપ્ત થયેલા... ચારે બાજુ થતા અશ્લીલ શબ્દરુપ વાજિંત્રના નાદથી જ્યાં નગરના સર્વે લોકો જાગૃત થયેલા છે એવા... વિચિત્ર પ્રકારની વિક્રિયારુપ વેશ્યાઓનો જ્યાં નાચ ચાલી રહ્યો છે એવા... હાવભાવરુપ સ્તંભોની સાથે આસક્તિરુપ ચંદનની માળાઓ જ્યાં બંધાયેલ છે એવા... ઘરના અગ્રભાગ ઉપર જ્યાં કુશલતારુપ કળશોની શ્રેણીઓ સ્થાપન કરેલી છે એવા... નાટ્યરસ અને હાસ્યરસથી પ્રતિષ્ઠિત નટ અને વિદુષકોનો સમુહ જ્યાં છે એવા... આશ્રવરુપી એકઠા મળતા ચપળ લોકોના કોલાહલથી વ્યાકુળતા વાળા નગરમાં વિસ્મયપૂર્વક નગરના લોકોથી જોવાતા મન્મથે પ્રવેશ કર્યો. તે સમયે બંદીવૃંદ તેની સ્તુતિ કરે છે. ''હે મન્મથ ! તેં પુષ્પબાણથી જેવી રીતે ત્રણે જગતને જીત્યા. તે પ્રમાણે જીતવાને બીજા કોણ સમર્થ છે ? માટે આવી વીરતાથી તું વિશ્વના સુભટોમાં મુખ્ય સુભટ છે.

હે મહાદેવના ગણના વિલાસનો પરાભવ કરનાર ! બ્રહ્માની વેદ-વાણીનો નિરાસ કરનાર ! વિષ્ણુના સારંગ ધનુષ્ય અને સુદર્શન ચક્રની હાંસી કરનાર ! હાથમાં વજ્રને ધારણ કરનાર ઈન્દ્રને પણ વિહ્વળ કરનાર! એક પાતળા તાંતણા વડે સમુદ્રના વિસ્તારની તુલના કરનાર ! સૂર્યના કિરણોના પ્રકાશને મંદ કરનાર ! ચંદ્રની કલાના કલાસમુહની અવહેલના કરનાર ! મહર્ષિઓના પ્રબળ શ્રાપને નિષ્ફળ કરનાર ! વિષધર એવા સર્પની વિષમ લાળનો તિરસ્કાર કરનાર ! દુર્નિવાર એવી સિંહની ફાળને પાછી ફેરવનાર ! ગરુડની મોટી પાંખના વાયરાની પણ અવગણના કરનાર ! વિકટ સુભટોના શાસ્ત્રઘાતને પણ નષ્ટ કરનાર ! શૌચ વાદિઓના શૌચનો અંત લાવનાર ! પાખંડીઓના માનનું ખંડન કરનાર ! યોગીશ્વરોના યોગનો ભંગ કરવામાં સમર્થ અને ત્રીજા પુરુષાર્થ એવા હે કામ ! તું જયવાન થા... જયવાન થા ! હે ત્રણ ભુવનરુપ ઘરમાં ભ્રમણ કરવામાં રસિક ! હે ઘણા યશથી શોભાયમાન ! હેં સજ્જન દુર્જન - મૂર્ખ - વિદ્વાન - બાલ - યુવાન પુરુષ અને સ્ત્રીઓના મનનું હરણ કરનાર ! હે સુર-નર અને કિન્નરોના સમુહથી સંગ્રામ સંબંધિ ઉત્તમ પરાક્રમ ગવાય છે જેનું એવા ! હે વાણીને અગોચર એવું વિષયજન્ય સુખ દેવામાં કલ્પવૃક્ષતુલ્ય ! હે બંધુવર્ગને પ્રિય માતાપિતાના ચરણના ભક્ત સેવકોને ફળ આપનાર શ્રીમન્મોહરાજાના પુત્ર અને અતુલ બળવાન કામ ! તું ઘણો કાળ જીવ ! ઘણો કાળ જીવ ! આ પ્રમાણે નવીન છંદોથી બંદીજનોના સમૂહથી સ્તવના કરાતો કામદેવ પિતાને આગળ કરીને પોતાના મૂળ સ્થાનને પામ્યો.

જેમ કમળ હંસને પોતાના મધ્યભાગમાં રાખીને ઉત્તમ પ્રભાવડે સરોવરને શોભાવે છે તેમ મોહરાજાએ કામકુમારને પોતાના ખોળામાં બેસાડીને પોતાનું સિંહાસન શોભાવ્યું. પછી હે પુત્ર ! તેં દિગ્વિજય કેવી રીતે કર્યો ? એમ મોહરાજાએ પૂછ્યાથી પોતાનું વૃત્તાંત પોતાના મોઢાથી કહેવામાં લજ્જા થતી હોવાથી કામદેવે મૌન ધારણ કર્યું ત્યારે પોતાની

જિહ્વાએ સમુદ્રના કલ્લોલને પણ મંદ કર્યો છે જેણે એવા એક બંદીએ વિવેકના નાશી જવા પર્યંત તે કામદેવનું યથાસ્થિત વૃત્તાંત કહી સંભળાવ્યું. ત્યારે પ્રમદથી વિકસ્વર થયેલા રોમાંચ સંચયવાળા મોહરાજાએ પોતાના આંગણામાં ત્રણ પ્રકારના વાજિંત્રથી મોટો ઉત્સવ કરાવ્યો.

## માતા સાથે મિલન

પછી પિતાના આદેશથી લાંબા સમયથી વિરહાતુર અને પુત્રને જોવા માટે તૃષિત નેત્રવાળી માતાને કામે નમસ્કાર કર્યો. માતા પણ પ્રીતિની અધિકતાથી વિકસ્વર થયેલાં ઝરતાં હર્ષાશ્રુવડે સ્નાન કરાવતી તેને આલિંગન દઈને આશીષપૂર્વક કહેવા લાગી કે – ''હે પુત્ર ! રતિ અને પ્રીતિ તે બન્ને સ્ત્રીઓ સાથે અવિયુક્ત એટલે વિયોગ રહિત થયો થકો તું વિજયી થા! તેવા તેવા પોતાનાં પરાક્રમ વડે માતાના મનને ચમત્કાર ઉત્પન્ન કર. જે પુત્રો પ્રભુતા મેળવીને ગુરુજનનો પરાભવ-તિરસ્કાર કરે છે તેઓથી તું સાધારણ વેલડીથી સૃષ્ટિરુપ વેલડી વિપરીત હોય તેમ વિપરીત જુદો છે. હે સત્વવાળા પ્રાણીઓમાં મુખ્ય! પુષ્પરુપ શસ્ત્રોએ કરી ત્રણ ભુવનને ક્ષોભિત કરવાથી ઉત્સાહિત ભુજાવાળા ! તેં મને સ્ત્રીજાતિમાં મુખ્યપણે સ્થાપન કરી છે. હે પુત્ર ! બળવાન એવા કર્મરાજાથી ઉત્પન્ન થયેલી હોવાથી પ્રથમ હું **વીરપુત્રી** હતી.. પછી મોહરાજા સાથેના વિવાહથી **વીરપત્ની** થઇ હતી અને તારા વડે **વીરપ્રસુ** એટલે વીર પુત્રને જન્મ આપવાવાળી થઇ છું.''

પુત્રને આ પ્રમાણે કહીને હવે તે મોહની રાણી સમગ્ર સ્ત્રીઓને વિષે પોતાનું વીરમાતાપણું પ્રગટ કરવા માટે **કૃષ્ણ, નીલ** અને **કાપોત** લેશ્યા નામની પોતાની દાસીઓને કહે છે કે – ''હે સખીઓ ! જ્યારે પુત્ર જગતને જીતવા માટે ગયો ત્યારે મેં પહેલાં **કદાશા** નામની ગોત્રદેવીને પૂજીને વિનંતિ કરી હતી કે, ''હે ભગવતી ! જય મેળવીને આવેલા મારા પુત્રને જો હું જીવતો જોઇશ તો તારી આગળ હું વર્ધાપનોત્સવ કરીશ.'' તે

મારું મનોરથરુપ વૃક્ષ આજે ફળીભૂત થયું છે, માટે હે સખીઓ ! તેનો ઉત્સવ કરવા માટે તમે મંત્રી વિગેરેની સ્ત્રીઓના સમૂહને નિમંત્રણ કરો.''

પણ પહેલા યુવરાજની **ભ્રાંતિ** નામની રાણીને બોલાવો... પછી પ્રધાનની સ્ત્રીને... સેનાપતિની **અવજ્ઞા** નામની સ્ત્રીને.. કોટવાલની **દુર્વાક** નામની સ્ત્રીને... પુરોહિતની **સાધુનિંદા** નામની સ્ત્રીને... ભંડારીની **કૃપણતા** નામની સ્ત્રીને... બાલમિત્રની **અજ્ઞાનતા** નામની સ્ત્રીને... દાણીની **અનવસ્થા** નામની સ્ત્રીને... સામંતોની તે તે પ્રકારની **ચાહના** નામની સ્ત્રીઓને.. શય્યાપાલની **મંદપણા** નામની સ્ત્રીને... દેશપાલની **ઈર્ષ્યા, અહંકૃતિ, વંચના** અને **આધીના** નામની સ્ત્રીઓને... વંઠોની **લાલસા** નામની સ્ત્રીને, છત્ર ધારણ કરનારની **કુભાવના** નામની સ્ત્રીને... ગુપ્તપાલની **અતિતૃષ્ણા, લોલતા અને કુશલતા** નામની સ્ત્રીઓને... રસોયાની **દુષ્ટ ઘટના** નામની સ્ત્રીને અને કરણચારિઓની **રુચિ** નામની સ્ત્રીને... હે સખીઓ ! તમે બોલાવી લાવો.

તે દાસીઓએ પણ રાણીના હુકુમથી સર્વ સ્ત્રી વર્ગને હાજર કર્યો. ત્યારે રાણીએ ઉન્માદ ઉત્પન્ન થાય તેવો **મૂઢતા** નામનો દારુ દાસીઓ દ્વારા તરત મંગાવ્યો. તે અવસરે તે રાણીના સ્નેહના કારણે તેની શોક્ય **પ્રીતિ** તથા **અપ્રીતિ** આવી, તથા કામદેવની **રતિ, પ્રીતિ, અસૂયા** તથા **આર્તિ** પ્રમુખ સ્ત્રીઓ પણ આવી.

પછી સદ્ભક્તિ પૂર્વક ગોત્ર દેવતાની પૂજા કરીને તે સર્વ સ્ત્રીઓએ ગળા સુધી મદિરાનું પાન કર્યું. અત્યંત મદિરાપાનથી ધૂણિત થયેલાં લોચનવાળી તે સ્ત્રીઓ ઉપરાઉપરી કામભોગનાં વચનરુપ તાંબૂલ લેવાથી પ્રબળ મદવાળી થઇને રાસક્રિડામાં કામદેવના ગુણોની શ્રેણીનું ગાયન કરતી અને આભુષણોના આવાજથી, હાથના તાલોટાથી અને મશ્કરીવાળાં ભાષણથી જાણે સ્ત્રીરાજ્યને વિસ્તારતી હોય નહિં ? તેમ તે સ્ત્રીઓએ વર્ધાપનોત્સવ કર્યો.

## મોહરાજાનું ચિંતન

તે સમયે સમસ્ત રાજકુલમાં હર્ષનો કોલાહલ વ્યાપ્ત થયો ત્યારે મોહરાજા ભવિષ્યનો વિચાર કરતો આ પ્રમાણે ચિંતવવા લાગ્યો કે, 'અરે નિર્બલ સ્ત્રીઓ ! તમારી મરજીમાં આવે તેમ ઉત્સવને વિસ્તારો છો ? પણ વિવેક જીવતો ગયો છે તે મને ફરી ફરીને પીડા કરે છે. બાળકોની જેમ સ્ત્રીઓ બુદ્ધિ રહિત હોવાથી ભવિષ્યનો વિચાર કરી શકતી નથી, તેમ પુરુષ પણ એવા ઓછા જ હોય છે કે જેઓની મતિ ભવિષ્યનો વિચાર કરી શકે. જે કાર્ય પરિણામે સુંદર હોય છે તેની ઉત્તમ પુરુષો પ્રશંસા કરે છે કારણ કે કડવો એવો ક્વાથ પણ રોગનાશક હોવાથી પ્રિય લાગે છે. માટે જે કાર્ય પરિણામે દુઃખકારી હોય તે વિદ્વાનોએ ન કરવું જોઇએ. કેમ કે શરુઆતમાં સ્વાદિષ્ટ પણ અંતે મૃત્યુ આપનાર કિંપાકફળનો ત્યાગ કરાય છે. જે રાજ્ય શત્રુરહિત હોય ત્યાં જ મહોત્સવો શોભે છે અન્યથા ઉત્સવો કરવા તે સ્વપ્નના લાડવા સમાન છે. વિવેક જે નાશીને જતો રહ્યો છે તે કપટથી ગયો છે પણ ભયથી નહિં, તેથી પાછો ફરીને ફાળ મારનારો સિંહ શું હસ્તિઓને હણતો નથી ? તેમ આ વિવેકસંબંધિ પણ મને જણાય છે. વળી આ વિવેક જિનેશ્વરની પાસે જઇને સંયમશ્રીને પરણશે ત્યારે બળવાન થઇને તે મારા વંશને મૂળથી ઉખેડી નાંખશે. સહનશીલ એવો શુરવીર પુરુષ અકસ્માત જો નાશી જાય તો તે પાછળથી દુઃખે વશ કરી શકાય તેવો થાય છે, કારણ કે અકસ્માત દેખાવ આપીને ઉપરથી રુઝાઈ જતું ખરાબ ગુમડું પરિણામે મૃત્યુનું કારણ થાય છે. આ પ્રમાણે ભવિષ્યના વિચારથી ઉત્પન્ન થયેલ ચિંતાથી બળતા હૃદયવાળો મોહરાજા બેઠા છે ત્યાં દ્વારપાલે આવીને વિજ્ઞપ્તિ કરી કે – ''હે મહારાજા! કાળસ્વરુપ અને વિસ્તાર પામેલા સમસ્ત શત્રુરૂપ વૃક્ષને કાપવા માટે કુહાડાતુલ્ય કલિકાળ ઘણા સમયથી અહિં આવેલા છે તે આપને મળવા ઇચ્છે છે.'' તેને શીઘ્ર અહિં લાવ એવા મોહરાજાના આદેશથી છડીદારે વ્યાઘ્રજેવી પુષ્ટ સ્કંધવાળા કલિકાળને સભાની અંદર પ્રવેશ કરાવ્યો.

## કલિકાળનો પ્રવેશ

રોષથી સ્નેહરહિત મુખવાળો... લોઢાથી વિંધાયેલાની જેમ કર્કશ... જોવા છતાં પણ અનન્ય સદશ એવા કલિકાળને જોઇને સભાના લોકોને આશ્ચર્ય ઉત્પન્ન થયું. મદ અને ગૌરવનો ત્યાગ કરીને તે કલિકાળે મોહરાજાના ચરણમાં નમસ્કાર કર્યો. જો કે શત્રુઓને વિષે તે ભયંકર છે પણ મોહપ્રત્યે તો સ્નેહવાળો છે. સ્વાગતપૂર્વક મોહરાજાએ તેને કહ્યું કે ''હે મિત્ર ! ઘણા સમય પછી આજે તું દેખાયો છે, તો તારા આગમનનું કારણ શું છે ?''

કળિકાળ કહે છે કે ''હે મહારાજા ! જ્યારે ભાગ્ય પરિપક્વ થાય છે ત્યારે આપના જેવા સ્વામીનો સમાગમ થાય છે. મારે અહિં આવવાના બે કારણ છે. એકતો આપના પુત્રને પણ જગતને જીતવાવાળો સાંભળીને તેને જોવા માટે આવ્યો છું. કેમ કે મોટા વીર પુરુષનું મુખ જોવું તે પણ મહાફળ દાયક છે. અને બીજું કારણ એ છે કે શત્રુ જીવતો નાશી જવાથી દુઃખી થયેલા જે તમે, તેના પક્ષમાં સહાય કરવા માટે તૈયાર થઇને આવ્યો છું, કેમ કે તે વિવેક પ્રથમ મારો શત્રુ હતો. ખરેખર કળિકાળમાં વિવેકની દુર્લભતા એ જ વૈરભાવને સૂચવે છે. હવે જો આપ આજ્ઞા કરો તો હું તમારા સાથે રહીને તમારા શત્રુઓનો ઉચ્છેદ કરું, અને તમારો વૈભવ વધારું. હે દેવ ! પ્રવચનપુર જે કારણથી તમોને દુઃખે ગ્રહણ કરી શકાય તેવું થયું છે તે નગરના વિમલબોધ નામના કોટવાળને હણીને હું તે પ્રવચન નગરના ફુડચા કરી નાંખીશ. ઉલ્લસિત થયેલા સંવેગાદિ શત્રુઓ હમણાં આપને હસે છે, પણ તેઓને ખરી પડેલા બાણની જેમ નિષ્ફળ કરીને આપણા સમુદાય પાસે હું હસાવીશ. જેની દષ્ટિરુપ પાણીથી સીંચાયેલા શત્રુરુપ સર્વે વૃક્ષો વિસ્તાર પામ્યા છે તે જિનેશ્વરને, વાયરો જેમ વાદળાંને ફેંકી દે તેમ હું દૂર ફેંકી દઇશ. દષ્ટ ઘોડો જેમ સવારને વિહ્વળ કરી નાંખે તેમ વિવેકને વિહ્વળ કરીને થોડા જ વખતમાં હું મોક્ષ માર્ગને ઉજ્જડ કરી નાંખીશ.

કલિકાળનાં આવા વચનો સાંભળીને મોહરાજાએ વિચાર્યુ કે, આને વિષે સર્વ હકીકત સંભવી શકે છે, કેમ કે તેની સ્ફૂર્તિ - આકૃતિ અને વચન વડે તે અનુપમ જણાય છે. પરંતુ ઘણા ઉદ્ધતપણાથી તે મારી સાથે લાંબો વખત રહી શકશે નહિં, કેમ કે ઘણા ઉદ્ધત એવા વૈદ્ય અને દુર્યોધનાદિ રાજાઓ તત્કાળ નાશ પામ્યા છે. તો પણ રાજ્યના આધારભૂત તે કલિકાળને તો મારે રાખવો જોઈએ, કેમ કે બે દિવસ માટે પણ પ્રાપ્ત થયેલ ચિંતામણિરત્ન શું મનુષ્યને પ્રીતિદાયક થતું નથી? અર્થાત્ થાય છે. એ પ્રમાણે નિશ્ચય કરીને સત્કાર કરવાપૂર્વક તેને પોતાની પાસે રાખ્યો કારણ જગતને જીતવાની ઇચ્છાવાળાઓને રત્નના ભંડારથી પણ યોદ્ધાઓનો સંગ્રહ વધારે પ્રિય હોય છે.

હવે કળિકાળ વિસ્તાર પામવાથી જ્ઞાની જિનેશ્વર પ્રભુ દૂર જતા રહ્યા પંચમ કાળમાં તેમનો વિરહ પડ્યો. જીતવાની ઇચ્છાવાળા પુરુષોને યાન-આસન અને કાળના ષડ્ગુણોનું જ્ઞાન હોવું જોઈએ. પછી જેમ સૂર્ય દૂર જવાથી ઉત્તમ રસ્તાનો રોધ કરનાર અંધકારનો સમૂહ ફેલાય છે તેમ જગતના નાથ જિનેશ્વર પ્રભુ - કેવલજ્ઞાની દૂર જવાથી કલિકાળ સ્વેચ્છાચારથી પ્રસરવા લાગ્યો.

મોક્ષે જવાના માર્ગની બન્ને બાજુ રાગ અને દ્વેષ નામના બે મહાસુભટોને સ્થાપન કરીને પોતે દબાવેલા ક્ષેત્રમાંથી કોઇ પણ મનુષ્યને મોક્ષે જવાનું બંધ કર્યું.

મનઃપર્યવજ્ઞાન, કેવળજ્ઞાન, પરમ અવધિજ્ઞાન, ક્ષપકશ્રેણિ, ઉપશમશ્રેણી, સંયમત્રિક પરિહાર વિશુદ્ધિ, સૂક્ષ્મસંપરાય, યથાખ્યાત, જિનકલ્પ, પુલાકલબ્ધિ આ દસ વસ્તુઓનો તેણે પ્રારંભમાં જ નાશ કર્યો કેમ કે આ વસ્તુઓ હોવાથી જિનેન્દ્રનો પ્રતાપ વિશેષ જાગૃત રહે છે.

પછી મોહના મોટા શત્રુઓ એવા ચૌદ પૂર્વ - દશપૂર્વ અને પૂર્વાનુયોગ પૂર્વ સંબંધી જ્ઞાનનો પણ અનુક્રમે નાશ કર્યો.

કોઈ વખત અવિરોધપણે જૈનોને મળતા કળિકાળે મોહની સેવા

કરવાવાળા અને અર્હંત એમ બન્ને પક્ષના ચૈતન્યતુલ્ય વજ્રઋષભ સંઘયણને એટલે એ જાતના ઘણા મજબૂત શરીરને ભેદી નાખ્યું.

પછી બીજા ચાર સંઘયણનો પણ પૂર્વોક્ત હેતુ થી જ નાશ કર્યો, માત્ર છેલ્લા સંઘયણને નિઃસાર અને દુર્બળ જાણીને તેનો નાશ ન કર્યો.

જેના બળથી એક મુહૂર્ત જેટલા સમયમાં ચૌદપૂર્વ જેવા સમુદ્રનો પાર પામી શકાતો હતો તેવા મહાપ્રાણ ધ્યાનનો પણ તેણે નાશ કર્યો.

એ પ્રમાણે નિરંતર અધિકાધિક તેજથી સ્ફુરાયમાન થતા કલિકાળ પ્રત્યે એકદા સંપ્રતિ મહારાજા ક્રોધાયમાન થયા. ઠેકાણે ઠેકાણે જિનેશ્વર પ્રભુના મંદિરરુપ કિલ્લાઓ કરવાવાળો તે રાજા સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકાના સમુદાયરુપ ચતુરંગી સેનાસહિત તે કલિકાળની સાથે યુદ્ધ કરવા ઉઠ્યો. સામદાનાદિ ઉપાયમાં પ્રવીણ એવા અનુક્રમે અનાર્ય દેશોમાં પણ અર્હંતની આજ્ઞા પ્રવર્તાવીને કલિકાળને વિહ્વળ કરી નાંખ્યો.

આ પ્રમાણે સંપ્રતિરાજારુપ મહાન સુભટનો અકસ્માત ઉદય થવાથી અવસરના જાણ કલિકાળે કોઇ પણ ઠેકાણે પોતાનું બળ દેખાડ્યું નહિં.

અવસરે સંપ્રતિરાજાને પણ કલિકાળે કવલિત કર્યો એટલે ગ્રસી લીધો. અરે ! વિધિનું વાંકાપણું અમો શું કહીએ ? કેમ કે શૂરવીર પુરુષોનું પણ લાંબુ આયુષ્ય હોતું નથી.

સંપ્રતિરાજાના મરણ પછી ફરીને કેટલાક રાજાઓ કલિકાળ અને મોહને આધીન થઇને નવા નવા વ્યવહારથી તત્કાળ તેની સેવા કરવા લાગ્યા.

ત્યારપછી લાખો શાખાવાળું અને હજારો ધર્મના મતભેદોવાળું પાખંડિઓનું મંડળ દુનિયામાં વિસ્તાર પામવાથી પ્રમાદ ઉન્મત્તપણાને પામ્યો, અને મિથ્યાત્વ તથા માન જગતમાં ફેલાયા.

પછી નિષ્ઠુર કર્મ કરવાવાળા દુષ્કાળાદિ કઠિયારાઓને મોકલીને કલિકાળે જિનેશ્વરની આજ્ઞાના પ્રવર્તક એવા આગમોના એટલે સિદ્ધાંતના

કટકે કટકા કરી નાંખ્યા. તેમ ચાર અનુયોગોને જુદા જુદા કરીને તેને દૂર કરવાને પ્રવર્ત્યો, કારણ કે આવા પુરુષો એક જ ઉપાયને જાણનારા હોતા નથી, અર્થાત્ અનેક ઉપાયોને જાણનારા હોય છે.

તે કલિકાળના જોરથી તીર્થનો ઉદ્યોત કરવાને માટે સુર અને અસુરો, વૈમાનિક તથા ભવનપતિ આદિક દેવો આ દુનિયામાં આવતા બંધ થઇ ગયા અને ઉગ્ર તપસ્યા કરવાવાળાઓને પણ મહિમા જાગૃત થવા લાગ્યો નહિં.

તે કલિકાળે જુદી જુદી સમાચારી એટલે ગચ્છોની ક્રિયાના ભેદથી લોકોને વ્યામોહિત કરી નાખ્યા કે જેથી તેઓ આગમના વચનોને વિષે પણ વિશ્વાસ પામવા લાગ્યા નહિં. ચારિત્રરુપી સંપદાના ચોર કલિકાળે એક ગચ્છમાં રહેવાવાળા સાધુઓનું સાધર્મીપણું હોવા છતાં તેની અંદર પણ નિષ્કારણ ક્લેશ ઉત્પન્ન કર્યો.

દરેક ગચ્છનું મૂળ એક શ્રી વીરપ્રભુ હોવાથી પરસ્પર મિત્રાઇને બદલે જુદા જુદા ગચ્છના સાધુઓમાં તે કલિકાલે શોક્યપણું ધારણ કરાવ્યું, એટલે વૈરભાવ ઉપસ્થિત કરાવ્યો.

પગે ચાલવાપણું... પૃથ્વી પર સૂવું... અને મલાદિ ધારણ કરવું ઇત્યાદિ બાહ્યાડંબરને રહેવા દઇને સાધુઓમાં સારભૂત જે નિષ્કષાયપણું અર્થાત્ ક્ષમાદિ ગુણો હતા તે કલિકાળે લઇ લીધા.

પરસ્પર માત્સર્યથી વર્ષોપર્યંત પાછા નહિં વળતા સાધુઓને તે કલિકાળે નિશ્ચયનયથી મિથ્યાત્વ પમાડ્યું અર્થાત્ બાહ્યથી સાધ્વાચાર પાળવાવાળા પણ અંતરમાં માત્સર્યે ઘર કરવાથી મિથ્યાત્વી થઇ ગયા.

તે કલિકાળે મોહરહિત એવા જિનશાસનના સાધુઓને પણ શિષ્ય, શ્રાવક, ઉપધિ, ક્ષેત્ર, ઉપાશ્રયના મોહમાં વિડંબિત કર્યા. મિથ્યાત્વીઓના મહત્વને દૂર કરવાને શક્તિ રહિત થયેલા સાધુઓ પ્રત્યે તે કલિકાળે, સાધુઓમાં એકબીજાની ચડતી પ્રત્યે દ્વેષ કરતા કર્યા.

તે કલિકાળે કેટલાક સાધુઓને સાવદ્ય એટલે દોષવાળો આહાર

કરવાનું... શૌચત્વનો પોકાર કરવાનું... હઠાગ્રહ કરવાનું... ગુણરહિત ગુરુને માનવાનું... કર્મ માર્ગનો ઉપદેશ કરવાનું... અને વૈદક-જ્યોતિષ પ્રમુખથી ધન ઉપાર્જન કરવામાં તત્પર એવું પ્રાયે બ્રાહ્મણોને યોગ્ય શિખવ્યું.

તે કલિકાળે કેટલાક સાધુઓને ગૃહસ્થીઓના ઘરે જઇને મીઠા વચનો બોલીને અને પુસ્તકાદિ લખીને આજીવિકા કરવાવાળા એટલે હાથીની જેમ આજીવિકાનો ત્યાગ કરાવીને કુતરાની જેમ આજીવિકા કરતા કર્યા.

તે કલિકાલે કેટલાક સાધુઓને વિકથા કરીને માણસોના અપવાદ બોલતા, વાર્તા વડે દેશના આપતા અને ગાથા દોધક વિગેરેથી આગમનો અભ્યાસ કરતાં શિખવ્યું.

આ કલિકાળમાં કેટલાક કુલિંગીઓ એટલે વેશધારી સાધુઓ ગર્ભધારણ, વશીકરણ અને કાર્મણ આદિ કુકર્મોથી અને દેવદ્રવ્યથી આજીવિકા કરતા થયા છે. દેવદ્રવ્ય ગ્રહણ કરવું તે અનર્થ છે એમ બોલવામાં ચતુર છતાં પણ હણાયેલી આશાવાળા તે કુલિંગીઓએ પોતે ગ્રહણ કરીને શિષ્યોનો અને શ્રાવકોનો પણ વિનાશ કર્યો છે. નિશ્ચય કરીને ધર્મ અંગીકાર કરેલો ન હોવાથી તત્કાળ ફળની ઇચ્છાવાળા શ્રાવકો સંયમી સાધુઓને વિષે પણ વિશ્વાસ કરતા નથી.

એક રુપિયાના લાભ માટે ક્રોડો સોનૈયાથી અધિક ફળવાળી એવી દેવપૂજા અને સામાયિકાદિ ક્રિયાનો પણ ત્યાગ કરે છે. એકાંત ધનની ઇચ્છાવાળા કુવ્યાપારીઓ ખોટી રીતે લેવું, ખોટા તોલ-માપ રાખવાં, ખોટા સોગન ખાવા અને હાથચાલાકી કરવી ઇત્યાદિ કુકર્મો કરે છે.

યશના ઇચ્છુકો લાખો ગમે દ્રવ્ય કુપાત્રમાં ખર્ચી નાંખે છે, પણ આપત્તિમાં આવી પડેલા સ્વધર્મીને માટે મદદ આપવાનું કહેતા પોતાની નિર્ધનતા બતાવે છે.

કેટલાક મણિને મૂકીને પત્થર અંગીકાર કરવાવાળાની જેમ

પરમેષ્ઠિ મહામંત્ર જાપ કરવાની અરુચિવાળા થઈને ક્ષુદ્ર મંત્રોનો પાઠ કરે છે. ધર્મકાર્યને વિષે સામાયિક અને પૌષધ એ બે અતિ ઉત્તમ છે એમ જણાવવાવાળી કામદેવાદિ શ્રાવકોની કથા સાંભળ્યા છતાં તે આરાધના વિષે આળસ કરે છે.

જુગાર અને વાર્તા વિનોદમાં આખી રાત્રી પસાર કરે છે અને ધર્મ સાંભળવા માટે ગુરુ પાસે બેસે છે ત્યારે તેઓ નિદ્રાથી ઘૂર્ણિત થાય છે. હાસ્યના હેતુભૂત વિચિત્ર પ્રકારની કથા સાંભળીને પ્રફુલ્લિત મુખવાળા થાય છે અને સંસારથી ઉદાસીનતા કરવાવાળી અર્થાત્ વૈરાગ્યવાળી કથાને નિરસ જાણીને સાંભળવાની ઇચ્છા પણ તેઓ કરતા નથી.

પુત્ર અથવા ભાઈ વૈરાગ્યથી વ્રત લેવાની ઇચ્છા કરે તો તેઓ સાધુઓ ઉપર શત્રુની જેમ નીચ વચનોરૂપી ધૂળની વૃષ્ટિ કરે છે. પણ વિચારતા નથી કે અમારા દેખતાં યમરાજા અમારા પુત્રોને હરી જાય છે. તેવા પુત્રોમાંથી એકાદ ગુરુની સેવા કરે તો તે કરતાં વધારે પ્રાર્થના કરવા લાયક શું છે ? વળી ભોજન - ઔષધ, વસ્ત્ર, પુત્ર, ઘર અને ઉપકરણ પ્રમુખ વસ્તુઓમાંથી જે વસ્તુ સાધુઓને ઉપયોગમાં આવે તેજ સારભૂત છે, આ રીતીને તેઓ સમજતા જ નથી.

પરિણીત, યુવાન અને ઉત્તમ કુલવાળી ધર્મપત્નીને તેઓ તૃણની જેમ ગણે છે અને કરોડો જાર પુરુષોથી સેવાયેલી વેશ્યાને વિષે તેઓ આસક્ત થાય છે.

જે થવાનું હોય તે થાય જ છે તો જિનેશ્વર વિના બીજા દેવોને માનવાનું મને શું પ્રયોજન છે ? આપત્તિ સમયે પણ આવી ધીરતા રાખવાવાળા શ્રાવકો કલિકાળમાં થોડા દેખાય છે. જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ આ નવતત્વો પ્રાયઃ કલિકાલમાં ઉત્પન્ન થયેલા શ્રાવકો જાણતા નથી.

જેઓની પાસે લક્ષ્મી તથા મોટાઈ છે તેઓને વિડંબના પમાડવા માટે કલિકાળે મિથ્યાત્વ, વિરતિ પ્રત્યે દ્વેષ અને કુપાત્રમાં આસક્તિ

કરવાનું શિખવ્યું. આખો દિવસ ઘણા પ્રયાસવાળા આરંભો કરાવીને ધર્મકાર્યના અવસરે તેમના શરીરમાં તે કલિકાળ થાક ઉત્પન્ન કરે છે.

સમાધિથી ધર્મ જન્મે છે તેથી સમાધિનો નાશ કરવા માટે ક્લેશપ્રિય કલિકાળે પૃથ્વીને યુદ્ધના આડંબરવાળી કરી મૂકી છે, અર્થાત્ જ્યાં ત્યાં પરસ્પર ક્લેશ કરાવીને સમાધિનો નાશ કર્યો છે.

કલિકાળના માહાત્મ્યથી લોકોનું ધન લઇ લેવા માટે રાજાઓ રાક્ષસોના જેવા થયા છે અને તેઓએ રક્ષણ કરવાને માટે નિયુક્ત કરેલા અધિકારીઓ ભક્ષણ કરવાવાળા થયા છે.

એ કલિકાળમાં પુત્રો માતાપિતાની સેવા કરતા નથી અને માતાપિતા પુત્રોનો વિશ્વાસ કરતા નથી, તેમ સગા ભાઇઓ ધન માટે માતેલા સાંઢની જેમ પરસ્પર યુદ્ધ કરે છે. વહુના થોડા અપરાધે પણ સાસુ વિંછણની જેમ હમેશાં આંસુ પડાવે છે અને પુત્રી ઉપર કામધેનુ ગાયના જેવું આચરણ કરે છે. પરિણામે વહુ પણ ઘરને વિષે પોતાને જ માલિક માનતી સાસુ સાથે સારી રીતે વર્તતી નથી, અને નદી જેમ પર્વતને ભેદે તેમ શીતલ જલ વડે પોતાના પતિને ભેદે છે, એટલે વશ કરે છે. માણસો પોતાના ગોત્રીઓ એટલે ભાઇઓ સાથે ઈર્ષ્યા કરે છે અને સાળાઓ સાથે મિત્રાઇ કરે છે, તેમજ સ્ત્રીને આધીન થઇને માતાને પણ કઠોર વચનો કહે છે.

આ કલિકાળમાં ગ્રીષ્મઋતુના સરોવરના પાણીની જેમ માણસો પાસે ધન થોડું હોય છે, અને તે પણ ઘણા આરંભવાળું, ઘણા ક્લેશવાળું અને ઘણાને આધીન રહેલું હોય છે. અવસરે મેઘ વરસતો નથી અને અકાલે વૃષ્ટિ કરે છે, તેમ ધનાઢ્યો સુપાત્રદાનથી પરાઙ્મુખ થઇને કુપાત્રમાં ધન ખર્ચે છે.

ધર્મપત્નીમાં પુરુષોનો સ્નેહ વિષયવૃત્તિ શાંત થાય ત્યાં સુધી જ દેખાય છે, ત્યારે પત્નીનો સ્વામી ઉપરનો સ્નેહ પણ તે પોતાનું ભરણપોષણ કરે ત્યાં સુધી જ દેખાય છે, આવી રીતે બન્નેમાં ધૂર્તતાવાળી

મિત્રાઇ કલિકાળમાં દેખાય છે.

સ્વાર્થની સિદ્ધિ થાય ત્યાં સુધી મિત્રાઇ... સંકટ ન આવે ત્યાં સુધી નિયમ... હૃદય મજબૂત રહે ત્યાં સુધી જ સમ્યક્ત્વ અને પ્રસિદ્ધિનો લાભ મળે ત્યાં સુધી જ સારી ક્રિયા જણાય છે.

આ કલિકાળમાં શહેરો ભીલ્લનો વાસ જેવા, નગરના લોકો ગામડાના લોકો જેવા અને ગામડાના લોકો ભૂત જેવા દેખાય છે. કર દેવાવાળા ચોર જેવા, કુલવાન પુરુષો ભાંડ જેવા અને કુલવાન સ્ત્રીઓ પણ ચાલ, પહેરવેશ અને હાસ્ય પ્રમુખથી, વેશ્યા જેવી દેખાય છે. પૃથ્વી થોડા અનાજવાળી, ગાયો થોડા દૂધવાળી, વૃક્ષો થોડા ફળવાળાં, દેશો થોડી વસ્તીવાળા અને જલાશયો થોડા જલવાળા થયા છે. વળી વાણી કપટવાળી, પ્રજા ઘણી દિકરીઓ વાળી, આજીવિકા ઘણા આરંભવાળી અને સુખ ઘણું મૈથુન સેવવું તે થઇ પડ્યું છે.

અહંકાર વિનાનો તપ... દંભ વિનાનો ધર્મ... મદરહિત શ્રુત... કૃપણતા રહિત લક્ષ્મી અને વિકારરહિત યૌવન કલિકાળમાં ક્યાંથી હોય ? ક્યાંય દેખાતું નથી.

આ પ્રમાણે વનમાં લાગેલા દાવાનળની જેમ પૃથ્વી ઉપર કલિકાળ અવસર જોઇને વિસ્તાર પામેલો હોવાથી એવો ગુણ વડે મેઘ સમાન કોણ હોય જે કલિકાળરુપ અગ્નિને બુઝાવવામાં-ઠારવામાં-શાંત કરવામાં નિપુણતા ધારણ કરે. તે અવસરે આવો કોઇ દેખાતો ન હતો.

## કુમારપાળ રાજા

એવા સમયે ગુણસમૂહથી ગંભીર અને વીર પરમાત્માની જ્ઞાન-દર્શન-અને ચારિત્રરુપ લક્ષ્મીનો અંતઃકરણથી પ્રેમી એવો કુમારપાલ રાજા પૃથ્વીતલને વિષે અવતર્યો. શ્વેતાંબર આચાર્યના ઉપદેશથી તે વિષમ શત્રુ કામને જીતવાવાળો થયો. જિનેશ્વર ભગવાનના દેરાસરોના નિમિત્તથી તેણે પોતાના યશના ગુચ્છાઓ પૃથ્વીપર વિસ્તાર્યા, અનેક સ્થળે દેરાસરો બંધાવી પોતાનો યશ ફેલાવ્યો. શરીરમાં રહેલ મજ્જાપર્યંત જૈનધર્મી

અર્થાત્ બાહ્યથી જ નહિં પણ અંતરંગ જેનું જૈનત્વવાળું છે એવા તે કુમારપાળ રાજાએ અઢારે દેશોમાંથી 'મારિ' શબ્દનું નિવારણ કરીને રાજા છતાં ઉંચા પ્રકારે રાજર્ષિ પણે પ્રખ્યાતિ પામ્યા. પતિ અને પુત્રરહિત સ્ત્રીઓના ધનની આશાથી પોતાને પુત્રની જેમ ગણાવતા રાજાઓમાં તે રાજા સંતોષથી તેવી સ્ત્રીઓનું ધન લેવું મૂકી દેવાથી 'રાજપિતામહ' થયો. તે કાયર પુરુષોના ધનનો ત્યાગ કરતો અને વીર પુરુષોના પ્રાણને હરતો તે ધર્મ-યુદ્ધ કરવાવાળા વીરપુરુષોમાં મુકુટ સમાન થયો. મનુષ્યો જ ફક્ત તેને દીર્ઘાયુષી ઇચ્છતા હતા એમ નહિં, પણ અકાલે મરવાના ભયથી મુક્ત થયેલા હરણ, પક્ષી અને માછલાં પ્રમુખ તેને દીર્ઘાયુષી ઇચ્છતા હતા. તેણે માત્ર મનુષ્યોને જ ધર્મમાં જોડ્યા એમ નહિં, પણ નીચ જાતિના દેવોને પણ જોરથી માંસની આશાનો ત્યાગ કરાવીને ધર્મ-માર્ગમાં જોડ્યા હતા.

જન્મથી બળવાન અને પુષ્ટ શરીરવાળા કલિકાળને જાણીને સાવચેત એવા ચૌલુક્ય વંશનો ચક્રવર્તી કુમારપાળ રાજા તેનો નાશ કરવાને ચાલ્યો. બળવાન કલિકાળે પોતાના સૈન્યના અગ્રેસર કરેલા દ્યુત-મદિરા-માંસ અને શિકારરુપ સુભટોને તે રાજાએ પ્રથમ જ માર્યા, અર્થાત્ તે ચારે વસ્તુઓને રાજ્યમાંથી દેશવટો દીધો. કસાઇખાનું અને મદિરાની ભઠ્ઠી આ નામની મોહરાજાની બે રાણીઓ જે કલિકાળના શરીરને ભોજન અને પાન દેવાથી હિતકારી હતી, તેમને આ રાજાએ જીવથી જ મારી નાંખી, અર્થાત્ તે બેઉને રાજ્યમાંથી દૂર કર્યા.

'અમારિ' શબ્દરુપ ભાલાવડે કલિકાળને આ રાજાએ ભેદી નાખ્યો છતાં કલિકાળ તો અક્ષત શરીરવાળો રહ્યો. તેથી શું તેણે નિરુપક્રમ અર્થાત્ તુટી ન શકે તેવું આયુષ્ય બાંધ્યું છે ? અથવા શું તેને પ્રથમ સંઘયણ છે ? અથવા શું તેણે રસાયણ ખાધું છે ? અથવા શું તેને યમરાજા સાથે મિત્રાઇ છે ? આ પ્રમાણે લોકો તેના માટે વિચાર કરવા લાગ્યા. હવે કલિકાળ ગળીયા બળદની જેમ ઉઠવાને અસમર્થ છે એમ

જાણીને રાજાએ તેના ઉપર ક્ષમાને ઉચિત આચરણ કરીને છોડી દીધો, કારણ સમર્થ પુરુષો ગ્લાનિ પામેલાનો ઘાત કરતા નથી.

ત્યાર પછી જગત શત્રુરુપ કાંટારહિત થવાથી કુમારપાળ રાજાએ કોમલતાવાળી જિનેશ્વર પ્રભુની આજ્ઞાને દરેક દેશમાં પ્રવર્તાવાવી. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર એ ચારે વર્ણના લોકો અર્હંતના અનુયાયી થયા, હિંસાનો ત્યાગ કરતા હતા. સર્વત્ર સાધુઓ પૂજાવા લાગ્યા અને ધર્માભ્યાસ થવા લાગ્યો.

આ પ્રમાણે કુમારપાળ રાજાએ જ્યાં સુધી પૃથ્વીનું પાલન કર્યું ત્યાં સુધી અંગુલીના અગ્રભાગે પૃથ્વીને સ્પર્શ કરનાર કલિકાળ દુઃખી અવસ્થામાં રહ્યો. પછી અપ્સરાઓના ભાગ્યે કુમારપાળરાજા સ્વર્ગરુપ મહેલમાં ગયા પછી ઉનાળાની ઋતુ ગયા પછી વર્ષાઋતુમાં સુકાયેલો દેડકો પાછો તાજો થાય તેમ કલિકાળ ફરી વિલાસ કરવા લાગ્યો.

મનુષ્યોમાં ગુરુભક્તિ, બળ, બુદ્ધિ, ધર્મ, આયુષ્ય, શ્રૃત અને સુખ વિગેરે અનંતગુણી હાનિવડે નિરંતર ઘટાડવા લાગ્યો. તેમજ વિરોધ, ક્રોધ, અજ્ઞાન, અસત્ય, કપટ અને ક્લેશ વિગેરે અનંતગુણી વૃદ્ધિવડે પ્રતિદિન વધારવા લાગ્યો.

અનુક્રમે રાજાઓથી પણ જીતી ન શકાય એવો અને રાક્ષસની જેમ જગતને ક્ષોભ પમાડતો તે કલિકાળ પણ જગતના સર્વ જીવોનું અસ્થિરપણું હોવાથી, કાળાંતરે મૃત્યુ પામ્યો. કલિકાળના મૃત્યુ પછી મોહરાજા તેની સ્વામિભક્તિ અને બલાદિક ગુણોને યાદ કરી કરીને વિલાપ કરવા લાગ્યો. શત્રુઓનો નાશ અને સ્વજનોનું પોષણ જેમ આ કલિકાળે કર્યું, તેમ કોઇ પણ પોતાના આત્માને વીર માનનાર તે પ્રમાણે કરી શકશે ? અરે, ખેદની વાત છે કે સ્વરૂપવાન, બુદ્ધિવાન, શૌર્યવાન, અને મહા બળવાન મગરથી પાણીનો પરાભવ થાય છે, તેમ હે કલિકાળ ! તારા વિના દીનતા પામેલું મારું સૈન્ય શત્રુ વડે સુખેથી પરાભવ કરાશે.

આ પ્રમાણે વિલાપ કરીને વળી મોહરાજા વિચારે છે કે, સ્ત્રી

અને બાળકને સુલભ એવા રુદનથી સર્યું ! જ્યાં સુધી આ મારી બે ભુજાઓ કુશલ છે તો બીજો પૃથ્વી પર મારાથી કોણ વધારે છે. પછી સૂર્યસમાન કાંતિવાળા મોહરાજાએ શોકરુપ અંધકારને ભેદીને આલંબન પૂર્વક ઉઠીને પોતાની વાણી વડે પૃથ્વીરુપ સેનાને સારી રીતે ઉલ્લસિત કરી. તેનાથી આશ્વાસિત કરેલું સઘળું સૈન્ય હિંમતવાળું થયું અને વિચારવા લાગ્યું કે અહો ! આપદામાં આવી પડેલા સ્વામીની પણ ચતુરાઇ કેવી છે ?

## ધર્મોદય – તીર્થંકરોદય

હવે કલિકાળ વ્યતીત થયે અંધકારના સમૂહને વિષે સૂર્યની જેમ સર્વ પદાર્થના પ્રકાશક કેવલી તથા તીર્થંકરો ફરીને પ્રગટ થયા. બળવાન કલિકાળે પકડેલા મોક્ષપુરીના વટેમાર્ગુઓ જે મોહરાજાના ઘરે દાસ તરીકે રહ્યા હતા, તેમાંથી કેટલાક વીતરાગ પાસે નાશી આવ્યા, અને હાથ જોડીને તેઓ મોહરાજા તરફથી અનુભવેલી પોતાની વિડંબના જણાવી કહેવા લાગ્યા કે – ''હે કૃપાસિંધુ ! આપના પ્રત્યે લાગી રહેલ અંતઃકરણવાળા અમે મોહરુપ વ્યાધિની મહા–ઔષધિતુલ્ય મોક્ષને જેમ પામી શકીએ તેમ કરવા કૃપા કરો.''

ત્યારે કરુણામાં અગ્રેસર અને જગતના સ્વામી અર્હંતે કહ્યું કે – ''હે ભવ્યો ! તમારી મુક્તિની ઇચ્છા અખંડ થાઓ. કેમ કે મોક્ષના સંબંધમાં પ્રતિબંધ કરવાવાળો કલિકાલ પોતાની મેળે જ નાશ પામ્યો છે, તેથી તમારું ભાગ્ય જાગૃત થયું છે એમ જાણો. કલિકાળથી થતી તમારી સમગ્ર પીડાને જાણ્યા છતાં ઉદાસીનતા રાખતો એવો હું જે અવસરની રાહ જોતો હતો, તે અવસર હવે આવ્યો છે. આ વિવેકવીર જ્યારે સંયમશ્રીને અંગીકાર કરીને યુદ્ધ કરવાને ઉઠશે ત્યારે નિશ્ચે મોહનો નાશ થયો જ સમજજો.''

હવે અર્હત્ પ્રભુ વિવેકને કહે છે કે – ''હે વિવેક વત્સ ! તું સાંભળ ! જો તું અતુલ પરાક્રમને ધારણ કરે છે તો અત્યારે તારી વીરચર્યા ઉતાવળથી દેખાડીને આ સંયમશ્રીનું પાણિગ્રહણ કર. આ સંયમશ્રી

શૂરવીર કુળમાં ઉત્પન્ન થયેલી છે, પોતે વિકટ વ્રતોને આશ્રયીને રહેલી છે અને શ્રેષ્ઠ એવા વીરપુરુષોને વરવાની ઇચ્છાવાળી છે, પણ કાયરપ્રત્યે તો તે ગુસ્સો કરવાવાળી છે. આની સાથે વિવાહ કરવાથી મહાન જ્ઞાન ઉત્પન્ન થાય છે, બીજી સ્ત્રીઓની જેમ આ સ્ત્રી બુદ્ધિ અને જ્ઞાનની વિરોધી નથી. બીજી સંસારી સ્ત્રીઓને વિષે આસક્તિ રાખવાથી વશ થયેલા દેવો પણ દૂર થઇ જાય છે અને આ સંયમશ્રીના સંગમાં આસક્તિ કરનારાઓના ચરણને ઇન્દ્ર પણ સેવે છે. પ્રાયે સ્ત્રીઓ રસ્તામાં પુરુષોને પગબંધનનું કારણ છે, પણ આ સંયમશ્રીમાં આસક્ત થયેલો માણસ તો મોક્ષને પણ ઘરના આંગણની જેમ જ માને છે. મનુષ્યોને આજીવિકાર્થે સ્ત્રીઓ ક્લેશનું કારણ થઇ પડે છે અને આ સંયમશ્રીને તો બાહ્યવૃત્તિથી અંગીકાર કરાય તો પણ તેની આજીવિકાની ચિંતા તો દૂર જ થાય છે. પ્રાયે સ્ત્રીઓને યુવાન સ્વામી જ સારો લાગે છે, અને આ સંયમશ્રી તો ઉલટી વૃદ્ધ સાધુઓને વિષે પ્રીતિ ધારણ કરે છે. બીજબુદ્ધિ આદિ લબ્ધિઓ અને અણિમાદિ સિદ્ધિઓ મનુષ્યોને આ સંયમશ્રીના પ્રસાદથી પોતાની મેળે જ પ્રગટ થાય છે. જેમ મોતીની પંક્તિમાં મુકેલી કાચમણિ પણ મરકતમણિની જેમ આચરણ કરે છે એટલે શોભે છે, તેમ આ સંયમશ્રીની સાથે મળી જવાથી દોષો પણ ગુણની જેમ આચરણ કરે છે.

ક્ષુધાથી પેદા થયેલું દુર્બળપણું... કુત્સિત અનાજનું ખાવું... ટાઢ-તાપ સહન કરવા... વાળનું બરછટપણું... કેવલ પૃથ્વીતલ ઉપર શયન કરવું, આ સર્વ વસ્તુઓ ગૃહસ્થાશ્રમમાં અવનતિ બતાવે છે અને તેજ વસ્તુઓ સાધુપણાને વિષે ઉન્નત્તિ કરે છે, માટે જ યોગ્ય પદે જોડવાથી દોષો પણ મનુષ્યોને ગુણરુપ થાય છે. વળી આ સંયમશ્રી સ્નાન કર્યા વિના વિશુદ્ધ શરીરવાળી... આભુષણ રહિત છતાં મનોહર... આહાર કર્યા વિના બલવાન અને વસ્ત્ર વિના પણ સારી રીતે ઢંકાયેલી છે. એકાંત વિના આલિંગન કરવાવાળી... મોહ ઉત્પન્ન કર્યા વિના સુખ દેવાવાળી... વાહન વિના સાથે ચાલવાવાળી... અને પ્રાર્થના કર્યા વિના

પ્રીતિ ઉત્પન્ન કરનારી છે. તે દેવ, દેવેંદ્ર, અને ઉપેંદ્રની જ ઇચ્છક નથી, પણ ગુણાનુરાગી તથા શુદ્ધપરિણામવાળાને વિષે જ આસક્તિ કરનારી છે. તેથી બીજી સર્વ સ્ત્રીઓ કરતાં આ સંયમશ્રી પોતાના લક્ષણો વડે જુદા જ સ્વભાવવાળી છે, તેથી લોકોત્તર એટલે ઉત્તમ આચારી વિના કોઇની સાથે તે સંબંધ ઇચ્છતી નથી. તે સંયમશ્રીએ પહેલાં પ્રતિજ્ઞા કરી છે કે જે પુરુષ મોઢેથી અગ્નિની જ્વાલાને પીતો રાધાવેધ કરે તે મારી ઇચ્છા કરો ? અર્થાત્ તેની સાથે હું પરણીશ.

માટે હે વિવેક તને વરવામાં આગ્રહવાળી અહિં આવેલી આ સંયમશ્રીને તું જો ! અને વીરતા પૂર્વક તેને આનંદ પમાડીને તેની સાથે તું તરત વિવાહ કર. અર્હંતના આવા વચનો સાંભળીને વિકસ્વર રોમરાજીવાળો અને માનરહિત એવો વિવેકમલ્લ બોલ્યો કે હે નાથ ! આપ સર્વજ્ઞ છો તેથી હું શું બોલું ? હે પ્રભુ ! કોમળ હૃદયવાળા મારામાં એવું શું સામર્થ્ય છે ? ફક્ત આપની સેવાથી જ આ મોટાઇ હું પામ્યો છું. વળી સ્વામી અતુલ બળવાન હોવાથી સેવકોને વિષે પણ બળ સંભવે છે, કેમ કે ચંદનના વનમાં ઉત્પન્ન થયેલા લીંબડા વિગેરે પણ ચંદનપણાને પામે છે.

હે સભાના લોકો ! સ્વામીના પદાતિઓમાં પરમાણુતુલ્ય મારા વડે વીરપુરુષોની ક્રીડાનું કુતુહલ કરાય છે તે તમે જુઓ. અહિં રાધાવેધનું વર્ણન કરે છે.

## રાધાવેધ

અનંતા ભવના વિસ્તારરુપ મંડપને વિષે વિશિષ્ટ વિલક્ષણ પુરુષોના હૃદયને આધારભૂત સુંદર આકૃતિવાળો મહોદય-મહાદેવ નામનો સ્તંભ છે તેને આધારે ડાબી અને જમણી ગતિએ વેગથી ફરવાવાળા આઠ ચક્રો, જોવાવાળાને આશ્ચર્ય ઉત્પન્ન કરે છે. તે આઠ ચક્રોની પાસે દઢ સ્થિરભવવાળી તત્વકલા નામની રાધા-પુતલી છે, તે નિરપરાધી છે તો પણ સત્પુરુષો તેને વેધતા હોવાથી તે વેધ્ય પણે

પ્રખ્યાતિ પામી છે. તે સ્તંભના નજીકના ભાગમાં પૃથ્વી ઉપર અર્હંતોને ગુરુના સ્નેહથી ભરેલો સદ્ગુરુ તુષ્ટમાન થાય છે તેઓને ધૈર્યતા નામના બાણ સહિત આત્મચિંતન નામનું ધનુષ્ય મળે છે. અમે પંડિત છીએ એમ માનનારા અનેક પુરુષો પૂર્વકાળમાં તે મહાસ્તંભની પાસે આવ્યા હતા, અમે દુઃખે આરાધના કરી શકાય તેવી રાધાને વીંધવાને પોતાના મનરુપ બાણ ફેંક્યા હતા. પરંતુ પડી ગયેલા બાણોવાળા... ગળી ગયેલા માનવાળા... મહાપુરુષોથી હાંસી કરાયેલા અને પાછા વળેલા તેઓ મૂઢ ચિત્તવાળા થયા છતા નિરંતર પશ્ચાતાપ કરવાવાળા થયા છે.

પણ જગત્પ્રભુ અર્હતના ધ્યાનને વિષે એકાગ્રતાથી તત્પર થયેલા વિવેકે તો રાધાવેધનો ઉપદેશ આપનારા પોતાના ગુરુને નમસ્કાર કર્યો. પછી અક્ષોભ ગતિએ મહાત્માના મસ્તકને પણ કંપાયમાન કરતો તે જે ઠેકાણે ધનુષ્ય અને બાણથી શોભિત સિદ્ધાંત નામનો કુંડ છે ત્યાં ગયો. તે કુંડને તેણે એવી રીતે સ્થાપન કર્યો કે જેથી ઉત્તમ અરિસાને વિષે જેમ રુપ પ્રતિબિંબિત થાય છે તેમ તેને વિષે આઠે ચક્રો પ્રતિબિંબિત થવાથી તેને સ્પષ્ટ રીતે દેખાવા લાગ્યા. પછી તેણે અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ, માયા, નિયાણું તથા મિથ્યાત્વાદિ ત્રણ શલ્યથી રહિતપણું તે આઠ પુષ્પો વડે ધનુષ્ય અને બાણની પૂજા કરી, કેમ કે પૂજ્યની પૂજાનું ઉલ્લંઘન કરવાથી ઈષ્ટની સિદ્ધિ કેમ થાય ? અર્થાત્ ન જ થાય. ત્યાર પછી પણ ધનુષ્ય ઉપર બાણ જોડેલો છે જેણે એવા વિવેકે સત્પુરુષોને આનંદ અને મોહના સુભટોને ખેદ ઉત્પન્ન કર્યો. પછી ઉર્ધ્વદિશામાં બાણનું સંધાન કરીને અને પ્રાણીઓના હિતની ઈચ્છાથી ભૂમિ તરફ દૃષ્ટિ સ્થાપન કરીને ચક્રની ભૂમિ ભમવાપણાને જોતો ઘણા સમય સુધી સ્થિર ઉભો રહ્યો. ત્યારપછી યુદ્ધ કરવામાં ચતુર અને સાહસિક વિવેકે ચક્રસમૂહના વિવરમાંથી રાધાને વિંધવાનો સમય જાણીને ધૈર્યતારુપ બાણ વડે અકસ્માત રાધાને વીંધી, અર્થાત્ રાધાવેધ કર્યો. તે વખતે જય... જય શબ્દો કરતા ઇંદ્રોએ વિવેકના મસ્તક ઉપર તેના યશરુપ નિર્મલ પુષ્પોથી

વૃષ્ટિ કરી... સહુ વિવેકનો યશવાદ બોલવા લાગ્યા. વર્ષાઋતુના મેઘના પાણીથી તૃપ્ત થયેલા વૃક્ષોની જેમ જોવામાં તત્પર રહેલા નગરજનો પણ પરમ આનંદ પામ્યા.

તે સમયે મોરની કલગીની સખી સમાન સર્વ સંગના પરિત્યાગ રુપ વાણીને સાધુઓમાં શ્રેષ્ઠ એવા વિવેકે પોતાના મુખે સુખ પૂર્વક અંગીકાર કરી. અર્થાત્ હું સર્વ સંગનો ત્યાગ કરું છું એમ વિવેકે પોતાના મુખે પ્રતિજ્ઞા કરી. વિવેકની આવી વીરવૃતિ જોઇ પ્રબલ ઉત્સુક થયેલી સંયમશ્રીએ નજીક આવીને તેના કંઠમાં વરમાળા નાંખી અર્થાત્ વિવેકે સંયમ-ચારિત્ર અંગીકાર કર્યું. મનુષ્ય અને દેવોની સ્ત્રીઓએ કિર્તિના સમૂહને ધવલ મંગલ ગીત ગાઇ રહ્યા છે ત્યારે... વિશ્વ વ્યાપી ત્રસ અને સ્થાવર સંબંધી અભયપડહ ઘોષિત થઇ રહ્યો છે ત્યારે... આ બેઉ જુદા ન પડે એવી બુદ્ધિથી ચિત્તરુપી વસ્ત્રથી સંયમશ્રી અને વિવેકને આપસમાં સંબંધિત કરી રહ્યા છે ત્યારે... પુરોહિતે ગુણરુપી આહૂતિ થી અગ્નિની જ્વાલા વધારતાં ઘણા કાળની ઈષ્ટાર્થ સિદ્ધિથી ઉત્પન્ન થયેલી પ્રીતિના લીધે વિહ્વળ થયેલા વિવેક અને સંયમશ્રીના વિવાહનો ત્રણે ભુવનમાં ઉત્તમ એવો ઉત્સવ થયો. આ વિવેકથી અમારા શરીરનું કલ્યાણ થશે એવી સંભાવનાને લીધે વિવેક વિવાહિત થવાથી જગતના સર્વ જીવો હર્ષિત થયા. જે સુખ કામિનીઓના કુંજ એટલે સમૂહરુપી હસ્તીઓથી ચક્રવર્તીઓ અને ઈન્દ્રો પામતા નથી, તે સુખ સંયમશ્રીને અંગીકાર કરવાથી વિવેક પામ્યો. તે સંયમશ્રીના નિરંતર આલિંગનથી ઉત્પન્ન થયો છે મહાન ઉત્સાહ જેને એવા વિવેકે આગળ વર્ણવે છે તે પ્રમાણે પગલે પગલે પોતાનું વધતું પરાક્રમ દેખાડવા માંડ્યું.

પોતાની પાસે આવેલા અતિક્રૂર એવા બાવીસ પરિષહોને જેમ વાઘ મૃગને પરાસ્ત કરે તેમ વિવેકે લીલામાત્રમાં પરાસ્ત કરી દીધા. વિશ્વને ડૂબાડનારી અને વેગથી વહેતી તૃષ્ણારુપ નદીને કોઇના પણ આલંબન વિના તરીને તે વિવેક સામે કિનારે ગયો. મંદ રાગબુદ્ધિવાળા

એટલે અલ્પ  રાગવાળા વિવેકે પંચ મહાવ્રતરુપ પાંચ મેરુ પર્વતને પણ અવિશ્રાંતપણે તૃણની જેમ લીલામાત્રમાં ઉપાડ્યા. સ્વભાવથી ઉપસર્ગ કરવાવાળા શત્રુના અનર્ગલ સૈન્યનો નાશ કરવાને સમુદ્રની જેમ પરાક્રમવાળો વિવેક દોડ્યો અને જોરથી તે સૈન્યનો તેણે નાશ કર્યો. હવે તે વિવેક કાયોત્સર્ગ રુપ કરવતની ધાર ઉપર ચડ્યો, છતાં પણ પગ છેદાયા વિનાનો રહ્યો હોવાથી કોને આશ્ચર્ય ઉત્પન્ન નથી કરતો ? અર્થાત્ બધાને આશ્ચર્યકારી થયો. નિર્દયતારુપ અગ્નિ વડે ચારે બાજુથી બળતા લોકોના ઘરને વિષે રહેવા છતાં, અને તેની જ્વાલાથી વ્યાપ્ત થયા છતાં પણ તે કિંચિત માત્ર તાપ પામ્યો નહિં. જેમ જેમ વિવેકનું સાહસિકપણું ઉલ્લસિત થતું હતું તેમ તેમ સંયમશ્રીનો પ્રેમ પણ તે વિવેક પ્રત્યે વિસ્તાર પામતો હતો.

પછી સંયમશ્રીરુપી પત્નીના સ્નેહ-તેલથી સીંચાયેલો અને અગ્નિની જેમ દીપતો વિવેક શત્રુના સમગ્ર વંશનો વિનાશ કરવાને માટે ઉઠ્યો. મેં માતાની સાથે મોહ તરફથી થયેલા મોટા પ્રમાણમાં એટલે લાખો ગમે પરાભવોને હૃદયમાં રાખ્યા છે તે સર્વને આજે કાઢી નાખીશ. અર્થાત્ તે સર્વ પરાભવોનું વૈર હું આજે મોહ પાસેથી વસુલ કરી લઈશ. એવી પ્રતિજ્ઞા કરતા વિવેકે સત્કથા નામની જયભંભા વગડાવી. મહાન શક્તિવાળા અને સંગ્રામની ઈચ્છાવાળા પુત્ર-અમાત્ય-સામંત અને કોટવાલ પ્રમુખ પ્રાર્થના કર્યા વિના વિવેકની પાસે આવવા લાગ્યા. જેમ ચંદ્ર ચારેબાજુથી તારાઓ વડે ઘેરાય છે, તેમ હાથી, ઘોડા, રથ અને પાયદળોના સમૂહથી વિવેક ચારેબાજુથી ઘેરાયો સર્વ સૈન્યની વચ્ચે તે રહ્યો. પાંચે ઈન્દ્રિયોના વિષય સંબંધની સ્તુતિ મને કાંઈપણ સંભળાવવી નહિં, એમ કહીને તે ભોગોનો વિવેકે ત્યાગ કરવાથી સુશ્રુત નામના ભાટે જયજયારવ કર્યો. તે અવસરે અચલ એવા પર્વતોને પણ શબ્દોના સમૂહથી ધ્વનિત કરતા ગુરુના ઉપદેશરુપ વાજીંત્રો ઉંચે પ્રકારે વાગવા લાગ્યા.

નિવૃત્તિ નામની માતાએ યુદ્ધસંબંધી મંગલ કરેલું છે જેનું એવા... તત્વરુચિ અને સંયમશ્રીના દૃષ્ટિપાનથી બમણું પરાક્રમ ઉત્પન્ન થયેલ છે જેને એવા... વિચાર મિત્રના મુખથી વીરપુરુષોની કથારુપી રસનું પાન કરતા અને તે રસથી ઉત્પન્ન થયેલ પરાક્રમ વડે શત્રુના બળને તૃણની જેમ ગણતા... તરતમાં જ યુદ્ધ થશે એવા સંભ્રમવાળા વિવેકે નિશ્ચયરુપ બખ્તર ધારણ કરીને ઈષ્ટ સિદ્ધિ માટે અર્હત પ્રભુને નમસ્કાર કર્યો.

ત્યારે ભગવાને કહ્યું કે - ‘‘હે વત્સ ! હે વિનયાદિ ગુણોની ખાણતુલ્ય વિવેક ! હું જ્ઞાનથી જાણું છું કે મોહરાજાને દૂર કરવો તને અશક્ય નથી.. તું મોહનો નાશ કરવાને સમર્થ છે... તું જન્મથી જ યોગ્ય છે, માટે જ મેં તને આ ઐશ્વર્ય આપ્યું છે. કેમ કે બલ આપવાવાળું રાજ્ય અને ઘી કુપાત્રમાં કોણ નાંખે ? મોહ તીવ્રતાથી જીતનારો અને તું શાંતતાથી જીતનારો છે, કેમ કે હિમ ઠંડુ અને અગ્નિ ઉષ્ણ હોવા છતાં વનને બાળવામાં બન્ને સમાન શક્તિવાળા છે. ઠંડો એવો પાણીનો પ્રવાહ ઉંચેથી પડતો પર્વતને પણ ભેદી નાખે છે, તેમ શાંતરસમાં રહેલો તું યુદ્ધમાં મોહના સુભટોને હણી શકીશ. ઠંડુ પાણી જેમ ઉષ્ણ અગ્નિને બુઝાવી નાખે છે તેમ શાંત પ્રકૃતિવાળો તું પણ શત્રુઓનો પરાભવ કરીશ. સૂર્ય ઉષ્ણ હોવાથી આ તપ કરનારો છે તેથી એકલો ફરે છે. અને ચંદ્ર શીતલ હોવાથી તારાઓના પરિવાર સહિત ફરે છે. તેથી શીતલ છાયા કોને વહાલી નથી ? શીતલ છાયા સર્વને ઈષ્ટ છે અને આતપ સર્વને ઉદ્વેગ કરે છે. હે ઉત્તમ સેવક ! તારા શીતલ સ્વભાવનો ત્યાગ નહિં કરતાં, કુમનોરથરુપ શત્રુઓને મારી નાખ કે જેથી તારી ધારણા ઉદ્યમ સહિત આજે જ સફળ થાય. તારી નિવૃત્તિ માતાને તું કોઇ વખત દૂર કરીશ નહિં, કારણ કે તેના જોવામાત્રથી (દૃષ્ટિમાત્રથી) તું લોકોત્તર સ્થિતિને પામીશ. આ ભવવિરાગ નામનો તારો મોટો પુત્ર ન્યાયવાન છે, કે જેના જન્મથી જ તેનું બળ સહન કરવાને મોહના સૈનિકો અસમર્થ થયા. વળી સંવેગ અને નિર્વેદ નામના આ તારા બે પુત્રો શત્રુનું નિવારણ

**કરવાવાળા છે, જેઓ રણક્ષેત્રમાં યુદ્ધ કરતાં જગતને વિસ્મય પમાડશે. આ સમ્યગ્દૃષ્ટિ નામના પ્રધાનને તું તારી પાસે જ રાખજે કેમ કે તેનાથી આ રણસંગ્રામની સર્વ ક્રિયા સફળતાને પામશે. ક્ષમા, સરળતા, મૃદુતા અને સંતોષ નામના તારા જે ચાર સામંતો છે, તેઓમાંથી એકેક પણ સંગ્રામમાં મોહને જીતવાને સમર્થ છે.**

## ક્ષમા

આપણને મળેલો માનવભવ !

આપણને મળેલું જયવંતુ જિનશાસન !

નિશ્ચિત માની લેજો પાપોના વિનાશ માટે અને સુકૃતોની સાધના માટેનું શ્રેષ્ઠ જીવન છે.

શાંતિ અને સમાધિને મેળવવા કાશ્મીર... આબુ... માથેરાન કે મહાબળેશ્વર જવાની જરૂર નથી.

સમતા અને ક્ષમા એક અદ્ભૂત ઢાલ છે. જો એ તમારી પાસે છે તો તમારા ઉપર ગમે તેવા આક્રમણો આવે કોઈ તમને હરાવી ન શકે.

ઈન્દ્રભૂતિ ભગવાન મહાવીર પાસે ધમધમતો આવ્યો હતો...

સોમિલ બ્રાહ્મણ ગજસુકુમાલની પાસે ધગધગતો આવ્યો હતો...

ગોશાળો ભગવાનની પાસે બળબળતી તેજોલેશ્યા છોડવા આવ્યો હતો...

પેલો મેઘમાળી ભગવાન પાર્શ્વનાથને ડૂબાડવા આવ્યો હતો...

કોની જીત થઈ ? કોની હાર થઈ ?

એકની પાસે આક્રમકતાની ધારદાર તલવાર હતી તો બીજાની પાસે ક્ષમાની ઢાલ હતી...

પરંતુ જો બધા જ આવા પ્રસંગોને તપાસીએ તો ખ્યાલ આવ્યા વગર ન રહે કે ક્ષમાની ઢાલ સામે ધારદાર તલવાર પણ બુઠ્ઠી જ સાબીત થઈ છે.

આપણે શેના સ્વામી છીએ ? ધારદાર તલવારના કે સમતા અને ક્ષમાની અપૂર્વ ઢાલના ?

જેમણે ધારદાર તલવાર ધારણ કરી તે હાર્યા છે. સંસાર સાગરમાં ડૂબ્યા છે.

જેમણે ક્ષમારૂપી ઢાલને ધારણ કરી તે જીત્યા છે... જીતે છે... અને જીતશે.

## દમદંત મુનિ

ક્ષમા એ જ સંતોષ છે.. ક્ષમા એ જ ઈન્દ્રિયનિગ્રહ છે..

ક્ષમા એ જ મહાપવિત્રતા છે... ક્ષમા એ જ મહાદયા છે...

ક્ષમા એ જ મહાસૌંદર્ય છે... ક્ષમા એ જ મહાઐશ્વર્ય છે...

ક્ષમા એ જ ધૈર્ય છે... ક્ષમા એ જ શૌર્ય છે...

આવા ક્ષમા ગુણને જીવનમાં આત્મસાત્ કર્યા વિના ઉદ્ધાર સંભવિત નથી તેથી જ મહાપુરુષો આપણને જાગૃત કરી રહ્યા છે. ક્ષમાભાવને જીવનમાં સ્થિર કરવા દૃષ્ટાંત દ્વારા સમજાવી રહ્યા છે.

**ક્ષમાવંત દમદંત મુનીશ્વર,**
**વનમાં રહ્યો કાઉસગ્ગજી.**
**કૌરવ કટક હણ્યો ઈટાલે,**
**તોડ્યા કર્મના વર્ગજી...**

દમદંત મુનીશ્વર પોતાના નામ પ્રમાણે શાંત છે... દાંત છે ઈન્દ્રિયોનું - વિષયોનું દમન કરનારા મહાત્મા છે. સંસારથી વૈરાગ્ય પામી સંયમની કેડીએ ડગ માંડ્યા છે. જપ-તપ-જ્ઞાન આરાધના સાથે ધ્યાન જોડાય છે. પોતાનો વધુમાં વધુ સમય એ વિવિધ ક્ષેત્રોમાં કાયોત્સર્ગમાં સ્થિર બનવાના પુરૂષાર્થમાં વ્યતીત કરે છે. આવા જ અભ્યાસ દરમ્યાન એકદા દમદંત મુનિશ્વર વનમાં કાયોત્સર્ગમાં રહ્યા છે. દેહભાનને ભુલીને આત્મામાં રમણતા કરી રહ્યા છે. દેહસ્વરૂપની વિસ્મૃતિ અને આત્મસ્વરૂપમાં લીનતા સાધકની એક અદ્ભૂત અવસ્થા છે. આવા સમયે જંગલમાંથી એ જ માર્ગથી કૌરવ સેના પસાર થઈ. સેનાપતિએ દમદંત મુનિરાજને જોયા અને અંતરમાં વેરનો... બદલો લેવાનો ભાવ ઉછળ્યો અને એણે બાજુમાં ઢગલામાં પડેલી એક ઈંટ ઉપાડી અને ધ્યાનસ્થ મુનિરાજ ઉપર પ્રહાર કરતાં ફેંકી. સેનાપતિતો એક ઈંટ નાખી આગળ વધી ગયા. પરંતુ એમનું અનુકરણ એમની આખી સેનાએ કર્યું. બધાએ મુનિરાજ ઉપર ઈંટો ફેંકી. મુનિ ઈંટોના પ્રહારથી ઈજા પામ્યા... આખા ઈંટોથી ઢંકાઈ ગયા. સાધનામાં ઉપસર્ગો

આવવાના જ. એમને જે સમતા અને સમાધિપૂર્વક સહન કરી શકે તે જ કર્મના પાશમાંથી આત્માને મુક્ત કરી શકે. દમદંત મુનિ પોતાના આત્મધ્યાનમાં મગ્ન છે. શરીરને ઈજા કરનાર પ્રત્યે પણ દ્વેષભાવ નથી કારણ કે શરીર ઉપર રાગભાવ નથી. શરીર ઉપર રાગ-મમત્વ મારાપણું હોય તો એને ઈજા કરનાર પ્રત્યે વેર-દ્વેષ આદિ ભાવો નિર્માણ થાય. દમદંત મુનીશ્વર સમતામાં... ક્ષમાભાવમાં ઝીલી રહ્યા છે. કૌરવો પ્રત્યે કે એમના સૈન્ય પ્રત્યે દ્વેષભાવ નથી.... જીવન પ્રત્યે રાગ નથી. પલપલ ક્ષમાની આરાધના કરતાં કર્મોની હોળી કરી રહ્યા છે. કર્મ નિર્જરા કરી આત્માને પાવન-નિર્મળ-પવિત્ર બનાવી રહ્યા છે. અંતે ક્ષમાના સર્વોચ્ચ શિખરને પ્રાપ્ત કરી સર્વ ઘાતિ-અઘાતિ કર્મનો ચૂરો કરીને સિદ્ધ-બુદ્ધ નિરંજન નિરાકાર બને છે... અવિનાશી પદને પ્રાપ્ત કરે છે.

ક્યારે આવશે આપણા જીવનમાં આવી ક્ષમાની સાધના ?

**વિમલબોધ નામનો તારો કોટવાલ છે તે તને હમેંશા બહુમાન કરવા યોગ્ય છે, કારણ કે યુદ્ધમાં જે શત્રુ જે પ્રકારે જીતવા યોગ્ય છે તે સર્વ હકીકત તને તેજ કહેશે. સામાયિકાદિ શુભકાર્યોમાં બીજાઓને પણ જોડતા સદ્ધર્મ નામના પુરોહિતથી બીજો તારા માટે કોણ હિતકારી છે ? યશ અને ધર્મરુપ દાંતવાળા તેમજ સદ્ગતિના હેતુરુપ દેદીપ્યમાન સુંઢવાળા દાનધર્માદિ આ તારા હાથીઓનું બળ - શત્રુઓ કેમ સહન કરશે. ઉત્તમ સિદ્ધાંતથી નિષ્પન્ન થયેલા અને જય પતાકા સહિત શીલાંગ બ્રહ્મચર્યના અઢાર હજાર ભેદરુપી હજારો રથોને સંગ્રામમાં કોણ પાછા હઠાવી શકે તેમ છે ? વળી ઉષ્ણ અને તેજસ્વી એવા તપના ભેદરુપ ઘોડાઓ છે જે પોતાની તીક્ષ્ણ ખરીના તાડનથી શત્રુની સેનાને ક્ષણવારમાં ચૂર્ણ કરી નાંખે તેવા છે. આ સ્વામીના ભક્ત શુભાધ્યવસાય નામના સેવકો છે. તેઓએ ગ્રહણ કરેલા દાનાદિ હસ્તીઓ પોતાનું કાર્ય સાધે છે. શુભ અધ્યવસાયથી કરેલા દાનાદિ ધર્મ જ ફળ આપે છે. હે વત્સ ! રાત દિવસ ઉદ્યમ કરવાવાળો આ ઉત્સાહ નામનો સેનાપતિ છે, તે જ**

રણક્ષેત્રમાં તારા થાકી ગયેલા સુભટોને ઉત્સાહિત કરનારો છે. આ પ્રાયશ્ચિત નામનો જલરક્ષક છે તેને તું તારા પોતાની જેમ ગણજે. કેમ કે શત્રુના પ્રહારથી પીડાયેલા સુભટોની ચિકિત્સા કરવાવાળો તેજ છે. બીજા પણ શય્યાપાલક પ્રમુખ તારા જે પક્ષકારો છે તે સર્વે તને ઉપકાર કરનારા અને કારણ વિના હિતકારી છે. વળી તત્વરુચિ અને સંયમશ્રી નામની તારી બે સ્ત્રીઓ જો યુદ્ધમાં તારી સાથે આવે, તો આ સ્ત્રીઓ છે એવી બુદ્ધિથી તું તેની અવગણના કરીશ નહિં, કેમ કે તારા સર્વ યોદ્ધાઓ કરતાં એ બે સ્ત્રીઓ અધિક બળવાન છે.

ત્રણ ભુવનના સ્વામીની આ પ્રમાણે હિતશિક્ષા સાંભળીને તથા તેમની આજ્ઞા લઇને વિવેકે પોતાની સ્ત્રીઓને કહ્યું કે- ''હે પ્રિયે ! અમો સંગ્રામના જઇએ છીએ, તમો શું કરશો ?''

ત્યારે સ્ત્રીઓએ કહ્યું કે ''હે પ્રિય ! તમારા પ્રશ્નનો આ પ્રયાસ નકામો છે, કેમ કે તમારા વિના અમે કોઇ પણ ઠેકાણે રહેતા જ નથી. કદાચ કોઇ ઠેકાણે એકલા રહીએ તો તત્કાળ અમો મરણ પામીએ છીએ.''

''હે સ્વામિન્ ! જે સ્ત્રી શત્રુનો પરાભવ કરવાને અસમર્થ હોય તેને યુદ્ધમાં સાથે લેવાય નહિં, તે યોગ્ય છે, પણ અમે તો શત્રુની સેનાને તૃણ સમાન ગણવાવાળી છીએ.''

આ પ્રમાણે તે સ્ત્રીઓના સાહસિક વચનો સાંભળીને વિવેકે આજ્ઞા આપવાથી તે સ્ત્રીઓ સાથે ચાલી, સત્વની પરીક્ષામાં કેટલીક સ્ત્રીઓ પુરુષોને પણ ઓળંગી જાય છે.

ત્યાર પછી પ્રશમની સાથે ક્ષમા... માર્દવની સાથે નમ્રતા.. આર્જવની સાથે પ્રસન્નતા... સંતોષની સાથે ધૃતિ.. વિચારની સાથે અનુપ્રેક્ષા... વિમલબોધની સાથે ગવેષણા... કારણિકોની સાથે મન-વચન અને કાયશુદ્ધિ... તપની સાથે ઉપક્રિયા... સેનાપતિની સાથે ઓજસ્વિતા... પુરોહિતની સાથે આસ્તિક બુદ્ધિ... નગરશેઠની સાથે

**સત્યવાણી.. જલાધ્યક્ષની સાથે પાપભીરુતા... વિવેકના પુત્રોની સાથે એકતા... બ્રહ્મવિદ્યા અને ભવનિંદા નામની સ્ત્રીઓ અને મહામાત્યની સાથે આઠ કર્મરૂપ રોગની શાંતિ કરનારી ગુણજ્ઞતા નામની સ્ત્રી ચાલી.**

## પાપ ભીરુતા... વિવેકની જાગૃતિ

ભરત અને બાહુબલી...

પ્રથમ તીર્થંકર આદિનાથના પનોતા પુત્ર રત્નો...

પ્રાતઃ સ્મરણીય... સવારના ઉઠીને સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા જેમનું સ્મરણ કરે... ચરમ શરીરી... એ જ ભવે મોક્ષગામી...

આવા પણ ભરત-બાહુબલી બંધુ બેલડી યુદ્ધના મેદાનમાં આમને સામને આવી ગયા... સત્તા અને સિંહાસન માટે યુદ્ધ જામ્યું... એક બીજાને મારી નાંખવા જાણે બન્ને ઉતાવળા બન્યા... દૃષ્ટિ-મુષ્ટિ-ભૂજા બધા યુદ્ધમાં ભરત હાર્યા-બાહુબલી જીત્યા... ભરત મહારાજા અધીરા બન્યા એમણે બાહુબલી ઉપર ચક્રવર્તીનું ચક્ર છોડ્યું... ચક્રવર્તીનું ચક્ર જેના ઉપર છોડ્યું તેનું મસ્તક છેદિને જ રહે. પરંતુ આજે ચક્ર બાહુબલીને પ્રદક્ષિણા આપી પાછું ફર્યું.

ભરત મહારાજા તો ચમક્યા પણ બાહુબલી પણ ચમક્યા.

બાહુબલી વિચારવા લાગ્યા મને મારવા ભાઈએ ચક્ર મૂક્યું તો ભાઈને મારી શક્તિનો પરિચય કરાવી દઉં. બાહુબલીએ આવેશમાં આવી મુઠ્ઠી ઉગામી દોડ્યા ભરત સામે. ચારે બાજુ બધાના જીવ અદ્ધર થઈ ગયા... શું થશે? શું સૃષ્ટિનો નાશ થશે ?

ત્યાં તો આશ્ચર્ય સર્જાયું... રણમાં મીઠી વીરડીની જેમ આવેશમાં અચાનક ઉપશમરસનો ઉભરો આવ્યો... બાહુબલીની વિચારણા પલટાણી... પાપભીરુતા પ્રગટી...આત્મા જાગી ગયો... વિવેક જાગૃત થયો... આ હું શું કરી રહ્યો છું ? પિતાતુલ્ય મોટાભાઈને મારી નાંખવા મેં મુઠ્ઠી ઉગામી ? શા માટે ? નશ્વર એવા રાજ્ય - સત્તા માટે ? ના...ના... આવું કરીને મારે કઈ ગતિમાં જવાનું ? ક્ષત્રિયની ઉગામેલી મુઠ્ઠી એમને એમ પાછી ન વળે... તો હવે શું કરવું ? બાહુબલીની મુઠ્ઠી ભરતને બદલે પોતાના મસ્તક ઉપર ફરી વળી... બાહુબલીએ લોચ કરી નાંખ્યો... રાજપાટ-વૈભવ બધું જ

છોડીને સંયમ-સમતા-ક્ષમાની સાધના કરવા નિકળી પડ્યા બાહુબલીજી.

મહાપુરુષોએ યુદ્ધના મેદાનની ઉપર ક્ષમાની સાધના કરી છે... આપણે ઘરમાં બેસીને સાધના કરવામાં પાછા પડીએ...

**આવી રીતે યુદ્ધને માટે યોદ્ધાઓનું મંડળ તૈયાર થતાં મહાપરાક્રમી વિવેક શત્રુની સન્મુખ જવા માટે ઉદ્યમ કરવા લાગ્યો. થોડા સમયમાં થવાવાળા સંગ્રામની સિદ્ધિને માટે શુક્લધ્યાનના ભેદો, તે સર્વે વીર પુરુષોને વિવિધ પ્રકારના શસ્ત્રરુપે થયા. વીરપુરુષના શરીરની સાથે સારી રીતે જોડાયેલ... પૂર્વાપાર વિરોધ રહિત અને વિશેષ જ્ઞાનની ઘટનાને ઉચિત ગુરુની શિક્ષારુપ બખતરો તેમના શરીરનું રક્ષણ કરવાવાળા થયા. હવે સ્વામી અર્હંતપ્રભુથી આજ્ઞા અપાયેલો... માતાથી જેનો ઉત્સવ કરાયો છે એવો... કુલવૃદ્ધાઓએ જેને આશીર્વાદ આપ્યો છે એવો અને મિત્રોથી જેનું સહચારીપણું ત્યજાયું નથી એવો વિવેક ઘંટારવથી ઉત્કટ પુષ્ટ અને ઉંચા એવા યોગીના સમાગમરુપ મદોન્મત્ત હાથી ઉપર ચડીને યુદ્ધને માટે ચાલવા લાગ્યો.**

**તે વખતે મહા પરાક્રમી મોહરાજાનો હું એકલો જ પરાજય કરીશ, એમ પ્રતિજ્ઞા કરતા વીર યોદ્ધાઓ વિવેકની આસપાસ વીંટળાઇ વળ્યા. નવીન-નવીન ગુણસ્થાનની પ્રાપ્તિ અને તેની સ્થિતિ રુપ પૃથ્વી ખંડ ઉપર વિવેકે વિહાર કરવાથી સજ્જન મનુષ્યો મહાન આનંદ પામ્યા. પરંતુ જે નિર્દય એટલે ક્રૂર કર્મ કરવાવાળા, કપટી અને કુટિલ આશયવાળા હતા તે સર્વે વિવેકના પ્રતાપથી હણાયા અને તેથી નાશ પામ્યા.**

**જેમ પાણીના જુદા જુદા પ્રવાહોથી નદી વૃદ્ધિ પામે છે, તેમ એકઠા થયેલા ઘણા ભવ્ય જીવોરુપ સુભટોથી વિવેકની સેના પ્રતિક્ષણે વૃદ્ધિ પામવા લાગી. માનથી ઉન્નત થયેલા મનુષ્યરુપ પર્વતની ચિત્તરુપી ગુફામાં રહેવાવાળા કદાગ્રહરુપ સિંહો તેની સેનાના કોલાહલથી ત્રાસ પામ્યા.**

**શ્રદ્ધાલુતારુપ ભેટણા સહિત અને પ્રિયવાણી રુપ દુધ-દહીં, વાણીના રસસહિત, ગામડાના લોકોને પણ ધર્મની વાણીથી હર્ષ**

પમાડતા, પોતાના પ્રતાપના યશથી મનોહર ચણોઠીરુપ મોતીને ધારણ કરતા, વનમાં રહેલા ભિલ્લોને પણ સ્નેહથી જોતા, અને 'કોઇ પણ બીતા નહીં અને પોતાનું ગુણસ્થાન છોડતા નહીં,' એ પ્રમાણે ઉદ્‌ઘોષણા કરતા વિવેક વીરે યુદ્ધ કર્યા વિના આખા વિશ્વને વશ કર્યું.

વૈરીનો સંહાર કરવા માટે વિવેક દોડી રહ્યો છે ત્યારે તેની આજ્ઞાને જ ધન્ય પણે માનતા સર્વ મનુષ્યો યુગલીઆઓની જેમ આધિ, વ્યાધિ, વિરોધ અને રોધને બિલકુલ ધારણ કરતા નહોતાં, તેમ યોગના જાણકારની જેમ વિયોગ અને અનંગ (કામ)ના સંગથી થતી પીડાનો આશ્રય કરતા ન હતા. અર્થાત્ કામથી રહિત થઇને પરમાર્થને દેવાવાળી નિર્મલતાને પામેલા, મુક્ત થયેલાની જેમ શોભતા હતા.

**અચલગચ્છ શૃંગાર, આત્મજ્ઞાની શ્રીમદ્ જયશેખરસૂરિએ રચેલા પ્રબોધ ચિંતામણિ ગ્રંથને વિષે કંદર્પનો શહેરમાં પ્રવેશ, કલિકાળનું મોહરાજા પાસે આગમન, કલિકાળનું મરણ, વિવેકનું સંયમશ્રીને પરણવું અને મોહરાજા સાથે યુદ્ધ કરવા માટે પ્રયાણ કરવું વિગેરે વર્ણનવાળો**

**છઠ્ઠો અધિકાર**

**સમાપ્ત થયો.**

# સાતમો અધિકાર

## વિવેક અને મોહરાજાનું યુદ્ધ

હવે મોહરાજાએ અસત્ય સિદ્ધાંતરુપ ચરપુરુષોના મુખથી દુઃખે સાંભળી શકાય તેવું વિવેકનું પરાક્રમ સાંભળ્યું. ત્યાર પછી અત્યંત ક્રોધિત થયેલો મોહરાજા નિરંતર પોતાની પાસે રહેવાવાળા સામંતોને અને મંત્રીઓને કહેવા લાગ્યો કે, હે ભક્તો ! તમે સાંભળો ! વીર પુરુષને યોગ્ય શૂરવીરપણાને ધારણ કરતો મહાપરાક્રમી અને રસ્તામાં કોઈથી રોકી ન શકાય તેવો વિવેક ગુણસ્થાનની પૃથ્વી ઓળંગે છે, માટે હવે આપણે શું કરવું ?

ત્યારે સામંતાદિ બોલ્યા કે, હે પ્રભુ ! અમે કામ કરવાવાળા નોકર આપની આગળ શું ગણત્રીમાં છીએ ? આવા પ્રશ્નથી અલ્પ પરાક્રમવાળા અમોને પણ તમે મોટાઈ આપો છો. સેવકોને પૂછીને અને તેમની અનુમતિથી કામ લેતો વિદ્વાન રાજા પોતાને અને સેવકોને બુદ્ધિ અને પ્રેમના પાત્ર બનાવે છે, અર્થાત્ તેથી પરસ્પર સ્નેહની વૃદ્ધિ થાય છે.

આપે અમને પૂછ્યું છે તો જેવી વસ્તુ સ્થિતિ છે તે અમે કહીએ છીએ કે ''હે સાત્વિક શિરોમણિ ! આપના ઉપર ચડાઈ કરવાને વિવેક હમણાં સમર્થ નથી. કારણ તમે અત્યારે પ્રભુતાની ઉત્તમ શ્રેણીએ પહોંચેલા છો, જેથી કોઈ ચક્રવર્તી પણ તમારી સાથે આજે યુદ્ધ કરવાને શક્તિમાન નથી. આપે લીલા માત્રમાં જેમ જગતને જીત્યું છે તેમ બીજો કોણ જીતશે? વળી આપ ત્રણ ભુવનના સ્વામીને કોઈ પણ પ્રકારની ન્યુનતા નથી. કોઈ મૂળ વિનાની નવીન પ્રભુતા પામીને આ વિવેક લક્ષ્મીથી ઉન્મત્ત થઈને ટીટોડીનું આચરણ કરે છે. વળી આપે મોટા સમુદ્રની જેમ ક્ષોભ પામવો યોગ્ય નથી, કેમ કે ક્ષુદ્રની સાથે લડાઈ કરવી

એ મોટા રાજા માટે અપયશનું કારણ છે. પ્રથમ તેના પિતા મન પ્રધાનથી કાઢી મૂકાયેલા અને ત્યાર પછી ઉદય પામેલા તે વિવેકને તમારા પુત્ર કામદેવે ત્રાસ પમાડ્યો હતો, તો પણ તે નિર્લજ્જ યોદ્ધાના નામને ધારણ કરે છે. માટે હે સ્વામિન્ ! હાલ આપે તેને ઉપેક્ષ્ય પક્ષમાં નાંખવો, અર્થાત્ તેની ઉપેક્ષા કરવી. એવો અમારો મત છે, હવે આપ સ્વામિનો આશય હોય તે પ્રમાણ છે.''

ત્યારે મોહરાજા બોલ્યા કે, 'હે ભાગ્યવાનો ! શું વિવેક ઉપેક્ષા કરવા લાયક છે ? અર્થાત્ નથી. કારણ કે વહાલા મનુષ્યો પોષવા લાયક, ઉદાસીન ઉપેક્ષા કરવા લાયક અને શત્રુઓ તો ચૂર્ણ કરવા લાયક છે. વિવેક આપણો મોટો શત્રુ હોવાથી તેનો કોઇ પણ પ્રકારે વધ કરવો જોઇએ, કેમ કે ઉપેક્ષા કરાયેલો શત્રુ ખરેખર વ્યાધિની જેમ પ્રાણનો નાશ કરનારો થાય છે. તેથી હમણાં અવસર મળ્યો છે માટે તે વિવેકની સાથે મારે સંગ્રામ કરવો ઠીક છે, આજે ત્રણે જગત યા તો મોહ વિનાના થાઓ. અથવા વિવેક વિનાના થાઓ. અરે પાખંડીઓ ! મારી આજ્ઞા સાંભળવા છતાં તમે સર્વો શા માટે વિલંબ કરો છો ? ઉતાવળથી મિથ્યા વચનરુપી ભેરી વગાડો. ભેરીના ભણકારાથી હું પહેલો, એમ બોલતા અને જયલક્ષ્મીને મળવાની ઇચ્છાવાળા સ્મરાદિ સર્વ યોદ્ધાઓ તત્કાલ મોહરાજા પાસે આવવા લાગ્યા.

પ્રથમ કામદેવ સાથે યુદ્ધ કરવામાં જે વિજયી સુભટો હતા તે સર્વને મોહરાજાએ સાથે લીધા... વિવેકની સાથે યુદ્ધ કરવા જતાં ઉત્સાહિત મોહરાજાને બાળકથી રાજા પર્યંત આખું જગત આશીર્વાદ દેવા લાગ્યું. જડતા નામની સ્ત્રીથી પગલે-પગલે અનુસરાતા... હરિણ જેવાં નેત્રવાળી હિંસાદિ સ્ત્રીઓ વડે ગુણાવલી ગવાતા... મિથ્યા શ્રુતરુપ બંદીઓએ પ્રગટ કલ્યાણની વાણી યોજી છે જેને વિષ એવા... દૂરાવેશરુપ બખ્તર પહેરેલા... સાહસથી તીક્ષ્ણ... અનર્થદંડ એટલે વગર પ્રયોજને આત્માકર્મથી દંડાય તે રુપ ધનુષદંડથી ભુજારુપ ધજા શોભિત

છે જેની એવા.. બાણોથી ભરેલા મતિઅજ્ઞાન અને શ્રુતઅજ્ઞાનરુપ ભાથાંઓને ધારણ કરતા... નિર્દયતારુપ ખડગથી દેવોને પણ કંપાવતા... બીજાઓથી અસહનીય એવા... તામસભાવરુપ લોઢાના ટોપને મસ્તક ઉપર ધારણ કરતા... મિથ્યાવાદરુપ વાજીંત્રના સમૂહને ચારે બાજુ વગડાવતા... અને યમરાજાના રથ સરખા શ્યામ અને અસત્સંગરુપ મદોન્મત્ત હાથી ઉપર આરુઢ થયેલા મોહરાજાને શત્રુનો રોધ કરવાવાળું... પોતાને સહાય કરવાવાળું... અને મહાન કર્મનો ઉદય થવાવાળું લગ્ન પુરોહિતે આપ્યાથી તેણે પ્રયાણ કર્યું. મહાન સંભ્રમથી પગ વડે ભૂમિનો સ્પર્શ પણ ન કરતા હોય તેમ તેની આગળ કુવિચારોરુપ પદાતીઓ ચાલવા લાગ્યા. અને તેની પાછળ ભયંકર દુર્ધ્યાનરુપ વાઘના ચામડાથી ચારે બાજુથી મઢેલા કુમનોરથરુપ રથો દોડવા લાગ્યા... પ્રિયની પ્રાપ્તિ અને અપ્રિયની અપ્રાપ્તિની અભિલાષારુપ પવન જેવા વેગવાળા ચપલ કરોડો ઘોડાઓ તે રથોની પાછળ ચાલવા લાગ્યા. ઉચ્ચતમ સંપત્તિની અભિલાષાવાળા અને મદઝરતા મેરુપર્વત સમાન ગંધહસ્તિઓ તે ઘોડાઓની પાછળ ચાલવા લાગ્યા. તે અવસરે મોહરાજાના સામંત, મંત્રી, મિત્ર, પુરોહિત, ભંડારી, કોટવાલ અને દ્વારપાલ પ્રમુખ સર્વે આસ્થામંડપ એટલે શહેરની બહાર રચેલા કચેરી મંડપમાં આવ્યા. ત્યાં ''શત્રુના સૈન્યને જીતવાને હું સમર્થ છું.'' આવી રીતે બોલતા અભિમાની પ્રમાદને હર્ષથી પોતાના સમગ્ર સૈન્યનો નાયક બનાવ્યો. પછી મોહરાજાએ પ્રમાદને સ્નેહથી આજ્ઞા આપી કે ''હે વીર ! આ હાથી, ઘોડા, વેગવાળા રથ, યોદ્ધા અને ભંડાર વિગેરે સર્વ તારે આધીન છે, રસ્તામાં અથવા સંગ્રામના મોખરામાં યથાયોગ્ય રીતે સર્વ સૈન્યને તું ચલાવજે.'' મોહરાજાના આદેશથી પ્રમાદ પણ કોઈ જાતની હરકત વિના, નાવિક જેમ વહાણને સમુદ્રમાં ચલાવે તેમ માર્ગમાં સેનાને ચલાવતો હતો. આ સેના મેરુપર્વતથી છેક દક્ષિણ દિશા સુધીના બહોળા વિસ્તારમાં પોતાનું રક્ષણ કરવામાં સાવધાન થઈને રહી.

આ પ્રમાણે મોહનો મહિમા સાંભળીને મોટા મનવાળો વિવેક પણ તેની સાથે યુદ્ધ કરવા માટે સન્મુખ થયો. ઘણા કાળે શત્રુનું સૈન્ય દૃષ્ટિગોચર થવાથી પ્રશસ્ત મનવાળા વિવેકને કોઇ એવા પ્રકારનો હર્ષ થયો કે જે સંયમશ્રીના પાણિગ્રહણ સમયે પણ થયો ન હતો. શ્રુતજ્ઞાનથી વીરપુરુષોનાં ક્ષેત્રને પામીને - સાંભળીને, મેઘની વૃષ્ટિથી ઉત્પન્ન થયેલો હોય નહિ તેવા વાજીંત્રના ધ્વનિથી રોમરુપી અંકુરાના ઉદ્‌ગમને વૃદ્ધિ પમાડ્યો. વળી ઝગઝગાટથી શોભતાં અને દૂરથી દેખાતાં શસ્ત્રો વીરપુરુષોને કેળનાં પાનની જેમ લાગતા હોવાથી ત્રાસ આપતાં ન હતા.

જ્યારે મન પ્રધાન મોહ ઉપર અથવા પુત્રના પ્રેમથી વિવેક ઉપર દૃષ્ટિ કરે છે ત્યારે જયલક્ષ્મી તેના તરફ જ વરવાની ઇચ્છા કરે છે, અર્થાત્ **મન-પ્રધાનની દૃષ્ટિ જેના ઉપર પડે તેનો જય થાય છે.** તે સમયે અવસરના જાણ અને તેવા પ્રકારના માધ્યસ્થ અધ્યવસાયવાળા સંધિપાલકો વિવેકરાજા પાસે આવીને વિનંતિ કરવા લાગ્યા.

## સંધિપાલક

કૌશંબી નગરી...

જિતશત્રુ રાજા...

ગુણવાન અને સત્વશીલ...

એકદા એક પુરુષે આવીને રાજાને કહ્યું - ''આપના રાજ્યમાં બીજા બધા અધિકારીઓ તો બરાબર કામ કરે છે પરંતુ સંધિપાલક કશું જ કામ કરતા નથી. બેસીને ખાય છે.''

રાજાએ સંધિપાલકને બોલાવ્યા અને કહ્યું - ''તમે બેસીને ખાઓ છો, પરંતુ કાંઇ જ કામ કરતા નથી.''

સંધિપાલકે કહ્યું - ''રાજન્ ! અમે જે કરીએ તે બીજા ન કરી શકે. અમે શત્રુને મિત્ર અને મિત્રને શત્રુ કરી દઇએ અને બીજા પણ બુદ્ધિના ઘણા કાર્યો કુશળતાપૂર્વક કરીએ છીએ, એટલે ફોગટનું ખાતા નથી.''

રાજાએ તેની પરીક્ષા કરવા માટે એક સીવેલ ડાબલો આપીને તેને કહ્યું - ''અરિમર્દન રાજા અમારો શત્રુ છે તેને આ આપજે અને એની સાથે

મિત્રાચારી કરાવી આવજે.''

સંધિપાલક તે ડાબલો લઇ અરિમર્દન રાજાની રાજસભામાં પહોંચ્યો. રાજાને નમસ્કાર કરી ભેટણું આપ્યું. રાજાએ ખોલીને જોયું તો તેમાંથી સોનાની ડાબલી નીકળી. રાજાએ ડાબલી ઉઘાડીને જોયું તો એમાં રાખ હતી. રાખને સોનાની ડાબલીમાં જોઇ રાજા વિસ્મય પામ્યો.

રાજાને પ્રધાને કહ્યું - ''હે રાજન્ ! તમારા શત્રુ જિતશત્રુએ આ રાખ મોકલીને એવું સૂચવ્યું છે કે, તું આ રાખ શરીરે લગાડીને રાજ્ય છોડીને ચાલ્યો જજે નહીં તો આબરૂ ખોઇશ.''

આ સાંભળી રાજા અત્યંત કોપાયમાન થયો.

વાતને બગડતી જોઇ સંધિપાલક વિચારવા લાગ્યો. રાખ મોકલીને રાજાએ વૈર વધાર્યુ છે પણ ચિંતા નહીં. બગડતી બાજીને બુદ્ધિબળથી સુધારી લઇશું.

પછી પોતાની ઔત્પાતિક બુદ્ધિથી કહ્યું - ''હે રાજન્ ! તમે ઉલ્ટો અર્થ ન કરો, આ રાખ મહાગુણકારી છે.''

રાજાએ કહ્યું - ''આ રાખમાં વળી કેવા ગુણ હોય ?''

સંધિપાલકે કહ્યું - હે રાજન્ ! અમારા રાજાએ અગણિત ધન ખર્ચીને મહારુદ્ર યજ્ઞ કરાવ્યો. તેની આ મહાપવિત્ર ભસ્મ તિલક કરવા માટે સર્વ રાજાઓને મોકલી છે, તેમ તમને પણ મોકલી છે. તમને નમસ્કાર કહ્યા છે. સવારના સ્નાન કરીને આ ભસ્મનું તિલક કરવાથી જન્મોજનમના પાપ નાશ પામે છે... પ્રતાપ વધે છે... સૌભાગ્ય અને યશ પ્રાપ્ત થાય છે.''

આવા સંધિપાલકના વચન સાંભળી અરિમર્દન રાજા અતિ પ્રસન્ન થયા અને કહ્યું - ''મેં તો અવળો અર્થ કર્યો પણ રાજાએ મારા ઉપર ઘણો ઉપકાર કર્યો છે. અને જેટલા ધન્યવાદ આપું એટલા ઓછા છે.''

પછી સંધિપાલકને એક મહિના સુધી ખુબ આદરથી ત્યાં રાખીને પહેરામણી આપી તથા જિતશત્રુ રાજા માટે હાથી-ઘોડા વિગેરેનું ભેટણું તથા અમારી તમારી સાથે ઘણી જ લાગણી ભરી મિત્રાચારી છે. એવા લખાણવાળો પત્ર આપીને રાજાએ વિદાય આપી.

પછી સંધિપાલકે કૌશંબીમાં આવી જિતશત્રુ રાજાને ભેટની વસ્તુ સોંપીને પત્ર આપ્યો. પત્ર વાંચી રાજાએ પ્રસન્ન થઇ સંધિપાલકને પહેરામણી આપી.

## સંધિપાલકોની વિનંતિ

‘‘હે વિવેક ભૂપાલ ! અમે પાણીની જેમ કોઈના પણ નિત્યના સેવક નથી, જ્યારે અમે જેનો આશ્રય કરીએ છીએ ત્યારે વૃક્ષની જેમ તેની વૃદ્ધિ કરીએ છીએ. તેટલા માટે હિતકારી આશયથી અમે તમને કહીએ છીએ કે હાલ તો તમે સ્વામીની જેમ આચરણ કરો છો, તો પણ મોહરાજાની અવજ્ઞા કરવી તમોને યોગ્ય નથી. કારણ કે આ મોહરાજા ઘણા કાળનો જુનો છે.. અનેક સૈન્યથી નિષ્પન્ન સાહસવાળો છે... વડનું વૃક્ષ જેમ પાંદડાથી ચારેબાજુ વિંટાયેલું હોય છે તેમ તે પુત્રોથી ચોતરફ વિંટાયેલો છે.. ખીલેલાં કમલોથી જેમ નાનું તળાવ પરિપૂર્ણ હોય છે તેમ ખજાનાથી તે પરિપૂર્ણ છે... સૌભાગ્યથી મનોહર-શૂરવીર અને સમગ્ર કર્મનો સાક્ષી છે... પોતાના પ્રતાપથી દિગ્ચક્રને દબાવનારો અને ઇંદ્ર તથા ચક્રવર્તીથી નમસ્કાર કરાયેલો હોવાથી હે વિવેક ! આ મોહરાજાની સાથે યુદ્ધ કરવું આપને યુક્ત નથી. તમે એક મોહની અવજ્ઞા કરો તો તેથી મોહને શું ન્યુનતા છે ? કેમકે હંસને વરસાદની જરૂર ન લાગે પણ જગતને વરસાદ પ્રિય છે. જે માણસ ઘણાને પ્રિય હોય તેની સાથે વિરોધ કરવો તે સુખદાયી ન હોય, કેમ કે અન્ન સમસ્ત જગતને પ્રિય છે, તો તેના પ્રત્યેની અરુચિથી શું મૃત્યુ થતું નથી ? અમે સ્વેચ્છાનુસાર ફરનારા ત્રણે જગતમાં જ્યાં જ્યાં જઈએ છીએ, ત્યાં ત્યાં આ મોહનું સૈન્ય અમને દેખાય છે. વિસ્તારમાં સમુદ્રને પણ જીતનારી જગદ્વ્યાપી મોહની સેના ક્યાં ? અને ઘણી થોડી જમીન ઉપર રહેલુ એક ખાબોચીયાં જેટલું તમારું સૈન્ય ક્યાં ? આ ત્રણે લોકમાં પ્રાયે મનુષ્ય લોકમાં જ તમારું રહેઠાણ છે, તેમાં પણ કર્મભૂમિમાં.. તેમાં ઉચ્ચકુલમાં... તેમાં ભવ્ય જીવોમાં અને તેમાં પણ સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિવાળા જીવોને વિષે તમારું રહેઠાણ છે અને આ મોહનું રહેઠાણ તો ચરાચર ત્રણે જગતમાં છે. તે તમે જુઓ. મોહના સૈન્યની સાથે તમારાં સૈન્યનો ભેટો થવાથી, સમુદ્રને વિષે પડતો નદીઓનો પ્રવાહ જે દશાને પામે છે તેવી દશાને પામશે. હે વિવેક !

તમારો આશ્રય અભવ્ય જીવો લેતા નથી. અને જેઓ મોક્ષે જવાવાળા ન હોય તેવા ભવ્યો પણ તમારો આશ્રય લેતા નથી. તો બોલો કે ક્યો માણસ મોહને નિરંતર સેવતો નથી. તમે ઘણા કાળે ઉત્પન્ન થાઓ છો અને જન્મ્યા પછી પણ ઘણા સમય સુધી જીવતા નથી અને આ મોહ તો અનાદિથી છે અને અમૃતનું પાન કરેલાની જેમ તે મૃત્યુ પામતો જ નથી. તમે તમારા ભક્તોને એવું સુખ આપો છો કે જે ઇંદ્રિયોના વિષયમાં આવી શકતું નથી, પણ મોહ તો તેના ભક્તો પ્રત્યે ઇંદ્રિયોને આહ્‌લાદ ઉત્પન્ન થાય એવું સુખ આપે છે. જે મનુષ્યો તમારા ઉપર ઘણા આસક્ત હોય છે તેઓને પર્વતની ગુફા સેવવી પડે છે જ્યારે મોહનાં સેવકો હરિણનાં જેવા નેત્રવાળી સ્ત્રીઓની સાથે મહેલમાં ક્રિડા કરે છે. તમને આધીન રહેલા મનુષ્યો કુટુંબનો ત્યાગ કરી એકલા રહેવાવાળા થાય છે અને મોહને આધીન રહેલા તો પુત્રપૌત્રાદિ સંતતિ વડે વૃદ્ધિ પામે છે. યુવાન અવસ્થામાં પ્રગટ સંજ્ઞાવાળા જીવોમાં અને નવીન દેહવાળા એટલે જન્મ પામેલા જીવોમાં પ્રવેશેલા તમોને દૂર કરીને આ મોહ તેને વિષે આવાસ કરે છે. વૃદ્ધાવસ્થાથી જર્જરીત થયેલા શરીરનો મોહ પોતાની મેળે જ્યારે ત્યાગ કરે છે ત્યારે તેમાના કોઈને વિષે તું નિવાસ કરે છે. આવા સામર્થ્યવાળા મોહની સાથે તમારે શી સ્પર્ધા કરવી ? માટે તમે યુદ્ધ કરવાથી પાછા વળી સ્વસ્થાને જાઓ. આ મોહ પણ સ્વાર્થ સાધવાવાળો થાઓ. આ પ્રમાણે કહીને સંધિપાલકો મૌન રહ્યા ત્યારે વિવેક શું કહે છે?

## વિવેકની વાત

વિવેક રાજા કહે છે, તમે જે હકીકત વ્યક્ત કરી તે પ્રવર બુદ્ધિમાન એવા તમને યુક્ત જ છે. તમે જે ગુણના વર્ણનથી મોહના માહાત્મ્યની પ્રશંસા કરી તે સર્વ મારા જાણવામાં છે, કેમ કે પહેલાં અમારા બન્નેની સ્થિતિ એક જ ઠેકાણે હતી.

દુર્દિનને વિસ્તારતો, મલીનતાવાળો અને હમેંશા કાદવની વૃદ્ધિ કરતો મેઘ શ્વેત પાંખવાળા વિવેકી હંસને કેમ ઇષ્ટ હોય ? મલીન

અધ્યવસાયને વિસ્તારતો અને નિરંતર કર્મરુપ કાદવની વૃદ્ધિ કરતો મોહરુપી મેઘ શુક્લ પક્ષવાળા અર્ધપુદ્‌ગલ પરાવર્તથી પણ ઓછો સમય જેને મોક્ષે જવાનો બાકી રહ્યો છે તેવા વિવેકરુપ હંસ-આત્માને કેવી રીતે ઈષ્ટ હોય ? અર્થાત્ ન હોય. વળી દારુ ઉન્મત્ત માણસોને પ્રિય હોય, તેમ મોહ ઘણા માણસોને માનનિક હોવા છતાં ચેતનાને ચોરનાર દારુ અથવા મોહને વિષે પંડિત પુરુષોએ શું આસક્ત થવું જોઈએ ? અર્થાત્ ન થવું જોઈએ. તે મોહનું સૈન્ય વિશ્વવ્યાપી ધૂળની જેમ અસાર હોવાથી વિસ્તાર પામ્યું છે અને મારું સૈન્ય સોનાની જેમ સારભૂત હોવાથી પ્રમિત એટલે માપેલી-મર્યાદિત જગ્યાને આશ્રીને રહેલું છે. મોહની સેનાને દુઃખ આપવાને ઉઠેલું મારું સૈન્ય જગતમાં વ્યાપ્ત થયેલા અંધકારના સમૂહનો નાશ કરવામાં સૂર્યની તીવ્રતાને પામશે, અર્થાત્ સૂર્ય જેમ અંધકારનો નાશ કરે તેમ મારું સૈન્ય મોહની સેનાનો નાશ કરશે. સુદેવ ગુરુ તથા ધર્માદિને જણાવનાર મને જ તમો ભાસ્વર કહો. જે મોહ વિદ્વાનોને પણ મૂઢતા પમાડે છે તે શું ભાસ્વર કહેવાય ! અર્થાત્ નહીં થોડા પણ ભવ્ય જીવોએ મારો આશ્રય કરેલો હોવાથી હું સર્વોપરિ છું, કેમ કે એક પણ લક્ષ્મીવાળો આધીન હોય તે સારો, પણ કરોડો એવા નિર્ધનોથી શું ફળ ? હું અનારોગ્ય હોવાથી મોહે સ્વેચ્છાનુસાર પ્રવૃત્તિ કરી છે, પણ હવે હું નિરોગી થયો હોઈને તેના ઘણા આયુષ્યની ખબર પડશે. મોહ પુદ્‌ગલસંબંધિ અને ક્ષણિક એવું બાહ્ય સુખ આપે છે અને હું તો અંતરંગ સ્વસંવેદ્ય પોતાના આત્માથી જાણી શકાય તેવું અને અવિનાશી સુખ આપું છું. મહેલોમાં જે મનુષ્યો વિલાસ ભોગવે છે તે તત્વથી તો મારા પ્રસાદથી જ છે કારણ કે પૂર્વે વિવેક પૂર્વક કરેલાં સુકૃતનું તે ફળ છે. પણ મોહ તુષ્ટમાન થયે તો મનુષ્યોનો નિવાસ નિશ્ચે નરકમાં જ થાય છે.

હે સંધિપાલકો ! શત્રુઓ પાસેથી નાશી જવામાં અથવા મહાસાગર તરવામાં એકલો કે કુટુંબવાળો એ બે માંથી કોણ સુખી તે તમે જ સાચું કહો ? કર્મરુપી વૈરીથી ભય પામતા જીવને અથવા ભવસમુદ્ર

તરવાની ઇચ્છાવાળા જીવને હું એકાકીપણુ ગ્રહણ કરાવું છું અને મોહ કુટુંબ ગ્રહણ કરાવે છે, તમે જ કહો કોણ હિતકારી છે ? યૌવનમાં મદિરાપાન કરતી ટોળીના શરીરમાં મારો નિવાસ થતો નથી, પણ અશુચિથી રહિત એટલે નિર્મળ થયેલ શરીરની ખાત્રી થયે હું તેનો આશ્રય કરું છું. શિવકુમારાદિની જેમ યૌવન અવસ્થામાં પણ જેનાં શરીર પવિત્ર થયાં છે ત્યાં હું વસું છું, કેમ કે હંસ મલીન પાણીમાં વસતો જ નથી. કહ્યું છે કે - પ્રથમ વયમાં જેઓ વિષયથી શાંત થયા તેજ ખરેખર શાંત છે એમ મારું માનવું છે, કેમ કે ધાતુનો ક્ષય થયા પછી કોને શાંતિ થતી નથી? પણ આ મોહ તે ન્યાયનો લોપ કરીને પ્રાણીઓને લંપટપણું કરાવનારો સમાધિનો નાશ કરવાવાળો અને દુઃખરુપ વૃક્ષસમૂહના મનોરથ તુલ્ય છે. વળી એ મોહની સેનાના જે મુખ્ય અધિકારીઓ છે તે પણ લોકોના સુખના શત્રુઓ છે, પણ તે યુક્ત જ છે કે જાતિવાન સેવકો સ્વામીને અનુસરતી ક્રિયાવાળા હોય જ.

નિષ્ઠુર એવા મોહે કૃષ્ણ મહારાજનું શવ ઉપડાવવા વડે બુદ્ધિવાન એવા બલભદ્રને પણ છ માસ પર્યંત વિડંબના પમાડી છે.

ક્રોધથી કંસાદિક, માનથી દુર્યોધનાદિક, દંભથી ઉદાયી રાજાને મારવાવાળા અને લોભથી સુભૂમ ચક્રવર્તી આદિ નાશ પામ્યા છે,

પ્રમાદથી કંડરીકાદિ, કામથી ચંડપ્રદ્યોતાદિ,

રાગથી વિક્રમ સરખા અને દ્વેષથી કોણિકાદિ અનેક પ્રકારની પીડા પામ્યા છે. તેમજ વ્યસનથી મૂલદેવાદિ, મિથ્યાત્વથી કપિલાદિ, અને પાખંડિઓના સંસ્તવ પરિચયથી ચારુદત્તાદિ સુખથી ભ્રષ્ટ થયા છે. કારણ વિનાનો શત્રુ આ મોહ જગતના જીવોની કદર્થના કરતો હોય, હું બળવાન અને સૈન્યસહિત છતાં તેના પ્રત્યે ઉદાસીન થઇને કેમ બેસી રહું ? મારા સૈન્યમાં અનેક શૂરવીર સુભટો હોવા છતાં હે સંધિપાલકો ! તમો કહો કે તેઓએ કોઇ પણ કાળે, કોઇ પણ કારણથી કોઇ પણ માણસને ક્લેશ પમાડ્યો છે. **'ધર્મથી જય અને પાપથી ક્ષય'** એ કહેવત ખરી હોય તો,

સત્પુરુષોનો દ્રોહ કરવામાં ઉત્સુક એવા મોહને હું નિશ્ચે જીતીશ. જન્મથી માંડીને આ મોહથી થતા મહાન પરાભવોને જે અમે સહન કર્યા છે, તેજ પરાભવો આજે તેનું ઉન્મૂલન કરવાને સહાયકારી થયા છે. આ પ્રમાણે મને સુપરિવાર મળ્યો છે છતાં જો હું રણમાં શત્રુનું ચૂર્ણ કર્યા સિવાય હવે જીવું તો હું લજ્જા ન પામું ?

આ પ્રમાણે મહાત્મા વિવેકનો નિશ્ચય સાંભળીને સંધિપાલકો સંધિ કર્યા સિવાય જેમ આવ્યા હતા તેમ પાછા ગયા.

હવે પ્રતિક્ષણે ઉલ્લાસ પામતી રણસંગ્રામની આશાથી વિકસિત થયેલા શરીરવાળો વિવેકરાજા ધૈર્યતાવાળી વાણીથી સૈન્યના લોકોને કહેવા લાગ્યો કે, ''હે સૈનિકો ! આપણને મોહ સાથેનું યુદ્ધ તુરતમાં ઉપસ્થિત થયું છે, કેમ કે શૂરવીરો માટે યુદ્ધ જ સત્વની કસોટિરુપ છે. તમારા જેવા સહાય કરનારાના બળથી જ આ યુદ્ધનું કામ મેં આરંભ્યું છે, જો સહાયકોની જરુર ન હોત તો તે મોહ અને હું વિવેક આટલો વખત શા માટે વિલંબ કરત ? લાવણ્યવતી સુંદર કન્યાને પરણવામાં જે આનંદ નથી થતો, તે આનંદ વીરપુરુષોને રણસંગ્રામ રુપ વેદિકા અર્થાત્ ચોરીની અંદર જયલક્ષ્મી વરવામાં થાય છે. યુદ્ધને વિષે જે વીરપુરુષોના શરીરની શોભા શસ્ત્રના ઘા થી ઝરતા રુધિરના પ્રવાહથી થાય છે તેવી શોભા ચંદનના વિલેપનથી થતી નથી. સંગ્રામમાં બલવાન પુરુષોનું મન સન્મુખ આવતા શસ્ત્રના પ્રહારથી જેવું પ્રમુદિત થાય છે તેવું તેઓનું મન હાર, માળા કે કુંડલથી પ્રમુદિત થતું નથી. બળવાનો માટે સંગ્રામ સિવાય બીજું તીર્થ નથી, કેમ કે સંગ્રામમાં અધિક પરાક્રમવાળા પુરુષો મૃત્યુ પામીને દેવપણે ઉત્પન્ન થાય છે. વનમાં પ્રવેશ કરતા હસ્તિઓને વેળા જેમ રોકી શકતા નથી, તેમ સ્ત્રી હાથી અને રાજ્યલક્ષ્મીની ઇચ્છાથી રણમાં પ્રવેશ કરતા ક્ષત્રીઓને કોઇ રોકી શકતું નથી. ખડગરૂપ તાલથી અને ધનુષના શબ્દરુપ સ્ફુરાયમાન થતા મૃદંગના શબ્દોથી રણસંગ્રામરૂપ રંગમંડપમાં વીરપુરુષોની કીર્તિરુપી નટી અત્યંત નાચ કરે છે. જ્યાં સુધી શત્રુનું સૈન્ય

દૂર હોય ત્યાં સુધી વીરપુરુષોને પોતાના પ્રાણ વહાલા હોય છે, પણ શત્રુનું સૈન્ય દૃષ્ટિગોચર થયે તેઓ પોતાના પ્રાણને તૃણસમાન ગણે છે. હે સંગ્રામમાં જય મેળવવા વાળા સુભટો ! સ્વામીએ પૂર્વે સ્નેહપૂર્વક જમાડેલા અને પોષણ કરેલા જે સેવકો, સ્વામિના માથે આફત આવી પડ્યા છતાં પણ પોતાના પ્રાણને તૃણની સમાન નથી ગણતા તે સ્વામીના ઋણ રહિત કેમ થશે ? વાહન, કવચ અને શસ્ત્ર એ સર્વ બાહ્યાડંબર છે, પણ જેમને હૃદયનું સાહસ છે તેઓ જ વસ્તુતઃ જયનું સ્થાન છે. માટે હે સૈનિકો ! તમે અધિક સત્વવાળા થઈને મોહના સૈન્યની સાથે યુદ્ધ કરશો તો હું ધારું છું કે શત્રુઓને દૂર કરીને તમે અવશ્ય જયલક્ષ્મી મેળવશો.

## વિવેકનો પરિવાર પરિચય

હવે તમારામાં કોનું કેટલું સામર્થ્ય છે ? કોનો કેટલો પરિવાર છે? કોણ ક્યા વૈરીને જીતી શકે તેમ છે ? અને કયે સમયે કોણ યુદ્ધ કરવા ઉઠશે તે કહો ?

ત્યારે ભવવિરાગ નામનો તેનો પુત્ર ઉજ્વળ વચન વડે કહેવા લાગ્યો કે સ્વામીની પાસે સેવકોએ પોતાના ગુણોનું વર્ણન કરવું તે યુક્ત નથી. છતાં પણ સ્વામિના પ્રશ્નનો ઉત્તર દેવામાં સેવકો આળસ કરે તો પાપના બીજરુપ અવગણના થાય, તે માટે અમે કિંચિત્ કહીએ છીએ કે, ''હે સ્વામિન્ ! અનેક ભવરુપ ખાડામાંથી કુક્ષિ પ્રમાણ મનુષ્ય ક્ષેત્રમાં રહેલા ભક્ત જનોનો, અનેક પ્રકારનાં રુપ કરીને ઉદ્ધાર કરવામાં હું સમર્થ છું. વળી મહાન દુઃખના હેતુભૂત ચલ અને અચલ વસ્તુઓ પ્રત્યે પ્રાણીઓની બુદ્ધિ જે વિપરીત પણે વર્તે છે તેને છેદવાને હું સમર્થ છું. વળી શ્રોતેંદ્રિયના વિજયરુપ સેવકો મારો અંતરગ પરિવાર છે. અને કરકંડુ આદિ રાજાઓ અનેક પ્રકારનો મારો બહિરંગ પરિવાર છે. હું દેશવિરતિ આદિ ગુણસ્થાનકની ભૂમિ પામીને યુદ્ધ કરવાને અવસરે ખરેખર શત્રુનો સંહાર કરવાને તમારી આગળ ઉભો રહીશ.

હવે ગયો છે ખેદ જેનો એવા સંવેગ અને નિર્વેદ વિવેકરાજાને કહે

છે કે હે દેવ ! ભવ્ય જીવો પ્રત્યેનો મોહનો સ્નેહ દૂર કરવાને અમે સમર્થ છીએ. ઉદાસીનતા, અહિંસા અને અદ્રોહ પ્રમુખ અમારો અંતરંગ પરિવાર છે, જેને યુધિષ્ઠિર પ્રમુખ રાજાઓ અવસરે અમને ભજે છે. અપ્રમત્ત નામના સાતમા ગુણસ્થાનકથી જાગૃતિ કરીને હળવે-હળવે રાગદ્વેષને અમે વધને ઉચિત એટલે નામ માત્ર બાકી રહેશે તેવા કરી દેશું.

આ પ્રમાણે વિવેકરાજાના ત્રણ પુત્રોએ પ્રગટપણે પોતાનું બળ કહી બતાવ્યા પછી મહાન વક્તા સમ્યગ્દૃષ્ટિ પ્રધાન કહે છે કે ''હે સ્વામિન્ ! અનાદિ સંસારરુપ પ્રવાહના પુરમાં પડેલા જીવોને તેમાંથી ઉદ્ધરીને થોડા વખતમાં હું કિનારે પહોંચાડું એવી શક્તિ મારામાં છે. દેવતત્વ, ધર્મતત્વ અને ગુરુતત્વ રુપ માર્ગની દિશામાં મૂઢ થયેલા જીવોને વિચારણારુપ અંજન વડે તેના મતિભ્રમને હું દૂર કરી શકું છું. આસ્તિકતા શ્રદ્ધા સ્થૈર્યતા અને નિપુણતા પ્રમુખ મારો મુખ્ય અંતરંગ પરિવાર છે, જેને સત્યકિ તથા શ્રેણિકાદિ રાજાઓ નિરંતર સેવે છે. ચોથા ગુણસ્થાનને પામીને હું ઉદ્યમવાન થતાં જ મોહરાજાના મિથ્યાદષ્ટિ નામના પ્રધાનનો નિશ્ચિત નાશ થશે.''

હવે સમભાવ કહે છે ''હું પ્રાણીઓના સંતાપને દૂર કરવાને સમર્થ છું. મારા વિના જગત જાણે અગ્નિથી સ્પર્શાયેલું હોય તેમ તપ્યા કરે છે. સ્વસ્થતા, શીતલતા અને જગતના જીવોની સાથે મૈત્રી પ્રમુખ મારો અંતરંગ પરિવાર છે, જેનો સાગરચંદ્રકુમાર તથા નાગદત્તાદિ વીરપુરુષો આશ્રય કરીને રહ્યા છે. મહાન સંભ્રમવાળો અને અસત્ માર્ગને રોકવાવાળો હું નવમા ગુણસ્થાનકને વિષે ક્રોધ યોદ્ધાને પરિપૂર્ણપણે યમને ધામ પહોંચાડીશ.''

## સમતા

અનાદિ કાળના સંસ્કારો...
વિષય-કષાયની મલીનતા...
આત્માને ૪ ગતિ ૮૪ લાખ જીવાયોનિમાં ભટકાવતી રહી... આપણે

ભટકતાં રહ્યા...

પુણ્ય જાગ્યું... ધર્મ મળ્યો... સમજાયો...

હવે સાધનામાં લાગી જઈએ.

મહાત્માઓના જીવનમાં કેવા કેવા ઉપસર્ગો આવ્યા... આવા ઉપસર્ગોમાં તેઓ કેવા અડગ રહ્યા. અચળ રહ્યા...સમતારસનું પાન કરતા-કરાવતા ગયા... ક્રોધને હરાવી અદ્‌ભૂત આત્મજીતના નગારા વગાડતા રહ્યા... સાંભળતાં જ મસ્તક ઝુકી જાય મોઢામાંથી શબ્દો સરી પડે - **કરી સમતાના પાન વર્યા મુક્તિ સોપાન...**

દ્વારાવતી નગરી...

ત્યાં વસે છે બળદેવ...

બળદેવને નિષધ નામે પુત્ર હતો...

સાગરચંદ્ર નામે પ્રપૌત્ર હતો...

દ્વારાવતી નગરીના રાજા હતા ધનસેન...

એની પુત્રી હતી કમલામેલા...

ધનસેન રાજાએ પુત્રી કમલામેલા ઉગ્રસેનના પુત્ર નભસેનને આપી હતી.

એકદા નારદજી ફરતા ફરતા નભસેનને ત્યાં પધાર્યા... નભસેનના ઘરમાં વિવાહની ધમાલ હતી... બધા પોતાના કામમાં વ્યસ્ત હતા... કોઈને નારદજીના આગમનનું લક્ષ ન રહ્યું. એમની આગતા-સ્વાગતા ન થઈ. નારજીને પોતાનું અપમાન લાગ્યું... અંતરમાં ગુસ્સો લઈને તે ત્યાંથી નીકળી ગયા અને સીધા સાગરચંદ્રની પાસે ગયા.

સાગરચંદ્રે નારદજીનું સ્વાગત કર્યું... માન આપ્યું... સન્માનથી એમને સિંહાસન ઉપર બેસાડ્યા... સાગરચંદ્રના માન-સન્માનથી ખુશ થયેલા નારદજીએ વાતો વાતોમાં મમરો મુક્યો - ''સાગરચંદ્ર ! તું યુવાન છે... સુંદર છે... અપરિણીત છે. મેં તારા યોગ્ય કન્યા જોઈ છે. શું એનું રૂપ છે ? સ્વર્ગની અપ્સરાને પડખે રાખે એવી છે. બોલે છે તો જાણે મોઢામાંથી ફુલ ઝરે છે. અદ્‌ભૂત રૂપ અને ગુણનો સંગમ છે.'' કન્યાના ઘણા જ વખાણ કર્યા.

સાગરચંદ્ર કન્યાના વખાણ સાંભળી પૂછી ઉઠ્યા - ''કોણ છે આવી કન્યા ? શું નામ છે એનું ? કોની કન્યા છે ? પરિણિત છે કે અપરિણીત ?''

નારદજીએ કહ્યું - ''ધનસેન રાજાની કમલામેલા નામની રાજકન્યા છે. એના લગ્ન તો નથી થયા પરંતુ વેવિશાળ થઈ ગયું છે.''

સાગરચંદ્રને વિચાર કરતો મૂકીને નારદજી પહોંચ્યા કમલામેલા પાસે.

કમલામેલાએ નારદજીનું સ્વાગત કર્યું. ખબર અંતર પૂછ્યા અને કાંઈ નવીનતા હોય તો જણાવવા કહ્યું.

નારદજીએ કહ્યું - ''વત્સ ! હું નભસેનને પણ મળીને આવ્યો અને સાગરચંદ્રને પણ મળી આવ્યો.''

કમલાએ વચ્ચે જ પ્રશ્ન કર્યો - 'નભસેન તમને કેવા લાગ્યા ?'

નારદજીએ કહ્યું - ''કમલામેલા જેવું જોયું તવું જણાવું છું. મનમાં ખોટું લગાડીશ નહીં. નભસેનના રૂપમાં ક્યાશ દેખાણી જ્યારે સાગરચંદ્રમાં અદ્‌ભૂત રૂપના દર્શન થયા.'' સાગરચંદ્રના વિશેષ વખાણ કર્યા. કમલામેલા ધ્યાનથી સાગરચંદ્રના વખાણ સાંભળતી રહી. નારદજી તો ચાલ્યા ગયા પણ કમલાના મનમાં સાગરચંદ્ર પ્રતિના રાગના બીજ વાવતા ગયા.

સાગરચંદ્ર કમલામેલાના વિચારોમાં ખોવાયેલા હતા ત્યાં સાંબકુમાર આવ્યો. પાછળથી ધીમે રહીને એણે સાગરચંદ્રની આંખો ઉપર હાથ મુક્યો. સાગરચંદ્રના મુખમાંથી સહજતાથી શબ્દો સરી પડ્યા - ''કોણ કમલામેલા ?''

સાંબકુમાર ખડખડાટ હસતાં બોલી ઉઠ્યા - ''હું કમલામેલા નહીં કમલામેલક છું.''

વિચાર શ્રૃંખલામાંથી જાગેલા સાગરચંદ્રે સાંબકુમારને આવકાર્યો અને એની પાસે સરળતાથી બધી જ વાત કહી. સાંબકુમારે કમલામેલાને મેળવી આપવાનું વચન આપ્યું. આપેલા વચનને પૂરું કરવા સાંબકુમારે પ્રદ્યુમ્ન પાસેથી માયા કરીને પ્રજ્ઞપ્તિ વિદ્યા મેળવી.

કમલામેલાનું જે દિવસે લગ્ન ગોઠવાયું એ જ દિવસે સાંબકુમારે પ્રજ્ઞપ્તિ વિદ્યાના બળથી યાદવો સહિત કમલામેલાને ઉપાડી - ઉદ્યાનમાં લઈ ગયો. ત્યાં તેણીનું સાગરચંદ્ર સાથે લગ્ન કરાવ્યું.

કમલામેલાના પિતા એવં પરિવારજનોને અપહરણ થયાનો ખ્યાલ આવ્યો ત્યારે એમણે ઘણી જ શોધ કરી પરંતુ કમલામેલા ન મળી. કમલામેલાનું કોઈ વિદ્યાધરે અપહરણ કરીને એને કોઈ ઉદ્યાનમાં રાખી છે

એવા સમાચાર મળતાં જ બધા શ્રીકૃષ્ણ પાસે ગયા અને ફરિયાદ કરી.

શ્રીકૃષ્ણ એમની સહાયતા માટે મોટી સેના સાથે ઉદ્યાનમાં ગયા જ્યાં ભયંકર યુદ્ધ થયું. સાંબે વૈક્રિય લબ્ધિથી અનેક રૂપો કરી શ્રી કૃષ્ણ સાથે યુદ્ધ કર્યું અને મૂળ રૂપે પ્રગટ થઇ શ્રી કૃષ્ણના શરણે આવ્યા. શ્રી કૃષ્ણને બધી જ વાત કહી. શ્રીકૃષ્ણે કમલામેલા સાગરચંદ્રને આપી.

આ પ્રસંગથી નભસેન અત્યંત ક્રોધાયમાન થયો પરંતુ કાંઇ જ ન બોલતાં મનમાં વેરની ગાંઠ વાળી લીધી. ક્યારે તક મળે અને ક્યારે સાગરચંદ્ર સાથે બદલો લઉં.

સમય વીતતો ગયો...

એકદા શ્રી નેમિનાથ ભ. ની દેશના સાંભળી સાગરચંદ્રે શ્રાવકના બાર વ્રતનો સ્વીકાર કર્યો.

એકદા સાગરચંદ્ર પૌષધવ્રત લઇ સ્મશાનમાં કાયોત્સર્ગમાં રહ્યા. શુભ ધ્યાનમાં લીન થયા... દેહભાન ભૂલી ગયા... આત્મભાવમાં સ્થિર થયા.

કુદરતનું કરવું થયું... યોગાનુંયોગે નભસેન ત્યાં આવ્યો... સાગરચંદ્ર ઉપર નજર પડી.. .ભૂતકાળનું વેર જાગૃત થયું.... બદલો લેવાની આ શ્રેષ્ઠ તક છે એવું માની સળગતા અંગારાથી ભરેલી એક ઠીબ સાગરચંદ્રના મસ્તકે મૂકી દિધી. વિના વિલંબે કોઇ ન જુએ એમ નભસેને ત્યાંથી વિદાય લીધી.

અગ્નિએ પોતાનું કાર્ય કર્યું... ધીમે ધીમે મસ્તક તપવા લાગ્યું... અગ્નિ આગળ વધ્યો... બળવું ને બાળવું તો એનો સ્વભાવ છે... ક્ષણે ક્ષણે વધતા અગ્નિથી આખું શરીર બળવા લાગ્યું... અપાર વેદના થવા લાગી છતાં સાગરચંદ્ર આત્માદશામાં... સમતામાં લીન છે. એ તો વિચારે છે દેહ બળે છે... હું ક્યાં બળું છું ? આત્મા તો અજરામર છે. એ તો બળતો નથી... મરતો નથી...

અગ્નિથી કાયા રાખ બની... શુભધ્યાનમાં એકતાન આત્મા આઠમાં દેવલોકમાં પહોંચી ગયો...

સમતાધારી... ઉપસર્ગ વિજેતાઓને અંતરના ભાવે વંદના...

આવા મહાપુરુષોનું આલંબન લઇ... એમના ગુણવંતા જીવનની અનુમોદના કરી.. એમના પગલે... પગલે આગળ વધવા પુરુષાર્થ આદરીએ... પુરુષાર્થ વિના ક્યારે પણ સિદ્ધિ મળતી નથી. જાગી જઇએ...

સાધનાના પંથે સાવધાન બની સમતાના સથવારે આવતા નાના મોટા ઉપસર્ગોને સહન કરી કર્મક્ષય દ્વારા સફળતા અને સિદ્ધિના શિખરો સર કરીએ.

## માર્દવ

હવે માર્દવે ઉંચે સ્વરે કહ્યું -''હે દેવ ! માનથી સ્તંભિત થયેલા એટલે અક્કડ રહેલા આ જગતના જીવોને મારા પરાક્રમથી તત્કાળ નેતરની જેમ હું નમાવું છું. આત્મિક બોધ પામવા અથવા સંશય દૂર કરવા, પ્રશ્ન પૂછવા, પ્રણામ કરવા, અને ગુણી મનુષ્યોનું સન્માન કરવું વિગેરે મારો અંતરંગ પરિવાર છે. જેને સુનંદાના પુત્ર અભયકુમાર તથા ઈન્દ્રભૂતિ આદિ સુભટો બહુમાન પૂર્વક સેવે છે. અનિવૃત્તિ નામના નવમા ગુણસ્થાનકે હું વેગથી ઉદ્યમવાન થતાં જ અહંકાર એક હુંકારમાત્ર કરવાને સમર્થ થશે નહિં.''

## આર્જવ

હવે આર્જવ નામનો સામંત કહે છે ''હે સ્વામિન્ ! ઈષ્ટ જીવોનાં વિષમ એવા વાંકા મનને પણ એક ક્ષણમાં સીધા કરવાને હું સમર્થ છું. સરળ પણે વાતચિત, વિશ્વાસ અને વિશ્વને વલ્લભ અનેક અંતરંગ સુભટો મારી પાસે છે તેઓ મારા જીવવાથી જ જીવે છે. રાજાએ પુછવાથી સદ્ભાવ પૂર્વક યથાસ્થિત વાત કહેનાર ક્ષુલ્લકકુમારાદિ મારા બહિરંગ સેવકો છે. અનિવૃત્તિ નામના નવમા ગુણસ્થાનકે સંગ્રામ કરવાની દીક્ષા એ દીક્ષિત અને ઉદ્યમવાન થયેલો એવો જે હું, તેની આગળ દંભ શું કરી શકશે ?''

## સંતોષ

હવે સંતોષ કહે છે ''ઉંડી, મોટી અને અખંડીત વિસ્તારવાળી તૃષ્ણારુપ નદીને શોષવી નાખવાને હું સમર્થ છું. સમાધિ, ધૈર્ય અને મધુરતા એ મારો શ્રેષ્ઠ અંતરંગ પરિવાર છે અને અતિમુક્ત કુમાર તથા કપિલાદિ સુભટો ભક્તિપૂર્વક મને ભજે છે - સેવે છે. તે બહિરંગ

પરિવાર છે. નવમા અને દસમા ગુણસ્થાનકે લડાઇના આગ્રહને વિસ્તારતો હું, નહિં દેખેલી ભૂમિ પ્રત્યે પણ લોભને ક્ષોભ પમાડીશ.''

## ઉત્સાહ

વિદ્વાન પુરુષોને વિષે અહંપણાને ધારણ કરતો ઉત્સાહ નામનો સેનાધિપતિ કહે છે ''હે રાજન્ ! હું સઘળા શૂરવીર પુરુષોના કાર્યસિદ્ધિનું કારણ છું. ખેદરહિતપણું અને શીઘ્રતાપણું એ મારો અંતરંગ પરિવાર છે, જેને ઇંદ્રનો નાનો ભાઇ વામન અને મહાગિરિ આદિ સેવકો ભજે છે તે મારો બહિરંગ પરિવાર છે. સર્વે ઉત્તમ ગુણસ્થાનકોને વિષે હું ઉદ્યમવાન થવાથી જેમ વૃદ્ધત્વથી જર્જરીત થયેલી ગાય ઝંઝાવાતથી કંપાયમાન થાય, તેમ શત્રુની સેના મારા વડે કંપાયમાન થઇ જશે.'

## તત્વ નિર્ણય

ત્યારે વિમલબોધ નામનો કોટવાલ બીજાઓ ક્ષોભ પામે એવાં વચનો વડે કહેવા લાગ્યો કે - ''હું આ સર્વ ભાઇઓને મારા તેજથી નિરોગી કરવાને સમર્થ છું. સારાં સારાં સૂક્ત તત્વનો નિર્ણય અને ઉત્તમ શાસ્ત્રો વિગેરે મારો અંતરંગ પરિવાર છે અને ધર્મરુચિ, શિવરાજર્ષિ, વજ્રસ્વામી અને આર્યરક્ષિતાદિ મને સેવે છે તે બહિરંગ પરિવાર છે. ચોથા ગુણસ્થાનકથી માંડીને આગળના સર્વ ગુણસ્થાનકમાં યુદ્ધ કરવાવાળા બળવાન સુભટોને, શત્રુનો સંહાર કરવામાં હું સહાયકારી થઇશ.''

## વિમલ બોધ

આત્મા...
અનંત જ્ઞાન-દર્શન-સુખનો સ્વામિ !
આજે કર્મની જંજીરોમાં જકડાયો...
એનો ઉદ્ધાર ક્યારે ?
**વિવેક અને વિમલબોધ મળે ત્યારે...**
આવો સમજીએ આ સત્યને...

રાગ અને દ્વેષની સંતાકુકડી...

ક્ષણમાં રાગ... ક્ષણમાં દ્વેષ...

ક્યાં કરવો ?... કોના ઉપર કરવો ?...

કેટલો કરવો ?... કેવી રીતે કરવો ?...

આ વિચારણાનો અને વિવેકનો અભાવ જીવને કેટલી નીચી કક્ષાએ લઈ જાય છે કે જીવ ઋષિ... સંત... સાધુ... મુનિને સંતાપવા સુધી પહોંચી જાય છે... સ્વયં નીચે પડે છે... અન્યને નીચે પાડવામાં નિમિત્ત બને છે.

વરસોના વાણા વીતી ગયા...

વાત આજ ભરતક્ષેત્રની...

ધર્મરૂચિ અણગાર હતા... જ્ઞાની હતા.. ધ્યાની હતા... આરાધક હતા... અપ્રમત્તપણે આરાધના કરતા એમણે અનેક લબ્ધિઓ અને સિદ્ધિઓ પ્રાપ્ત કરી હતી. આ લબ્ધિઓમાં એક હતી તેજોલેશ્યાની લબ્ધિ...

લબ્ધિ સિદ્ધિઓની વચ્ચે એમના જીવનની એક નબળાઈ હતી તીવ્ર કષાયોદય... જીવનની એક નબળાઈ ઘણી સિદ્ધિઓને બાળીને ભસ્મીભૂત કરી નાંખે છે... આવી જ કાંઈક પરિસ્થિતિ હતી ધર્મરૂચિ અણગારની. વિહાર કરતાં કરતાં તેઓ ગંગા નદિના કિનારે પહોંચ્યા... એમને નદી પાર કરવી હતી.. .પહેલાના સમયમાં આજની જેમ નદી ઉપર પુલ ન હતા... સાધુને નદી પાર કરવા નૌકાનો ઉપયોગ કરવો પડતો હતો... ધર્મરૂચિ મુનિ હોડીમાં બેઠા... નંદ નાવિકે પૈસા માગ્યા... મુનિરાજે ઘણું સમજાવ્યું... પરંતુ નાવિક ન સમજ્યો ન માન્યો... મુનિને ઉપસર્ગ કર્યો... મુનિ દ્વારા તેજોલેશ્યા છોડાઈ... નંદ નાવિક બળીને રાખ થયો... મનમાં કટુતા લઈ પરલોકમાં પ્રયાણ કર્યું... માનવભવ ગુમાવી ભીંત ગરોળી બન્યો...

ધર્મરૂચિ મુનિને પશ્ચાતાપ થયો... પ્રતિક્રમણ કરી પોતાની ભુલ માટે ક્ષમાયાચના કરી... મિચ્છામિ દુક્કડં કર્યું...

જ્યાં ધર્મરૂચિ મુનિ રોકાયા હતા ત્યાં જ નંદ નાવિકનો જીવ ભીંત ગરોળી બન્યો હતો. ધર્મરૂચિ મુનિને જોઈને એમના પ્રતિ દ્વેષ ભાવ જાગ્યો... મુનિ જ્યાં જાય એમના ઉપર કચરો નાંખે. કેવા છે કટુતાના બીજ ? મુનિ એને દૂર હટાવે છે એ વારંવાર મુનિ ઉપર આવે છે. મુનિ ઉપર કચરો નાંખે છે. મુનિ એના ઉપર કોપાયમાન થઈને તેજોલેશ્યા મૂકે છે. એને બાળી નાંખે છે.

ભીંત ગરોળી મરીને ગંગા નદીમાં હંસ થાય છે.

ધર્મરૂચિ મુનિ પોતાની ભૂલનો પશ્ચાતાપ કરે છે... પ્રતિક્રમણ કરી વારંવાર મિચ્છામિ દુક્કડં કરે છે.

ધર્મરૂચિ મુનિ ગંગાનદિના કિનારે કાયોત્સર્ગ ધ્યાનમાં સ્થિર છે. ઠંડીના દિવસો છે... કડકડતી ઠંડી પડી રહી છે... ત્યાં ગંગાનદીમાં રહેલો હંસ (નંદ નાવિકનો જીવ) ધર્મરૂચિ મુનિને જુએ છે અને ફરી એના અંતરમાં વૈરના ભાવ જાગૃત થાય છે... ધર્મરૂચિ મુનિને કેવી રીતે હેરાન કરી શકું ? કેમ મારી નાખું ? એમ વિચારે છે. કશું જ કરવાની શક્તિ નથી છતાં પોતાના પંખ દ્વારા ઠંડા પાણીનો ઉપસર્ગ કરે છે. મુનિ ભુલનું પુનરાવર્તન કરે છે. સમતા ચૂકે છે. કષાયને આધીન બને છે. ફરી હંસ ઉપર તેજોલેશ્યા છોડે છે. હંસ એ જ પળે મૃત્યુ પામીને અંજનગિરિમાં સિંહ થાય છે.

મુનિ પશ્ચાતાપ કરી... ફરી ફરીને પ્રતિક્રમણ કરી... પોતાના દુષ્કાર્યને વારંવાર ખમાવે છે. મુનિ ત્યાંથી વિહાર કરે છે.

વિચરતાં વિચરતાં ધર્મરૂચિ મુનિ અંજનગિરિ ઉપર આવે છે. ત્યાં જ નંદ નાવિકનો જીવ સિંહ થયેલો છે. એકદા સિંહની દૃષ્ટિ મુનિ ઉપર પડે છે. અને મુનિ પ્રત્યેનો દ્વેષભાવ જાગૃત થાય છે. મુનિને મારવા આગળ વધે છે. મુનિ એને હટાવવા પ્રયત્ન કરે છે. પરંતુ પ્રયત્ન નિષ્ફળ જતાં ફરી ભાન ભૂલ્યા. અંતરમાંથી દયા-કરૂણા દૂર કરી નિષ્ઠૂર બની સિંહ ઉપર તેજોલેશ્યા છોડી. સિંહ ત્યાં જ તેજોલેશ્યાથી બળીને રાખ થયો. એનું પ્રાણ પંખેરૂં ઉડી ગયું. સિંહ આયુષ્ય પૂર્ણ કરી વારાણસી નગરીમાં બ્રાહ્મણ પુત્ર થયો.

સમય જતાં મુનિનો ક્રોધ શાંત થયો... પોતાની ભૂલનો ખ્યાલ આવ્યો... એમણે પશ્ચાતાપ અને પ્રતિક્રમણ કર્યું...

ધર્મરૂચિ મુનિ વિહાર કરતાં કરતાં વારાણસી નગરીની બહાર ઉદ્યાનમાં પધાર્યા... ગોચરી માટે ગામમાં જતાં બ્રાહ્મણ પુત્ર (નંદ નાવિકનો જીવ) મુનિને વારંવાર હેરાન કરે છે... મુનિ સમજાવે છે... બ્રાહ્મણ પુત્ર સમજતો નથી... વધુને વધુ ત્રાસ આપે છે. મુનિ કોપાયમાન થાય છે. બ્રાહ્મણ પુત્ર ઉપર તેજોલેશ્યા છોડે છે. બ્રાહ્મણ પુત્ર ત્યાં જ મૃત્યુ પામે છે. આયુષ્ય પૂર્ણ કરી કાશી દેશના રાજાના પુત્ર રૂપે ઉત્પન્ન થાય છે.

મુનિ વારંવાર ભુલ કરી વારંવાર પશ્ચાતાપ અને પ્રતિક્રમણ કરે છે.

સમય જતાં નંદ નાવિકનો જીવ કાશીદેશનો રાજા બને છે. એકદા માર્ગમાં જતાં રાજવીને મુનિદર્શન થાય છે... મુનિરાજને જોતાં જ જાતિસ્મરણ જ્ઞાન થાય છે... પોતાના પૂર્વ ભવો દેખાય છે... ભવપરંપરા જોઈ રહ્યો છે... ગંગાનદીમાં હું નંદ નાવિક હતો...

સભામાં ભીંત ગરોળી બન્યો...

ત્યાંથી નિકળીને ગંગાનદી કિનારે હંસ થયો...

ત્યાથી મરીને અંજન પર્વતમાં સિંહ થયો...

વારાણસી નગરીમાં બ્રાહ્મણ પુત્ર બન્યો... હવે અહીં રાજા થયો...

મારા છ-છ ભવ થયા જ્યારે મુનિરાજનો એક જ ભવ... પાંચ-પાંચ ભવમાં મેં મુનિરાજને સંતાપ્યા... તેજોલેશ્યાનો ભોગ બની આયુષ્ય પૂર્ણ કર્યું... સ્વયં તો કષાયનો ભોગ બન્યો પણ મુનિરાજના ક્રોધમાં નિમિત્ત બન્યો... એમની આરાધનામાં વિઘ્નો નાખ્યા... એમને ઉપસર્ગો કર્યા... આવા છે ક્રોધાદિ કષાયોના પરિણામો ? ના.. ના.. હવે મારે કષાય કરવા નથી... બીજાના કષાયમાં નિમિત્ત બનવું નથી. મારે તરવું છે... સહુને તારવા છે... મારે ઠરવું છે... સહુને ઠારવા છે.. મારે ખમવું છે.. મારે સહુને ખમાવવા છે. ગમે ત્યાંથી પણ એ મુનિરાજને શોધી કાઢું... એમના ચરણમાં પડી વારંવાર મિચ્છામિ દુક્કડં માગી આત્મકલ્યાણ સાધું. પરંતુ એ મુનિરાજને શોધવા ક્યાંથી ? વિચાર કરીને રાજાએ એક શ્લોક બનાવ્યો. ત્રણ પદમાં પોતાના છ ભવ જણાવ્યા, છેલ્લું પદ અધુરું રાખ્યું. દેશમાં ઘોષણા કરાવી જે અધુરા શ્લોકને પૂર્ણ કરશે એને રાજા અડધું રાજ્ય આપશે.

ગંગાનદીમાં નાવિક, સભામાં ગરોળી,<br>
ગંગા કિનારે હંસને, અંજન પર્વતે સિંહ;<br>
વારાણસીએ બ્રાહ્મણપુત્ર, અહીં થયો રાજા;

જ્યાં ત્યાં આ અડધા શ્લોકનું રટણ ચાલુ છે... બધાના પ્રયત્ન છે અડધા રાજ્યને મેળવવા માટેના. ઝવેરી શું ને શાકવાળો શું ?...

ભણેલો શું ને અભણ શું ?... બધા જ આ શ્લોકની પૂર્ણાહુતિ કરવામાં વ્યસ્ત હતા.

ધર્મરૂચિ મુનિ એ જ નગરીના એક બગીચામાં બિરાજમાન હતા. બગીચામાં રેંટ ચલાવનારના મુખે શ્લોક સાંભળી મુનિરાજના મુખમાંથી

શબ્દો સરી પડ્યા... 'એઓનો નાશ કરનારો અહીં જ આવ્યો છે.'

અર્ધુ રાજ્ય મળવાની લાલચે રેંટ ચલાવનાર રાજા પાસે પહોંચી ગયો. રાજાનો શ્લોક પૂર્ણ કર્યો. રાજા સમજી ગયા કે શ્લોકને પૂર્ણ કરનાર આ નથી. એને પૂછ્યું - 'ક્યાંથી મેળવ્યું ?'
જવાબ મળ્યો - 'મુનિ પાસેથી.'

રાજા સમજી ગયા આ એ જ મુનિ છે જેમણે મને તેજોલેશ્યાથી પ્રત્યેક ભવમાં બાળ્યો છે. આજે એમના ભાવ કેવા છે તે જાણવા પ્રથમ પ્રધાન પુરૂષોને મોકલ્યા પછી સ્વયં મુનિરાજ પાસે ગયા. દર્શન-વંદન કરી ભાવપૂર્વક મુનિને ખમાવ્યા... પોતાના ભવોભવના પાપોના મિચ્છામિ દુક્કડં કર્યા... મુનિરાજનો ઉપદેશ સાંભળી શ્રાવકધર્મનો સ્વીકાર કર્યો... સુંદર ધર્મારાધના કરી આયુષ્ય પૂર્ણ કરી દેવલોકમાં ગયા ત્યાંથી માનવભવ પામી સંયમ સાધના કરી મોક્ષપદને પામશે.

ધર્મરુચિ મુનિ પણ ખમી-ખમાવી... આરાધનાભાવમાં સ્થિર થયા અને એમણે પણ આત્મકલ્યાણ સાધ્યું.

સાધકને જગાડે... કષાયથી પાછો વાળે અને સમતાભાવમાં સ્થિર કરે એવી આ કથા છે. આવા સાધકોના જીવન મોહમાં મસ્તાન બનેલા આપણાં આત્માને ઢંઢોળી નાંખે છે... આ જીવન ક્રોધની ચિનગારીઓ પ્રગટાવી બળવાને બાળવા માટે નથી. આવું જીવન... જીવનની આવી ધન્ય ઘડીઓ જીવનના ઘડતર માટે હોય છે.

વિમલબોધને પામીને આપણે આત્મિક આરોગ્યમાં નિરોગી બનવાનું છે. ઉત્તમ શાસ્ત્રોના અધ્યયન દ્વારા તત્વ નિર્ણય શક્તિ વૃદ્ધિંગત થાય અને ક્યાંક માર્ગ ભુલ્યા હોઈએ તો પાછા માર્ગે આવવાનો ઉદ્યમ કરવાનો છે. વિભાવમાંથી પાછા ફરીને સ્વભાવમાં સ્થિરતા પ્રાપ્ત કરવાની છે.

**એ અવસરે અનુષ્ઠાન નામનો પુરોહિત આગળ આવીને કહેવા લાગ્યો કે ''હે સ્વામિન્ ! યુદ્ધમાં લડતા યોદ્ધાઓને થયેલા ઘાવ, જખમ વિગેરેની ચિકિત્સા કરીને સાંધવાનું કાર્ય હું કરી શકું છું. સ્વાધ્યાય, ધ્યાન કરવું, તેને સૂક્ષ્મ બુદ્ધિથી વિચારવાનો ઉદ્યોગ કરવો વિગેરે મારો અંતરંગ પરિવાર છે. જેને શીતલાચાર્ય, આનંદ તથા કામદેવાદિ સઘળા સુભટો**

સેવે છે. પાંચમા ગુણસ્થાનકથી આગળના ગુણસ્થાનકને વિષે મને ઉદ્યમવંત થયેલો જોઈને આળસ-પ્રમાદ પ્રમુખ શત્રુઓ મારી આગળ ક્ષણમાત્ર પણ રહેવાને સમર્થ નથી.''

એવી રીતે અનુક્રમને જાણનારા અને ઉચિતપણાનો ત્યાગ નહિ કરનારા બાકીના સર્વ સુભટોએ પણ વિવેકની આજ્ઞાથી પોતપોતાનું પરાક્રમ કહી બતાવ્યું. તે સુભટોની સ્ત્રીઓ પણ ખુલ્લા દિલથી વિવેકરાજાને એમ કહેવા લાગી કે ''હે સ્વામિન્ ! અમારા ભર્તારની સાથે રહીને શત્રુની સાથે યુદ્ધ કરતાં અમને પણ તમે જોજો. યુદ્ધને વિષે ખડ્ગના પ્રહારોથી શત્રુઓનો નાશ કરીને અમે સ્ત્રીઓનો 'અબળા'નો અપવાદ દૂર કરીશું.''

એવી રીતે પોતાના પરિવારની, બોલે છે તેવું આચરણ કરવામાં સમર્થ વાણી સાંભળીને વિવેક રાજા હર્ષથી વિકસ્વર નેત્રવાળા થયા. તે અવસરે અપૂર્વ પૂર્વાર્થથી પર્યાલોચન કરતી મોક્ષપદ ગર્ભિત એટલે મોક્ષપદને જણાવતી રણસંગ્રામના વાજીંત્રોની શ્રેણી વાગી.

તે વાજીંત્રોના નાદથી, ગારુડિક વિદ્યાના શબ્દો સાંભળીને જેમ સર્પ વ્યાકુળ થાય તેમ વ્યાકુળ થયેલો અને રોષથી લાલ નેત્રવાળો થયેલો મોહરાજા યુદ્ધ કરવાને ઉઠ્યો. ઉઠીને ઉંચે સ્વરે પોતાના સૈનિકોને કહેવા લાગ્યો કે ''હે સૈનિકો ! તમે સાંભળો, કોઈએ રસ્તામાં નહિં રોકેલો વિવેક અહિં આવી પહોંચ્યો છે. જેમ સમુદ્રના કલ્લોલ દ્વીપની ચારે બાજુ પ્રસરી જાય છે તેમ વિવેકના સુભટો મારાં સૈન્યની ચારેબાજુ પ્રસરી ગયા છે. આ તેના વાજીંત્રોનો નાદ મને કેમ કર્ણ ગોચર થયો ? કે જે લોઢાની સળી કર્ણમાં નાંખ્યા સરખી પીડા ઉત્પન્ન કરે છે. માટે હવે તમે વિલંબ કેમ કરો છો ? યુદ્ધ કરવા માટે ઉતાવળ કરો. પારેવા જેમ ચોખાનું ભક્ષણ કરે તેમ તમે તે વિવેકના સૈન્યનું ભક્ષણ કરો. તેના સૈનિકોનો નાશ કરવાથી શાખા છેદાયેલા વૃક્ષની જેમ તે રાંકડા વિવેકને પણ હું સુખેથી છેદી નાંખીશ.

## મોહરાજા પરિવાર પરિચય

પ્રથમ મને જણાવો કે તમારો દરેકનો અંતરંગ અને બહિરંગ પરિવાર કોણ છે ? કોનું કેટલું બળ છે ? કે જે શત્રુના સૈન્યરુપ પાણીને રોકવાને પાળતુલ્ય બની શકે.

## કંદર્પ

ત્યારે વૃદ્ધિ પામતા ભુજાબળના ગર્વવાળો કંદર્પ મોહને કહેવા લાગ્યો કે ''હે પિતાજી ! તમો અમારું બળ જણાવવાની આજ્ઞા આપો છો તો યથાસ્થિત છે તેમ કિંચિત્‌માત્ર કહું છું. શત્રુના સર્વ સુભટો મને જોઇને જ નાશ પામશે, કેમ કે દાવાનલ પ્રદીપ્ત થયે ઘાસનો ઢગલો બીજા અરણ્યમાં લઇ જઇ શકાતો નથી. આષાઢભૂતિ, નંદિષેણમુનિ, આદ્રકુમાર, રથનેમિ અને કુલવાલક મુનિ આદિ મારો પ્રભાવ જાણે છે, તો બીજા સામાન્ય મનુષ્યરુપ કીડાઓ તો શું ગણત્રીમાં છે ? એક વખત નાશી ગયેલો આ વિવેક ફરી પાછો આવ્યો છે તે તો મારી શક્તિથી અજાણ છે, અથવા મૃત્યુ નજીક આવેલા મનુષ્યોની બુદ્ધિ વિપરીત થઇ જાય છે.તાંબુલ, પુષ્પ, વર્ષાકાળ, હાસ્ય, શ્રૃંગાર, મૈથુન, એકાંત, વનવિહાર, સ્નાન અને સ્વાદિષ્ટ આહાર પ્રમુખ મારા પ્રીતિવાળા અંતરંગ સુભટો સ્ફુરાયમાન થઇ રહેલા છે. ચંડપ્રદ્યોત, ગર્દભિલ્લ, કમઠ, વિક્રમરાજા, મધુરાજા અને મણિરથાદિ મારી પાછળ ચાલનારા ઘણા સુભટો મારા બહિરંગ પરિવારમાં છે.''

## ચંડપ્રદ્યોતન

માનવ ભવ... જિનશાસન... દેવાધિદેવ મહાવીર સ્વામિનું સાનિધ્ય પામ્યા છતાં મોહવશ બનેલા જીવો ભોગની આશામાં અમુલ્ય જીવન હારી જાય છે. આત્માને દુર્ગતિના દ્વારમાં પહોંચાડી દે છે.

ચેડા રાજાની પુત્રી... કૌશંબીના શતાનીક રાજાની ધર્મપત્ની...

રૂપરૂપના અવતાર સમી મૃગાવતી...

રૂપ લોલુપ ચંડપ્રદ્યોતન રાજાએ મૃગાવતીને મેળવવા કૌશંબી નગરી

ઉપર ચડાઈ કરી કંદર્પના પાશમાં ફસાયેલો જીવ શું ન કરે ? એ જ રાતે શતાનીક રજા અકસ્માત મૃત્યુ પામ્યો. સમયને પારખી પોતાના શીલના રક્ષણ માટે મૃગાવતીએ ભોગની આશા બતાવી ચંડપ્રદ્યોતન રાજા પાસેથી કૌશંબીના કિલ્લાને મજબૂત કરાવ્યો અને વિપુલ અનાજ-પાણીનો સંગ્રહ કરાવ્યો... પછી કિલ્લાના દ્વાર બંધ કરાવી પ્રભુ મહાવીર પધારે તેની રાહ જોવા લાગી.

પુણ્ય જાગ્યા... પ્રભુ મહાવીર પધાર્યા... કિલ્લાના દરવાજા ખોલાવી પ્રભુજીના સમવસરણમાં મૃગાવતી મહાસતી આવ્યા. પ્રભુજીની દેશના સાંભળી વૈરાગ્ય પામી. સર્વ પર્ષદાની સમક્ષ ચંડપ્રદ્યોતનની રજા લઈ સંયમનો સ્વીકાર કર્યો. ચંદનબાળાના શિષ્યા બન્યા. જ્ઞાન-ધ્યાન અને સંયમ સાધનામાં લીન બન્યા...

## રાગ

**હવે રાગ કહે છે કે ''હે દેવ ! જગતને આંધળું કરવામાં હું સમર્થ છું. હું કામને અને કામ મને એમ પરસ્પર અમે સહાય આપનારા છીએ. રાગ જગતને આંધળું કેમ કરે છે ? તે બતાવે છે. વિકસ્વર થયેલું કમળ ક્યાં અને ચીપડાથી ભરેલા સ્ત્રીઓનાં નેત્ર ક્યાં ? શરદ્ઋતુનું ચંદ્રમંડળ ક્યાં અને અતિ દુર્ગંધતાવાળું સ્ત્રીઓનું મુખ ક્યાં ? દેદીપ્યમાન સૂર્યકાંતમણિ ક્યાં અને થુંકથી ભીંજાયેલા સ્ત્રીઓના હોઠ ક્યાં ? કાંતિથી મનોહર એવા હીરા ક્યાં અને ધોવાથી ઉજ્વલ દેખાતા સ્ત્રીઓના દાંત ક્યાં ? પવિત્ર સૂવર્ણકળશો ક્યાં અને માંસના પિંડરુપ સ્ત્રીઓના સ્તન ક્યાં ? નિર્મલ જલની વાવડીઓ ક્યાં અને પરસેવાના ઘરરુપ સ્ત્રીઓની નાભિ ક્યાં ? આ પ્રમાણે હોવા છતાં મારા આદેશથી વિદ્વાન માણસો પણ ઘેલાની માફક સ્ત્રીઓના શરીરની ચંદ્રાદિક સાથે તુલના કરતા થકા નિર્વિશેષપણું બતાવે છે. સ્ત્રીઓનું શરીર હમેશાં ઢાકેલું, દુર્ગંચ્છાનું સ્થાન, પ્રસ્વેદ અને મેલથી વ્યાપ્ત હોવા છતાં વિદ્વાનોને પણ મેં તે શરીરને વિષે આસક્ત કરી દીધા છે. મેં દાસરુપ કરેલા માણસો મહાક્લેશથી સોનામહોરો-ધન પેદા કરીને, સ્ત્રીના અવાચ્યદેશ એટલે યોનિરુપ**

**ખાળને વિષે નાખી દે છે. વાંકી દષ્ટિ, મંદ મંદ આલાપ, ઉત્સુકતા, આલિંગન, સંભ્રમ, ચાટુ વચન, આસક્તિ, પ્રણય અગર પ્રાર્થના વિગેરે મારા હમેશના અંતરંગ સેવકો છે. ઈંદુષેણ, વિંદુષેણ, ચિલાતીપુત્ર, ઈલાચીકુમાર, સામાયિક કુટુંબી જે આદ્રકુમારનો પાછલા જન્મનો જીવ અને નલરાજા એ આદિ મારા બાહ્ય સેવકો છે.''**

ખંધકસૂરિ મહારાજા...

શ્રી મુનિસુવ્રત સ્વામિના સમયમાં થયા...

૫૦૦ શિષ્યોના ગુરુપદે બિરાજમાન હતા.

એકદા જૈન ધર્મના દ્વેષી એવા પાલકના દેશમાં આવી ચઢ્યા... પૂર્વના કોઈ મહા અશુભ કર્મનો ઉદય થયો... મરણાંત ઉપસર્ગ સામે આવ્યો... જિનશાસનને પામેલા... સમજેલા આચાર્ય ભગવંતના ૫૦૦ શિષ્યોને પાલક પાપી ઘાણીમાં પીલવા તૈયાર થયો... પાલકને સમજાવવાના બધા માર્ગ નિષ્ફળ ગયા ત્યારે આચાર્ય ભગવંત પોતાના એક-એક શિષ્યને નિર્યામણા (અંતિમ આરાધના) કરાવવા તૈયાર થયા... કટિબદ્ધ બન્યા.

''હે વત્સ ! કર્મ ખપાવવાનો અદ્વિતિય અવસર આવ્યો છે...

પાલક દોષી નથી... એના પ્રત્યે ક્રોધ કે દ્વેષ ના કરશો... આપણે ઘણીવાર ઘઉં કે બાજરો બની પીસાયા છીએ... તલ અને શેરડી બની પીલાયા છીએ... ત્યારે પીસનાર અને પીલનાર પ્રત્યે દ્વેષ કરીને બાજી બગાડી નાંખી... સંસાર વધારી નાંખ્યો... આજે સાવધાન બનવાનું છે... દેહની સાથે ભવો-ભવના કર્મ પણ પીલાઈ અને પીસાઈ જાય એવો ભવ્ય પુરૂષાર્થ આદરવાનો છે... હું દેહ સ્વરૂપ નથી.. હું આત્મસ્વરૂપી છું... દેહ નાશવંત છે... હું અવિનાશી છું... દેહ ક્ષણભંગુર છે.. હું તો અજરામર છું... મને મારવાની-મારો નાશ કરવાની કોઈનામાં તાકાત નથી.''

એક બાજુ લોહીની નદીઓ...

બીજી બાજુ માંસના લોચાઓ...

ત્રીજી બાજુ ભાંગેલા હાડકાંના ઢગલાઓ...

આ બધાની વચ્ચે વીરાગી આચાર્ય ભગવંત નિર્યામણા કરાવે...

એક એક શિષ્ય આરાધક ભાવમાં સ્થિર થઈ કૈવલ્ય લક્ષ્મી પામતો જાય. અંતગડ કેવલી બની મોક્ષ નગરીમાં બિરાજમાન થયા.

આ છે ક્ષમા... સમતાનું પરિણામ.

૪૯૯ શિષ્ય અંતગડ કેવલી બન્યા...

હવે આવ્યો બાલ મુનિનો વારો... આચાર્ય ભગવંતને બાલમુનિ ઉપર તીવ્ર રાગ છે... એના મૃત્યુને હું કેમ જોઈ શકીશ ? ના-ના પહેલા હું મરી જાઉં... પાલકને પ્રાર્થના કરી... વિનંતિ કરી.. કાકલુદિકરી. પાલક ! મારી એક વાત માની જા... પહેલા મને પીલી નાંખ પછી બાલમુનિને પીલજે... એને પીલાતો હું નહિં જોઈ શકું.

બધી પ્રાર્થનાઓ... વિનંતિઓ... કાકલુદિઓ નિષ્ફળ ગઈ... પાલક ઉપર એની કોઈ અસર ન થઈ... એને તો આચાર્ય ભગવંતને હેરાન કરવામાં જ રસ હતો. તે પોતાની જીદ ઉપર અડી રહ્યો. પહેલા તો બાલમુનિને જ પીલીશ. આચાર્ય ભગવંતે ભીની આંખે એને પણ નિર્યામણા કરાવી. એ બાલમુનિ પણ જીવન જીતી ગયા... સફળ બન્યા... સર્વ કર્મ ખપાવી મુક્તિપુરીના સ્વામિ બન્યા...

પરંતુ બાલમુનિના પીલાતા દેહને જોઈને ૫૦૦ શિષ્યોને નિર્યામણા કરાવી મોક્ષ નગરીમાં પહોંચાડનાર આચાર્ય ઉપર મોહ સવાર બન્યો... બાલમુનિના રાગે પાલક પ્રત્યે દ્વેષ જગાડ્યો. કેવી છે રાગ અને દ્વેષની રમત ? આ રમતને જે ઓળખે છે તે ભવપાર થઈ જાય છે એને ઓળખવામાં જે થાપ ખાઈ જાય છે તે અનંત સંસારમાં ભુલો પડી જાય છે. રે રાગ ! તારામાં ભુલા પડેલા આચાર્ય ભગવંત અનેકોને તારનાર સ્વયં ડૂબી ગયા. આવા તો કેટ કેટલા જીવોને તે સંસારમાં રખડાવ્યા છે. પાલક સાથે બદલો લેવાની ભાવના જાગી.

આચાર્ય ભગવંત માર્ગ ભૂલ્યા નિયાણું કરી બેઠા...

જીવનભરમાં કરેલી સાધનાને દાવ પર લગાડી દિધી...

રે રાગ ! તારા પાપે સાધક આત્મા કષાયના ચક્કરમાં ફસાયા...

મારી સાધનાના બળે હું આવતા ભવમાં પાલકના આખા પ્રદેશને બાળનારો બનું... એણે મારા સાધુઓને પીલ્યા હું એના આખા પ્રદેશને બાળીને રાખ કરી નાંખીશ.

બસ ! પાલકે આચાર્ય ભગવંતને ઘાણીમાં પીલ્યા... આયુષ્ય પૂર્ણ થયું. નિયાણાના પ્રભાવે અગ્નિકુમાર દેવ બન્યા... પાલકનો દેશ બાળી, કષાયથી પોતાનું ભવભ્રમણ વધારી નાખ્યું.

આપણા જીવનમાં આવા કોઈ રાગના તોફાન તો નથી ને ?

એક બાલમુનિના રાગે જો આચાર્ય ભગવંત આવી દુર્ગતિને પામતા હોય તો આપણા જેવા જીવો તુચ્છ વસ્તુ અને વિષયોના રાગથી કેવી પરિસ્થિતિને પામશે ? વિચાર કરી રાગથી વિરામ પામી વીતરાગતાની સાધનામાં આગળ વધીએ.

## દ્વેષ

**હવે શત્રુની સેનાને ભક્ષણ કરવાનો અભ્યાસ કરતો હોય તેમ દંભ વડે દાંતરુપ વસ્ત્રને કરડતો દ્વેષ મોહરાજાને કહેવા લાગ્યો કે, ''હે સ્વામિન્ ! વિશ્વને ભયરુપ દેખાતો જે હું તે પ્રલયકાળના અગ્નિ જેવો છું, મારી તીવ્રતાવાળી દષ્ટિની સામે કોઈ પણ ટકવાને સમર્થ નથી. મત્સર, અમર્ષ, ચાડી, મર્મોક્તિ, ચપળતા, વિગ્રહ, આક્રોશ અને નિરનુક્રોશ એટલે ઘાતકીપણું વિગેરે મારા અંતરંગ સેવકો છે. ચંડકૌશિક ઋષિ, કુલવાલક મુનિ, કમઠ, મેઘમાળી, દુર્યોધન, સંગમદેવ, અને પાલક પુરોહિતાદિ મારી પાછળ ચાલનારા અનેક બાહ્ય સેવકો છે.''**

પુણ્યવંતુ જિનશાસન...

રાગ-દ્વેષને જ સંસારનું બીજ માનતું જિનશાસન-વીતરાગની જ સેવા - ભક્તિને સ્વીકારતું જિનશાસન...

વીતરાગ બનવા માટે સાદ પાડતું જિનશાસન...

સંસારમાં જ્યાં જ્યાં રાગ છે ત્યાં દ્વેષ આવવાનો જ...

રાગ ટળશે તો દ્વેષ ક્યાંથી ટકશે.

રાગ અને દ્વેષની રમત એ જ તો સંસાર છે.

શ્રી અરિષ્ટનેમિ પ્રભુના નવ ભવ **રાગ**થી રંગાયેલા છે તો શ્રી પાર્શ્વનાથ પ્રભુના દસ ભવ **દ્વેષ**ને દર્શાવે છે.

આવો ! દ્વેષના બીજમાંથી ભવભ્રમણનું વટવૃક્ષ કેમ વિકાસ પામે

છે ? એને સમજવા પ્રયત્ન કરી આવા દ્વેષથી પોતાની જાતને બચાવવા પ્રયત્નશીલ બનીએ.

ભાઈ-ભાઈ બનીને એક બીજા પ્રત્યે દ્વેષના બીજ વાવ્યા... આ વેરની પરંપરા દસ-દસ ભવ સુધી ચાલી. કમઠનો જીવ વેર-દ્વેષ કરતો રહ્યો. દસમા ભવમાં કમઠને સત્ય સમજાયું. વેર બુઝ્યું... વેર હાર્યું... ક્ષમા જીતી. પ્રત્યેક ભવમાં પ્રભુનો જીવ ક્ષમા ધારણ કરી દેવ અને મનુષ્યના ભવ કરે છે જ્યારે કમઠનો જીવ ક્રોધ અને વેરના કારણે નરક અને તિર્યંચના ભવ કરે છે. જેનો સંક્ષિપ્ત ઈતિહાસ આ પ્રમાણે છે -

જંબુદ્વીપના ભરત ક્ષેત્રમાં પોતનપુર નગરમાં અરવિંદ રાજા રાજ્ય કરતો હતો. તે રાજાને વિશ્વભૂતિ નામે પુરોહિત હતો. તેની અનુધ્વરી નામે પત્ની હતી. એ પત્નીથી તેને કમઠ અને મરુભૂતિ નામે બે પુત્ર થયા... માતા પિતા મૃત્યુને પામ્યા પછી એ બે પુત્રોમાંથી રાજાએ કમઠને પુરોહિત પદવી આપી. તેથી ઉન્મત્ત બનેલ કમઠે પોતાના નાના ભાઈની પત્ની સાથે દુરાચાર સેવવા માંડ્યો. તે વાતની નાનાભાઈ મરુભૂતિને ખબર પડવાથી તેણે રાજાને આ વાત કરી. તેથી રાજાએ શિક્ષા કરી કમઠને કાઢી નાંખ્યો, અને મરુભૂતિને પૂરોહિત બનાવ્યો. પછી દુઃખી થયેલા કમઠે તપસી દીક્ષા લીધી. બાર વરસ સુધી તપસ્યા કરી પછી પોતાના ગામે તાપસ તરીકે આવ્યો. તેની ખબર મળતાં મરુભૂતિ પોતાના ભાઈ તાપસને ખમાવવા ગયો ત્યારે કમઠે વેરને યાદ કરી તેના મસ્તક ઉપર મોટી શીલા મારી. અહીં વેરના બીજ મજબૂત બન્યા. એ મારથી મરુભૂતિ જે પાર્શ્વનાથનો જીવ હતો તે મૃત્યુ પામ્યો.

બીજા ભવમાં મરુભૂતિ વિંધ્યાચલની અટવીમાં સુજાતક નામે હાથી થયો. અને કમઠ મરીને પક્ષીની જેમ ઉડતો એવો કુર્કુટ નામે સર્પ થયો... કોઈ વખત અરવિંદ રાજર્ષિ વિંધ્યાચલની અટવીમાં આવ્યા. તેમણે મરુભૂતિને હાથી થયેલો જાણી ધર્મોપદેશ આપ્યો... તેથી પ્રતિબોધ પામી જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થવાથી પૂર્વભવ જોયો અને વ્રત સ્વીકાર્યા. પછી તે હાથી મુનિને પગે લાગી ચાલ્યો ગયો. કુર્કુટ સર્પે હાથીને જોયો અને વેરભાવ ઉત્પન્ન થવાથી હાથીના મસ્તક ઉપર ડંખ માર્યો. તેથી હાથી શુભ ધ્યાનથી મરણ પામ્યો.

મરુભૂતિનો જીવ ત્રીજે ભવે આઠમાં દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયો અને કુર્કુટ સર્પ મરીને પાંચમી નરકે નારકી થયો.

ચોથા ભવે મરુભૂતિનો જીવ દેવલોકથી ચ્યવી આ જંબૂદ્વીપના મહાવિદેહ ક્ષેત્રમાં સુકચ્છ વિજયમાં વૈતાઢ્ય પર્વતની દક્ષિણ શ્રેણીમાં તિલવતી નગરીમાં કિરણવેગ નામે રાજા થયો. વૈરાગ્ય પામી એ રાજાએ દીક્ષા લઇ અનુક્રમે વિચરતાં વૈતાઢ્ય પર્વતના હેમશૈલ શિખર ઉપર કાયોત્સર્ગે રહ્યા. કમઠનો જીવ પાંચમી નરકના અસહ્ય દુઃખ ભોગવી ત્યાંથી નિકળી એ જ વૈતાઢ્ય પર્વત ઉપર સર્પ થયો હતો તે ત્યાં આવ્યો. એ સર્પે મુનિને જોઇ પૂર્વના વેરથી મુનિના પગમાં ડંખ માર્યો. મુનિ તેથી શુભધ્યાને મરણ પામ્યા.

પાંચમાં ભવે મરુભૂતિનો જીવ બારમા અચ્યુતદેવલોકમાં દેવ થયો અને તે કમઠનો જીવ સર્પ, મુનિનો ઘાત કરી પાંચમી નરકે ગયો.

છઠ્ઠે ભવે મરુભૂતિનો જીવ બારમા અચ્યુત દેવલોકથી ચ્યવીને આ જંબુદ્વીપના પશ્ચિમ મહાવિદેહમાં ગંધિલાવતી વિજયમાં શુભંકર નગરીમાં વજ્રનાભ નામે રાજા થયો. ત્યાં ક્ષેમંકર તીર્થંકર પ્રભુ પધાર્યા. રાજા તેમની પાસે જઇ વંદના કરી દેશના સાંભળીને પ્રતિબોધ પામી દીક્ષિત થયા. અગિયાર અંગનો અભ્યાસ કરી તે મુનિએ જંઘાચારણ લબ્ધિ મેળવી. પછી તે મુનિ લબ્ધિના બળથી સુકચ્છ વિજયમાં જ્વલન પર્વત ઉપર જઇને ત્યાં કાયોત્સર્ગ ધ્યાને રહ્યા. હવે કમઠનો જીવ પાંચમી નરકના અસહ્ય દુઃખો ભોગવી ત્યાંથી નિકળી સંસારમાં ઘણા ભવો સુધી ભટકીને એ જ પર્વત ઉપર કુરંગનામે ભીલ્લ થયો. તે ભીલ્લે સાધુને જોઇ વેર ઉત્પન્ન થતાં સાધુને બાણ માર્યું. તે બાણના ઘાથી મુનિ તરત મરણ પામ્યા.

સાતમા ભવમાં મરુભૂતિનો જીવ મધ્યમ ગ્રૈવેયકમાં દેવપણે ઉત્પન્ન થયો. મુનિઘાતના પાપથી ભીલ્લ મરણ પામી સાતમી નરકમાં નારકીપણે ઉત્પન્ન થયો.

આઠમા ભવે મરુભૂતિનો જીવ મધ્યમ ગ્રૈવેયકથી ચ્યવીને આ જંબૂદ્વીપના મહાવિદેહમાં શુભંકરા વિજયમાં પુરાણપુર નગરમાં સુવર્ણબાહુ નામે ચક્રવર્તી થયો. તે ચક્રવર્તીએ તીર્થંકર પ્રભુની દેશના સાંભળીને વૈરાગ્ય પામી દીક્ષા લીધી. દીક્ષા લઇ વીશસ્થાનક તપની સુંદર આરાધના કરી તીર્થંકર નામકર્મ ઉપાર્જન કર્યું. કમઠનો જીવ સાતમી નરકથી નિકળી વનમાં

સિંહ થયો... એકદા એ સિંહે ચક્રવર્તી મુનિને જોઇ પૂર્વભવના વેરથી મુનિને મારી નાંખ્યો.

નવમા ભવમાં શુભધ્યાનથી મરણ પામેલા એ સાધુ મરુભૂતિનો જીવ દસમા પ્રાણત દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયો અને કમઠનો જીવ સિંહ સાધુને મારી મૃત્યુ પામી ચોથી નરકમાં નારકી પણે ઉત્પન્ન થયો.

દસમા ભવે દસમા દેવલોકથી ચ્યવીને મરુભતિનો જીવ આ જંબૂદ્વીપના ભરત ક્ષેત્રની વારાણસી નગરીમાં અશ્વસેન રાજાની રાણી વામાદેવીના ઉદરમાં ચૌદ સ્વપ્ન સૂચિત ઉત્પન્ન થયા... પાર્શ્વપ્રભુ થયા...

કમઠનો જીવ ચોથી નરકમાં અસહ્ય દુઃખો ભોગવી ત્યાંથી નિકળીને એક દરિદ્ર બ્રાહ્મણનો પુત્ર થયો... તાપસી દીક્ષા લઇ પંચાગ્નિ તપ કરવા લાગ્યો. તાપસ નગરની બહાર તપ કરવા લાગ્યા ત્યાં પાર્શ્વકુમાર ગયા... ''અજ્ઞાન કષ્ટમાં ક્યાંય તત્વ નથી એમ જણાવ્યું'' તથા અગ્નિકુંડમાં બળતા લાકડામાંથી અર્ધ બળેલા સર્પને કઢાવ્યો... નવકાર સંભળાવી ધર્ણેન્દ્ર બનાવ્યો... માનભ્રષ્ટ તાપસ ત્યાંથી ચાલ્યો ગયો. મરીને મેઘમાળી દેવ થયો. એકદા પ્રભુ પાર્શ્વનાથ કાયોત્સર્ગ ધ્યાનમાં હતા ત્યારે મેઘમાળી દેવ ત્યાંથી નિકળ્યો... પ્રભુ પાર્શ્વનાથને જાણી પૂર્વભવોના વેરથી ઉપસર્ગ કર્યા. વેતાલના - વિંછિના - સર્પના - સિંહના - હાથીના વગેરે રૂપો વિકુર્વી ઉપસર્ગો કર્યા. પ્રભુ ચલાયમાન ન થયા. ધૂળની વૃષ્ટિ કરી વાયુ વિકુર્વી પ્રભુના આંખ-કાન-નાક પૂરીને શ્વાસ રૂંધી નાંખ્યો. પ્રભુ નિશ્ચલ રહ્યા. પછી મેઘ વિકુર્વીને મુસળધારાથી વરસાદ વરસાવ્યો... પ્રભુની નાસિકાએ જલ પહોંચ્યું ત્યાં ધરણેન્દ્રનું આસન કંપ્યું... અવધિજ્ઞાનથી પ્રભુ ઉપસર્ગ જાણી સપરિવાર આવી પ્રભુ ઉપર છત્ર ધર્યું... ત્રણ દિવસ સુધી મુસળધાર વરસતા વરસાદને જોઇ અવધિજ્ઞાનનો ઉપયોગ આપ્યો... મેઘમાળીને વરસાદ વરસાવતો જોયો... મેઘમાળી ઉપર વજ્ર ફેક્યું... ભયભીત મેઘમાળી પ્રભુ શરણે આવ્યા... મેઘમાળી દસ ભવના વેરને ખમાવી પ્રભુ સન્મુખ નૃત્ય કરી સ્વસ્થાને ગયા...

આવો ! સ્વ જીવનનું નિરીક્ષણ કરો... આપણે તો ક્યાંય આવા વેરના બીજ જીવનની બાગમાં વાવતા નથી ને ? વેરના વાવેલા બીજ જીવન બાગને વેરાન વગડો બનાવી દેશે. જાણતાં અજાણતાં ક્યાંય આવા વેરના

બીજ વવાઈ ગયા હોય તો સવેળાએ વેરનું વિસર્જન કરી ક્ષમાનું સર્જન કરીએ.

## મિથ્યાદર્શન

હવે મિથ્યાદર્શન નામનો પ્રધાન કહે છે કે 'હે સ્વામિન્ ! આ ત્રણે જગતના લોકોને ભવરુપ ખાડામાં હું એવી રીતે નાખું છું કે તેમાંથી અનંતકાલે પણ તેઓ નિકળી શકતા નથી. આ ત્રણે જગતમાં એવી કોઇ જાતિ નથી, યોનિ નથી અને એવું કોઇ સ્થાન નથી કે જેને વિષે મેં વિમોહિત કરેલો જીવ નિરંતર ભ્રમણ કરતો નથી. કુદેવ, કુગુરુ, કુધર્મ, કુપર્વ, કુવ્રત, વિપર્યંચ એટલે સદધર્મથી વિપરીતતા, ધર્મ ઉપર દ્વેષ, બીજાની નિંદા, આ સર્વ હમેશાં મારી પાછળ ચાલનારો પરિવાર છે. પર્વત નામનો બ્રાહ્મણ પુત્ર, સાત નિહ્નવો, કપિલ, પાલક, વસુરાજા અને સર્વ અનાર્યો મને નિરંતર સેવે છે તે મારો બાહ્ય પરિવાર છે.''

## ક્રોધ

પછી લાખના જેવી લાલ આંખના પાત વડે જગતને ક્ષોભિત કરતો અને ધૂમાડાના સમૂહ સરખા શરીરવાળો ક્રોધ તે અવસરે મોહરાજાને કહેવા લાગ્યો કે, ''હે સ્વામિન્ ! હું પ્રગટ થયે ક્યો ઘોર પુરુષ પણ પોતાને પોતા પણે ટકાવી રાખવાને સમર્થ છે ? વળી મારા આક્રમણથી વિદ્વાન પણ વિચેતન એટલે ઉપયોગ રહિત થઇ જાય છે. મારા વશમાં થયેલો જીવ સન્નિપાત થયેલા માણસની જેમ નેત્ર અને હોઠનું ભમાવવું, હાથનું ફેંકવું, શરીરનું હલાવવું અને અસંબદ્ધ બોલવું વિગેરે કરે છે. મારા આદેશને વશ થયેલા ઘણા બળવાન જીવો નરકમાં, નિગોદમાં, શ્વાન જાતિમાં, અને સર્પાદિકને વિષે પણ વસે છે. ડંખ રાખવાપણું, પ્રચંડતા, દુર્વાક્યતા, શ્રાપ, સંતાપ, ઉપદ્રવ, ક્લેશ અને તામસભાવ આદિ મારા હમેશના પક્ષપાતિઓ છે. કુરુટિ અને મહાકુરુટિ નામના સાધુઓ, બ્રહ્મરાજાના પુત્ર બ્રહ્મદત્ત ચક્રવર્તી, શિશુપાલ અને નભઃ સેનાદિ રાજાઓ મારા ભક્તિવંત સેવકો છે તે બહિરંગ પરિવાર છે.''

વર્તમાન અવસર્પિણી કાળના બારમા અને છેલ્લા ચક્રવર્તી હતા બ્રહ્મદત્ત...

છ ખંડના અધિપતિ...

બત્રીસ હજાર દેશના રાજવી...

ચોસઠ હજાર સ્ત્રીઓના સ્વામી...

એકદા ફરવા નીકળ્યા... ચતુરંગી સેના સાથે છે...

અનેક અંગરક્ષકો હાજર છે... પરંતુ અચાનક... સન... ન... કરતા અવાજ સાથે ક્યાંકથી બે પત્થર આવ્યા. જાણે આબાદ નિશાન તાકેલું હોય તેમ રાજવી... ચક્રવર્તી બ્રહ્મદત્તની બન્ને આંખો વિંધતા ગયા.

ચક્રવર્તીએ ચિત્કાર કર્યો...

અંગરક્ષકો ચારે બાજુ દોડ્યા...

બ્રહ્મદત્તને રાજ મહેલમાં લાવવામાં આવ્યા... રાજવૈદો અને હકીમોએ દોડાદોડ કરી નાંખી... ઘણા ઈલાજ કરવામાં આવ્યા... પણ બધા જ ઈલાજ નિષ્ફળ ગયા... પીડા-દર્દ દૂર થયું પરંતુ આંખોની રોશની સદા માટે ચાલી ગઈ.

રાજસભા ભરાઈ.

રાજા બિરાજમાન થયા...

બે બ્રાહ્મણોને હાજર કરવામાં આવ્યા...

ચક્રવર્તીની આંખો ફોડનાર ગુનેગાર તરીકે...

ચક્રવર્તી આંખોથી તો જોઈ શકતા નથી પરંતુ એમને શું બન્યું તેની જાણકારી આપવામાં આવી. મારી બન્ને આંખો ફોડનાર બ્રાહ્મણ છે એ જાણીને બ્રહ્મદત્ત ચક્રવર્તીએ અત્યંત સંતાપ અનુભવ્યો. બની ગયું તે બની ગયું. ગયેલી આંખો પાછી મળવાની નથી. પરંતુ જેની પાસે આ સમજણ કે વિચારણા નથી એવા જીવો આવી ઘટના બાદ વેરની અને પાપની પરંપરા ચાલુ જ રાખે છે.

બ્રહ્મદત્તની બાબતમાં પણ આવું જ બન્યું... એમણે પોતાના મંત્રીશ્વરને જણાવ્યું જો બ્રાહ્મણોએ મારી આંખો ફોડી છે તો મારે સમસ્ત બ્રાહ્મણ સમાજને આંખ વિનાના (અંધ) બનાવવા છે. એ માટે તમારો

દરરોજ સવારના મારી સામે બે થાળ ભરીને બ્રાહ્મણોની આંખો રાખવી. એ આંખોને બન્ને હાથથી મસળી મસળીને હું મારી આંખો ફોડ્યાનો બદલો લઇશ.

પોતાની આંખો ગયાનો આવો ક્રુર બદલો ?

જીવનમાં આવો કોઈ પ્રસંગ બની ગયા પછી આપણા બધા માટે બે માર્ગ ખુલ્લા હોય છે.

ક્ષમા ધારણ કરી પ્રસંગની ત્યાં જ પૂર્ણાહુતિ કરવાની... અથવા વેરની ગાંઠ બાંધીને ભવોભવ સુધી તાપ-સંતાપ...દુઃખ-દુર્ગતિના ફેરા ફર્યા કરવાના.

આપણને ક્યો માર્ગ અનુકુળ આવે છે ?

ક્ષમાનો કે વેરનો...

બ્રહ્મદત્ત ચક્રવર્તી હોવા છતાં વેરના માર્ગે આગળ વધ્યા... મંત્રી સમજુ હતા...બ્રહ્મદત્તને સમજાવવાનો પ્રયત્ન કર્યો. ન જ સમજ્યા ત્યારે દરરોજ એમની સામે ગુંદાના ચિંકણા ઠળીયાના બે થાળ મૂકીને આ બ્રાહ્મણોની આંખોના થાળ છે એમ જણાવતા. બ્રહ્મદત્ત ચક્રવર્તી એમને મસળી મસળીને રાજી થતા... બબડતા - કેવો બદલો લીધો... હવે ખબર પડશે આ બ્રહ્મદત્તની આંખો લેવાનું ફળ...

દિલમાંથી દયા ગઇ... કરૂણા ગઇ.. ક્રૂરતા - ભયાનક નિર્દયતા ઘેરી વળી... ભાવ અત્યંત કલીષ્ટ બન્યા... કર્મસત્તાએ પોતાનું કાર્ય કર્યું... આવા ક્રુર પરિણામોમાં આયુષ્યનો બંધ થયો... રૌદ્રધ્યાનમાં આયુષ્ય કયાંનું બંધાય ?

છ ખંડનું રાજ્ય ભોગવી... ભયાનક પરિણામ વશ આત્મા સાતમી નારકીની તીવ્ર વેદના ભોગવવા ચાલ્યો ગયો.

ક્રોધ અને ક્રુરતા દુર્ગતિ આપે છે...

ક્ષમા અને સમતા સદ્ગતિ આપે છે...

આપણને શું જોઈએ છે ? જો સદ્ગતિ ! તો જાતને સમજાવો.

## અહંકાર

**હવે અહંકાર મોહરાજાને કહેવા લાગ્યો કે, ''આ ત્રણે લોકના**

જીવોની સર્વ વિદ્યાનું ફળ હરણ કરવાને તથા સદ્‌બુદ્ધિને અયોગ્ય કરવાને હું સમર્થ છું. મને વશ થયેલો જીવ ગુરુને માનતો નથી, વૃદ્ધોની હાંસી કરે છે, બુદ્ધિના નિધાન તુલ્ય મનુષ્યોનો ત્યાગ કરે છે, જડ જેવો થઈને નિરંકુશપણે ઉન્મત્તની જેમ ભમ્યા કરે છે. ચક્રવર્તીને જીતવાવાળા બાહુબલીને પણ મેં કેવલી થતાં રોકી રાખ્યો, અને તે ક્ષુધા, તૃષા, શીત અને તાપાદિ આપદાને સહન કરતો એક વર્ષ પર્યંત ઉભો રહ્યો. પુરુષાર્થ સંબંધી સ્પર્ધા, પોતાનું પરાક્રમ કહી બતાવવું, બીજાઓની તર્જના કરવી, અક્કડ રહેવું, કોઈને નમસ્કાર ન કરવો, અવિનય કરવો અને ઉદ્ધતાઈ કરવી વિગેરે મારા નિત્યના સેવકોરુપ અંતરંગ પરિવાર છે. દુર્યોધન, રાવણ, ચમરેંદ્ર, પ્રતિવાસુદેવો અને તેમના જેવા બીજા લાખો જીવ મારી સેવા કરવાવાળા સેવકોરુપ બહિરંગ પરિવાર છે.''

એક હતા મુનિરાજ...

જ્ઞાની... ધ્યાની... તપસ્વી...

એકદા એમની સાધનાથી એક દેવ પ્રસન્ન થયા હતા. એમણે મુનિરાજને કહ્યું હતું. ''ક્યારે પણ મારા યોગ્ય કામ હોય તો મને યાદ કરજો હું અચુક આવીને સહાયતા કરીશ.''

મુનિરાજ ધ્યાની હતા... નગરની બહાર નદિના કિનારે ધ્યાન ધરતાં... એકદા એક શીલા ઉપર ધ્યાનસ્થ દશામાં ઉભા રહ્યા. આ શીલ હતી વિશિષ્ટ... નગરના રાજાના કપડા ધોનાર ધોબીની... એ ત્યાં જ રાજાના કપડા ધોતો સમય જતાં ધોબી રાજાના કપડા ધોવા આવ્યો... મુનિરાજને એ શીલા ઉપર ધ્યાનસ્થ જોઈને ધોબી વિચારમાં પડ્યો... થોડીવાર એ ઉભો રહ્યો કદાચ મુનિરાજ હમણાં ધ્યાન પૂર્ણ કરશે એ આશાએ... ઘણો સમય વીતી ગયો. મુનિરાજનું ધ્યાન પૂર્ણ ન થયું. હવે ધોબી અકળાયો છતાં વિવેક જાગૃત રાખી એણે વિનયપૂર્વક પ્રાર્થના કરી - ''ગુરૂદેવ ! આપશ્રી બીજી શીલા ઉપર બિરાજો, મારે રાજાના કપડા ધોવા છે.''

મુનિરાજના ધ્યાનમાં ભંગ થયો મુનિ ગુસ્સે થયા... ''આજુ બાજુ આટલી બધી શીલાઓ છે... બીજી શીલા ઉપર કપડા ધોઈ લે.''

ધોબી કહે છે - ''હે મુનિવર ! આવું ન બને વર્ષોની પરંપરા ચાલી આવે

છે. રાજાના કપડાં આ જ શીલા ઉપર ધોવાય છે અને અહીં જ ધોવાશે. તમારે સ્થાન પરિવર્તન કરવું જ પડશે.''

મુનિરાજ સમતા... ક્ષમા ચૂક્યા. એ પણ માનવા તૈયાર નથી. શીલા છોડવા તૈયાર નથી.

બન્ને વચ્ચે ઝગડો થયો, બન્ને આવેશમાં આવી ગયા. કોઈ નમતું જોખવા તૈયાર નથી... હું કેમ શીલા છોડું... અહંકાર શીલા છોડવા દેતો નથી. અહંકાર ટકરાય છે. ત્યાં તો ધોબીએ મુનિને ગળેથી પકડી શીલા ઉપરથી હટાવવા પ્રયત્ન કર્યો... મુનિરાજે પેલા દેવને યાદ કર્યા... પરંતુ દેવ ન આવ્યા એવું લાગ્યું... પેલા ધોબીને મુનિ અપશબ્દો બોલતા રહ્યા અને ધોબીએ એમને બળથી શીલા ઉપરથી નીચે ઉતારી દૂર કર્યા... મુનિરાજ પોતાના સ્થાને ગયા. આજની બનેલી ઘટના ઉપર વિચાર કરવા લાગ્યા. 'દેવને યાદ કરવા છતાં દેવ કેમ ન આવ્યા ? આ વિચાર મનમાં ચાલી રહ્યો છે. ત્યાં જ દેવ આવીને શાતા પૂછે છે, મુનિરાજ થોડા આવેશમાં આવીને કહે છે. ''જ્યારે યાદ કર્યા... કામ હતું ત્યારે ન આવ્યા... બધું પતી ગયું પછી આવ્યા... હવે શાતા પૂછવાનો અર્થ શું ?''

દેવ કહે છે - ''મુનિરાજ ! આપશ્રીએ યાદ કર્યા એ જ સમયે હું તો હાજર થયો હતો. પરંતુ બે માં ઋષિ કોણ ? અને ચાંડાળ કોણ ? એની જ મને ખબર ન પડી. કોને સહાય કરૂં ? (બન્ને ઉપર અહંકારના કારણે ક્રોધરૂપી ચાંડાળ સવાર થયેલો હતો.)

આપણે જ્યારે ક્ષમા ગુમાવી બેસીએ છીએ ત્યારે આપણાં ઉપર ક્રોધરૂપી ચાંડાળ પોતાનું રાજ જમાવી બેસે છે આપણે આપણું સાધુપણું અને સજ્જનતા ગુમાવી બેસીએ છીએ.

જીવનમાં જો આવું ન બને એમ ઈચ્છતા હો તો ક્રોધથી માન-માયા-લોભથી નાતો તોડી... ક્ષમા સાથે નાતો જોડી દો. જીવન ધન્ય બની જશે. ફેરો સફળ બની જશે.

આત્માને જીવનનું સત્ય સમજાવી દઈએ.

## દંભ

**હવે દંભ કહેવા લાગ્યો કે, ''હે દેવ ! હું મીઠી વાણી બોલવાવાળો**

છતાં ક્રૂર કર્મ કરવાવાળો છું, દુષ્ટ સર્પની જેમ મેં ડસેલો પ્રાણી જીવતો રહી શકતો નથી. આસન ઉપરથી ઉઠવાવાળા, આસન આપવાવાળા, નમસ્કાર કરવાવાળા અને હાથ જોડવાવાળા મનુષ્યોને હું દાસની જેમ ખુશામતનાં વચનો અંગીકાર કરાવું છું, અર્થાત્ બોલાવું છું. છલ પ્રવેશ, વિશ્વાસઘાત, દ્રોહ કરવો, ધનાસક્તિ, ગુપ્ત આચાર અને જુઠા આલાપાદિ મારા હંમેશના સેવકો, અંતરંગ પરિવાર છે. મહાબલ, પીઠ, મહાપીઠ, અંગારમર્દકાચાર્ય અને આષાઢાભૂતિ આદિ મારા પક્ષપાત કરવાવાળા બાહ્ય સેવકો - પરિવાર છે.''

## લોભ

મોહના સમગ્ર સૈન્યમાં નિરોગતા - ચતુરાઈને ધારણ કરતો લોભ કહેવા લાગ્યો કે, ''હું એકલો પણ આ ત્રણે ભુવનને પરવશ કરવાને અથવા મારે આધીન કરવાને સમર્થ છું. હે દેવતા વિગેરે સર્વ સાંભળો ! હું હાથ ઉંચા કરીને કહું છું કે એવો કોઈ પણ જીવ શું કોઈપણ ઠેકાણે છે કે જે મારે આધીન થયો ન હોય. પર્વત ઉપર ચઢવું જંગલ ઓળંગવા, સમુદ્રમાં ફરવું, જમીન ખોદવી, ગુફામાં પ્રવેશ કરવો, સ્મશાનમાં રહેવું, મંત્રાદિ સાધવું, જનાવરોનું પાલન કરવું, ખેતી કરવી, ક્ષુધા, તૃષા, શીત અને આતપ આદિ સહન કરવાં ઈત્યાદિ દુષ્કર કાર્યો પણ મેં આદેશ કરેલા પ્રાણીઓ શું અંગીકાર કરતા નથી. મહારંભ, મમત્વ, ઈચ્છા, મૂર્ચ્છા, આસક્તિ, સંક્લેશ, સંચય, કૃપણતા અને સાહસિકતા આદિ મારા અંતરંગ સેવકો છે. તિલક શ્રેષ્ઠિ, કુચિકર્ણ વ્યવહારી, કેશરી ચોર, નંદરાજા, સુભૂમ ચક્રવર્તી અને લોભનંદી વણિકાદિ મારા બાહ્ય સેવકો પણ હજારો છે.''

## પ્રમાદ

ત્યારે પ્રમાદ કહેવા લાગ્યો કે ''મારું બળ તો લોકોત્તર છે, કેમ કે ઉચ્ચ પદમાં આરુઢ થયેલા મનુષ્યને હું ક્ષણમાત્રમાં નીચે અધોગતિમાં પાડી નાંખું છું. જેઓ શ્રુતકેવલી-ચૌદ પૂર્વધર ઉપશાંત મોહ નામના

અગિયારમે ગુણસ્થાને ચડેલા અને ચાર જ્ઞાન ધરનારા છે, તેઓને પણ હું નિગોદરુપ ખાડામાં અનંત કાલ સુધી વસાવું છું. મેં આદેશ કરેલો જીવ ડૂબી જવાનો વિચાર કર્યા વિના પાણીમાં ક્રીડા કરે છે અને જમીન ઉપર પડવાથી અંગ ભાંગી જશે તેનો વિચાર કર્યા વિના વૃક્ષો ઉપર હીંચકે છે. વળી તે જીવ મહત્વના નાશનો વિચાર નહિ કરતો પાસા વડે ક્રિડા કરે છે, તથા ઉભય લોકની પીડાને નહિ વિચારતો વિકથા કરે છે. આ વૈર મને ક્લેશને માટે થશે એવો વિચાર કર્યા સિવાય વૈર વધારે છે, તેમ ઉજાગરાની તથા પગની પીડાને નહિ ધ્યાનમાં લેતા નૃત્ય-નાટકાદિ જુએ છે. વસ્ત્ર રહિત પણાને અને વમનાદિને નહિ વિચારતો મદિરા પીએ છે તથા ક્ષયરોગાદિ રોગના ઉદયને નહિ જાણતો પૈસાના વ્યયનો વિચાર કર્યા સિવાય પ્રાણીઓને નિરંતર લડાવે છે, આતાપ તથા ભમવાના પરિશ્રમને નહિં ગણતો શિકાર કરવા જાય છે. સાત વ્યસન, આળસ, નિદ્રા, વિષયને પ્રેરે તેવા વચન, અને બીજા પણ તેના જેવા અનેક મારા અભ્યંતર સેવકો છે. આર્યમંગૂ, શેલકરાજર્ષિ, સોદાસરાજા, કંડરીક રાજા, અને મરીચિ આદિ મને હર્ષ આપવાવાળા બાહ્ય પર્ષદાના સેવકો છે.''

## પ્રમાદમાં ભૂલ્યા.. લબ્ધિમાં લપસ્યા..

પ્રમાદ...

સાધક જીવનનો મહાશત્રુ...

આખી રાત ગાડી બરાબર ચલાવનારને સવારના ઝબકી આવી જાય તો ?

પ્રભુ મહાવીરની વાણી સાંભળી દમસાર રાજકુમાર વૈરાગ્ય પામ્યા.

સંસાર પ્રત્યેનો મોહ દૂર થયો...

આત્મસાધના દ્વારા આત્મકલ્યાણ સાધવા જીવ થનગની રહ્યો.

વૈરાગ્યભાવ વિરતિમાં પરિણમ્યો... દમસાર રાજકુમાર ચરમ તીર્થપતિ પ્રભુ મહાવીરસ્વામીના ચરણોમાં જીવન સમર્પિત કરીને દમસાર મુનિરાજ બન્યા.

જ્ઞાન સાધના કરીને તપ સાધનામાં આગળ વધ્યા. માસક્ષમણના પારણે માસક્ષમણ કરી કર્મ ખપાવવા લાગ્યા.

એકદા માસક્ષમણના અંતિમ ઉપવાસે રાતના ઉંઘ આવતી નથી.

મન ચિંતનના ચગડોળે ચડ્યું છે. આટલી-આટલી આરાધનાને અંતે કેવલજ્ઞાનનો પ્રકાશ કેમ દેખાતો નથી ? શું મારો આત્મા અભવીનો હશે ? શું હું મિથ્યાત્વી હોઈશ ? મારા ભવની પરંપરા હજી ઘણી જ બાકી હશે ? મારામાં એવી તે શું ખામી હશે જેથી કેવળજ્ઞાન મારાથીદૂર છે ? ચિંતનની ધારામાં દમસાર મુનિ આગળ વધી રહ્યા છે ત્યાં તો સમાચાર મળ્યા ત્રિલોકનાથ દેવાધિદેવ પ્રભુ મહાવીર પધાર્યા છે. પોતાના મનની શંકાઓનું સમાધાન મેળવવા આતુર બનીને પ્રભુ પાસે પધાર્યા. પ્રભુના દર્શન-વંદનથી ધન્ય બન્યા. ત્યાં તો પ્રભુએ સામેથી જ પૂછ્યું- 'દમસાર ! આરાધના તો બરાબર થાય છે ને ? 'દમસાર ! કાલે રાતે શું ચિંતન કર્યું. ?'

દમસાર મુનિનો ઉત્સાહ વૃદ્ધિગંત થયો અને એમણે પૂછ્યું - ''પ્રભુ ! આટલી આરાધના પછી પણ કેવળજ્ઞાનનો પ્રકાશ દેખાતો નથી તો શું પ્રભુ ! મારો આત્મા અભવીનો છે ?''

પ્રભુએ કહ્યું - ''દમસાર ! અભવીના આત્માને ક્યારેય અભવીની શંકા થતી નથી. તને શંકા થઈ એ જ જણાવે છે કે તું અભવી નથી. ભવી જ છે.''

''હે કરૂણાસાગર ! જો હું ભવી છું તો શું હું મિથ્યાત્વી છું ? તેથી મને આત્માનો કેવલજ્ઞાનનો પ્રકાશ અનુભવાતો નથી ?''

''ના...દમસાર ! તું મિથ્યાત્વી પણ નથી તું સમકિતી છે.''

''તો શું પ્રભુ ! હું અચરમ શરીરી છું ? હજી ઘણા ભવો સુધી મારે સંસારમાં રખડવાનું છે ?''

''દમસાર ! તું ચરમશરીરી છે... આજ ભવમાં મોક્ષે જવાવાળો છે... આજ ભવમાં કેવળજ્ઞાનની તને પ્રાપ્તિ થવાની છે.'' પ્રભુએ કહ્યું.

પ્રભુની વાણી સાંભળી અત્યંત ઉત્સાહમાં આવી જતાં દમસારે પૂછ્યું - 'પ્રભુજી ! તો મને કેવળજ્ઞાન ક્યારે થશે ?''

ભગવાન મહાવીરસ્વામીએ ધીર ગંભીર વાણીમાં કહ્યું - ''દમસાર ! તારા આત્માના ઉચ્ચ પરિણામની ધારા હમણાં જે રીતે આગળ વધી રહી છે એ જોતાં તને એક જ પ્રહરમાં કેવળજ્ઞાન થઈ જાય એમ છે. પરંતુ આજે તારે પારણાનો દિવસ છે. ગોચરીએ જતાં તારે એવું નિમિત્ત મળશે જેથી તારા

ધ્યાનની ધારા - આત્માના અધ્યવસાયને ઠેસ લાગશે અને ભાવધારા તુટી જતાં નજીકમાં આવેલું કેવળજ્ઞાન દૂર ચાલ્યું જશે.''

પ્રભુની વાણી સાંભળતાં દમસાર કહે છે - ''ના...પ્રભુ...ના, મને ગમે તેવું નિમિત્ત મળશે હું ધ્યાનની ધારાને નહીં તુટવા દઉં..કોઇ કષાય ભાવને અંતરમાં ઉઠવા જ નહિં દઉં.''

પ્રભુ મૌન બની દમસારને નિરખી રહ્યા છે.

દમસાર મુનિ સમય થતાં ગોચરીએ નિકળે છે. પ્રભુની આજ્ઞા લઇને નીકળ્યા છે. ઉદ્યાનમાંથી બહાર નિકળતાં જ સૂર્યનો તાપ ઉપરથી અને ધરતી નીચેથી બાળવા લાગી છે. મનને એક વિચાર સ્પર્શી ગયો. ''આવા તાપમાં નજીકમાં જ આહાર-પાણી થઇ જાયતો દૂર ના જવું પડે.'' સામાન્ય જણાતો આ વિચાર મોહના ઘરનો છે. આવા વિચાર જ જીવનમાં ધમાલ ઉભી કરે છે.

વિચાર કરતાં આગળ વધ્યા ત્યાં બે માર્ગ દેખાયા. સામેથી આવતા નગરજનને પૂછ્યું - ''ભાઇ ! ક્યા રસ્તે જવાથી ધર્મપ્રેમી શ્રાવકોના ઘર નજીક થશે ?''

સામેથી આવનાર મનુષ્ય છ મહિનાથી બિમાર હતો આજે જ નગરીમાંથી બહાર નીકળ્યો હતો અને સામે મળેલા મસ્તક મુંડેલ સાધુને જોઇ એને અપશુક્ન થયું હોય એમ લાગ્યું. તેથી અપશુકન કરનાર સાધુ દમસારને એણે ઉંધા રસ્તે ચડાવી દીધો. મુનિ દમસાર આગળ ચાલતા રહ્યા પછી ખ્યાલ આવ્યો કે મને ખોટા રસ્તે ચઢાવવામાં આવ્યો છે. ગામ દૂર થઇ ગયું... માર્ગ વગડામાં લઇ ગયો.

આ ગામના માણસો આવા ?

સાધુની સાથે મજાક ?

તપસ્વી દમસારમુનિએ પોતાની લબ્ધિનો ઉપયોગ કરી... ગામને નજર સામે રાખી ઉઠાણ સૂત્ર ભણ્યું... ગામ ગાંડુ બની ગયું. કોઇ દોડે છે... કોઇ રડે છે... કોઇ નાચે છે.. કોઇ હસે છે... કોઇ રાડો પાડી રહ્યું છે...

લબ્ધિની પ્રાપ્તિ અપ્રમત્ત દશામાં થાય છે જ્યારે એનો ઉપયોગ પ્રમત્ત દશામાં થાય છે. મુનિ પ્રમાદવશ થયા .

બીજી જ ક્ષણે દમસાર મુનિરાજને વિચાર આવ્યો - ''આ ગામના લોકો આમ કેમ કરે છે ?'' પોતાની ભૂલ સમજાણી, તરત ગામને નજરમાં રાખી સમુઠાણ સૂત્ર બોલ્યા... પોતાની લબ્ધિ પાછી ખેંચી. ગામ તો બરાબર થઇ ગયું પરંતુ આ બધી ગડબડમાં આત્માની ધ્યાન ધારા અટકી ગઇ... ઉપર ચઢવાને બદલે નીચે પટકાઇ ગઇ. દમસાર મુનિને ઘણો જ પશ્ચાતાપ થયો પરંતુ હવે શું થાય ? બાજી હાથમાંથી સરકી ગઇ હતી. નાના બાળકની જેમ વિલાપ કરવા લાગ્યા. હવે કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી સર્વ આહાર પાણીનો ત્યાગ કરી પ્રભુ પાસે આવ્યા.

''પ્રભુ ! કાયર બન્યો... ધ્યાનની ધારાને ટકાવી ન શક્યો... પ્રભુ ! હવે મને કેવળજ્ઞાન ક્યારે થશે ? દમસાર મુનિ પુછી રહ્યા છે.

પ્રભુ કહે છે - ''દમસાર ! શુદ્ધ અધ્યવસાયની ધારા તુટવી સહેલી છે પરંતુ એને ફરી સાંધવી ઘણી જ અઘરી છે. હવે ફરી તારી ધ્યાન ધારા જોડાશે... આગળ વધશે અને તને આજથી સાતમા દિવસે કેવળજ્ઞાનની પ્રાપ્તિ થશે.''

હા... જીવનમાં નાના નિમિત્તો પણ કેટલું મોટું કાર્ય કરે છે ? નાનું નિમિત્ત શુદ્ધ ધ્યાન ધારાને તોડી શકે ? કષાયની ચિનગારી પ્રગટાવી શકે... હર્યાભર્યા જીવનને વેરાન વગડો બનાવી શકે... કેવળજ્ઞાનને ધક્કો મારી દૂર હડસેલી શકે છે. આપણે રોજ બરોજના જીવનમાં કેવળજ્ઞાનને કેટલા ધક્કા મારતા હશું ? બચવું છે આ બધામાંથી ? તો એક જ સરળ માર્ગ છે !
પ્રમાદને દૂર કરી આત્માની અપ્રમત્ત દશાના સ્વામિ બનીએ.

**એ પ્રમાણે સર્વ વીર સુભટોએ પોતપોતાનું બળ જણાવ્યા પછી મોહરાજાએ પાખરેલા સિંહની જેમ બળસહિત ગર્જારવ કર્યો. તે અવસરે નિરંતર શત્રુના હૃદયને ક્ષોભ કરવાવાળા મિશ્રભાષા અને અસત્ય ભાષાના ભેદરુપ અનેક વાજીંત્રો વાગવા લાગ્યા.**

**મોહરાજાના અશુભધ્યાન તથા વિવેકરાજાના શુભધ્યાનના ભેદરુપ વીરપુરુષો અનુપયોગવિધિથી શસ્ત્રો ખેંચવા લાગ્યા.**

**મેં રથનેમિને ચારિત્રથી ભગ્ન પરિણામવાળો કર્યો... મેં નળરાજાને શ્યામ વર્ણવાળો કર્યો... મેં ક્ષપકઋષિને ક્ષીણ કર્યો... મેં શશ**

રાજાને માર્યો... મેં સંભુતિમુનિને પરાભવિત કર્યો... મેં બાહુબલીને બાંધ્યો... મેં મહાબળ રાજાને મ્લાન કર્યો અને મેં કેશરી રાજાને ક્લેષિત કર્યો... આ રીતે મોહરાજાની સેનાના સુભટો ભુજાના આસ્ફોટ કરવા પૂર્વક આપસમાં પોતાના પરાક્રમનું વર્ણન કરવા લાગ્યા.

મેં શિવકુમારને... મેં બલદેવને... મેં ચિલાતિપુત્રને... મેં નયસાર અને ધનસાર્થવાહાદિને... મેં મેઘકુમારને... મેં અતિમુક્ત મુનિને... અને કપિલ બ્રાહ્મણને આ પ્રમાણે વિવેકરાજાના સૈન્યના શૂરવીર સુભટો સરલતાથી પોતપોતાનું પરાક્રમ આપસમાં પ્રગટ કરવા લાગ્યા.

હવે અવિદ્યારુપ રાત્રીનો નાશ થયો અને તત્વરુપ સૂર્ય પ્રકાશિત થયો ત્યારે વિવેકના સુભટો શત્રુના સમૂહનો નાશ કરવા માટે તૈયાર થયા. પ્રથમ તો શત્રુઓને વિષે સ્ફુરાયમાન થયેલા ક્રોધવાળા વિમલબોધ નામના મહાન યોદ્ધાએ કેટલાક મોહની સેનાના સુભટોને જોઇ જોઇને માર્યા-સર્પ જેમ દેડકાઓને ગળી જાય તેમ સામાયિકાદિ ષડાવશ્યકરુપ સમર્થ પુરોહિતે મોહની મોટી સેનાનું ભક્ષણ કર્યું. અર્થાત્ નાશ કર્યો. પછી વિવેકના સુભટોએ ક્લેશરુપ વૃક્ષના અંકુરા જ્યાંથી દૂર કર્યા છે એવું ક્ષપકશ્રેણી નામનું ક્ષેત્ર રણસંગ્રામ માટે પ્રયત્નપૂર્વક તૈયાર કર્યું.

## શમ અને ક્રોધ

હવે સર્વ સહનતારુપ શસ્ત્ર ગ્રહણ કરેલ છે જેણે એવો શમ નામનો સુભટ પૂજન કરવા લાયક અને ઉજ્વલ પ્રસન્નતાનો આશ્રય કરીને સંગ્રામ કરવા માટે ઉઠ્યો. તેણે અપૂર્વકરણ નામના આઠમા ગુણસ્થાનકને પામીને તત્કાળ ક્રોધ નામના સુભટને તર્જનાપૂર્વક કહ્યું કે ''હે મૂઢ ! અહીંથી તું નાશી જા ? કોના બળથી હવે તું જીવવાને ઇચ્છે છે ?'' શમનાં આવાં વચનો સાંભળીને ક્રોધે પણ પોતાના ચાર રુપ કરીને તેને દેખાડ્યાં. કારણ કે ક્રોધ છે તે વિદ્યા અને તપની સિદ્ધિ વિના પણ બહુરુપ કરવાવાળો હોય છે. ક્રોધના ચાર રુપ જણાવે છે - પહેલા

અનંતાનુબંધી એટલે અનંતકાળ પરિભ્રમણ કરાવનાર બીજો પ્રત્યાખ્યાનવૃત્તિ એટલે વ્રતપચ્ચક્ખાણને રોકનાર, ત્રીજો અપ્રત્યાખ્યાન એટલે સર્વથી પ્રત્યાખ્યાન કરવા નહિં દેનાર, ચોથો સંજ્વલન એટલે યથાખ્યાત ચારિત્રને રોકનાર.

હવે ક્રોધે શમને કહ્યું, ''હે શાંતાત્મા શમ ! દેદીપ્યમાન અગ્નિરુપ એવા મેં પોતે જ આ જગતનો પરાભવ કર્યો છે અર્થાત્ મારે બીજાના બળથી જીવવાની જરુર નથી. વળી હે શમ ! તું મારું પરાક્રમ સાંભળ. જેઓ મહાવીર્યવાળા, તપસ્યાને વિષે રક્ત ચિત્તવાળા અને બાહ્ય સંગનો ત્યાગ કરેલા યોગિમહાત્માઓ હતા, તેઓનું પણ પુણ્યરુપ ધન હરી લઇને મારી પાસે નિત્ય નાચતા કરીને દુઃખદાયી નરકરુપ કુવામાં કરોડો વર્ષ પર્યંત મેં વસાવ્યા છે. વળી હે શમ ! સિંહથી ભક્ષાણ કરાયેલા... ક્રૂર સર્પથી ડસાયેલા... વનના દાવાનળથી દગ્ધ થયેલા... શિકારીથી વિંધાયેલા... અને રાક્ષસથી રુંધાયેલા કેટલાક મનુષ્યો શુભ પરિણામથી સ્વર્ગ પામે છે પરંતુ ક્રોધથી મૃત્યુ પામેલો કોઇ પણ મનુષ્ય સ્વર્ગે ગયો નથી અને જશે પણ નહિં તે માટે ઉપર કહેલા રાંકડા એવા સિંહાદિકની સાથે મારી સરખામણીનો ઉપદેશ આપતા આચાર્ય મને લજાવે છે. વળી હે શમ ! તારા ઉપર પ્રથમ પ્રહાર કરતાં આ મારી ભુજા લજ્જા પામે છે, માટે પહેલા તું પ્રહાર કર. જેથી કરીને પછી આ ભુજા પોતાનું બળ પ્રગટ કરે.'' આ પ્રમાણે ઉંચા સ્વરે બોલતા ક્રોધનું શરીર શમસુભટે એકદમ કાપી નાખ્યું, કેમ કે શુરવીર પુરુષો વૈરીનો વિનાશ કરવામાં ખરેખર કાલક્ષેપ-વિલંબ કરતા નથી.

એ પ્રમાણે ભદ્રભાવરુપ અશ્વના આશ્રયવાળો અને સરળતારુપ શસ્ત્રને ધારણ કરતો માર્દવ નામનો વીર સુભટ પણ માનની સામે દોડ્યો. તેણે પણ ચાર રુપને ધારણ કરતા માનનું પહેલું રુપ છેદી નાખ્યું. કારણ કે આ માર્દવ બીજાઓને વિષે કોમળ છે પણ શત્રુને વિષે તો કરવત જેવો કઠોર છે.

ત્યાર પછી નિરાશીભાવરુપ શસ્ત્રને ધારણ કરતા આર્જવ અને સંતોષ નામના સુભટો એકત્વ ભાવના અને અકિંચનતા નામના અશ્વ ઉપર અનુક્રમે આરુઢ થયા. તેઓએ પણ ચાર રુપને ધારણ કરનાર દંભ અને લોભના શરીરને પ્રથમ તો ભેદી જ નાખ્યા, કારણ કે સંગ્રામની આદિમાં શત્રુનો નાશ કરવો તે જ માંગલિક છે.

## સમ્યગ્દૃષ્ટિ અને મિથ્યાદૃષ્ટિ

તે સમયે આસ્તિકરુપ આયુધને ધારણ કરતો અને સ્યાદ્વાદ રુપ હાથી ઉપર આરુઢ થયેલો સમ્યગ્દૃષ્ટિ પ્રધાન મિથ્યાદૃષ્ટિ પ્રધાનની સામે થયો. હવે તે મિથ્યાદૃષ્ટિને કહેવા લાગ્યો કે - ''અરે મિથ્યાદૃષ્ટિ ! જગત્પ્રસિદ્ધ એવા તારા કેટલાક અપરાધો તને કહી બતાવું ! પણ હવે મારા શસ્ત્રની ધારાથી ધોવાયેલા તારી તથા તે અપરાધોની શુદ્ધિ થાઓ.'' એ પ્રમાણે તેનાથી તર્જના કરાયેલા મિથ્યાદૃષ્ટિ પ્રધાને પોતાનાં અભિગ્રહિક, અનાભિગ્રહિક, સંશયિક, અનાભોગિક અને અભિનિવેશિક નામનાં પાંચ રુપ ધારણ કર્યા. પણ સમ્યગ્દૃષ્ટિ પ્રધાને તે બધા જ રુપનો એક પ્રહારથી જ નાશ કર્યો, કેમ કે અગ્નિ જેમ લાકડાથી ભય પામતો નથી તેમ બળવાન મનુષ્યો શત્રુઓથી ભય પામતા નથી.

મિથ્યાદૃષ્ટિની સાથે જોડાતા મિશ્ર નામના સુભટને અને મિથ્યાદૃષ્ટિના દ્રવ્ય દળિયાંથી ઉત્પન્ન થયેલાં ક્ષાયોપશમિક સુભટને પણ સમ્યગ્દૃષ્ટિએ રણસંગ્રામમાં પાડ્યો.

તે અવસરે અનિવાર્ય પરાક્રમવાળા શમાદિ વીર પુરુષોએ ક્રોધાદિ શત્રુઓના વચલા બે અપ્રત્યાખ્યાની અને પ્રત્યાખ્યાની ક્રોધ-માન-માયાને હણી નાખ્યા.

## કામદેવ અને ભવવિરાગ

હવે યુદ્ધ કરવા માટે તૈયાર થતા કામદેવને જોઇને ભવવિરાગ નામનો અતિ નિષ્ઠુર સુભટ તેના સામે દોડ્યો. અનિત્યભાવરુપ ભાલાવાળા, સન્યાસરુપ હાથી ઉપર ચડેલા અને કોપથી હોઠ કંપાવતા

ભવવિરાગને આવતો જોઈને ખુશ થયેલો કામદેવ તેને કહેવા લાગ્યો કે, ''હે તુચ્છ બુદ્ધિવાળા ભવવિરાગ ! તું મારી સન્મુખ ચાલ્યો આવે છે પણ હું વિષમ એટલે અસહનીય હથિયારવાળો વીરસુભટ છું તે શું જાણતો નથી ? પાંખવાળા સર્પની સાદશ્યતાવાળાં આ મારા બાણો શત્રુઓના પ્રાણને ભેદનારા છે. વળી અહિં સ્ત્રી નામના મારા જે યોદ્ધાઓ છે અને અભિલાષા નામના જે તેનાં બાણ તેના પરાક્રમ વડે, અંતરમાં વજના બખ્તરને ધારણ કરતા એવા ઈન્દ્રના હૃદયને પણ નિશ્ચે ભેદ નાખે છે. પ્રથમ વિજય યાત્રા કરવા નિકળેલા મેં તારા પિતા વિવેકને નાશી જવાની કળા શિખડાવી હતી, તે કળા પુત્રપણાના સ્નેહથી શું હજી સુધી તને આપી નથી, કે જેથી તું મારી સન્મુખ આવ્યો છે. દૈવને ધિક્કાર થાઓ ! કેમ કે આજે મારી સામે એક બાળક પણ યુદ્ધ કરવાને આવે છે !'' આવી અહંકારવાળી વાણીથી કામદેવે કોને કંપાવ્યા નથી ?

પછી ભવવિરાગ સુભટને ત્રાસ પમાડવા માટે કામદેવે તુરત જ પુરુષ-સ્ત્રી-અને નપુંસકવેદ વડે ત્રણ રુપ ધારણ કર્યા.

તેના રુપનું બહુ પણું જોઈને પણ ભવવિરાગ ત્રાસ પામ્યો નહિં. કેમ કે અગ્નિના વધારે કણિયા જોઈને પણ શું મેઘરાજા શંકા પામે છે ? અગ્નિનો નાશ કરવામાં વરસાદ શંકા રાખતો જ નથી. પછી ભવવિરાગે કામદેવને કહ્યું કે, ''અરે મૂઢ ! વધારે રુપ કરીને શું તું મને બીવરાવે છે ?'' એમ કહેતા અને દયારહિત થયેલા ભવવિરાગે કામના છેલ્લા બે રુપ સ્વરુપ સ્ત્રીવેદ અને નપુંસક વેદ એકદમ છેદી નાખ્યાં. ત્યાર પછી અન્યત્વ ભાવનારુપ ભાલાંઓ સહિત અને ઉદાસીનતારુપ હાથી ઉપર બેઠેલા તે ભવવિરાગના સંવેગ અને નિર્વેદનામના બે નાના ભાઈઓ સંગ્રામ કરવાને દોડ્યા. તેઓએ હાસ્ય, રતિ, અરતિ, ભય, જુગુપ્સા અને શોક સહિત રાગ-દ્વેષને સંગ્રામમાં મારીને દિશાઓને બલિદાન કર્યું. પછી શિકારી જેમ મૃગનો વધ કરે તેમ ફરીને શત્રુનો નાશ કરવો ઉચિત જાણીને ભવવિરાગે કામના પહેલા રુપ પુરુષવેદનો પણ વધ કર્યો.

હવે વધ ક્ષેત્રમાં બાકી કોણ રહ્યું છે ? તેની તપાસ કરતાં શમાદિ સુભટોએ પોતાની પાસે એકેક શાખાવાળા વૃક્ષની જેમ એકેક રુપવાળા ક્રોધાદિકને જોયા. ત્યારે શમાદિ સુભટોએ ક્રોધાદિનાં છેલ્લાં રુપોનો પણ નાશ કર્યો, કેમ કે અગ્નિના કાણિયાની જેમ અલ્પ શક્તિવાળા વૈરીનો પણ મહાત્મા-પુરુષોએ વિશ્વાસ કરવો યોગ્ય નથી.

પછી દુઃખે મૃત્યુ પામી શકે તેવા લોભને સંતોષ સુભટે ભાંગીને તેના ત્રણ વિભાગ કર્યા, તેમાં પહેલા બે ભાગનો નાશ કરીને ત્રીજા વિભાગના કરોડો નાના વિભાગ કર્યા. કાળના ભેદથી તે સર્વ ભાગોનો નાશ કરીને તેના છેલ્લા ભાગના અસંખ્ય ખંડો કરીને રણ સંગ્રામમાં તે સર્વનો તેણે નાશ કર્યો.

ત્યાર પછી ઉત્સાહાદિક યોદ્ધાઓએ યુદ્ધભૂમિમાં ફરી ફરીને પ્રમાદાદિ શત્રુઓને જેમ દેખ્યા તેમ તેઓનો નાશ કર્યો. વળી વિવેકની સેનામાં સ્વામિને અનુસરતી તેની સ્ત્રીઓ પણ યુદ્ધ કરતી થકી સ્ત્રીઓના વેશમાં શૂરવીર સુભટો જેવી અન્ય સુભટોએ જોઈ. જેમ સરોવર સુકાયાથી કમલિની નાશ પામે છે તેમ પોતપોતાના સ્વામી મૃત્યુ પામ્યાથી મોહના સૈનિકોની સ્ત્રીઓ તેની પાછળ મૃત્યુ પામી.

મોહની સેનાના ઘોડાઓનો વિવેકની સેનાના ઘોડાઓએ... હાથીઓનો હાથીઓએ... રથોનો રથોએ અને પદાતિઓનો પદાતિઓએ ક્ષય કર્યો. હમેંશા મોહની સાથે ચાલનાર ભંડાર પણ વિવેકના સુભટોએ એકદમ લુંટી લીધો. કેમ કે શત્રુના પ્રાણ હરનારને તેનું દ્રવ્ય લુંટવામાં શી દયા હોય ? ઘણા સમયના પરિચયથી મોહને વિષે મહાન સ્નેહ ધારણ કરનારા મન પ્રધાને પણ આ ઉદયવાન વિવેકના તરફ પોતાપણું એટલે પિતા-પુત્રના સ્નેહથી સહાય કરવાપણું દેખાડ્યું.

## મોહરાજાનો કોપ

જેમ કાષ્ટથી અગ્નિ વધારે પ્રદીપ્ત થાય તેમ પોતાના સૈન્યમાં શત્રુઓએ કરેલા ઉપદ્રવને જોઈને મોહરાજા ક્રોધથી વધારે પ્રદીપ્ત થયો.

દુઃખથી દગ્ધાત્માવાળો તે વિચાર કરવા લાગ્યો કે ''અરે ! દુકાળમાંથી આવેલા મનુષ્યોની જેમ વિવેકના સૈનિકોએ મારા સર્વ સૈન્યનું ભક્ષણ કર્યું, અર્થાત્ નાશ કર્યો. અરે ! જે દૈવે મને આટલો બધો પરિવાર મેળવી આપીને પાછો વિયોગ પમાડ્યો, તેને જો હું જોઉં તો પહેલા તો તેનો જ નાશ કરું અરે ! વિધાતાને ધિક્કાર હો કે જે વિવેકને મેં બાલ્ય અવસ્થામાં કોમલ, ઠંડો અને આળસું જોયો હતો, તેના સેવકો આજે મારા સૈન્યનો નાશ કરે છે. બાલ્યાવસ્થામાં વિવેકને આવી આળસુ આદિ પ્રકૃતિવાળો જાણીને મારા વીર સુભટો અવજ્ઞા કરી બેસી રહ્યા, પણ તે જ વખતે તેને મારવાને તૈયાર થયા હોત તો આજે મારી સર્વ સેનાને જીતવાવાળો વિવેક તેઓને જીતી શકત નહિં. મારા સુભટોમાંથી કોઇ સુભટ નાસી ગયો નથી તે તેઓએ ઘણું સારું કર્યું કેમ કે યુદ્ધમાં વીરપુરુષો માટે વિજય અથવા મરણ એ બે જ ગતિ છે. હું યુદ્ધ કરતાં કોઇ વખત પણ બીજાના સહાયની પ્રાર્થના કરીશ નહિં, કેમ કે સૂર્ય શું બીજાના બળ વડે અંધકારનો નાશ કરે છે ? નહિં જ. અર્થાત્ પોતાના બળ વડે જ નાશ કરે છે.''

આમ બોલતો નેત્રના રક્તપણાથી પ્રગટ મત્સરવાળો, અનેક પ્રકારના આયુધોથી થતા ઉલ્લાસ વડે હજાર અર્જુનના વિભ્રમવાળો, પટ્ટ હસ્તી ઉપર આરુઢ થવાથી જેનું પરાક્રમરુપી વૃક્ષ પ્રફુલ્લિત થયું છે એવો જણાતો અને યુદ્ધની ઇચ્છાથી બીજા સર્વ વ્યાપારને રોકતો મોહરાજા રણક્ષેત્રમાં આવ્યો. અને કહેવા લાગ્યો કે ''અરે પંડિતો ! તમો નાશી જાઓ ! અરે અધ્યાત્મિકો ! તમે મારી દૃષ્ટિથી દૂર થાઓ ! અરે યોદ્ધાઓ! તમે બીજી દિશામાં ચાલ્યા જાઓ ! અરે વિચારકો ! તમારા પગ સજ્જ કરો ! કેમ કે શત્રુઓ પ્રત્યે ભયંકર અને દેવોની તથા રાજાની ભુજાના મદને ભાંગતો, તથા અંજનના પુંજ જેવી કાંતિવાળો આ મોહરાજા પોતે જ પ્રહાર કરવાને ઉઠ્યો છે'' આ પ્રમાણે બોલતો અને ક્રૂર દૃષ્ટિથી ત્રણ ભુવનને ભય પમાડતો વિકસ્વર રોમવાળો મોહરાજા મહાન મુનિઓને પણ ક્ષોભને માટે થયો. આ મોહરાજાએ યુદ્ધમાં ઝંપલાવતાં

મનુષ્યો તો દૂર રહ્યા, પણ દેવોને વિષે પણ એવો કોઈ ન રહ્યો કે જે પિંપળના પાંદડાની જેમ કંપાયમાન ન થયો હોત.

એ અવસરે સત્સમાગમરુપ અતિ ઉંચા મદોન્મત્ત હાથી ઉપર આરુઢ થયેલો, કોઈપણ જાતના ક્લેશરહિત શુક્લધ્યાનના ભેદરુપ આયુધની શ્રેણીને નચાવતો, નવી પરણેલી સંયમશ્રી પત્નીથી પગલે પગલે જાગૃત કરાતો યુદ્ધનો કૌતુકી અને અદ્વિતિય વીર એવો વિવેકરાજા મોહની સન્મુખ આવ્યો. ત્યારે મોહરાજા તેને કહેવા લાગ્યો કે, ''હે વિવેક! તું પુષ્ટ થયેલો છે માટે અહિંથી સત્વર ચાલ્યો જા. કેમ કે પાછળથી તું પાછો જવા ધારીશ ત્યારે પાછો જવાને તું સમર્થ રહીશ નહિં, અર્થાત્ માર ખાઈને અશક્ત થઇ જઇશ. જેઓ મૂર્ખ અને આળસુ છે તેઓના શરીરનું સ્થૂલપણું થવું મુશ્કેલ નથી અને તે સ્થૂલ શરીરવાળા વૈરીને વશ થઇને અધિક પીડા સહન કરે છે. વળી હે વિવેક ! જો તને શરીરનું પોષણ જ ઇષ્ટ છે તો તું અહિં શા માટે આવ્યો ? અહિં કાંઇ આહાર મળવાના નથી, પણ માત્ર પ્રહારો જ મળવાના છે. તે પ્રમાદાદિક શત્રુઓને માર્યા છે તેથી ગર્વ કરીશ નહિં, જ્યાં સુધી હું પૂર્ણ શરીરવાળો છું ત્યાં સુધી હે વિવેક ! તે શું જીત્યું છે ? અર્થાત્ કશું જ જીત્યું નથી. વળી હું જીવતો હોવાથી આ સર્વે સુભટો ફરી સજીવન થશે, કારણ કે પૃથ્વીથી પેદા થનાર વૃક્ષનું મૂળ જો અક્ષત હોય તો શું ફરીને તે પલ્લવિત નથી થતું ? હે વિવેક ! શરીર વિનાના કોમલ પુષ્પરુપ શસ્ત્રવાળા અને સ્ત્રી છે માત્ર પરિવાર જેને એવા કામદેવે જગતને જીત્યું છે તેનો હું ગુરુ છું એમ તું જાણજે. હે વિવેક ! યુદ્ધ કરવાના રણક્ષેત્રમાં પ્રાપ્ત થયેલા મોહરાજાને આઘાત કરવાને પરિઘ ભોગલ વ્યથા પમાડવામાં, ગદા ચૂર્ણ કરવાને, ચક્ર વિદારણ કરવાને, વજ વિનાશ કરવાને, ધનુષ્ય ધ્વંસ કરવાને અને ખડ્ગ કાપવાને સમર્થ નથી, હું કૃત્રિમ નથી કહેતો પણ નિશ્ચે સાચું કહું છું કે મોહનું મંથન કરવાને વ્યાલ (સર્પ) અને અગ્નિ આદિ પણ સમર્થ નથી. ઇન્દ્ર વજથી... બળભદ્ર હળથી, ચક્રવર્તી ચક્રથી...

ક્ષત્રી શસ્ત્રથી... હાથી દાંતથી... સર્પ દાઢથી... લિંગો શ્રાપ દેવાથી... બ્રાહ્મણો કડવા વચન બોલવાથી અને ધનવાન ધનથી બળવાન છે, પણ રણભૂમિમાં પ્રાપ્ત થયેલા મોહરાજાની પાસે તેઓ સર્વે જરા પણ બળવાન નથી. નાના પ્રકારના સંગ્રામમાં અથડાવાથી કઠણ શરીરવાળો થયેલો હું ક્યાં ? અને સંગ્રામના પ્રયાસને નહિં જોયેલ એવો , તેમજ કોમલ શરીરવાળો તું ક્યાં ? અરે વિવેક ! પહેલાં તારા ઘણા સેવકોને મેં પરાભવિત કર્યા છે તે કહેવાથી તું દુઃખી થઇશ અથવા તે સિવાય મને બીજું શું પ્રયોજન છે. તારે વિષે એક નિષ્ઠાવાળા પહેલા ચક્રવર્તી ભરતના પુત્ર વીર-મરીચિને તું નાયક જીવતો હોવા છતાં મેં બળથી બાંધી લીધો અને તેને ઘણા નીચ ભવોમાં કોડા કોડી સાગરોપમ સુધી ભમાડ્યો. જે કંડરીક મુનિ તારા સૈન્યના સમૂહનો આગેવાન હતો તેને પણ રસનેંદ્રિયમાં એટલે રસાસ્વાદમાં આસક્તિ નામના મારા સેવકે મજબૂતીથી બાંધી લઇને ક્ષણવારમાં સાતમી નરકરુપ કુવામાં ફેંકી દીધો. મહાબળ અને બાહુબલી નામના રાજાઓ જે તારા ભક્ત હતા તેઓમાંના એક મહાબળને મારા સૈનિકે સ્ત્રીનો વેશ લેવરાવ્યો, અને બીજા બાહુબલીને એક વર્ષ પર્યંત ઉભા ઉભા જ સ્તંભિત કર્યો. વળી તારા સમ્યગ્દૃષ્ટિ પ્રધાનથી આશ્રિત કરાયેલો જે સત્યકિ અને શ્રેણિક પ્રમુખ રાજાઓ દુનિયામાં પ્રખ્યાતિ પામેલા હતા, તેઓને મારી અવિરતિ નામની સ્ત્રીએ જ રોકીને નરક નિવાસી કર્યા વળી હે વિવેક ! તું હાથમાં શસ્ત્ર ધારણ કરે છે તેથી સુભટો તારા ઉપર દુગંછા કરતા નથી, પણ તું મારી સાથે સ્પર્ધા હરિફાઇ કરે છે તેથી બુદ્ધિવાનો તારી હાંસી કરશે. માટે કુબુદ્ધિ ! હજી પણ અહિંથી તું ચાલ્યો જા. અકાલે શા માટે પ્રાણ ત્યાગ કરે છે ? કારણ કે મારી સાથે યુદ્ધ કરવાની ઇચ્છાવાળો તું તારા પરિવારને જોઇ શકીશ નહિં.

## વિવેકનો પ્રત્યુત્તર

આ પ્રમાણે મોહે કહ્યા પછી આક્ષેપ પૂર્વક વિવેકરાજાએ તેને જવાબ આપ્યો કે ''હે મોહ ! તું ઘણું શા માટે બોલે છે ? બાલ્યાવસ્થામાં મેં તને લાંબા વખત સુધી જોયો છે. જેઓ પોતાની ઘણી પ્રશંસા કરે છે તે જુદા કરેલા નિધાનની જેમ શોભતા નથી, વળી ઉધરસ આવતી હોય એવા ચોરોથી ચોરીનું કામ સિદ્ધ થતું નથી. તેમ ઘણું બોલવાવાળાની કાર્યસિદ્ધિ થતી નથી. જેમ વર્ષાઋતુમાં અલ્પ ગર્જારવ કરવાવાળો વરસાદ વરસવાનું કાર્ય કરે છે, તેમ થોડું બોલવાવાળા જ કાર્ય કરે છે. ખરેખર જેઓ અંદરથી શૂન્ય હોય છે તેઓ જ મૃદંગની જેમ ઉંચે સ્વરે અવાજ કરે છે. અથવા તારું મૃત્યુ નજીક આવેલું હોવાથી તને જે વેદના ઉત્પન્ન થઇ છે તે તને આ પ્રમાણે બોલાવે છે કેમ કે ઝાડ ઉપરથી પડતું પાકું પાંદડું શું ખરાબ અવાજ નથી કરતું ? શીતલ એવો ચંદ્ર અંધકારનો નાશ કરે છે, શીતલ પાણી પર્વતોને ભેદી નાખે છે, શીતલ મણિ નિર્ધનતાને અને શીતલ હિમ વૃક્ષોને બાળી નાખે છે. તેટલા માટે હે મતિમૂઢ ! મને શીતલ જાણીને તું મારો વિશ્વાસ કરીશ નહિં, કારણ કે શીતલ વનથી ઉત્પન્ન થયેલો અગ્નિ સર્વથી વિષમ હોય છે. હું તને હિતકારી વચન કહું છું કે ''જો તું જીવવાની ઇચ્છા રાખતો હોય તો યુદ્ધમાંથી ચાલ્યો જા ! કેમ કે અહિં અમૃતના આહાર નથી, અહીં તો કેવળ પ્રહાર જ મળવાના છે. હસ્તિઓ ગયા, ધન નાશ પામ્યું, સુભટો નાશ પામ્યા અને અશ્વો હણાયા છતાં તારા નિર્લજ્જપણાને ધિક્કાર છે કે તું હજી પણ તારી દુર્બળ ભુજાના બળનું વર્ણન કર્યા કરે છે. હે મોહ ! તે દેવલોકમાં રહેલા પ્રાણીઓને જીત્યા તે તેઓનું અચેતનપણું એક કારણ છે, પણ સચેતન એટલે ઉપયોગવાળા પ્રાણી ઉપર કોઇ વખત બળ ફોરવ્યું હોય તો મને કહે ? અપ્રમાદી અને ઉપયોગવાન સાધુઓએ તને યુદ્ધમાં અનેકવાર પરાજીત કર્યો છે, તો પણ હે નીચ ! તું પાછો યુદ્ધ કરવાને ઉઠે છે તો તારા શ્વાનવૃત્તિવાળાની નિર્લજ્જતાને ધિક્કાર થાઓ. પહેલાં મારા જે

સેવકોને તે બાંધ્યા હતા તે સર્વને મેં તારી પાસેથી મૂકાવ્યા છે પણ તારા જે સેવકોને પકડીને હું મોક્ષમાં લઇ ગયો છું તેમાંથી જો તું બળવાન હોય તો એકને પણ મુકાવ. તે સ્ત્રીરુપ સેંકડો પાશ વડે બાંધેલો અને હાથી - ઘોડા તથા યોદ્ધાઓ વડે રક્ષણ કરાયેલો જે ભરત ચક્રવર્તી હતો, તે ક્ષણમાત્રમાં મારું ધ્યાન ધરીને બંધ મોક્ષને સમજતો થયો, અર્થાત્ મુક્તિ પામ્યો. યુદ્ધરુપ તાંડવ એટલે નાટક વડે પોતાના ભાઈઓને પણ હણનારા જે પાંડવો તને વલ્લભ હતા, તેઓ પણ યથાર્થ તત્વ જાણીને તારાથી વિરક્ત થઇ મને પ્રસન્ન કરીને અવિનાશી આવાસને પ્રાપ્ત થયા. જેણે સ્ત્રી, બ્રાહ્મણ, બાળક અને ગાયના વધથી તારી સેનાનું આગેવાનપણું મેળવ્યું હતું તે નરકના અતિથિ થવાવાળા દૃઢપ્રહારીને હું મોક્ષમાં લઇ ગયો. સુસમા નામની કન્યાનું મસ્તક છેદવાવાળા અને કૃતાંત યમની જેમ ક્રૂર સ્વભાવવાળા ચિલાતી પુત્રે તારો જ આશ્રય લીધો હતો તે સમતાના સમુદ્રરુપ મુનિની સહાયથી મારો આશ્રય લેવાથી દેવલોકમાં ગયો. હે મોહ ! શસ્ત્ર અથવા અસ્ત્ર વિગેરે કોઇ પણ મને મારવાને સમર્થ નથી એમ તેં જે કહ્યું તે તારું કહેવું ખોટું નથી, સાચી હકીકત કોના હૃદયમાં ન વસે ? પણ હે ભાઇ ! તેની સાથે એ પણ કહું છું કે મદસહિત મારા આશ્રયથી ઉત્પન્ન થયેલું બળ જેઓની પાસે છે તેમની પાસે તું તૃણતુલ્ય છે એ વાત પણ ખોટી નથી. હે મોહ ! તારા સૈન્યમાં જે કેટલાક મુખથી વર્ણવી ન શકાય તેવા બળવાન સુભટો હતા તે સર્વને તારી નજરે મારા સૈનિકોએ યુદ્ધમાં ખરેખર હણી નાખ્યા છે, તો હવે તું છાલ ઉતારી નાંખેલા વૃક્ષની જેમ પોતાની મેળે જ તુરત જ સુકાઇ જઇશ. કેમ કે તુટી ગયેલી પાળવાળા સરોવરને વિષે પાણી ઘણા વખત સુધી રહેતું નથી. વળી હે મોહ ! ઘડપણથી હણાયેલા અને જર્જરિત થયેલા તને હણવામાં પણ મને યશ નથી, કેમ કે લીલાં ઝાડને બાળી નાખનાર અગ્નિરુપી વીરને સુકાં લાકડાં બાળતાં કાંઇ યશ મળતો નથી.

આ પ્રમાણે વિવેકના વચનોથી ક્રોધાયમાન થયેલો મોહ વૃદ્ધ

છતાં પણ યુવાનની જેમ આચરણ કરતાં પ્રયત્નથી પોતાનાં શસ્ત્રોની શ્રેણી તેના ઉપર વરસાવવા લાગ્યો. પરંતુ જેમ ઉત્તમ ગુણવાલા હીરાને વિષે લોઢાની સોઇ તેમાં નહિં ખુંચતા બુટ્ટી થઇ જાય તેમ તે વિવેકને ભેદવાની ઇચ્છાવાળી શસ્ત્રની શ્રેણી તીક્ષ્ણ છતાં પણ બુઠી થઇ ગઇ. પછી તે બન્ને શૂરવીરો આપસમાં હાથોહાથ યુદ્ધ કરવા લાગ્યા. તે અવસરે આજે શું થશે ? કોની જીત થશે ? એમ સંદેહવાળા દેવો તે બન્નેને જોવા લાગ્યા. પૃથ્વીને કંપાવતા ઉંચા તેમજ ગૌર એટલે સફેદ અને શ્યામ શરીરવાળા અનુક્રમે વિવેક અને મોહ યુદ્ધભૂમિમાં હિમગિરિ અને અંજનગિરિની જેમ શોભતા હતા. જેમ એક મલ્લ બીજા મલ્લને પાડી નાખે તેમ પાપના યોગથી ગ્લાનિ પામેલા મોહને મજબૂત રીતે પોતાના ચરણથી - ચારિત્રથી દબાવીને વિવેકરાજાએ પાડી નાખ્યો અને કહેવા લાગ્યો કે, નિરંતર જગતનો દ્રોહ કરવાવાળા અને દુઃખના સમૂહને દેવાવાળા હે મોહ ! હું વિષમ છું, મેં તને પકડ્યો છે. હવે તારું મૃત્યુ નજીક છે, માટે હે કંપાયમાન થતા દેહવાળા મોહ ! અત્યારે તારું જે કોઇ રક્ષણ કરવાવાળું હોય તેનું સ્મરણ કર ! કેમ કે યાજ્ઞિક જેમ યજ્ઞમાં હોમવાના બકરાને જીવતો રહેલો સહન કરી શકતો નથી તેમ હું તને જીવતો રહેલો સહન કરી શકું તેમ નથી. હે મોહ ! પુત્ર હોય કે ભાઇ હોય, પોતાના ગોત્રનો હોય કે મિત્ર હોય તો પણ દુષ્કર્મ કરવાવાળાનો નાશ જ કરવો આવી રીતિ સર્વ રાજાઓની છે. આ તારી માતા, આ તારા પિતા, આ તારી નજીક રહેલા તારા પુત્રો પ્રફુલ્લ નેત્રવાળા છતાં સર્વે તને જુએ છે પણ મૃત્યુથી તારો બચાવ કરતા નથી. તેમ તારો વધ કરવામાં હું તો કેવળ સાક્ષી ભાવ જ છું. ફક્ત પરિપક્વ થયેલાં તારાં પાપ જ તને મૃત્યુ દેવાવાળા છે. આ પ્રમાણે કહીને મોહની મુષ્ટિ આદિ તાડનાને રોકીને જેમ પરશુ-કુહાડીથી વૃક્ષનો નાશ કરે તેમ બ્રહ્માસ્ત્ર એટલે જ્ઞાનરુપ શસ્ત્રથી વિવેકે મોહનો નાશ કર્યો.

જ્ઞાનાવરણી અને દર્શનાવરણી આદિ જે મોહના સેવકો હતા તે

પણ મોહરાજાને છોડાવવાને અશક્ત થયા થકા તેના મૃત્યુના દુઃખથી તે જ ક્ષણે ક્ષીણ થયા, અર્થાત્ નાશ પામ્યા. મોહની માતા માયા પણ પોતાના પુત્રની આવી દશા જોઈને, જેમ ઉદ્ધઈ લાગેલી વેલડી ક્ષણવારમાં ઉભીને ઉભી સુકાઈ જાય, તેમ ક્ષણમાત્રમાં ઉભીને ઉભી સુકાઈ ગઈ એટલે નાશ પામી. જેમ વૃક્ષ છેદાઈ જવાથી તેના આધારે રહેલી વેલડી નીચે પડી જાય છે, તેમ પોતાના પ્રાણપ્રિય સ્વામીને મરણ પામેલા જોઈને જડતા નામની મોહની રાણી જમીન પર પડી ગઈ. મોહનું આકસ્મિક મૃત્યુ જોઈને તેની સર્વ પુત્રીઓ પણ પિતા... પિતા... એમ બોલતી દીવાના દીવેટની જેમ સુકાઈ ગઈ.

## વિવેકની યશોગાથા

મહાન શત્રુ એવો મોહ મૃત્યુ પામતાં દેવેન્દ્રોએ વિવેકના મસ્તક ઉપર ઉંચે પ્રકારે પુષ્પવૃષ્ટિ કરી. વિવેક રાજાનો જય થવાથી બંદીજનો બિરુદાવલિ બોલે છે -

હે નિરુપમ મહિમાંથી મનોહર ! હે હિમાચલના શિખરોની જેમ ઉજ્વળ યશના સમૂહવાળા ! હે ભરત, ઐરાવત અને મહાવિદેહને વિષે મહાન પુરુષોને ઉત્પન્ન કરવાવાળા અને સભાના મનુષ્યોને વિચક્ષણ કરવાવાળા વિવેકરાજા ! તમે જયવાન થાઓ ! વળી હે પ્રાણીઓના સમૂહ પ્રત્યે માતાની જેમ વાત્સલ્ય રાખનાર ! હે અપાર મોહરુપ અંધકારનો નાશ કરનારને સૂર્ય સમાન ! હે રણમાં ધીર વિવેક ! ઘણ વિપત્તિવાળા જગતના જીવોનું તમે પાલન કરો ! વળી કેવલજ્ઞાનની ઉત્પત્તિ પર્યંત મધુર શ્રેષ્ઠતાના આધારભૂત પુષ્કરાવર્ત મેઘ સમાન દાનના બળવાળા ! દુર્ધર કિરણોવાળા સૂર્યના સમૂહ સમાન પ્રકાશવાળા ! જગતને આનંદકારક શ્રેષ્ઠ વચનની કલાવાળા ! કલિકાલરુપી ભયંકર સર્પ સમાન એવા ઉદ્ધત-ખલ પુરુષોથી ભક્ષણ કરાતા સજ્જનોને શરણ દેવાવાળા ! તથા ભવોભવના પરાભવના ભયને હરનારા આ વિવેકરાજાને તમે ભજો ! હે વિવેક ! જ્યાં સુધી જિનશાસનની રુપ ઉદયાચલનો આશ્રય કરીને અને

નવા ઉદયને પામીને સૂર્યની જેમ તમે મોક્ષને આધીન કરનાર અત્યંત સુંદર વિચારરુપી જ્યોતિને નથી વિસ્તારતા, ત્યાં સુધી યમુના નદીનું જળ, કાજલ અને કોયલના શરીર સમાન કાંતિવાળો અને સુગતિના માર્ગને દૂર કરવાવાળો મોહરુપી અંધકાર નવતત્ત્વ અવલોકનનું તેજ નિષ્ફળ કરે છે.

શું આ વિવેક શેષનાગ છે ? ના... ના, તે તો વાંકી ગતિવાળો છે, શું આ સૂર્ય છે ? ના.. ના, તે તો રાત્રે તેજરહિત હોય છે.શું આ ચંદ્રમા છે ? ના..ના, તે કલંકિત શરીરવાળો છે. શું આ મણિ છે ? ના..ના, તે તો બુદ્ધિરહિત છે – એટલે જડ છે. શું આ બૃહસ્પતિ છે ? ના..ના તે કવિનો દ્વેષી છે. શું આ રાજા છે ? ના...ના તે તો નરક જવાના આચરણવાળા હોય છે. આ પ્રમાણે હે વિવેકરાજા ! તમને જોઈને પંડિતો વિવિધ પ્રકારના વિતર્કો કર્યા કરે છે.

જેઓ ખરકર્મ કરવામાં આસક્ત, હીન આચારવાળા, વિચાર વિનાના, દયાનો નાશ કરવાવાળા, પરનો અપવાદ બોલવાવાળા, પરાભવ કરવાવાળા, પીડા કરવાવાળા અને ચૂર્ણ કરવાવાળા પાપી જીવો હતા, તે બધા જ બળવાન, સજ્જન અને શોભાવાળા તમને જોઈને મોક્ષપર્યંત વિવિધ પ્રકારની વિભૂતિ અને સભાજનની પાત્રતાના ભાવને પામ્યા છે. વળી હે વિવેકરાજા ! તમારી આગળ કામ પોતાના મહિમાની હાનીને પામ્યો... માન-મદ મૂકીને નાશી જ ગયો, લોભ ક્ષોભ પામ્યો, દંભ અને કોપ કંપાયમાન થયા, અજ્ઞાન પોતાના માનથી ગ્લાનિ પામ્યો અને મોહનું બળ નિંદા પામ્યું. હે વીર વિવેક ! એવો કોણ છે કે તમારી સાથેના યુદ્ધમાં પોતાનું બાહુબલ વિસ્તારે ! હે સૂરિરાજ ! હે નિષ્કપટી ! હે વિનયથી નમ્ર ચરણકમલવાળા ! હે સમગ્ર ઈચ્છિત વૈભવ આપવામાં કલ્પવૃક્ષ સમાન ! હે મિથ્યાદષ્ટિ માર્ગનું મંથન કરનાર ! હે કંદર્પરુપ અંધકારનો નાશ કરવામાં સૂર્ય સમાન ! હે સુર, કિન્નર અને મનુષ્યના સમૂહથી ગવાતા ગુણરુપી મણિના સમુદ્ર ! હે કરુણાના આવેશથી કોમલ હૃદયવાળા ! હે

જિનપતિની સેવાથી પ્રસાદ પામેલા ! હે વીર પુરુષોમાં મુકુટ તુલ્ય અને હે વિઘ્નોના સમૂહને હરનારા વિવેકરાજા ! આ જગતનું તમે નિરંતર રક્ષણ કરો !

## માતાનો આનંદ

આ પ્રમાણે નાના પ્રકારના છંદો વડે બંદીવાનોથી ગવાતું પુત્રનું પરાક્રમ સાંભળીને વિવેકની માતા રોમાંચિત થઈને કહેવા લાગી કે, હે વિવેક ! હે વત્સ ! મારી પ્રીતિરુપ વેલડીને વિશ્રામ લેવાના મંડપ ! વાત્સલ્યના સમુદ્ર અને પ્રખ્યાત પરાક્રમવાળા ! તું ઘણો કાલ જીવ. તારા બળવાન બાહુની પૂજા, નેત્રની ન્યુંછના અને પરાક્રમનું અવતરણ હું વારંવાર કરું છું. હે વત્સ ! ભવ્ય જીવોની જેમ મારા સર્વ મનોરથો આજે સિદ્ધ થયા છે અને જાણે મુક્તિ મળી હોય તેમ હું આખા જગતને વિષે ઉચ્ચપણું માનુ છું. ઘણા પુત્રવાળી બીજી સ્ત્રીઓ જ્યારે કુતરીનું આચરણ કરે છે ત્યારે તારા જેવા એક પુત્ર વડે પણ હું સિંહણની જેમ આચરણ કરું છું. હે પુત્ર ! તને ખાનગીમાં જે શિક્ષા મેં આપી હતી કે તારો જય થાઓ ! તું જીવતો રહે અને ઘણો કાળ રાજ્ય કર. વિગેરે સઘળા આશીર્વાદ આજે ફળીભૂત થયા છે. જેમ દેદીપ્યમાન નાયક વડે સેના અને સાર્થ સનાથ થાય છે, તેમ હે પુત્ર ! તેં એક એકલાએ આપણાં કુલને સનાથતા પમાડી છે.

એ પ્રમાણે માતાની વાણી સાંભળતાં અને યુદ્ધ કરવાની ભૂમિ તરફ નજર કરતાં વિવેકે મોહના સમુદાયમાં એક પોતાના પિતા મનપ્રધાનને જ જીવતો જોયો. તેને દુર્બલ થયેલો જોઈને ઉલ્લસિત કૃપાવાળો વિવેક કહેવા લાગ્યો કે હે પિતાજી ! મેં મોહને માર્યો છતાં આપ આ પ્રમાણે ખેદ શા માટે કરો છો ? હે પિતાજી ! આ મોહ સમગ્ર શત્રુઓમાં મુખ્ય હતો, પ્રાણીઓને ક્લેશ કરાવનાર તેજ હતો અને ત્રણે ભુવનના લોકોને પાપાભ્યાસની કલા શીખવાડનાર ગુરુ પણ તેજ હતો. વળી મોહને વશ થયેલા જીવો નિરપરાધી જીવોને હણે છે, અસત્ય વચન

બોલે છે, ચોરી કરવામાં આસક્ત થાય છે, પરસ્ત્રીની સ્તવના કરે છે, ચાડીનું આલંબન કરે છે, મિત્રનો દ્રોહ કરે છે, સ્વામીનો ત્યાગ કરે છે, માંસનું ભક્ષણ કરે છે, મદિરાનું પાન કરે છે, અન્યાય કરે છે અને ખલ પુરુષોની સાથે રમે છે.

મોહના ઉદયથી સર્વ જીવો નરકને વિષે અનંતીવાર નાના પ્રકારની વેદના પામે છે, પશુપણાને વિષે ક્ષુધા-તૃષા-ભારનું વહન-વધ-બંધન માર આદિ વિપદાને પામે છે, મનુષ્યભાવમાં વૈર, વ્યાધિ વિયોગ, બંધન અને ધન નાશ પ્રમુખ પામે છે અને દેવપણામાં અભિભવ અને આભિયોગિક મરણાદિ પામે છે.

## મનપ્રધાનનો અગ્નિપ્રવેશ

હે પિતાજી ! આપની નજરે આવા દુષ્ટનું મૃત્યુ થાય તે તો ઉલટું તમોને હર્ષ માટે થવું જોઈએ, કેમ કે કાલજ્વર દેહથી દૂર થાય તે કોને ન રુચે ? આ મોહને મેં માર્યો તેથી ઘણા દેવો અને મનુષ્યો હર્ષ પામ્યા છે, કેમ કે વિષવૃક્ષને છેદી નાખવાથી ક્યો બુદ્ધિવાન સંતોષ પામતો નથી ? પરંતુ તમારા આવા અન્યાયને ધિક્કાર થાઓ કે પુત્ર સમાન પ્રેમથી મોહને વૃદ્ધિ પમાડ્યો અને ઉજ્વલ ગુણવાળા એવા અમોને ચોરની જેમ દૂર કર્યા. હવે આ નિવૃત્તિ તમારી પત્ની છે, હું વિવેક તમારો પુત્ર છું, અને આ શમાદિક તમારા પૌત્રો છે માટે એમના વિષે સ્નેહ ધારણ કરો. હે પિતાજી ! કથીરનું ઘરેણું ગયું અને સુવર્ણનું ઘરેણું પ્રાપ્ત થવા જેવી કુટુંબસ્થિતિમાં આપને કઈ ન્યૂનતા - ઓછપ છે ? માટે હવે સર્વથા ચપળપણું તજી દો... નિરંજન દેવની પૂજા કરો અને પ્રીતિ તથા વિષાદથી એટલે રાગ અને દ્વેષથી કિંચિત્માત્ર પણ પીડા ધારણ ન કરો.

વિવેકે આ પ્રમાણે ઘણું સમજાવ્યા છતાં મંત્રી પોતાની ભવિષ્ય દશાને ચિંતવવા લાગ્યો, કેમ કે પ્રાયે મંત્રીઓ દીર્ઘદ્રષ્ટિ વડે વિચાર કરનારા હોય છે. પ્રધાન વિચાર કરે છે કે વિવેક જ કહે છે તે સત્ય અને ભવિષ્યમાં હિતકર છે. પણ મોહ સાથેનો મારો સ્નેહ આ નવીન એવા

વિવેક પ્રત્યે અકસ્માત કેમ સંક્રમણ કરે ? કેમ કે તેને બાલ્યાવસ્થામાં તેની માતા સાથે મેં કાઢી મૂક્યો હતો, એ વાત ગુપ્ત શલ્યની જેમ તેના હૃયમાં ખટકે જ છે. તેની માતા નિવૃત્તિને મેં નિરંતર ભોગથી નિર્ધન-દરિદ્રી રાખી છે તેથી હું ધારું છું કે તે નિવૃત્તિ પણ મારો અપરાધ વિવેક ને હંમેશા સંભારી આપશે - યાદ કરાવશે. વળી જે તત્વરૂચિ અને સંયમશ્રી નામની વિવેકની બે સ્ત્રીઓ છે તે શું મારી ભક્તિ કરશે ? નહિં કરે કેમ કે તૃણનો સમૂહ વાયરાને અનુસારે ચાલે છે તેમ વહુઓ સાસુને અનુસારે જ ચાલે છે. આ જે વિરાગાદિ વિવેકના પુત્રો એટલે મારા પૌત્રો હજારો છે, તેઓ પણ આ પિતાનો વૈરી છે એમ જાણીને ઘરના સર્પની જેમ મને માનશે. આ વિવેકના પરિવારમાં એવો કોઇ માણસ નથી કે જે નેત્રના કટાક્ષરુપી ભાલાનું લક્ષ્ય મને નહિં કરે. અર્થાત્ કટાક્ષથી મારી સામું નહિં જુએ. આ વિવેકનો પહેલાં વિરોધ કરીને ફરી તેની સાથે નિવાસ કરવો તે સિંહને આક્રોશિત કરીને પાછું તેની ગુફામાં રહેવા સમાન છે. આત્માથી અધિક વહાલા એવા મોહની અકસ્માત આવી દુર્દશા જોવા છતાં ખેદની વાત છે કે મન પ્રધાન હજી જીવવાને ઇચ્છે છે. અરે, પુત્રો ગયા... પૌત્રો ગયા... પુત્રીઓ ગઇ અને પુત્રવધુઓ પણ ગઇ, આ સમર્થ સમુદાય ગયે છતે હવે હું કેટલોક કાળ રહીશ ?'' એ પ્રમાણે અંતઃકરણમાં ગુપ્તપણે વિચાર કરીને મનપ્રધાને વિવેકને કહ્યું - ''હે વત્સ ! સાંભળ. હું જાણું છું કે ઉપર પ્રમાણે મારા પ્રત્યે તારું સ્વાભાવિક વાત્સલ્યપણું છે, પણ દુઃખે નિવારી શકાય તેવો મોહ પણ ઘણા સમયનો મારો પરિચિત હતો અને તે મારા આગળ મરણ પામ્યો નથી તેથી 'હે પુત્ર ! હવે મારે જીવવું તે યુક્ત નથી. પહેલાં મેં મોહને વચન આપ્યું હતું કે તું જીવતે છતે હું જીવીશ અને મૃત્યુ પામ્યે હું તારી પાછળ મૃત્યુ પામીશ, માટે તે વચન હું સત્ય કરવા ઇચ્છું છું. તેથી તું રજા આપે તો દેશાંતર જવાવાળાને ખોરાક (ભત્તા/પાથેય)ની જેમ તારી શિક્ષાને હૃદયમાં રાખીને હું પીડા રહિત થઇને અગ્નિમાં પ્રવેશ કરું. મન પ્રધાનના આવા શબ્દો સાંભળીને વિવેક

વિચાર કરે છે કે આ મન પ્રધાનનો નાશ થવાથી નિશ્ચે મને લાભ થશે, તે વિદ્યમાન હોવાથી લાભ નહિં થઇ શકે, તેથી તેમનું કહેવું કબુલ કરવું જ યોગ્ય છે. એવો નિશ્ચય કરીને વિવેકે બહુમાન પૂર્વક તેનુ કહેવું અંગીકાર કર્યું. પછી ભાવતીર્થમય પવિત્ર એવા બારમા ગુણસ્થાનકને વિષે વિવેકે કુંડની જેમ ક્ષાયિક ભાવને શુદ્ધ કર્યો. ત્યાર પછી પાંચે અંતરાયો તથા પ્રચલાદિક નિદ્રા પ્રમુખ કર્મપ્રકૃતિરુપ કાષ્ઠો હોમવા વડે તેણે શુક્લ-ધ્યાનરુપ અગ્નિને પ્રજ્વલિત કર્યો. પછી પરિવાર સહિત વિવેક સાક્ષી પણે હતા ત્યારે નિર્વીર્ય થયેલો મનપ્રધાન શુક્લધ્યાનરુપ અગ્નિમાં પ્રવેશ કરી ભસ્મતાને પામ્યો.

## હંસરાજા-ચેતના-વિવેકનો સંગમ

આ સમયે અવકાશ પ્રાપ્ત થયેલી મહાસતી ચેતના પોતાના મૂળ સ્વરૂપે હંસ નામના પોતાના પતિને કહેવા લાગી કે ''હે નાથ ! કોઇ ન દેખી શકે તેવા મારા શુદ્ધ સ્વરૂપને આપ જુઓ. જેમ ચોર અને ભીલ્લની પાસે ઉત્તમરત્ન પ્રગટ ન કરાય, તેમ મન અને મોહ તમારા પાસે વિદ્યમાન હતા ત્યાં સુધી મારા આ સ્વરુપને મેં પ્રગટ કર્યું ન હતું. હે બુદ્ધિમાન ! હવે તમે પોતાને બંધાયેલો જાણો નહિં, તમારા સર્વ બંધનો નાશ પામ્યા છે અને જેઓએ તમને બાંધ્યા હતા તે સર્વ દુરાત્માઓ પણ નાશ પામ્યા છે. હે હંસરાજા ! જેમ વાદળાં વિનાનો સૂર્ય... રાહુથી મૂકાયેલો ચંદ્ર... આવરણ રહિત દીપક... નિર્મલ સુવર્ણ... ડાઘ રહિત માણિક્ય અને ધુમાડા વિનાનો અગ્નિ શોભે છે, તેમ શત્રુઓનો સંસર્ગ દૂર થવાથી આપ હવે અતિ શોભો છો. સૂક્ષ્મ એવું મન અને અબળા એવી માયા સ્ત્રીએ તમોને દુર્બળ જાણીને બાંધ્યા હતા, પણ જગતને દુઃખથી મુકાવવાવાળું તમારું બળ આજે ઉલ્લાસ પામ્યું છે. પહેલાં તમે પરવશ હોવાથી જે ભંડારો તમે ક્ષીણ થયેલા જોયા હતા, તે વીર્ય અને આહ્લાદાદિ ભંડારો આજે પરિપૂર્ણ દેખાય છે. પહેલા અનાર્યોએ તમારી પાસે કાષ્ઠ તથા પાણી વિગેરે ભાર વહન કરાવ્યો હતો અને હવે તો સેવકોની જેમ સર્વ

દેવો આપની સેવા કરે છે. નિરંતર એક સ્વભાવવાળા આપણા બન્નેના પૃથગ્ભાવ જ શું છે ? બિલકુલ નથી. કેટલાક સ્થુલદૃષ્ટિવાળા ભેદ માને છે, પણ આપણા સહચારિઓ ભેદને ઇચ્છતા નથી. તમે માયાને આધીન થયા હતા તેથી તમારામાં શંકા કરતી હું સતી છતાં અસતીની જેમ તમારી સેવા નહિં કરતા તટસ્થપણે જ રહી હતી. હે માયારહિત થયેલા ! ક્ષમાના સમુદ્ર ! તે મારો અપરાધ તમે ક્ષમા કરો ! હવે આજથી એકાગ્રમનવાળી થઇને હમેશાં હું તમારી સેવા કરીશ. હે સ્વામિન્ આ સમયે દેવોએ રચેલા રત્નજડિત સુવર્ણમય કમલને અલંકૃત કરીને ન્યાય એટલે સત્યમાર્ગનો પ્રકાશ કરો.''

આ પ્રમાણે ચેતના રાણીના વચનથી બંધનમુક્ત થયેલો અને પટુતાને પ્રાપ્ત થયેલો હંસરાજા પોતાને સ્વરુપસ્થિત જોઇને આનંદ-ભૂમિકારુપ એટલે આનંદમય થયો. એ અવસરે ચેતનાની સાથે હંસરાજાનો સંબંધ અવિનાભાવિ એટલે પરસ્પર એકતાવાળો અર્થાત્ કોઇ વખત નાશ ન થાય તેવો થયેલો જોઇને દેવોએ હંસરાજાના મસ્તક ઉપર ઉંચા પ્રકારે પુષ્પવૃષ્ટિ કરી તથા જય જય એવા શબ્દોપૂર્વક વસ્ત્રની વૃષ્ટિ કરી, વાજિંત્ર વગાડનારાઓની જેમ તે દેવોએ આકાશમાં દુંદુભી વગાડી. તે અવસરે વજરત્નના મૂલવાળા, મણિરત્નના નાળવાળા અને સુવર્ણમય પત્રોથી શોભતા નિર્મલ દિવ્ય કમલ ઉપર તે હંસરાજાએ આરોહણ કર્યું. મહાત્મા પુરુષોની સેવા કરવાના સ્વભાવવાળા દેવો તે હંસરાજાના મુખરુપ ચંદ્રની પ્રભાના લોભથી પોતાના નેત્રોને ચકોરપક્ષીની જેમ આચરણ કરાવતા છતાં તેની ચારે બાજુ વીંટાઇ વળ્યા. પૂર્વજોથી ચાલી આવતી પવિત્ર ગંગા પણ આ હંસરાજાની આગળ શું ગણત્રીમાં છે ? એ પ્રમાણે બોલતા થકા બુદ્ધિમાન મનુષ્યો પણ તેની ઉપાસના કરવા લાગ્યા. ઘણા કાળે પ્રાપ્ત થયેલી ચેતના રાણીને સભાને વિષે પણ જુદી ન કરતાં એટલે સાથે રાખીને પરહિતની ઇચ્છાવાળા હંસરાજાએ દેવ અને મનુષ્યની પર્ષદાને મોક્ષમાર્ગનો ઉપદેશ કર્યો. અર્થાત્ મોક્ષમાર્ગ બતાવ્યો

કે, આ દેહધારી આત્માઓ કર્મવૈરીથી કેવી રીતે બંધાય છે અને કેવી રીતે તેનાથી મુક્ત થાય છે, તે સર્વ યથાસ્થિત પ્રગટ કર્યું. પછી જે જે ઠેકાણે કર્મરુપ વૈરીએ ઉત્પન્ન કરેલા ક્લેશને હંસરાજા સાંભળતો, તે તે ઠેકાણે ઇચ્છારુપ ગમન કરનારો હંસરાજા તેનો નાશ કરવાની ઇચ્છાથી વિચરતો હતો.

તે અવસરે એકતાન થઇને વિવેકે જોયું તો હંસરાજાની અને પોતાના અધિપતિની વસ્તુતત્વથી કાંઇ પણ ભિન્નતા દેખાઇ નહીં.

હે ગ્રામાધ્યક્ષ ! તમને મેં જે આ કથાનો નાયક હંસરાજા કહ્યો તે હું પોતે જ છું, હમણાં ધર્મરુચિ એવાં નામથી બધા મને બોલાવે છે.

માયાથી મોહિત થયેલો... મનથી બંધાયેલો... કુબુદ્ધિથી પ્રેરાયેલો... સદ્બુદ્ધિથી ઉપેક્ષા કરાયેલો... વિવેક રહિત થયેલો એવો જે હું તેણે વિવિધ પ્રકારનાં દેહ-રુપ કરતાં, અનેક પ્રકારના નામ ધારણ કરતાં અને અનેક પ્રકારના ભવોમાં ભમતાં વિવિધ પ્રકારનાં દુઃખો સહન કર્યા છે. તેમજ મારી મહાન જ્ઞાનની સંપદા દૂર થઇ હતી. જ્ઞાનનો આડંબર અસ્ત થયો હતો, પ્રભુત્વપણાથી પતિત થયો હતો અને ઠેકાણે ઠેકાણે પરાભવ પામ્યો હતો. પરંતુ યોગ્ય અવસરે પંચપરમેષ્ઠિ એટલે અરિહંત - સિદ્ધ - આચાર્ય - ઉપાધ્યાય અને સાધુના પ્રસાદથી બળ પ્રાપ્ત કરીને વિવેકે પોતે જ મોહરાજાને યુદ્ધને વિષે માર્યો છે. મોહરાજા મૃત્યુ પામ્યે અને માયાદિ સ્ત્રીઓ નાશ પામ્યે છતે ચેતનાએ મુખ્ય સ્વરૂપે મને ઓળખાવીને સર્વનો સ્વામી કર્યો છે. આ ચેતનાનું ચરિત્ર સાંભળી સંભાળીને મારું મન વિસ્મય પામે છે. તેના મેં અનેક અપરાધો કર્યા છતાં પણ તેણીએ મારા પ્રત્યેના પ્રેમનો ત્યાગ કર્યો નથી. જે સ્ત્રીઓ દેદીપ્યમાન ભૂષણ, ભોજન, ભુવનને ભોગવવારુપ બદલાની આશાએ ભત્તાર પ્રત્યે ભક્તિવંત હોય છે, તેવી સ્ત્રીઓ પૃથ્વીને વિષે દાસીની ઉપમાને લાયક છે, પણ જે સ્ત્રીએ મારી દુઃખી અવસ્થામાં પણ મારું હિત કરવાની બુદ્ધિ મૂકી નથી તેવી કપટરહિત હિતકારી અને સૂર્યકાંત રત્નની

જેમ નિર્મળ એક ચેતના સ્ત્રીની જ હું સ્તુતિ કરું છું.

ત્યારે ગ્રામાધ્યક્ષે કહ્યું કે - ''હે પ્રામાણિક પુરુષોમાં મુખ્ય હંસરાજા ! અથવા ધર્મરુચિ મુનિરાજ ! મારી વાત આપ સાંભળો. આપે આ જે સ્વચરિત્ર કહી સંભળાવ્યું તે સર્વ સંસારી જીવો માટે સરખું છે, અર્થાત્ સર્વ જીવોનું ચરિત્ર તેવું જ હોય છે. સર્વ જીવો આ વૃત્તાંતનો અનુભવ કરે છે એટલે જાણે છે, પણ વ્યામોહરુપ મદિરાનું પાન કરવાથી લોપ પામેલી બુદ્ધિવાળા મનુષ્યો તેને જાણી શકતા નથી. અથવા હે પ્રભુ! જે જીવોથી તમે દૂર છો તેઓની ચિંતા કરવાથી સર્યું ! પણ સુર્ય સમાન આપ નજીક છતાં શું હું અંધકારથી પીડા પામું ? ન જ પામું. માટે વિવિધ પ્રકારના જન્મ ધારણ કરવારુપ અંધકૂપમાંથી આપની જેમ મારો ઉદ્ધાર કરો કેમ કે આત્મવત્ સર્વ જીવોને જોવા એ મહાત્મા પુરુષોની સ્થિતિ એટલે રીતિ છે. ત્યારપછી નિરંતર મોક્ષની અભિલાષાથી શોભતા અને નિશ્ચલ આગ્રહવાળા તે ગ્રામાધિપતિને તે શ્રેષ્ઠમુનિ દીક્ષા આપશે. પછી તે નિષ્કપટીમુનિ સ્વાધ્યાયના કારણ વિના બાકીના સમયે મૌનરુપ મુનીશ્વરની મુદ્રાનો આદર કરીને ગુરુની સાથે વિહાર કરશે. પછી પૂર્વે બાંધેલા કર્મોનો બાહ્યાભ્યંતર તપ વડે નાશ કરતા અને સંયમ વડે નવીન કર્મબંધને રોકતા તે મુનિ કેવલજ્ઞાન પામી કર્મથી મુક્ત થઇને મોક્ષે જશે. બીજા જીવોને પ્રતિબોધ કરતાં હંસરાજાને પણ કેટલોક કાળ ગયા પછી અવસર જોઇને ચેતના વિપદા રહિત સ્થાન પ્રત્યે લઇ જવા માટે પોતાના સ્વામીને વિનંતી કરશે કે, હે અનંતદર્શનવાન્, અનંતજ્ઞાનવાન્, સર્વ લોકને સુખી કરનાર ! તમે હાલ જે સ્થાનને વિષે રહો છો તેનું સ્વરુપ વિચારો. હંસરાજા હમણાં શરીરરુપ સ્થાનમાં રહેલા છે તેનું સ્વરુપ ચેતના જણાવે છે -

## દેહનું સ્વરુપ

નવદ્વારો વડે નિરંતર ગળતા એવા અધમ રસરુપ કાદવથી વ્યાપ્ત, વિસ્તાર પામેલાં આંતરડાં, નસ અને સ્નાયુ વડે ચાંડાલના ઘરનું

સ્મરણ કરાવનાર, ઉંચા અને નીચા અથવા નાના-મોટા વાળના સમૂહથી અને રોમરાજીથી બિભત્સ દેખાતું, માંસ, વશા, મેદ, અસ્થિ અને રુધિર વિગેરેથી જોવાને પણ અયોગ્ય, વિષ્ટા-મૂત્ર અને મળથી ખરાબ ગંધવાળું, લાળ અને થુંકથી દુગંછનીક અને પરિણામે કૃતઘ્ન એવું આ દેહરુપ નગર આપ જેવા સત્પુરુષોને રહેવા લાયક નથી.

આ દેહરુપ નગરમાં મણિ, મોતી, સુવર્ણ કે રજત પ્રમુખ કશું દેખાતું નથી, ફક્ત જ્યાં જોઇએ ત્યાં લોહી, માંસ, મજ્જા આદિ દેખાઇ આવે છે. આ દેહમાં નાંખેલ અનાજ, પાણી,ઘી, ગોળ, મથેલું દહીં, સાકર, દુધ, ફળ અને પત્ર પ્રમુખ ઉખરભૂમિને વિષે વાવેલાં બીજની જેમ વિનાશ પામે છે. જેમ ચાંડાલની સોબતથી કુલવાન માણસ નિશ્ચે દૂષિત થાય છે તેમ શય્યા, વસ્ત્ર, તાંબૂલ, પુષ્પ, સુગંધ અને વિલેપન પ્રમુખ સર્વે આ દેહની સાથે સંયોજીત થવાથી દૂષિત થાય છે. આ દેહમાં નિરંતર અનાજ અને પાણી નાખવામાં આવે છે તો પણ રાંક કરતાં અધિક ચેષ્ટાવાળો આ દેહ સંતોષ પામતો નથી. પંડિતજનો આ દેહને નવીન સંસ્કારો કરે છે, તો પણ વિષ્ટાના ઘરની જેમ અશુચિપણાનો આ દેહ ત્યાગ કરતો નથી.

શિલાના પત્થર, પર્વતના શિખર, નદી કિનારાના કાંકરા, અને ધૂળ વિગેરે પૃથ્વીના ભેદો વડે આ દેહનો નાશ છે એમ પંડિતો અનુમાન કરે છે. સરોવર, પાણીનો પ્રવાહ, નદી, કુવા, દ્રહ, સમુદ્ર અને અતિવૃષ્ટિ વિગેરે પાણીના અનેક ભેદો વડે પણ આ દેહનો નાશ થઇ શકે છે. અગ્નિ, વિજળી, દાવાનલ, અંગારા અને ફોતરાનો અગ્નિ વિગેરે આ દેહને બાળે છે, અથવા મહાવાયુ અને ઉર્ધ્વવાયુ આદિ વાયુના ભેદો પણ આ દેહને હરી જાય છે. વિષ, વિષફળ, શંકુ, યંત્ર, મુદ્ગર, લાકડી, દોરડાનો પાશ અને અતિશય આહાર તથા વનસ્પતિજન્ય (અજાણ) વસ્તુ પણ આ દેહનો નાશ કરે છે.

છીપ, શંખ, જળો, કૃમિ અને કીકસ નામના પ્રમુખ

બેઇન્દ્રિયવાળા જીવોથી કીડી, મંકોડા, ઘીમેલ, કીડા, અને માંકડ પ્રમુખ ત્રણ ઇન્દ્રિયવાળા જીવોથી અને પતંગીયા, ભમરી, ડાંસ તથા વીંછી પ્રમુખ ચાર ઇન્દ્રિયવાળા જીવોથી આ દેહને નધણીયાતી વસ્તુની જેમ પગલે પગલે વિપદાઓ આવી પડે છે. હાથી, ઘોડા, પાડા, વાઘ, વરુ, ભુંડ, વાનર, ગધેડા, સાંઢ, શ્વાન, અને શિયાળ પ્રમુખ પાંચ ઇન્દ્રિયવાળા જીવો વડે પણ આ દેહ કદર્થના પામે છે. મગર, ગ્રાહનક્ર, પાઠીન અને કરચલા પ્રમુખ પાણીમાં રહેવાવાળા તથા ભિલિંગુ, બાજપક્ષી અને ગીધ પ્રમુખ આકાશમાં ઉડતા પક્ષીઓ વડે પણ આ દેહ ખેદ પામે છે. નોળીયાં, ઉંદર, બિલાડા, ગરોળી, કાકીંડા અને સર્પાદિક વડે પણ આ દેહને વિઘ્ન થવાની વિદ્વાનો શંકા રાખે છે. સંગ્રહણી, ગ્રંથી, ગંભીરગુલ્મ, કુષ્ટ અને જ્વર પ્રમુખ વ્યાધિરુપ તસ્કરો તમારું વિદ્યમાનપણું છતાં પણ તત્કાળ આ દેહને લુંટી જાય છે. આ દેહના જ નાશ માટે ચક્ર, વજ્ર, ધનુષ, ખડ્ગ, છરી, ભાલાં અને તોમરાદિ શસ્ત્રોના સમૂહ ક્યા દૈવે બનાવ્યો છે ? ભૂત-પ્રેત અને પિશાચાદિ દેવો તથા મ્લેચ્છ, મુગલ અને ચાંડાલ પ્રમુખ મનુષ્યો પણ આ દેહનો નાશ કરવાને ઇચ્છે છે. દેવતાં અને મુનિઓનાં કઠોર મન તથા વચન વડે, શ્રાપ દેવા વડે અને કોઇ મનુષ્યની દુષ્ટ દષ્ટિ વડે પણ આ દેહ ઉભોને ઉભો સુકાઇ જાય છે. અત્યંત સ્નેહથી, અત્યંત રાગથી, અત્યંત ક્રોધથી અને અત્યંત ભયથી અકસ્માત આ દેહ નાશ પામેલો દેખાય છે. વળી હે દેવ ! અતિ આહાર કરવાથી, સર્વથા આહાર ન કરવાથી, ઘણું પાન કરવાથી, સર્વથા પાનના ત્યાગથી, ઘણો પ્રયાસ-શ્રમ કરવાથી, સર્વથા પ્રયાસ - શ્રમ ન કરવાથી આ દેહ શુષ્ક થઇ જાય છે. આવા મળરુપ પંકથી વ્યાપ્ત, નિઃસાર અને વિનાશ ધર્મવાળા દેહને વિષે આપનો નિવાસ જોઇને, રંકના મસ્તક પર રહેલા મણિને જોઇને શોચ થાય તેમ સંતપુરુષ શોચ કરે છે.

હે પવિત્ર ! આ અપવિત્ર દેહને વિષે... હે નિર્મલાત્મન્ ! મલિન દેહને વિષે...

હે ચિદ્રૂપ ! જડ દેહને વિષે.. હે નિર્વિનાશી ! વિનાશી દેહને વિષે...

હે અનંતવીર્ય ! નિર્વીય દેહને વિષે... હે પાંચ ભૂતોથી ભિન્ન ! આ ભૌતિક પાંચ ભૂતમય દેહને વિષે... દાક્ષિણ્યતારુપ પાશથી બંધાયેલા તમે અહિં ક્યાં સુધી રહેશો ?

હે નાથ ! આ દેહ નગર જેવાં ઘણા નગર તમે ગ્રહણ કર્યા અને તેનો ત્યાગ કર્યો, પણ હવે મોક્ષમાં નિવાસ કરવાનો અવસર નજીક આવ્યો હોવાથી તમારે માટે દુઃખે ત્યાગ કરવા લાયક શું છે ? જે આયુષ્યકર્મે કરી ચોકીદારની જેમ તમને આટલા લાંબા સમય સુધી રોકી રાખ્યો છે તે હવે નાશ પામ્યા જેવું થઇ રહ્યું છે. માટે તમે તેનો વિચાર કરો.

આ પ્રમાણે ચેતના રાણીએ પ્રેરેલો હંસરાજા પરમપદ-મોક્ષ પામવાની ઇચ્છાથી તે દેહ નગરીનો ત્યાગ કરતો ક્ષણમાત્રમાં દેહત્યાગરુપ રથ ઉપર આરુઢ થશે.

## દેહત્યાગ રથ

સર્વ બુદ્ધિવાનોમાં મુકુટતુલ્ય તે હંસરાજા પરમપદની પ્રાપ્તિમાં વિઘ્નભૂત અને પહેલાં રાખના ઢગલા તુલ્ય કરેલા મનને ચૂર્ણ કરીને ચારે બાજુ ફેંકી દેશે.

મારા જવાથી કંઇ પણ કલ-કલ શબ્દ ન થાઓ. એમ ધારીને ગર્વ રહિત થયેલો હંસરાજા વચનયોગને ધીરે ધીરે રોકશે.

પછી નસ અને રુધિરના કંપવાથી મોક્ષે જવામાં અપશુકન ન થાઓ, એમ ચિંતવી કાયાસંબંધિ સર્વ ચેષ્ટાને બંધ કરશે.

પછી લોકના અગ્રભાગે પ્રત્યે ઉત્પન્ન થવાની ઇચ્છાવાળા થઇને પાંચ હ્રસ્વસ્વર 'અ,ઇ,ઉ,ઋ અને ઌ' ઉચ્ચારણ પ્રમાણ કાલપર્યંત તે હંસરાજા મેરુપર્વતના સરખું સ્થૈર્યપણું (ચૌદમે ગુણસ્થાનકે) ભોગવશે.

પહેલાં મોહરાજાના સેવકોને હણતાં બાકી રહેલી પંચ્યાશી

પ્રકૃતિઓનો તે હંસરાજા પાંચ હ્રસ્વાક્ષર ઉચ્ચારણ કાલના અંતના બે સમયમાં નાશ કરશે. પછી પોતાની પ્રયાણ કરવાની સ્થિતિને જાણતો તે મુખ અને ઉદર આદિ છિદ્રોના સદ્ભાવે આમ તેમ રહેલા પોતાના આત્મપ્રદેશોને એકઠા પિંડીભૂત કરશે. પછી યંત્રથી છુટેલા બાણની જેમ અથવા પાણીને વિષે લેપરહિત થયેલા તુંબડાની જેમ ચેતના સહિત તે ઉર્ધ્વદિશામાં દોડશે અને અચિંત્ય શક્તિવાન તેમજ મહાવેગવાન તે સરળગતિ વડે એકદમ એક સમય માત્રામાં પરમપદ-મોક્ષને પામશે.

## પરમપદનો પરિચય

તે પરમપદ મોક્ષમાં ગર્ભવાસરુપ બંદિખાનામાં નિવાસ, પ્રસવ વખતની વેદના, બાલ્યવસ્થા, ધૂળની ક્રીડા, ભણાવનારથી થતી તાડના, માનની હાનિ, ધનનો નાશ, તથા કુટુંબના ક્લેશયુક્ત ક્રોધાદિ કષાય અને પાંચ ઈન્દ્રિઓના વિષયથી થતી યૌવન સંબંધિ વિડંબના, વિયોગરુપ અગ્નિની જ્વાલાથી ઉત્પન્ન થયેલ શોકરુપ જ્વર, વ્યાપારના નાશ વિગેરેથી ઉત્પન્ન થતો બીજાઓ તરફનો પરાભવ, ધનની આશાથી થવાનો લાભ, ન્યાયમાર્ગ રાજસેવા પ્રમુખ પરિશ્રમો, કષ્ટદાયી વ્યાપાર, જલસ્થલમાર્ગે ગમનાગમન, બાળકની લાળ, વિષ્ટા અને મૂત્રના સંસર્ગને વિષે સુખની કલ્પના, સ્ત્રીના ચરણનો આઘાત, સ્ત્રી પ્રત્યે કહેવા પડતાં ખુશામતનાં વચનો, વ્યાધિથી થતી પીડા, રાજા આદિથી થતો ભય, ડાંસ અને મચ્છર પ્રમુખ ક્ષુદ્ર જંતુથી કદર્થના, ઠંડીથી થતો કંપ, તાપથી થતો સંતાપ, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ અને પવનાદિથી થતો ઉપદ્રવ, ભૂતોથી થતો પરાભવ, સ્વ તથા પરાચક્રથી ઉત્પન્ન થતો ભય, ક્ષુદ્ર યંત્ર મંત્રાદિથી કરેલી કાયાની નિયંત્રણા, વ્યસનસંબંધિ ક્લેશ, અપર દ્રોહીઓનો પ્રવેશ, શાકિની આદિનો આવેશ, શત્રુઓનો કદાગ્રહ, દેણદારને માટે ધિક્કારના શબ્દો, દુર્જન પુરુષોના ઉછૃંખલ વચનો, દારિદ્રતા, દુર્ભિક્ષ, દુકાલ, આજીવિકાને માટે ચિંતા, નાટક, હાસ્ય, ગીત, ઈન્દ્રજાલ આદિ કૌતુક જોવાની ઈચ્છા, જ્ઞાનની વિસ્મૃતિભ્રાંતિ, બુદ્ધિનો વ્યામોહ-સંશય, રુપાદિ

સર્વસ્વ ધનનો ગ્રાસ કરવાની લાલસાવાળી જરારુપ રાક્ષસી, વ્રતધારી જીવોને ભક્ષણ કરવાવાળા યમરાજાથી કરાતી મરણની શંકા, ગર્વથી ઘેલા થયેલા ધનાઢ્ય માણસોના ગર્વરુપ બાફથી તપેલા મુખનું જોવું, તેઓના દાસ થવાની ઇચ્છા, તેઓના આક્રોશનું ખમવું, તેમજ ખાવાની ઇચ્છા, પીડા અને ભય જે સ્થાનમાં બિલકુલ નથી એવા મોક્ષસ્થાનમાં તે હંસરાજા નિશ્ચે રહેઠાણ મેળવશે.

પછી અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતવીર્ય અને અનંત આનંદરુપ અમૃત વડે તૃપ્ત થયેલા હંસરાજા ત્યાં અનંતકાળ પર્યંત નિર્ભયપણે સુખે રહેશે. નિરંતર નિર્મલ સદ્જ્ઞાન - દર્શનરુપ જ્યોતિનો આશ્રય કરવાવાળો તે હંસરાજા એવું પોતાનું નામ સાર્થક કરશે.

## શુદ્ધાત્માના વિવિધ નામો

સિદ્ધપદ પામેલા પરમ પવિત્ર આત્માના ગુણનિષ્પન્ન વિવિધ નામો જણાવે છે -

પૃથ્વી ઉપરથી આવેલો હોવાથી તે આત્મા 'પાર્થિવ' કહેવાય છે.

સમગ્ર આરંભના હેતુનો ત્યાગ કરેલા હોવા છતાં પ્રજાને પાળતો હોવાથી '**પ્રજાપાળ**' કહેવાય છે.

ત્રણે ભુવનના જીવો મુકુટની જેમ તેને મસ્તક ઉપર ધારણ કરે છે તેથી બુદ્ધિવાનો તેને '**ત્રિભુવન પ્રભુ**' કહે છે.

જન્મ-જરા-મરણાદિ સર્વ ઉપદ્રવોથી મુક્ત હોવાથી તે આત્મા '**સદાશિવ**' કહેવાય છે.

જ્ઞાનસ્વરુપથી જ વ્યાપ્ત હોવાથી તે '**વિષ્ણુ**' કહેવાય છે.

પોતાની મેળે ઉત્પન્ન થયો હોવાથી તે આત્મા '**સ્વયંભુ**' કહેવાય છે.

જન્મ રહિત હોવાથી '**ભગવાન અજન્મા**' પણ કહેવાય છે.

કર્મથી બંધાયેલા આત્મા કરતાં ઉત્કર્ષતાને પામેલા હોવાથી તે '**પરમાત્મા**' કહેવાય છે.

પરમ ઉત્કૃષ્ટ જ્ઞાનના યોગથી '**પરબ્રહ્મ**' એવા નામને પણ પામેલો છે.

વિદ્વાનોથી પણ તે કોઇ પ્રકારે જાણી શકાતો નથી તેથી તેને '**અલક્ષ્ય**' કહ્યો છે.

દ્રવ્યની અપેક્ષાએ તે 'એક' કહેવાય છે, તથા તેના પર્યાયો અનંત હોવાથી તે અપેક્ષાએ તે '**અનેક**' કહેવાય છે.

સત્વગુણ, રજોગુણ, તમોગુણ રહિત હોવાથી તે '**નિર્ગુણ**' કહેવાય છે,

જ્ઞાનાદિ ગુણોના સંયોગથી તે '**મહાગુણ**' કહેવાય છે.

આકાશ જેવો રુપાદિ રહિત હોવાથી તે '**અવ્યક્ત**' કહેવાય છે.

તેના ગુણોનું વર્ણન કરી શકાતું હોવાથી '**વ્યક્ત**' કહેવાય છ.

મોક્ષના પર્યાયમાં રહેલો હોવાથી તે '**ભાવ**' કહેવાય છે.

સંસારના પર્યાયમાં નહિં રહેલો હોવાથી તે '**અભાવ**' કહેવાય છે.

મોક્ષમાં જ્ઞાન-દર્શન વડે ચેષ્ટાવાન હોવાથી તે '**સકલ**' કહેવાય છે.

શરીરની ચેષ્ટાનો આશ્રય નહીં કરવાથી તે અપેક્ષાએ '**નિષ્કલ**' પણ કહેવાય છે.

કર્મ અને ઉદ્યમ... આત્મા અને દેહ... દ્રવ્ય અને ભાવ... જ્ઞાન અને ચારિત્ર... ભોગ અને યોગ તથા લક્ષ્મી અને સરસ્વતી એમાંથી એકેક વસ્તુને અવલંબીને પણ ક્યા ક્યા સંસારી જીવો આ દુનિયા ઉપર ક્લેશ કરતા નથી ? અર્થાત્ સર્વ કરે છે, પણ આ હંસરાજાએ મોક્ષમાં આવાં દ્વંદ્વોનો નાશ કરેલો છે તેથી તે નિરંતર સુખી છે. સંસારી જીવોએ જે જે વસ્તુઓ સુખને અર્થે કલ્પેલી છે તે વસ્તુઓ હંસરાજાએ (શુદ્ધાત્માએ) દુઃખને માટે માનેલી છે. તેથી તે વિશ્વથી વિલક્ષણ સ્વભાવવાળો છે.

## શુદ્ધાત્માનું સિદ્ધપદનું સુખ

શંકા અને સંકલ્પરુપી શલ્યને દૂર કરીને ધૃતિયુક્ત થયેલા તે

હંસરાજાને મોક્ષને વિષે નિરંતર જે સુખ છે તે સુખ કષાય અને વિષયોથી વ્યાકુળ ચિત્તવૃત્તિવાળા ચક્રવર્તી, દેવ અને ઇન્દ્રને પણ નથી.

શુદ્ધાત્મા હંસરાજાને હવે સિદ્ધના નામથી ઓળખશું. સર્વજ્ઞ તીર્થંકર સિદ્ધના જીવનું અનંત સુખ પોતાના જ્ઞાનથી જાણે છે અને સ્વાત્મ વડે તેનો અનુભવ અહિં રહીને કરેલો છે, તો પણ તે સુખને પરિપૂર્ણપણે કહેવાને તે સમર્થ નથી. કારણ કે તેની વાણી ક્રમથી પરિણમતા અક્ષરોના સમુદાયરુપ છે અને તેનું આયુષ્ય આ મનુષ્ય દેહને અપેક્ષીને પૂર્વ ક્રોડ વર્ષથી આગળના વિભાગને સ્પર્શી શકતું નથી. જે કર્મરહિત સિદ્ધના સુખના અનંતમા ભાગથી અધિક સુખ ભોગવનાર લવસત્તમ દેવો પણ નથી તો તે અમૃતથી અધિક સુખ પંડિતજનો વચનમાં કેમ લાવી શકે ?

એક રાજા કોઇ ભિલ્લને ઉપકારી જાણીને જંગલમાંથી પોતાના અંતપુરમાં લાવ્યો, ત્યાં વિવિધ પ્રકારની વિષયની કલાના જાણકાર પુરુષોએ તેને તે સુખના પ્રવાહમાં નિપુણ કર્યો. પાછો તે અટવીમાં આવ્યો, ત્યારે અંતઃપુરમાં જે સુખનો તેણે અનુભવ કર્યો હતો તે સુખ પોતે જાણતો હતો છતાં પણ ત્યાં અટવીમાં ઉપમા આપવા લાયક કોઇ વસ્તુ ન હોવાથી પોતાના આપ્તજનો પાસે તેનું વર્ણન કેવી રીતે કરી શકે ? અર્થાત્ ન કરી શકે.

તે પ્રમાણે આ દુનિયામાં રહેલા જીવો મહાક્લેશ પૂર્વક સાધ્ય થયેલાં સુખોને જ નિરંતર અટવીમાં રહેલા બીજા ભિલ્લોની જેમ ભોગવતા હોવાથી કેવલી ભગવાન કઇ ઉપમાથી મોક્ષના સુખનો સાંભળનારને પ્રતીતિ કરાવી શકે ? અર્થાત્ ન જ કરાવી શકે.

ઇષ્ટ એવાં અન્ન, જલ, વસ્ત્ર, આભરણ, વિલેપન, અને સ્ત્રી વિગેરેથી જે સુખ સ્ફુરાયમાન થાય છે... દેખાય છે તે નિશ્ચે કૃત્રિમ છે, અને આત્મ સ્વરુપ સંબંધિ નિમિત્તની અપેક્ષા વિનાનું અને કોઇ ચોરી ન શકે તેવું સિદ્ધના જીવોનું જે સુખ તે અકૃત્રિમ એટલે સ્વાભાવિક છે. જે પરમાત્માને સ્મૃતિ પટલ પર લાવવાથી જગતને યોગક્ષેમ થાય તે

પરમાત્માને '**લોકનાથ**' કહો અને બીજા દેવોને નીચે રાખીને જે પરમપદ પામ્યા છે તેને '**દેવાધિદેવ**' કહો. આ દુનિયાના આવા શુદ્ધ આત્મા સિવાય બીજું કાંઇ ધ્યાન કરવા લાયક નથી. જાણવા લાયક નથી, દૈવતપણું નથી અને આ શુદ્ધ આત્મા સિવાય બીજું કોઇ તીર્થ નથી એમ અમો પ્રતીતિપૂર્વક કહીએ છીએ. જેઓએ આ શુદ્ધ સ્વરુપ જાણ્યું નથી, તે મુગ્ધ આશયવાળા આ નવીન તીર્થ છે એમ બોલતા ત્રણે ભુવનને વિષે ભટક્યા કરે છે, પણ આત્મતત્વને જાણનારા તો આખા જગતને તીર્થરુપ માને છે. જેમ એક જાતની માટીને ધમવાથી સુવર્ણ થાય છે. લીંબડાને સંસ્કારિત કરવાથી નિરોગીપણું પમાડે છે... સારી રીતે સંસ્કારિત કરેલો પારો સિદ્ધરસના નામથી પ્રખ્યાતી પામે છે, તેમ આત્માને સારી રીતે સંસ્કારીત કરવાથી આત્મા પોતે જ પરમાત્મ ભાવને પ્રગટ કરે છે. જ્યાં સુધી આ શુદ્ધ આત્માનું સ્વરુપ જણાયેલું હોતું નથી ત્યાં સુધી મદથી ધમાયેલાં એટલે તપેલા છે મન જેનાં, એવા સર્વે દર્શનકારો આપસ આપસમાં દ્રોહ કરે છે, પણ જ્યારે તેઓ આત્મ-તત્વને જાણે છે ત્યારે તેઓ સગા ભાઇઓની જેમ આચરણ કરે છે. આત્મતત્વના જ્ઞાન સહિત જે વિદ્યા તે નિર્દોષ વિદ્યા છે અને આત્મ તત્વરહિત જે વિદ્યા છે તે સંસારમાં ભમાવનાર અવિદ્યા છે. વળી વિચિત્ર પ્રકારના શાસ્ત્રરુપ મહાઅંધકારથી મૂઢ થયેલા પણ અધ્યાત્મ જ્ઞાનથી વંધ્ય થયેલા એવા લોકો કુગતિમાં પડે છે. આ દુનિયામાં પ્રસિદ્ધ એવા સર્વ પદાર્થોનું કેટલાક મનુષ્યો ગાન કરે છે, અર્થાત્ તે પદાર્થો વિદ્યમાન છે એમ પ્રમાણ અને અનુભવ દ્વારા સિદ્ધ કરી બતાવે છે, ત્યારે કેટલાક તેને વગોવે છે, અર્થાત્ દુનિયામાં દેખાતો કોઇપણ પદાર્થ છે જ નહિં - માયા છે... લોકોને ભ્રમ છે વિગેરે અનુમાનાદિ પ્રમાણોથી સિદ્ધ કરે છે, પણ આ શુદ્ધ આત્મ-સ્વરુપ તો વિદ્વાનોનું લક્ષ્ય હોવાથી કોઇ સચેતન પ્રાણી વડે દૂષિત કરવાલાયક નથી. દૂષિત થઇ શકતું નથી.

કૃષિ એટલે ખેતી, રાજા અથવા માલિકના સેવા, વ્યાપાર,

પશુપાલપણું, સમુદ્ર અને પૃથ્વીનું ઉલ્લંઘન એટલે દેશાટન ઇત્યાદિ સર્વે ઉદ્યમો મુનષ્યોને ધન-પ્રાપ્તિ માટે સંદિગ્ધ ફળવાળા છે, પણ આ શુદ્ધ આત્માની થોડી પણ સેવા નિષ્ફળ થતી નથી. કલ્પવૃક્ષ, ચિંતામણી, કામધેનુ અને દક્ષિણાવર્ત શંખ પ્રમુખ કોઇ વખતે, કોઇ સ્થાને અને કોઇને જ ઇષ્ટવસ્તુ આપે છે, પણ સર્વ વસ્તુ આપનાર તો આ શુદ્ધ આત્મા સિવાય બીજો કોઇ પ્રસિદ્ધ નથી. ધૈર્યતા વિનાના મનુષ્યો, ધનની આશાથી ધનવાનોની ખુશામત તથા દાસપણું કરે છે, પણ જો આ શુદ્ધ આત્માનું એકાગ્રતાથી સેવન કરે તો તેને ત્રણ જગતનું સ્વામીપણું દુર્લભ નથી... સુલભ છે. જગતના મનુષ્યોને આ શુદ્ધ આત્મજ્ઞાન પ્રાપ્ત થાય એ જ મંગલકારી મંત્ર છે. એજ મહોત્સવ છે. એજ સુકૃતોનું અંગ છે, એજ ચિંતામણિ છે, એજ રક્ષણ કરનાર ઔષધ છે અને એ જ રમણીય બંધુ છે.

જે પરમાત્મા પરમ ઉત્કૃષ્ટ આત્મા પૂર્વોક્ત વિધિથી શુદ્ધ થયેલ આત્મા તેજ પરમાત્મા રુપરહિત છે અને વિશ્વરુપ છે... સકલ છે અને અકલ છે... વ્યકત છે અને અવ્યક્ત છે... એક છે અને અનેક છે... પુણ્ય અને પાપ પ્રકૃતિથી રહિત છે... યોગિઓને લક્ષ્ય છે, સંસારી-બાહ્યદષ્ટિવાળા જીવોને અલક્ષ્ય છે... ભાવ સ્વરુપવાળા અને અભાવ સ્વરુપવાળા છે.. સગુણ છે અને નિર્ગુણ છે... નાયકોના નાયક છે... અને ધ્યેયમાં પણ ઉત્કૃષ્ટ ધ્યેયરુપ છે, તેથી તેને એકને જ હે ભવ્ય જીવો! ઇષ્ટાર્થ સિદ્ધિને માટે તમે નમસ્કાર કરો.

सूरिष्वार्यचरित्र भूच्चरणसनैर्मल्यदासी कृत
स्वर्गिश्रेणिरिहार्यरक्षित इति ख्यातो ऽ भवत् सूरिराट् ।
यस्मादेव प्रसिद्धिमाप जगति प्रध्वस्तदुर्दर्शन
ध्वांतादंचलगच्छ इत्याखिलसंस्तुत्यर्षिवृंदैः श्रितः ।।१।।

तत्पट्टक्रमतो नभूवुरमलप्रज्ञाः प्रमादद्विषध्ध्वंसोद्

बद्धकटीः तटाः करटिसद्याना: कलावत्प्रियाः ।

कांताकांतकटाक्षकांडविसराक्षोभ्या महेन्द्रप्रभाभिख्याः,

सूरिवरा महिन्द्रविनुतांध्रिद्वंद्वंजं बालजाः ।।२।।

तेषां विनयैर्विनयप्रधानैः शास्त्रार्थहेम्नः कषपट्टकल्पैः ।

सन्दर्भितः श्री जयशेखराख्यैः सूरिप्रवर्यैः प्रवरार्थसारः ।।३।।

प्रबोधचिंतामणिनामधेयः प्रक्लृप्तसधुक्तितरंगगम्यः ।

ग्रंथः सुपंथा ह्यपवर्गपुर्याः प्रपठ्यमानो वरबोधिदः स्यात् ।।४।।

આચાર્યોમાં શ્રેષ્ઠ ચરિત્રને ધારણ કરનાર અને ચારિત્રની ઉત્તમ નિર્મલતાથી દેવતાઓની શ્રેણિને દાસરુપ કરનાર આ પૃથ્વી પર '**આર્યરક્ષિત**' નામે પ્રસિદ્ધ આચાર્ય થયા.

મિથ્યાદર્શનરુપ અંધકારનો નાશ કરનાર તે આચાર્યથી જ સ્તવન કરવા લાયક સમગ્ર સાધુઓના સમુદાયથી આશ્રય કરાયેલો '**અંચલગચ્છ**' જગતને વિષે પ્રસિદ્ધિ પામ્યો. ૧

તે આચાર્યના પટ્ટાનુક્રમે નિર્મળ બુદ્ધિવાળા... પ્રમાદરુપ શત્રુના સંહારને માટે મજબૂત કટિતટ બાંધેલા, હસ્તિની જેમ ગતિવાળા, કલાવાનોને પ્રિય... સ્ત્રીઓના મનોહર કટાક્ષરુપ બાણના વિસ્તારથી અક્ષોભ્ય અને રાજાઓથી જેના ચરણકમલ પૂજાયેલા છે એવા '**મહેંદ્રપ્રભ**' નામના આચાર્ય થયા.

વિનયમાં પ્રધાન... શાસ્ત્રાર્થરુપ સુવર્ણની કસોટી તુલ્ય તેઓના શિષ્ય '**શ્રી જયશેખર**' નામના પ્રવર આચાર્યે ઉત્તમ અર્થના સારભૂત અને કલ્પેલા ઉત્તમ યુક્તિરુપ તરંગોથી જાણી શકાય તેવો આ

## પ્રબોધ ચિંતામણિ

નામનો ગ્રંથ રચેલો છે, તે ભણતાં ભવ્ય જીવોને શુદ્ધ સમ્યક્ત્વ પ્રાપ્ત કરાવનારો અને પ્રાંતે મોક્ષમાર્ગને બતાવનારો થાઓ.

यमरसभुवनमिताब्दे (१४६२) स्तंभनकाधीशभूषिते नगरे ।
श्री जयशेखरसूरिः प्रबोधचिंतामणिकाषीत् ॥

શ્રી સ્તંભનપાર્શ્વનાથ પ્રભુથી ભૂષિત ખંભાત નગરને વિષે શ્રીમાન **જયશેખરસૂરિજી** એ વિક્રમ સંવત ૧૪૬૨માં આ '**શ્રી પ્રબોધ ચિંતામણિ**' નામનો ગ્રંથ રચ્યો છે.

**શ્રી અચલગચ્છ શ્રૃંગાર, આત્મજ્ઞાની,**
**શ્રીમદ્ જયશેખરસૂરિએ રચેલા**
**શ્રી પ્રબોધ ચિંતામણિ ગ્રંથને**
**વિષે વિવેક અને મોહરાજાનું**
**યુદ્ધ - વિવેકનો જય તથા**
**મોહનો પરાજય અને**
**આત્મ સ્વરુપના**
**વર્ણનવાળો**
**સાતમો**
**અધિકાર**
**સમાપ્ત**
**થયો.**

**॥ इति श्री प्रबोध चिंतामणि ग्रन्थः समाप्तः ॥**